ભવઅટવીમાં ભટકતાં ભૂખ્યા ભવ્ય જીવોને માટે

# ભક્તિનું ભાથું (ભાગ-૧)

આચાર્ય શ્રીમાનતુંગસૂરિ વિરચિત

# શ્રી ભક્તામર સ્તોત્ર

(અર્થ-સંયોજન-વિવરણ સહિત)



::: સંયોજક-વિવેચક :::

મુનિ રત્નવલ્લભવિજય મ.

ભવઅટવીમાં ભટકતાં ભૂખ્યા ભવ્ય જીવોને માટે

# ભક્તિનું ભાથું ભાગ-૧

આચાર્ય શ્રીમાનતુંગસૂરિ વિરચિત

# શ્રી ભક્તામર સ્તોત્ર

(અન્વય-શબ્દાર્થ-સરલાર્થ-વિશેષાર્થ-સમાસાદિ સહિત)

::: સંયોજક-વિવેચક :::

યુગપ્રધાન આચાર્યસમ પૂજ્યપાદ

પંન્યાસપ્રવર શ્રી ચન્દ્રશેખરવિજયજી મહારાજાના

શિષ્ય મુનિ રત્નવલ્લભવિજય

::: પ્રકાશક :::

કમલ પ્રકાશન ટ્રસ્ટ

૧૦૨-એ, ચંદનબાળા કોમ્પ્લેક્ષ,

આનંદનગર, પોસ્ટ ઓફિસ પાસે,

ભઠ્ઠા, પાલડી, અમદાવાદ-૭

પુસ્તક : **ભક્તામર સ્તોત્ર (ભક્તિનું ભાથું ભાગ-૧)**
(ચાર ટીકાઓના આધારે સચિત્ર વિવેચના)

પ્રથમ આવૃત્તિ : **૧૦૦૦**

મૂલ્ય : ૯૦/-

© સર્વાધિકાર સુરક્ષિત

મુદ્રક : **મન ગ્રાફિક્સ, સુરત.**
**મો. ૮૧૨૮૧ ૪૫૦૪૪**

પ્રાપ્તિસ્થાન :

**૧) આચાર્ય શ્રી ૐકારસૂરિ આરાધનાભવન,**
ગોપીપુરા, સુભાષચોક, સુરત. **સેવંતિભાઈ એ. મહેતા મો.** ૯૮૨૪૧ ૫૨૭૨૭
Email : omkarsuri@rediffmail.com

**૨) શ્રી લલિતભાઈ ધામી**
૨, ઉદય ફ્લેટ, અંકુર ચાર રસ્તા, જૈન દેરાસરની બાજુમાં, નારણપુરા, અમદાવાદ.
**મો.** ૯૪૨૬૦ ૬૦૦૯૩

**૩) વર્ધમાન સંસ્કારધામ**
૬/૨, મહાવીરનગર, શોપ નં. ૪, શંકરલેન, કાંદિવલી (વેસ્ટ), મુંબઈ.
સમય : ૯ થી ૧૨, સાંજે ૪ થી ૮ ફોન : ૦૨૨ ૨૮૬૧૯૫૩૨

**૪) શ્રી કનુભાઈ એફ. દોશી**
૦૦૭, વર્ધમાન એપાર્ટ., શાંતાદેવી રોડ, નવસારી
ફોન : ૦૨૬૩૭-૨૬૧૦૯૯, **મો.** ૯૮૨૪૧ ૧૩૦૪૯

# પ્રાસ્તાવિકમ્

પ્રાચીનકાળથી સાહિત્યમાં સ્તુતિ-સ્તોત્ર-સ્તવ-સ્તવનોનું આગવું મહત્ત્વ છે અને તેની પરંપરા ચાલી આવે છે. સામાન્યથી સ્તોત્રાદિ શબ્દો એકાર્થક છે અને તે **સ્તુ** ધાતુ ઉપરથી બનેલા છે. તેનો અર્થ છે 'ગુણોનું કીર્તન' કરવું. દરેક દર્શનોમાં આનો પ્રવાહ ચાલતો આવ્યો છે.

જૈનદર્શનમાં પણ સ્તોત્ર-સ્તવાદિરૂપ કાવ્યોની પરંપરા અવિરત ચાલુ છે. સ્તોત્રનું મહત્ત્વ જણાવતાં જ્ઞાનીઓ કહે છે -**'पूजा कोटिसमं स्तोत्रम्'** = દ્રવ્ય-પૂજા કરતાં સ્તોત્રપાઠરૂપી ભાવપૂજા ઘણી ચઢીયાતી છે. આ ભાવવાહી સ્તોત્રને જો અર્થસહિત-અર્થમાં ઉપયોગસહિત બોલાય તો તે પરમ આત્મિક-આહ્લાદનું કારણ બને છે. પુણ્યાનુબંધીપુણ્ય-કર્મક્ષયનું કારણ બને છે. પરમાત્માનું સ્તોત્ર બોલતાં પરમાત્માના ગુણોનું સ્મરણ થાય છે અને તેથી મોહનીય કર્મ શિથિલ થવાથી સ્વમાં પરમાત્માના ગુણોની આંશિક અનુભૂતિ થાય છે.

જ્ઞાનીઓએ કહ્યું છે કે, 'સૂત્ર-અર્થન્તત્ત્વ કરી સદ્દહું'. ફક્ત સૂત્ર ગોખી લેવાથી સંતોષ ન મનાય. સૂત્ર ગોખ્યા પછી અર્થને પણ જાણવો આવશ્યક છે. તેથી સૂત્ર-સ્તોત્ર બોલનારને વિશિષ્ટ શુભ ભાવો જાગ્રત થાય છે. એકાકારતા આવે છે. જ્ઞાનીઓ કહે છે કે, ગોખવું એટલે ખેતરમાં પાક (ફસલ)નું તૈયાર થવું. જ્યારે અર્થનું જ્ઞાન કરવું એટલે તે તૈયાર થયેલા પાકને લણીને, તેને સાફ કરી, દળાવી, કણક બાંધી, તેમાંથી રસોઈ તૈયાર કરીને ભોજન કરવું. તેનાથી તૃપ્તિ થાય. ભોજન કરે છે તે પાકનું ફળ મેળવે છે. આમ સૂત્ર એટલે ફસલ, અર્થ એટલે ભોજન અને અર્થના પરિશીલનપૂર્વક તત્ત્વનું (હેય-જ્ઞેય-ઉપાદેયરૂપે) પરિણમન થવું તે તૃપ્તિ છે. કમસે કમ અર્થ તો જાણવો જોઈએ.

પ્રસ્તુતમાં પણ ભક્તામર-સ્તોત્રનો અર્થ પ્રસિદ્ધ કરાય છે. સૂરતમાં મારી સ્થિરતા દરમ્યાન એક જિજ્ઞાસુ યુવક મારી પાસે ભણવા માટે આવતો હતો. આ યુવાન પ્રશ્નોત્તરી દ્વારા સૂત્રનો અર્થ ખૂબ ચોક્કસ થાય ત્યારે જ સંતોષ પામતો. સીધો અર્થ ન બેસે ત્યારે ટીકાઓ-શબ્દકોષો વગેરે આધારે બેસાડતો. આ યુવાને મને વારંવાર આ સ્તોત્રોના અર્થ લખવા આગ્રહભરી વિનંતી કરી તેથી હું આ સ્તોત્રના અર્થનું સંયોજન કરવા પ્રેરાયો છું.

જો કે ભૂતકાળમાં અનેક પુસ્તકો દ્વારા પ્રસ્તુત સ્તોત્રાદિના અર્થો પ્રગટ

થયા છે. પરંતુ, અહીં મુખ્યત્વે ટીકાઓનો આધાર લઈને અર્થની સંયોજના કરી છે. વળીઉપક્રમ (અવતરણિકા)-ગાથા-અન્વય-શબ્દાર્થ-સરલાર્થ-વિશેષાર્થ-સમાસાદિ વિભાગપૂર્વક સંયોજન કરેલું છે. જે અતિ વિસ્તારરૂપ નથી અને ફક્ત સૂત્રનો સામાન્ય અર્થ કરવા રૂપે અતિ-સંક્ષિપ્ત પણ નથી. કિંતુ, મધ્યમ વિસ્તારરૂપે છે. ખાસ કરીને અભ્યાસપ્રેમીઓ, અભ્યાસકોને ધ્યાનમાં રાખીને આ અર્થ-સંયોજના કરી છે. છતાં દરેકને ઉપયોગી થઈ શકે છે.

આ રચનામાં પ્રસ્તુત સ્તોત્રના જ અર્થને સ્પષ્ટ કરવા માટે પ્રયાસ કરેલો છે. એના ઉપર વિશેષ ઉહાપોહ-ચિંતન-મનન-સંવેદનાઓ રજૂ કરાઈ નથી. તેમ કરવામાં ઘણો વિસ્તાર થઈ શકે.

ખરેખર તો સ્પષ્ટરૂપે અર્થનું જ્ઞાન કરીને વાચકો-અભ્યાસકો જ સ્વયં પોતાનો ઉહાપોહ-સંવેદનાઓ ઉભી કરશે. છતાંય વાચકો વધુમાં વધુ પ્રભુમય બને એ રીતે કંઈક વિવેચન પણ કરેલું છે. તે પણ પ્રાયઃ વૃત્તિઓને-ટીકાઓને આધારે શબ્દશઃ કરેલું છે. આમ હું વિવેચક કરતાં વધુ સંયોજક છું.

આ કાર્યમાં મારા અનંતોપકારી **યુગપ્રધાન આચાર્યસમ પૂજ્યપાદ પંન્યાસપ્રવર ગુરૂમા શ્રી ચન્દ્રશેખરવિજયજી મ.સા.**ની અવ્યક્ત દિવ્યકૃપા જ કારણભૂત છે. તેઓશ્રી આવા કાર્યની મને પ્રેરણા આપતાં. માટે જ આ કાર્ય કરતાં તેઓનું પરોક્ષ સાંન્નિધ્ય અનુભવાય છે.

આ કાર્ય નિમિત્તે મને પણ સ્તોત્રનો, સંસ્કૃત ટીકાઓનો સ્વાધ્યાય થયો તે આનંદપ્રદ બન્યો છે. પ્રાન્તે, આ પ્રકાશનમાં કાંઈ પણ ક્ષતિ રહી ગઈ હોય તો અધિકૃત વિદ્વાનો ધ્યાન દોરશે તો સુધારી લેવાશે. એ જ.

આ કૃતિ સ્વ-પર સૌને 'ભક્તિનું ભાથું' બનીને મોક્ષમાર્ગમાં સહાયક બને એ જ અભ્યર્થના.

યુગપ્રધાન આચાર્યસમ પૂજ્યપાદ
પંન્યાસપ્રવર **શ્રી ચન્દ્રશેખરવિજયજી મહારાજાના**
**શિષ્ય**
**મુનિ રત્નવલ્લભવિજય**

શ્રી આદિનાથ શ્વે.મૂ.પૂ.જૈન સંઘ,
નવસારી.
સંવત ૨૦૭૨,
શ્રાવણ વદ-૭

॥ આચાર્ય શ્રી આત્મ-કમલ-વીર-દાન-પ્રેમ-ભુવનભાનુ-જયઘોષ-ચંદ્રશેખરસદ્‌ગુરુભ્યો નમઃ ॥



# સમર્પણ



**સૌમ્યતા, સમર્પણ અને સહિષ્ણુતા**
**જેઓના અંતરની શોભા છે...**

**સરળતા, શુદ્ધિ અને સત્ત્વ**
**જેઓના આત્માની પ્રભા છે...**

**પ્રજ્ઞા, પરિણતિ અને પ્રેમ**
**એ જ જેઓના જીવનની પ્રતિભા છે...**

ગુરુઆજ્ઞાને પ્રાણ અને પરમાત્માને ત્રાણ માનનારા
જિનશાસન જેઓનો આધાર છે
અને મોક્ષ જેઓનો નિર્ધાર છે...
આવા અગણિત ગુણોના ઉઘાડે જ જેઓને
આગમના વિશદ જ્ઞાતા, ચતુર્વિધ સંઘના યોગક્ષેમકર્તા,
પ્રાયશ્ચિતદાતા અને તપઃપ્રભાવક બનાવ્યા
તે ગીતાર્થમૂર્ધન્ય, મારા પરમ-ઉપકારી-પ્રાયશ્ચિતદાતા,
સિદ્ધાંતદિવાકર સુવિશાલ ગચ્છાધિપતિ આચાર્ય

**શ્રીમદ્ વિજય જયઘોષસૂરીશ્વરજી મહારાજાના**

કરકમલમાં આ નાનકડાં પુસ્તક-પુષ્પને
અર્પણ કરતાં ધન્યતા અનુભવું છું...

**મુનિ રત્નવલ્લભવિ.**

## પ્રભુભક્તિ સ્તોત્ર મહિમા

**(१) सारमेतन्मया लब्धं श्रुताब्धेरवगाहनात् ।**
**भक्तिर्भागवती बीजं परमानन्दसम्पदाम् ॥**

(મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મ. કૃત બત્રીસ-બત્રીસી, ૩૨-૪)

**અર્થ :** (૧) શ્રુતરૂપી સાગરમાં ડુબકી મારવા દ્વારા-તેનું મંથન કરીને મે આ સાર પ્રાપ્ત કર્યો છે કે, પરમાત્માની ભક્તિ એ પરમ-આનંદ (મોક્ષ) રૂપી સંપત્તિનું બીજ (કારણ) છે. (૧)

**(२) अभ्यर्चनादर्हतां, मनःप्रसादस्ततः समाधिश्च ।**
**तस्मादपि निःश्रेयसमतो हि तत्पूजनं न्याय्यम् ॥ ८ ॥**

**અર્થ :** અરિહંત પ્રભુના પૂજનથી મન પ્રસન્ન બને છે. મન પ્રસન્ન થવાથી સમાધિ (ચિત્તની શુદ્ધિ-એકાગ્રતા) થાય છે અને સમાધિથી મોક્ષની પ્રાપ્તિ થાય છે. આપ તેઓની પૂજા (સ્તુતિ-સત્કારાદિ) ન્યાયયુક્ત છે. (તત્ત્વાર્થસૂત્ર-સંબંધ-કારિકા શ્લો. ૮) (૨)

(૩) **थय-थुई मंगलेणं भंते ! जीवे किं जणयइ ? (उत्तरः) थयथुइमंगलेणं नाण-दंसण-चारित्तबोहिलाभं जणयइ; नाण-दंसण-चरित्त-बोहिलाभसंपन्ने अ णं जीवे अंतकिरियं कप्पविभाणोववत्तियं आराहणं आराहेइ ॥ १४ ॥**

**(उत्तराध्ययनसूत्र अ. २९, सू.१४)**

**અર્થ :** હે ભગવન્ ! સ્તુતિ અને સ્તવરૂપ (ભાવ) મંગલથી જીવ શું લાભ મેળવે છે ? (ભગવાનઃ) સ્તુતિ અને સ્તવરૂપ મંગલથી જીવ જ્ઞાનબોધિ, દર્શનબોધિ અને ચારિત્રબોધિના લાભને પ્રાપ્ત કરે છે અને જ્ઞાન-દર્શન અને ચારિત્રરૂપ બોધિનો લાભ પામેલો જીવ જેનાથી અંતક્રિયા = મોક્ષ થાય, (અથવા) જેનાથી કલ્પ = ૧૨ દેવલોક અને (ગ્રૈવેયક-અનુત્તર રૂપ) વિમાનોમાં ઉત્પત્તિ થાય એવી આરાધના કરે છે. (અર્થાત્ અનંતરમાં દેવલોકાદિ ફળવાળી અને પરંપરાએ મુક્તિસાધક જ્ઞાનાદિ આરાધનાને સાધે છે. (૩)

(૪) **सारा पुण उ थुई-थोत्ता, गंभीरपयत्थ-विरइया जे ।**
**सब्भूयगुणुक्कित्तण-रूवा खलु ते जिणाणं तु ॥ २४ ॥**

(પંચાશક, શ્લોક ૪-૨૪)

**અર્થ :** જે ગંભીર પદાર્થો (અર્થો ) વડે રચાયેલાં હોય તથા શ્રી જિનેશ્વરદેવના સદ્ભુત ગુણોના કીર્તન રૂપ હોય તે ખરેખર ઉત્તમ સ્તુતિ-સ્તોત્ર-સ્તવન

જાણવા. આવા ઉત્તમ-સ્તુતિ-સ્તોત્ર વડે જિનેશ્વરની શ્રેષ્ઠ ભક્તિ કરવી. (૪)

(૫) **तेसिं अत्थाहिगमे, नियमेणं होइ कुसलपरिणामो ।**

**सुंदरभावा तेसिं, इयरम्मि वि रयण-णाएणं ॥ २५ ॥** (પંચાશક ૪-૨૫)

**અર્થ :** ઉત્તમ સ્તુતિ-સ્તોત્ર વગેરેના અર્થનો બોધ થવાથી નિયમથી-અવશ્ય શુભ-અધ્યવસાય-પરિણામ થાય છે. (કારણકે અર્થનો બોધ પ્રાયઃ ભવ્ય જીવોને શુભ પરિણામનું કારણ છે.) વળી, સ્તુતિ વગેરે સુંદર ભાવવાળા હોવાથી તેઓના અર્થનું જ્ઞાન ન હોય તો પણ સ્તુતિ વગેરે કરનારને-રત્નના દ્રષ્ટાંતથી-શુભ પરિણામ કરે છે. (૫)

(૬) **जरसमणाई रयणा, अण्णायगुणा वि ते समिति जहा ।**

**कम्मज्जराइ थुइमाइया वि तह भावरयणा उ ॥ २६ ॥** (પંચાશક ૪-૨૬)

**અર્થ :** રોગીએ જેના રોગશમનાદિ સામર્થ્યને જાણેલ નથી એવા અજ્ઞાત ગુણ-વાળા પણ તે જ્વરનું શમન કરનારા વગેરે રત્નો જે રીતે જ્વરાદિ રોગોને શમાવે છે, દૂર કરે છે, તેમ સ્તુતિ-સ્તોત્ર વગેરે ભાવરત્નો પણ કર્મરૂપી જ્વરાદિ રોગોને શાંત કરે છે, નાશ કરે છે. (અર્થ ન જાણે તો પણ શ્રદ્ધાથી સ્તુતિ વગેરેનો પાઠ કરનારને શુભ ભાવાદિ લાભ થાય છે. અર્થને જાણવાપૂર્વક સ્તુતિ વગેરેનો પાઠ કરે તો હૃદયમાં વિશેષ કુશળ-પરિણામની પરંપરા પ્રગટે છે એમ ભાવ છે.) (૬)

(૭) **नमस्कारस्तथाऽऽशीश्च, सिद्धान्तोक्तिः पराक्रमः ।**

**विभूतिः प्रार्थना चेति, षड्विधं स्तोत्रलक्षणम् ॥**

**અર્થ :** ૧. નમસ્કાર ૨. આશીર્વાદ, ૩. સિદ્ધાંતનું કથન, ૪. પરાક્રમ-શૂરવીરતાનું વર્ણન, ૫. ઐશ્વર્યનું વિવરણ તેમજ ૬. પ્રાર્થના આ છ સ્તોત્રના લક્ષણ છે. (અર્થાત્ સ્તોત્રમાં આ છ પ્રકારના ભાવો કહેવા જોઈએ. કોઈ સ્તોત્રમાં ઓછા પણ હોય છે. પરંતુ સામાન્ય રીતે તેની રચનામાં આ ધોરણ જળવાય છે.) (૭)

(૮) **उपसर्गाः क्षयं यान्ति, छिद्यन्ते विघ्नवल्लयः ।**

**मनः प्रसन्नतामेति, पूज्यमाने जिनेश्वरे ॥ १८ ॥** (લઘુશાંતિસ્તવ - શ્લો.૧૮)

**અર્થ :** શ્રી જિનેશ્વર પ્રભુની પૂજા (સ્તુતિ-સ્તવ પાઠ વગેરે) કરવાથી ઉપસર્ગો નાશ પામે છે. વિઘ્નોરૂપી વેલડીઓ છેદાઈ જાય છે અને મન પ્રસન્ન બની જાય છે. (૮)

● ● ●

## આશીર્વચન

પ્રાતઃસમયે જિનાલયોમાં સમૂહમાં જો કોઈ સ્તોત્રનું ગુંજન ચાલતું હોય તો એ છે ભક્તામર સ્તોત્ર. આ સ્તોત્ર વર્તમાનકાળમાં ભારતભરના જૈન સંઘોમાં-જિનાલયોમાં ખૂબ ખૂબ વ્યાપક બનેલું છે. અત્યન્ત પ્રભાવક સ્તોત્ર તરીકે જૈન સંઘમાં ખૂબ જ પ્રસિદ્ધ છે.

પૂજ્યપાદ આચાર્યદેવ **શ્રી માનતુંગસૂરીશ્વરજી** મહારાજા એટલે પરમ પરમ ભક્ત હૃદય...

જેઓની જિહ્વાગ્રે મા સરસ્વતીનો વાસ હતો...

તો જેઓના હૃદયાગ્રે...આત્માના પ્રદેશે પ્રદેશે પરમાત્માનો વાસ હતો...

એ ભક્તહૃદયરૂપી હિમાલયમાંથી નીકળેલો ભક્તિ-ગંગાનો પ્રવાહ એટલે ભક્તામર સ્તોત્ર...

આ સ્તોત્રનું એક એક કાવ્ય રસાળ ભક્તિપદોથી હર્યુભર્યુ છે. જો અહોભાવ અને અર્થબોધનો સુભગ સમન્વય થાય તો અવનવા ભક્તિભર્યા સંવેદનો પ્રગટ્યા વિના ન રહે.

પ્રાચીન મહર્ષિઓ દ્વારા રચાયેલ અલગ-અલગ વૃત્તિઓ (સંસ્કૃત વિવેચનોનો) આધાર લઈ મારા નિશ્રાવર્તી **મુનિરાજશ્રી રત્નવલ્લભવિ.** એ ભક્તામર સ્તોત્રનો અર્થબોધ ઘણો સરલ કરવા માટે અત્યન્ત અનુમોદનીય પ્રયાસ કર્યો છે. જિજ્ઞાસુવર્ગને આ ગુર્જર વિવેચન ખૂબ લાભદાયી થશે. મુનિશ્રીની અંતર્મુખતા, સ્વાધ્યાયરસિકતા અને વિદ્વત્તા દ્વારા જૈન સંઘને આવા નિત-નવા સરલ વિવેચનો મળતા રહે એવા અંતરના આશિષ સાથે વાચક વર્ગને મારી ખાસ ભલામણ છે કે આ ગુર્જર વિવેચનનો તમે સૌ સુંદર રીતે અભ્યાસ કરજો અને આગળ-આગળ પ્રસારણ કરતાં રહેશો તો મુનિશ્રીના પરિશ્રમનું વાસ્તવિક ઉચિત મૂલ્ય પ્રદાન કર્યુ ગણાશે.

**આચાર્ય મલયકીર્તિસૂરિ**

આસો સુદ-ચોથ, બુધવાર, તા. ૫-૧૦-૨૦૧૬

શ્રી આદિનાથ શ્વે.મૂ.જૈન સંઘ, નવસારી.

## સુકૃતના સહભાગી

### સાધારણની સંપૂર્ણ રકમના લાભાર્થી

*સ્વ. જયકોરબેન કાંતિલાલ શાહ*
*(સંસારી માતુશ્રી) સુરત.*
*હસ્તે રમીલાબેન કાંતિલાલ શાહ*

તમારા ઔદાર્યની ખૂબ ખૂબ અનુમોદના

---

### જ્ઞાનખાતાની સંપૂર્ણ રકમના લાભાર્થી

*૧) શ્રી રીવેરા ટાવર શ્વે.મૂ.પૂ.જૈન સંઘ*
*અડાજણ, સુરત.*

*૨) શ્રી શત્રુંજય-સુમેરુ શ્વે.મૂ.પૂ.જૈન*
*સંઘની શ્રાવિકા બહેનો, પાલ, સુરત.*

તમારી શ્રુતભક્તિની ખૂબ ખૂબ ખૂબ અનુમોદના

## સ્તોત્રકાર પરિચય

પ્રસ્તુત સ્તોત્રના રચયિતા **આ.શ્રી માનતુંગસૂરિ મહારાજ** પ્રભાવક કવિ-સ્તોત્રકાર હતાં. તેઓએ ભયહર (નમિઉણ) સ્તોત્ર અને ભત્તિબ્ભર સ્તોત્ર પણ રચેલું છે. 'પ્રભાવક-ચરિત્ર'માં તેઓનું કંઈક વિસ્તારથી ચરિત્ર મળે છે. આ ઉપરાંત પ્રબંધ-ચિંતામણિ-ગુણાકરસૂરિકૃત ટીકા વગેરેમાં જીવનપ્રસંગો જોવા મળે છે.

**આ.પ્રભાચંદ્રસૂરિકૃત 'પ્રભાવક-ચરિત્ર'** પ્રમાણે આ.શ્રી માનતુંગસૂરિજીનો જન્મ **વારાણસી**માં થયો હતો. તે કાળે રાજા **હર્ષદેવ**નું રાજ હતું. પિતા બ્રહ્મ-ક્ષત્રિય જાતિના **ધનદેવ** શેઠ હતાં. સત્ત્વ અને સત્યના સ્થાનરૂપ તેઓના પુત્ર માનતુંગ હતાં. દિગંબર મુનિઓના પરિચયથી વૈરાગ્યવાસિત થઈ, તેઓ પાસે દીક્ષા લઈને **મહાકીર્તિ'** નામ રાખેલું. પાછળથી પોતાની બેનના કહેવાથી તેઓએ **આ.શ્રી જિનસિંહસૂરિ** પાસે શ્વેતાંબર દીક્ષા લીધી હતી અને 'માનતુંગ' એવું નામ રાખેલું. ત્યારે ગુરુએ તેઓને કેટલાંક શાસ્ત્રમાં કુશળ હોવા છતાં ય તપશ્ચર્યાપૂર્વક આગમનો ઊંડો અભ્યાસ કરાવ્યો અને આગમનું રહસ્ય જાણવાથી તેઓની શ્રદ્ધા નિશ્ચલ થઈ. તેથી ગુરુએ તેમને સૂરિપદે સ્થાપીને ગચ્છમાં આદરપાત્ર બનાવ્યા. ત્યારે ક્લિષ્ટ કાવ્યોથી થયેલાં ભ્રમથી શ્રમિત થયેલ સરસ્વતી દેવી, તેમના વચનામૃતથી સંસિક્ત થતાં અતિશય આનંદ પામી. (અહીં પ્રબંધકારે તેઓ સારા કવિ હોવાનો નિર્દેશ કરેલ છે.)

આ જ આચાર્ય માનાતુંગસૂરિને પછી રાજા હર્ષદેવની સભામાં જવાનો પ્રસંગ અને ભક્તામર સ્તોત્રની રચનાનો પ્રસંગ બને છે. ઈત્યાદિ સર્વ કથા 'સ્તોત્રનો સ્રોત' વિભાગમાં વર્ણવ્યા પ્રમાણે સમજવી.

'પ્રભાવકચરિત્ર'માં લખ્યું છે કે એકવાર આ.શ્રી માનતુંગસૂરિને કર્મની વિચિત્રતાથી ઉન્માદ-માનસિક રોગ થયો. આથી તેમણે ધરણેન્દ્રનું સ્મરણ કરીને તેમને અનશન માટે પૂછ્યું. ધરણેન્દ્રે કહ્યું કે, "હે ભગવન્ ! હજી આપનું આયુષ્ય બાકી છે, તો તે ક્ષીણ કેમ થઈ શકે ? વળી આપ જેવાની વિદ્યમાનતા અનેક જીવોને ઉપકારક છે." એમ કહી તેણે ૧૮ અક્ષરનો મંત્ર આપ્યો. જેના સ્મરણરૂપી જલથી નવપ્રકારનો રોગ નાશ પામ્યો. પછી મંત્રાક્ષરો અનુસાર આ. માનતુંગસૂરિએ ભયહર (નમિઉણ) સ્તોત્ર બનાવ્યું. આ બન્ને સ્તોત્રની નવસ્મરણમાં ગણના થાય છે. છેવટે ગુણાકર નામના શિષ્યને પોતાના પદે સ્થાપી અનશન કરી સ્વર્ગે ગયા.) આમ સંક્ષેપમાં તેઓનું જીવન ચરિત્ર કહ્યું.

## સ્તોત્રકારના સમય અંગે વિચારણા

જૈન શ્વેતાંબર શ્રમણ-પરંપરામાં અનેક 'માનતુંગ' નામના મહાપુરુષો થયા છે. એમાં પ્રસ્તુતમાં બે મુખ્યપણે વિચારણીય છે. આ બેમાંથી જ કોઈએ રચના કરી હોવાનું જણાય છે. (૧) એક તો પ્રભુ મહાવીરસ્વામીની ૨૧ મી પાટે (મતાંતરે ૨૦ મી પાટે) થયેલાં. આ. શ્રી માનદેવસૂરિના શિષ્ય આ. માન-તુંગસૂરિ અને (૨) બીજા માનતુંગસૂરિ રાજા હર્ષદેવની = શ્રી હર્ષની (હર્ષ-વર્ધનની) સભાને અથવા મતાંતરે રાજા વૃદ્ધ ભોજની સભાને (આ બન્ને રાજા નજીકના સમયમાં થયા છે.) શોભાવનાર હતાં. તેઓ પ્રસિદ્ધ કવિ **બાણ** અને કવિ **મયૂર**ના સમકાલીન હતાં એ પ્રાયઃ નિર્વિવાદ છે. પણ ભક્તામરના કર્તા કયા માનતુંગસૂરિ હતા એ અંગે મતાંતર છે.

તેમાં (૧) ૨૧ મી પાટે આવેલાં પ્રથમ માનતુંગસૂરિનો સત્તા સમય વીર સંવત્ ૮૨૬ની આસપાસનો છે. એટલે વિ.સં. ૩૫૬ આસપાસ ગણાય. આમ તેઓ ચોથી સદીમાં થયા છે. અચલગચ્છની બૃહત્ પટ્ટાવલિમાં તેમને વિ.સં. ૨૨૮માં ઉજ્જૈનીમાં સ્વર્ગવાસી થયેલાં જણાવ્યા છે. તે હિસાબે ત્રીજી સદીમાં થયેલા ગણાય.

(૨) બીજા માનતુંગસૂરિનો સમય વિક્રમની ૭મી સદી માનેલો છે. કારણ કે, આ.શ્રી માનતુંગસૂરિ કવિ **બાણ** અને **મયૂર**ના સમકાલીન હતાં અને ત્યારના રાજા **હર્ષદેવ**નો સમય વિક્રમની ૭મી સદી નિશ્ચિત છે. (પ્રાયઃ ૬૬૩ થી ૭૦૦) તેથી બીજા માનતુંગસૂરિનો પણ સમય ૭મી સદી હોવો જોઈએ. કર્નલ ટોડના મત પ્રમાણે વૃદ્ધ ભોજ રાજાનો સમય પણ વિક્રમનો ૭મો સૈકો (વિ.સં. ૬૩૧) છે.

થાણેશ્વરમાં રાજા **હર્ષવર્ધન** થયો છે અને કવિ બાણે તેના વિષે 'હર્ષચરિત્ર' બનાવ્યું છે. **'જૈન પરંપરાનો ઈતિહાસ'** ભા. ૧માં ત્રિપુટી મહારાજોએ પણ રાજા હર્ષનો ઉપરોક્ત સમય નોંધેલો છે. ત્યાં કહ્યું છે કે, વિ.સં. ૯૭૦માં થયેલ કવિ રાજશેખરે પણ રાજા હર્ષવર્ધનની સભામાં ઉપરોક્ત ત્રણ કવિ હતાં એમ કહેલું છે -

**अहो प्रभावो वाग्देव्याः यन्मातङ्गदिवाकरः ।**
**श्री हर्षस्याऽभवात् सभ्यः समो बाणमयूरयोः ॥ १८९ ॥** (શાર્ઙ્ગધર પદ્ધતિ)

**અર્થ :** "અહો ! સરસ્વતીનો કેવો પ્રભાવ ! કે જેથી શ્રી માતંગ દિવાકર જેઓ કવિ બાણ અને મયૂરની સમાન હતાં તેઓ હર્ષની સભાના સભ્ય હતા."

અહીં માતંગદિવાકરથી શું સમજવું એ અસ્પષ્ટ છે. પણ હર્ષની સભામાં બાણ અને મયૂર નામના કવિ હતાં એ વાત સ્પષ્ટ જણાય છે.

હવે કવિ બાણ-મયૂરનો સત્તા-સમય વિક્રમની ૭મી સદી હોવાથી બીજા આ.માનતુંગસૂરિ પણ ૭મી સદીમાં થયા હોવા જોઈએ. તેથી તેઓ જ પ્રસ્તુત ભક્તામર મહાસ્તોત્રના રચયિતા હોય એમ માનવું યોગ્ય લાગે છે. અંદાજે ૧૪૦૦ વર્ષ પૂર્વે થયા હતાં.

જો કે, વર્તમાન જૈન ગચ્છોની પટ્ટાવલિઓના મત પ્રમાણે ભક્તામરના રચયિતા આ માનતુંગસૂરિ વધુ પ્રાચીન જણાય છે. કેમ કે, પટ્ટાવલિમાં આમને ૨૧ માં પટ્ટધર આચાર્ય તરીકે વર્ણવેલાં છે. ❁ આથી પૂર્વે કહ્યું હતું તેમ તેઓ વિક્રમની ત્રીજી કે ચોથી સદીમાં થયા હતાં. તેઓને ભયહર-સ્તોત્ર અને ભત્તિબ્ભર સ્તોત્રના રચયિતાં પણ કહેલાં છે. આ ત્રણેયના કર્તા એક છે એમ તો સૌ સ્વીકારે છે.

અહીં પ્રશ્ન એ થાય કે, જો ભક્તામરના રચયિતા ૨૧ મી પાટે આવેલા ૪થી સદીના આ. માનતુંગસૂરિ હોય તો તેઓ કવિ બાણ-મયૂરના સમકાલીન શી રીતે હોઈ શકે ? પ્રભાવક-ચરિત્રની પર્યાલોચનમાં **મુનિ શ્રી કલ્યાણવિજય મ.** કહે છે કે આનું સમાધાન એ છે કે, (વિ.સં. ૧૩૩૪માં થયેલ) આ.શ્રી **પ્રભાચંદ્રસૂરિકૃત 'પ્રભાવક-ચરિત્ર'**માં આલેખાયેલ આ. માનતુંગસૂરિ અને ૨૧માં પટ્ટધર આ.શ્રી માનતુંગસૂરિ (પ્રથમ) બન્ને ભિન્ન-ભિન્ન હશે. પ્રબંધમાં સ્પષ્ટ ભેદ બતાવેલો નથી. છતાં બન્ને ય આચાર્યોના અસ્તિત્ત્વનો કાળ જુદો જુદો છે. (લગભગ ૩૦૦-૩૫૦ વર્ષનો તફાવત છે.)

એટલું જ નહીં, કિંતુ ૨૧ મી પાટે થયેલાં પ્રથમ માનતુંગસૂરિ આ.શ્રી માનદેવસૂરિના શિષ્ય છે અને શ્રી વીરાચાર્યના ગુરુ હોવાનું પટ્ટાવલીઓમાં વર્ણન છે. જ્યારે 'પ્રભાવક-ચરિત્ર'માં આલેખાયેલાં આ. માનતુંગસૂરિ, આ.શ્રી જિનસિંહસૂરિના શિષ્ય અને આ.ગુણાકરસૂરિના પટ્ટગુરુ જણાવ્યા છે. આથી બન્ને ય જુદા હોવા જોઈએ. વળી, દિગંબર અવસ્થાના ગુરુનું ચારુકીર્તિ અને પોતાનું 'મહાકીર્તિ' એવા નામ ઉપરથી પણ તેઓ છટ્ઠી-સાતમી સદીના હોવાનું ઠરે છે. કારણ કે, દિગંબર સંપ્રદાયમાં આવા નામો બહુ પ્રાચીન કાળમાં અપાતાં ન હતાં, એમ મુનિશ્રી કલ્યાણવિજય મ.એ નોંધ્યું છે.

---

❁ આ. મુનિસુંદરસૂરિએ 'ગુર્વાવલિ'માં આમને ૨૧ મી પાટે થયેલાં જણાવ્યા છે. આજ પ્રમાણે શ્રી હીરસૌભાગ્ય કાવ્યમાં પણ કહેલું છે. આ.ગુણાકરસૂરિની વૃત્તિમાં તેઓને આ. માનદેવસૂરિના શિષ્ય કહ્યા છે.

'માનતુંગ' એવા નામની સમાનતાને કારણે કવિ બાણ-મયૂરવાળી ઘટના ૨૧મી પાટે આવેલાં આ.શ્રી માનતુંગસૂરિ સાથે જોડાઈ ગઈ લાગે છે. પંડિતવર્ય ધીરજલાલ ટોકરશીનો પણ આવો અભિપ્રાય છે.

આમ ભક્તામર સ્તોત્રના કર્તા આ.શ્રી માનતુંગસૂરિ ૭મી સદીના (રાજા હર્ષદેવ અથવા વૃદ્ધ ભોજના) સમયમાં થયા હતાં એમ માનવું વધુ યોગ્ય લાગે છે.

દિગંબર સંપ્રદાયમાં કવિ બાણ અને મયૂરવાળી ઘટના રાજા ભોજ અને કાલિદાસના સમયમાં બન્યાની અનુશ્રુતિ પ્રચલિત છે. તે રીતે આ. માનતુંગ-સૂરિનો સમય ૧૧મી સદી છે. પણ આ અનુશ્રુતિમાં તથ્ય નથી એમ ભક્તામર-રહસ્યમાં નોંધ્યું છે.

## સ્તોત્રકારના સમય અંગે પરિશિષ્ટ

સ્તોત્રકાર **આ.શ્રી માનતુંગસૂરિ**ના સમય અંગે જે વિચારણા કરી છે તેમાં જ આગળ વધારનારું, વિશેષ સ્પષ્ટતા કરનારું એક સુંદર હિન્દી પુસ્તક **'मानतुंगाचार्य और उनके स्तोत्र'** (સંપાદક - પ્રા. મધુસૂદન ઢાંકી અને ડૉ. જિતેન્દ્ર શાહ, નિર્દેશક-શારદાબેન ચી. એજ્યુ. રીસર્ચ સેન્ટર) પ્રાપ્ત થયું છે. તેનો સાર પણ અહીં ગુજરાતીમાં રજૂ કરાય છે.

'સ્તોત્રકર્તાનો સમય' વિષયક વિભાગ ૭ ના પ્રથમ ફકરામાં જ નિષ્કર્ષ જણાવેલો છે કે, "આ.માનતુંગસૂરિના સમય અંગે હજી સુધી કોઈ નિર્ણય થઈ શક્યો નથી. પરંતુ, વિદ્વાનોના અભિપ્રાય પ્રમાણે આ. માનતુંગસૂરિનો સમય ઈ.સ. ૭ મી સદીનો પૂર્વાર્ધ (અર્થાત્ વિક્રમ સંવતનો ઉત્તરાર્ધ) મનાય છે. શ્વેતાંબર ચરિત્રકાર આ.પ્રભાચંદ્રસૂરિ દ્વારા તેઓને કવિ બાણ, મયૂર અને હર્ષના સમકાલીન બતાવવા તે જ આનો આધાર છે. જે લોકો શૈલીની દ્રષ્ટિથી વિચાર કરે છે તેઓ તેમને ઈ. સ. ૭મી સદીથી અર્વાચીન (પછી થયેલાં) માનતાં નથી." આમ અમારા પૂર્વોક્ત અભિપ્રાયની જ પુષ્ટિ થાય છે. અહીં તેઓએ ઉત્તર-મધ્યકાલીન તપાગચ્છીય તેમજ અન્યગચ્છીય પટ્ટાવલીઓ કે જે માનતુંગસૂરિને વિક્રમની ત્રીજી (ચોથી) સદીમાં રાખે છે તેને કલ્પનામાત્ર ગણાવી છે. પાશ્ચાત્ય વિદ્વાન હર્મન જૅકોબીનો પણ આવો અભિપ્રાય છે, તે અંગે તેમણે આપેલાં પ્રમાણો તેમાં દર્શાવેલાં છે. (આ અંગે પૂર્વે વિચારણા કરેલી જ છે. વિસ્તારભયથી પટ્ટાવલીઓના સંદર્ભો ટાંકવામાં આવતાં નથી.)

'માનતુંગ' એવા નામવાળા અનેક મહાત્માઓ થયા છે. ત્યારે અનેક ગ્રંથો અપ્રકટ હોવાથી તથા મધ્યકાળમાં મુસ્લિમોના આક્રમણ દરમ્યાન અનેક જૈન સાહિત્યનો નાશ થયેલો હોવાથી પ્રબળ ઐતિહાસિક સાધનની ઉપલબ્ધિ ન થવાથી શ્રી માનતુંગાચાર્યનો સમય નિશ્ચિત કરવો દુષ્કર છે, એમ પ્રો. હીરાલાલ રસિકદાસ કાપડિયાએ પણ પોતાની ભક્તામરની ભૂમિકામાં સ્વીકાર્યુ છે. છતાંય જે ઉપલબ્ધ પ્રમાણો છે તેના આધારે સ્તોત્રકારના સમયની નજીક જવા પ્રકૃત સંપાદકોએ જે પ્રયત્ન કરેલો છે તેને સંક્ષેપથી જોઈએ.

આ. પ્રભાચંદ્રસૂરિની (વિ.સં. ૧૩૩૪) પૂર્વે પૌર્ણમિક આ.મુનિરત્નસૂરિએ 'અમમસ્વામિ ચરિત્ર' (વિ.સં. ૧૨૨૫)ની ભૂમિકામાં પોતાની પરંપરાના કવિ-સૂરિઓની સાથે માનતુંગસૂરિનું સ્મરણ કરેલું છે. તેઓના સમકાલીન પૂર્ણતલ-ગચ્છીય, કલિકાલ સર્વજ્ઞ આચાર્ય **શ્રી હેમચંદ્રસૂરિ**એ કાવ્યાનુશાસનની સ્વોપજ્ઞ 'અલંકારચૂડામણિ' ટીકામાં ભક્તામર સ્તોત્રનું ૧૧મું પદ્ય **'यैः शान्तरागरुचिभिः०'** ઉદ્ધૃત કરેલું છે. આથી જણાય છે કે તેઓની પછી થયેલા અનેક માનતુંગસૂરિઓ પ્રસ્તુતમાં કર્તા તરીકે નથી. બીજું એક અપૂર્વ પ્રમાણ તેમાં પ્રગટ કરેલું છે - 'ઉપદેશમાળા'ના ૨૩૦ મી ગાથામાં શ્રાવકાધિકારમાં **'थवत्थुइ'** શબ્દની વ્યાખ્યા કરતાં **સિદ્ધર્ષિ ગણિ**એ (પ્રાયઃ વિ.સં. ૯૩૬-૯૮૬) ઉદા. તરીકે ભક્તામર સ્તોત્રનો ઉલ્લેખ કરેલો છે. જેમ કે, **स्तवाः भक्तामराद्याः** (ભક્તામરાદિ તે સ્તવ કહેવાય.) આથી જણાય છે કે વિક્રમની ૧૦મી સદીમાં પણ ભક્તામર સ્તોત્રની ઘણી પ્રતિષ્ઠા હતી.

સ્તોત્રની પ્રાચીનતા પ્રામાણિક ઉદ્ધરણો તેમજ કંઈક અંશે શૈલી અને સ્તોત્રના શરીરના પરીક્ષણથી પણ સંભવે છે. (૧) 'આદિપુરાણ' (ઈ.સ. ૮૩૭) ના પર્વ-૭, ૯૩-૩૧૧નું વર્ણન ભક્તામર સ્તોત્ર સાથે મળે છે. તેથી ૯ મી સદી પૂર્વનું સિદ્ધ થાય છે. (૨) **આ.ભદ્રકીર્તિસૂરિ** (બપ્પભટ્ટીસૂરિ)ની 'ચતુર્વિંશિકા' (પ્રાયઃ વિ.સં. ૮૩૧-૮૫૬)ની પ્રારંભિક પંક્તિમાં ભક્તામરનો પ્રભાવ જણાય છે.

**नम्रेन्द्रमौलिगलितोत्तमपारिजात** (સ્તુતિચતુર્વિંશિકા-૧)

**भक्तामरप्रणतमौलिमणिप्रभाणाम्** (ભક્તામર સ્તોત્ર-૧)

કવિ હર્ષની ૩ કૃતિમાંથી એક વસંતતિલકા છંદમાં છે અને કવિવર શ્રી સિદ્ધસેનસૂરિએ પણ તે જ છંદમાં 'કલ્યાણમંદિર'ની રચના કરી છે. તથા તેઓએ રચેલી છેલ્લી બે બત્રીસીઓ પણ ૧૪ અક્ષરના વસંતતિલકા છંદમાં છે. વળી તેમાં બે વખત **चित्रं किमत्र यदि०** પદ-ખંડ મળે છે. જે ભક્તામરના ૧૫માં

પદ્યમાં જોવા મળે છે. આથી, તેમજ કવિ-નાટ્યકાર માતૃગુપ્તનું (ઈ.સ.પાંચમી -છટ્ઠી સદી) વસંતતિલકા છંદમાં રચેલું એક કાવ્ય ઉદ્ધરણ રૂપે મળે છે, તેમાં તો કવિ માનતુંગસૂરિ જેવો જ શાંતિવાળો નર્તનમય અને સુસ્પષ્ટ-છંદોલય જોવા મળે છે. જેમ કે,

**नायं निशामुखसरोरुहराजहंसः,**
**कीरीकपोलतलकान्ततनुः शशाङ्कः ।**
**आभाति नाथ! तदिदं दिविदुग्धसिन्धु,**
**डिण्डीरपिण्डपरिपाण्डु यशस्त्वदीयम् ॥१॥**

આ ઉપરાંત સંપાદકોએ અનેક પ્રાચીન કવિઓની કૃતિઓ સાથે ભક્તા-મરની તુલના કરીને કાળની વિચારણા કરીને આ. માનતુંગસૂરિ છટ્ઠી સદીમાં થયેલા હોવાની ધારણા સુધી પહોંચ્યા છે. પણ તે કવિ બાણ અને મયૂરવાળી ઘટનાને નિરપેક્ષ રહીને વિચારણા કરી છે. જો કવિ બાણ અને મયૂરવાળી કથાને સાપેક્ષ વિચારણા કરાય તો તેઓ પૂર્વે કહ્યું તેમ ૭મી સદીમાં થયા હોવાનું જ વાસ્તવિકતાની નજીક છે, એમ માને છે.

આ ઉપરાંત ઉક્ત પુસ્તકમાં ભકતામરની પદ્ય-સંખ્યા, ભક્તામર આંતર-દર્શન-સ્તોત્રકાર સંપ્રદાય વગેરે અનેક વિષયો ઉપર સારો પ્રકાશ પાડ્યો છે. તેઓના મતે પ્રસ્તુત કવિ માનતુંગસૂરિ ભક્તામર અને ભયહરસ્તોત્રના રચયિતા છે. પરંતુ ભત્તિબ્ભર સ્તોત્રના રચયિતા નથી. કારણ કે, તેમાં પૂર્વોક્ત બે સ્તોત્રો જેવો ઉચ્ચકોટિનો ભક્તિ રસ નથી કે ઉદાત્તભાવની અભિવ્યક્તિ નથી. પંચપરમેષ્ઠિના આત્મિક ગુણાનો અનુવાદ પણ નથી. સાહિત્યિક ગુણવત્તા સામાન્યકોટિની છે. અને પૂર્વના બે સ્તોત્ર જેવી દેદિપ્યમાનતા-ઓજ તેમાં નથી. વળી, પ્રભાવક ચરિત્રમાં આ. પ્રભાચંદ્રસૂરિએ આ બે સ્તોત્રોનો જ ઉલ્લેખ કરેલો છે.

મધ્યકાલમાં ૧૧મી થી ૧૩મી ૧૪મી સદીમાં થયેલ કોઈ અન્ય માનતુંગ-સૂરિની રચના હોઈ શકે છે. વિસ્તારાર્થીઓએ તે પુસ્તકનું અવગાહન કરવું.

● ● ●

# ટીકાઓ અને ટીકાકારોનો પરિચય

વિદ્વાનો કહે છે કે પ્રસ્તુત ભક્તામર સ્તોત્ર ઉપર શ્વેતાંબર પરંપરામાં પ્રાયઃ સૌથી વધુ વૃત્તિઓ રચાઈ છે. તે પૈકી પ્રસિદ્ધ અને ઉપલબ્ધ થયેલી ચાર ટીકાઓને નજરમાં રાખીને આ પુસ્તક તૈયાર કરાયું છે.

૧) **આ.શ્રી ગુણાકરસૂરિ :** તેઓ રુદ્રપલ્લીય ગચ્છના આ.શ્રી ગુણચંદ્રસૂરિના શિષ્ય હતાં. વિ.સં. ૧૪૨૬માં ૧૭૫૨ શ્લોક પ્રમાણ વૃત્તિ રચી છે. આ સૂરિનું બીજું નામ ગુણસુંદર હતું. આ ટીકા સુંદર, વિસ્તૃત અને સ્પષ્ટતાવાળી છે. ટીકામાં વચ્ચે નીતિ-વૈરાગ્યવિષયક સુંદર શ્લોકોના નિર્દેશથી અને અંતિમ શ્લોકના છ અર્થ કરીને પોતાની અદ્ભુત વિદ્વત્તાનો પરિચય આપ્યો છે. આ સ્તોત્રમાં તેઓએ તે તે સ્તોત્રના પ્રભાવ વિષે ૨૮ કથાઓ આલેખી છે.

૨) **મહોપાધ્યાય શ્રી મેઘવિજય મહારાજ :** તેઓ અકબર બાદશાહ પ્રતિબોધક આ.શ્રી હીરસૂરિ મ.ની શિષ્ય પરંપરાના શ્રી કૃપાવિજય મ.ના શિષ્ય હતાં. તેઓ આ. શ્રી વિજયપ્રભ સૂ.ના નિર્દેશથી આ ટીકા ૧૮મી સદીમાં ૧૦૦૦ શ્લોક પ્રમાણ રચી હતી. તેઓએ અધ્યાત્મ-કાવ્ય-જયોતિષ-વ્યાકરણાદિ વિષયક અનેક ગ્રંથો રચ્યા છે. ❁ પ્રસ્તુત ટીકામાં સુંદર વિવરણ સાથે છેલ્લે **સમાસા યથા** એમ કહીને સમાસો અલગથી બતાવ્યા છે.

૩) **શ્રી કનકકુશલ ગણિવર :** તેઓ જગદ્ગુરૂ આ.શ્રી હીરસૂરિ મ.ના શિષ્ય આ.શ્રી સેનસૂરિ મ.ના શિષ્ય શ્રી સોમકુશલ ગણીના શિષ્ય હતાં. વિ.સં. ૧૬૫૨ માં ૭૫૮ શ્લોક પ્રમાણ ટીકાની રચના કરી છે. આ જ વર્ષમાં પાંચ વૃત્તિઓ બનાવી હતી અને પહેલેથી વૃત્તિકાર તરીકે જ ખ્યાતિ પામ્યા હતાં. પ્રસ્તુત વૃત્તિ સરળ-સંક્ષિપ્ત-સુબોધિકા છે.

૪) **મહોપાધ્યાય શ્રી સિદ્ધિચંદ્રગણિ :** તેઆ આ. હીરસૂરિ મ.ના શિષ્ય ઉપા. શ્રી ભાનુચંદ્રગણીના શિષ્ય હતાં. ૧૭મી સદીમાં આ વૃત્તિ રચી છે. ❃ તેઓની ટીકા સુંદર, સ્પષ્ટ પદચ્છેદ-સમાસવિગ્રહ-ભાવાર્થ સહિત છે. ટીકામાં તેઓએ અનેક શ્લોકો ટાંકેલ છે. તેમાંથી મોટા ભાગના પોતે રચેલ 'વૃદ્ધપ્રસ્તાવોક્તિ-રત્નાકર' ગ્રંથમાંથી ઉદ્ધૃત કરેલાં છે એમ ટીકામાં જણાવ્યું છે. તેઓએ

---

❁ તેઓએ સપ્તસંધાન મહાકાવ્ય રચ્યું છે. જેમાં એક સાથે શ્રી ઋષભ-શાંતિ-નેમિ-પાર્શ્વ-મહાવીર સ્વામી તીર્થંકરોનું તેમજ શ્રીકૃષ્ણ અને રામચંદ્રજીનું મહાત્મ્ય વર્ણવ્યું છે.
❃ તેઓ આ.શ્રી હીરસૂરિ મ.ના કહેવાથી અકબર બાદશાહને ધર્મનું શ્રવણ કરાવવા દિલ્હીમાં રોકાયેલાં. ફારસી ભાષાના જાણકાર હતાં.

ભક્તાકાર સ્તોત્રના અર્થને અનુસરીને ગુજરાતી સ્તુતિ-સ્તવન પણ રચેલાં છે.

ઉપરોક્ત આ ચાર ટીકાઓ પૈકી ૧લી અને ૪થી ટીકામાં સ્તોત્રની આરાધના અંગેના મંત્રો પણ આપેલાં છે. કુલ લગભગ ૧૯ મંત્રો છે. તેમાં પ્રથમ ટીકામાં તેના ફળોનો પણ નિર્દેશ કરેલો છે. વિસ્તાર ભયથી અહીં આપેલા નથી.

વળી, પ્રાયઃ દરેક કાવ્યોના મંત્રો-યંત્રો તથા કથાઓ પણ છે. **પ.પૂ.આ. શ્રી રાજયશસૂરિકૃત** (ચાર ભાષામાં) **ભક્તામર-દર્શન'** તેમજ પંડિતવર્ય **ધીરજલાલ ટોકરશી** કૃત ભક્તામર રહસ્યમાં આ મંત્ર-યંત્રો તથા કથા વગેરે પ્રસિદ્ધ થયેલ છે. આ ગ્રંથ ઉપરની અન્ય અનેક ટીકાઓ વગેરેની માહિતી પણ 'ભક્તામર રહસ્ય' તેમજ 'ભક્તામર-કલ્યાણમંદિર-નમિઉણ સ્તોત્ર ત્રયમ્' (જિનશાસન આરાધક ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત)ની પ્રો. હીરાલાલ રસિકદાસ કાપડિયાએ લખેલ વિસ્તૃત પ્રસ્તાવનામાંથી મળી રહેશે. જિજ્ઞાસુઓએ તેનું અવગાહન કરવું.

## સ્તોત્ર પ્રભાવ અને લોકપ્રિયતા

આ સ્તોત્રના પદ્યો ખરેખર પ્રભાવક છે. તેના પ્રભાવ અંગે ૨૮ કથાઓ પ્રસિદ્ધ છે. તેમાં તે તે સ્તોત્રનો પાઠ કરતાં પ્રભુ આદિનાથની શાસનદેવી ચક્રેશ્વરી પ્રગટ થઈને વિઘ્નનિવારણ કરે છે. આમ જોઈએ તો જૈનદર્શનમાં ચમત્કારને કોઈ સ્થાન નથી, કેમ કે આ રીતે અનન્ય ભાવથી બાલાયેલ તે તે સ્તોત્રાદિથી દેવોનું આગમન શક્ય જ છે. કેમ કે તે તે સ્તોત્રના તે તે દેવો અધિષ્ઠાયક હોય છે. તેનો એકાગ્રચિત્તે પાઠ કરવાથી દેવતાઓને આવવું પડે છે. જો કે વર્તમાનકાળે મલિન દેવોના સામ્રાજ્ય આદિ કારણે દેવાગમન દુર્લભ બન્યું છે. તેમ છતાં આ સ્તોત્રથી વિઘ્નોપશમાદિ થવો શક્ય જ છે. આવા ભયહર-વિઘ્નહર સ્તોત્રની જગતમાં-લોકોમાં ખ્યાતિ / પ્રસિદ્ધિ જલ્દી થવા પામે છે.

મારા પૂજ્યપાદ ગુરૂદેવશ્રી કહેતાં કે, બાળક ગર્ભમાં હોય ત્યારે માતાએ સવા લાખ નવકાર મંત્રનો જાપ તથા રોજ ભક્તામર જેવા સ્તોત્રનો પાઠ કરવો જોઈએ. તેથી બાળકમાં સારા સંસ્કારોનું આધાન થશે. **ઉપા.શ્રી યશોવિજયજી મહારાજ**ની માતાને રોજ ગુરુમુખે ભક્તામર સ્તોત્ર સાંભળીને નવકારશી કરવાનો નિયમ હતો. એકદા ત્રણ દિવસ વરસાદની હેલી વરસતાં

માતાને ત્રણ દિવસના ઉપવાસ થઈ ગયા. ગૃહસ્થપણે બાલ્યાવસ્થામાં રોજ માતા સાથે જતાં જસવંતને ભક્તામર સ્તોત્ર મુખપાઠ થઈ ગયેલ. માતા પાસેથી ભોજન નહીં કરવાનું કારણ જાણ્યું. તરત જ તેણે ભક્તામર સ્તોત્ર સંભળાવીને માતાને પારણું કરાવ્યું આવી કિંવદન્તી છે.

આ સ્તોત્ર ઉપર અનેક પાદપૂર્તિઓ પણ રચાઈ છે. અર્થાત્ ભક્તામર સ્તોત્રનું કોઈ એક પદ પહેલું કે ચોથું, કયાંક બીજું અને ત્રીજું પદ લઈને નવા કાવ્યની રચના થઈ છે. એક પદ ભક્તામરનું ત્રણ પદ નવા. આવા શ્રીવીર-ભક્તામર, શ્રીનેમિભક્તામર, શ્રીપાર્શ્વભક્તામર વગેરે અનેક પાદપૂર્તિના કાવ્યો રચાયા છે. એ વાત આ સ્તોત્રની લોકપ્રિયતા જણાવે છે. બીજા કોઈ કાવ્ય ઉપર આટલી પાદપૂર્તિઓ રચાઈ નથી.

શ્વેતાંબર પરંપરામાં અ સ્તોત્રની પદ્ય સંખ્યા ૪૪ છે. આથી ૪૪ બેડીઓ એક-એક પદ્ય બોલતાં તૂટી હતી. મતાંતરે ૪૨ શ્લોક બોલતાં અથવા ૪૨મો શ્લોક બોલતાં સઘળી તૂટી ગયેલ માટે બેંતાલીસ હતી. જો કે આવા મતાંતરથી વ્યામોહ (મૂંઝવણ) ન કરવો. કારણકે, કાળના દીર્ઘપ્રવાહમાં કર્ણોપકર્ણ આવેલી વાતમાં આવું બનવા જોગ છે.

દિગંબરો આ સ્તોત્રની પદ્ય સંખ્યા ૪૮ કહે છે. કારણ કે, ૪૪ શ્લોકમાં તો ૮ પ્રાતિહાર્ય પૈકી ૪ નું જ વર્ણન છે. એમ કહે છે. પરંતુ, જે બીજા ચાર પ્રાતિહાર્યો વર્ણવતા ૪ વધારાના શ્લોક માનેલાં છે તે પાછળથી બનેલાં પ્રક્ષિપ્ત છે. કારણકે, તેમાં ભક્તામરના શેષ શ્લોકો જેવી પ્રાસાદિકતા નથી. કાવ્યમાલામાં તો તે શ્લોકોને મણિમાલમાં કાચના ટુકડા જેવા લાગે છે એમ કહેલું છે. વળી એવું જરૂરી નથી કે આઠેય પ્રાતિહાર્યોનું વર્ણન કરવું જ જોઈએ. કારણકે, એવા નિયમનો અનેક સ્તોત્રો સાથે સંવાદ જોવા મળતો નથી. વિસ્તારભયથી આ અંગે અનેક નક્કર દલીલો અન્ય ગ્રંથથી જાણી લેવી.

## સ્તોત્રનો સંક્ષિપ્ત પરિચય

પ્રથમ બે શ્લોકમાં સ્તુતિકારે વિશેષણો દ્વારા સ્તોત્રના વિષયભૂત શ્રી આદિનાથ પરમાત્માનો નિર્દેશ ''युगादौ आलम्बनं'' એવા પદોથી કર્યો છે. અને સ્તોત્ર રચનાની પ્રતિજ્ઞા કરી છે. ૩ થી ૯ શ્લોક સુધી તો સ્તોત્ર રચવા અંગેની જ વિચારણા-સ્તોત્ર રચવાની અશક્તિ છતાં શા માટે રચું છું, સ્તોત્રનું ફળ કેવું વગેરે સુંદર વાતો વિવિધ ઉપમાઓ-દ્રષ્ટાંતો સાથે કરી છે.

શ્લોક ૧૦ થી ૨૭ સુધી પ્રાયઃ પરમાત્માના ગુણવૈભવનું જ અનેક રીતે વર્ણન કરેલું છે. જે ૨૩ થી ૨૬ શ્લોકોમાં તો પરાકાષ્ઠાએ પહોંચે છે. ૨૭મા શ્લોકમાં આ વિષયનો સુંદર ઉપસંહાર કરેલો છે.

શ્લોક ૨૮ થી ૩૩ સુધીમાં પરમાત્માની બાહ્ય-ઋદ્ધિરૂપ વૈભવનું (૪ પ્રાતિહાર્ય + ૧ અતિશયનું) સુંદર ઉપમાઓ સહિતનું વર્ણન કરેલું છે. ૩૩માં શ્લોકમાં તેનો સુંદર ઉપસંહાર કરેલો છે.

શ્લોક ૩૪ થી ૪૨ માં હાથી, સિંહ વગેરે ૮ પ્રકારના ભયોને હરનાર તરીકે પરમાત્માના પ્રભાવનું-નામસ્મરણાદિનું વર્ણન કરેલું છે. તેમાં યુદ્ધના (સંગ્રામના) ભયને હરનારા બે શ્લોકો (૩૮-૩૯) કહેલાં છે. આ આઠેય ભયહર શ્લોકો સ્વયં મંત્ર-તુલ્ય છે. માટે તેનો પાઠ જ મંત્રનું કાર્ય કરે છે એમ ટીકામાં જણાવેલું છે.

૪૩માં શ્લોકમાં ૮ ભયોના નાશનો ઉપસંહાર કરેલો છે અને ૪૪ માં શ્લોકમાં સમગ્ર સ્તોત્રને પુષ્પની માળા સાથે સરખાવીને સુંદર સમાપન કરેલું છે. તેમજ નિત્ય સ્તોત્ર-પાઠનું ફળ બતાવેલ છે.

વિશેષ તો પુસ્તકનું અવગાહન કરવાથી જણાશે.

શ્લોક ૨૧માં તેઓએ **मन्ये वरं** દ્વારા જે સ્તુતિ કરી છે તેથી એવો સંકેત મળે છે કે આ.માનતુંગસૂરિ પૂર્વ-આશ્રમમાં વેદવાદી બ્રાહ્મણ રહ્યા હશે. ઉપરાંત ૨૩માં **त्वामामनन्ति** પદ્યમાં કહેલાં વિશેષણો શ્રુતિવાક્યમાં મળે છે. દા.ત. શુક્લ યજુર્વેદ (અ.૩૧-૧૮)ના પુરુષસૂક્તમાં મળે છે -

**वेदाहमेतं पुरुषं महान्तं, आदित्यवर्णं तमसः परस्तात् ।**
**तमेव विदित्वाऽतिमृत्युमेति नान्यः पन्था विद्यतेऽयनाय ॥ १८ ॥**

આ સિવાય ૧૫માં પદ્યમાં **कल्पान्तकालमरुता चलिताचलेन** અને ૨૬માં પદ્યમાં **कल्पान्तकालपवनोद्धत०** આવે છે. નિર્ગ્રંથદર્શનમાં કાળચક્રને બનાવનાર **'कल्प'** શબ્દના સ્થાને વિશેષ કરીને **'आरा'** અથવા **'आरकं'** શબ્દનો પ્રયોગ થાય છે. જૈન દર્શનમાં આરા પ્રમાણે સુખ-સમૃદ્ધિ વગેરેની ન્યૂનાધિકતા માનેલી છે. પણ સંપૂર્ણપણે પ્રલયની કલ્પના નથી. આથી કલ્પાંતકાળ = પ્રલયકાળનો પ્રયોગ પણ તેઓ મૂળમાં પુરાણાનુસારી બ્રાહ્મણ હોય એવી ધારણા તરફ લઈ જાય છે. કદાચ તેમ ન હોય તો પણ એટલી વાત નિશ્ચિત છે કે જૈન ઉપરાંત જૈનેતર શાસ્ત્રનો પણ અભ્યાસ સારી રીતે કરેલો હતો કે જેનું પ્રતિબિંબ આ સ્તોત્રમાં પડેલું છે.

## ઉપસંહાર

આ પુસ્તકની રચના મુખ્યત્વે અભ્યાસુને અનુલક્ષીને તૈયાર કરવામાં આવી છે. આથી ઘણો વિસ્તાર કરવો (કે ઘણો સંક્ષેપ કરવો) નિરર્થક છે. છતાં પ્રસ્તાવના થોડી વિસ્તૃત થઈ ગઈ છે. પરંતુ આ સ્તોત્ર અંગે જે માહિતીઓ છે તેની સામે તો ફક્ત બિંદુ જેટલું જ કહ્યું છે.

સ્તોત્ર-સ્તોત્રકાર ઉપર વિશેષ બહુમાન જાગૃત થાય અને આનો પાઠ વિશેષ ભાવવિભોર બનીને થાય તે માટે જ આ સઘળો પ્રયત્ન કરેલો છે. કારણકે, શ્રદ્ધા-બહુમાન-અહોભાવપૂર્વકનો પાઠ જ વિશિષ્ટ ફળદાયક બને છે.

અહીં સ્તુતિ-સ્તોત્ર-સ્તવ-સ્તવનમાં જો કે પરમાત્માના ગુણોનું ઉત્કીર્તન (કથન)રૂપ અર્થ સમાન છે. તો પણ વ્યવહારમાં થોડોક ભેદ જણાય છે. ઉપદેશમાલાની ટીકામાં કહ્યું છે કે, ભક્તામર વગેરે સ્તવ કહેવાય છે. કાયો-ત્સર્ગ કર્યા પછી અંતે જે બોલાય છે તે 'સ્તુતિ' કહેવાય છે. વર્તમાનમાં પણ તેને માટે સ્તુતિ કે થોય શબ્દ વપરાય છે. ઉત્તરાધ્યયનના ૨૯માં અધ્યયનની સૂ.૧૪ની ટીકામાં કહ્યું છે કે, દેવેન્દ્રસ્તવ વગેરે સ્તવ કહેવાય અને ૧ થી ૭ શ્લોક સુધી સ્તુતિ કહેવાય છે (તેથી અધિક સ્તવ અથવા સ્તોત્ર કહેવાય.) હાલ ૫-૭ કડીના ગેય કાવ્યને સ્તવન કહેવાય છે. પ્રસ્તુત ભક્તાકારને પણ સ્તોત્ર કે સ્તવ કહી શકાય છે.

**છંદ :** ચાર ચરણો (પાદ) જેમાં હોય તેવા નિયત વર્ણ (અક્ષર) અથવા માત્રાનો સમુદાય તે છંદ કહેવાય. છન્દોમય કાવ્યરચના આહ્લાદક હોય છે. સંપૂર્ણ ભક્તામર સ્તોત્ર 'વસન્તતિલકા' છંદમાં રચાયેલું છે. કવિઓનો આ પ્રિય છંદ છે. તેમાં દરેક પાદમાં ચૌદ અક્ષરો છે. તેમાં ૧-૨-૪-૮-૧૧-૧૩-૧૪ એ ૭ અક્ષર ગુરુ હોય છે અને ૩-૫-૭-૯-૧૦-૧૨ એ ૭ અક્ષર લઘુ હોય છે. એકંદરે પરમાત્મ-ભક્તિ, શૌર્ય, દેશપ્રેમ વગેરે વિષયના પ્રતિપાદન માટે આ છંદનો ઉપયોગ થાય છે. આ છંદના બીજા નામ ઉદ્ધર્ષિણી, સિંહોન્નતા અને મધુમાધવી છે.

પ્રસ્તુતમાં ચાર ટીકાઓના આધારે અર્થનું સંયોજન કરેલું છે. પરંતુ ટીકાના જરૂરી અંશો જ લીધા છે. સર્વ અંશો લીધા નથી.

આ પુસ્તક પરમાત્મ-ભક્તિ વિષયક હોવાથી હૃદયને ભીનું ભીનું બનાવે તેવું છે. બુદ્ધિના શુષ્ક તર્કને અથવા દાર્શનિક ચર્ચાને અહીં સ્થાન નથી. અહીં

તો સ્તોત્રકારે વહાવેલ પરમાત્મા ભક્તિના શુભ ભાવોની નદીમાં સ્નાન કરીને હૃદયને સ્વસ્થ અને નિર્મળ બનાવીને શુભ ભાવનાની પુટ આપવાનું પ્રયોજન છે. 'નમસ્કારથી ચમત્કાર'નો રાહ અપનાવ્યો છે. આથી જ જીવોને આકર્ષક બનવા છતાં કથાઓનો અહીં સમાવેશ કરેલો નથી. કેમ કે, કથાઓ પ્રાયઃ ચમત્કારોથી ભરેલી હોવાથી નિરીહ ભક્તિથી ભક્તનું ધ્યાન અન્ય દિશામાં લઈ જાય છે. નિષ્કામ-ભક્તિમાં પણ ચમત્કાર થવાનો હશે તો થશે જ. ઉપરાંત ભાવની પવિત્રતા જાળવવાનો-વૃદ્ધિનો અમૂલ્ય-અક્ષત લાભ થાય છે. (કથાઓ માટે અલગ પુસ્તક પ્રકાશિત થયેલ છે.)

પહેલાં 'નમસ્કાર પછી ચમત્કાર' એ જ સાત્ત્વિક-ન્યાય છે. પહેલાં પરમાત્માની શરણાગતિ-આનંદઘનજી મહારાજે કહ્યું છે તેમ, 'કપટરહિત થઈ આતમ અર્પણા' પછી જ ચમત્કાર-ભયનાશ.' **तस्याशु नाशमुपयाति भयं भियेव यस्तावकं स्तवमिमं मतिमानधीते** ॥ ૪૩ ॥ જે મતિમાન આપના આ સ્તોત્રનો પાઠ કરે છે, તેનો ભય જાણે પોતે ભય પામીને શીઘ્રતાથી નાશ પામે છે. સ્તોત્રના પ્રભાવથી ભયનું કારણ દૂર થાય અથવા તો ભયનો ભાવ પણ દૂર થઈ શકે છે. એ રીતે પણ ભયમુક્ત બનાય છે, ચિત્તની પ્રસન્નતા પ્રાપ્ત થાય છે.

## ઔચિત્ય

આ અવસરે પ્રસ્તુત પુસ્તક પ્રકાશનમાં સહાયક થયેલા મહાત્માઓ-મહાનુભાવોને પણ કેમ ભૂલાય ?

- જેઓની નિશ્રામાં રહીને જેઓની અનુજ્ઞાપૂર્વક આ કાર્ય હાથ ધર્યું, તેમજ આશીર્વચન લખી આપ્યા તે **પૂ.આચાર્ય શ્રી મલયકીર્તિસૂરીશ્વરજી મ.સાહેબ**નો ઉપકાર અત્ર અવશ્ય સ્મરણીય છે.
- પ.પૂ.શ્રુતસંશોધક **આચાર્યશ્રી મુનિચંદ્રસૂરીશ્વરજી મ.સા.** એ પુસ્તકની પ્રસ્તાવના અને સ્તોત્રકાર-પરિચયાદિનું મેટર તપાસી આપ્યું તે બદલ તેઓનો ઋણી છું.
- આ સ્તોત્રના વિવેચનનું મેટર તપાસી આપનાર મુનિરાજ **શ્રી અનંતસુંદર-વિજય મ.સા.**ની પણ અત્ર ખૂબ ખૂબ અનુમોદના કરું છું.
- મને હંમેશા ગ્રંથકાર્યમાં સહાયક બનનાર પંડિતવર્ય સુશ્રાવક **જિતુભાઈ બી. શાહે** (એલ. ડી. ઈન્સ્ટીટ્યુટ ઓફ ઈન્ડોલોજી-અમદાવાદના નિર્દેશક)

આ કાર્યમાં રસ લઈને સ્તોત્રકારના સમયના નિર્ણય માટે પોતે સંપાદિત 'માનતુંગાચાર્ય ઔર ઉનકે સ્તોત્ર' મોકલીને ખૂબ સહાય કરી છે. ઊંડાણભર્યા આ પુસ્તકમાંથી સારી એવી વિગતો પ્રાપ્ત થઈ છે.

- 'મન ગ્રાફિકસ'-**પારસભાઈ**એ સારી જહેમત લઈને સમયસર કાળજીપૂર્વક આ પુસ્તક તૈયાર કરી આપ્યું છે તે માટે તેઓ ધન્યવાદને પાત્ર છે.
- આ કાર્યમાં તપોવન સંસ્કારધામના જ્ઞાનભંડારનો સારો ઉપયોગ થયો છે તેમાં વ્યવસ્થાપક સુશ્રાવક **શ્રી સચીનભાઈ**નો સારો સહકાર પ્રાપ્ત થયો છે. તે અનુમોદનીય છે.

પ્રસ્તુત પુસ્તકમાં કાળજી રાખવા છતાંય ક્યાંય પણ મતિમંદતાથી કે દૃષ્ટિદોષથી અથવા છદ્મસ્થપણાથી ક્ષતિ રહી જવા સંભવ છે. વાચક-વર્ગ સુધારીને વાંચે અને ક્ષંતવ્ય ગણે તેવી આશા.

શાંસ્ત્ર વિરુદ્ધ લખાયું હોય તો ત્રિવિધે ત્રિવિધે મિચ્છામિ દુક્કડમ્

ગુરૂપાદપદ્મરેણુ
**મુનિ રત્નવલ્લભવિજય.**

## સમાસદિગત સંકેતોની સમજ

આવ.નિર્યુ. = આવશ્યક નિર્યુક્તિ
ઉ./ઉપ. = ઉપમાન
ક.ધા. = કર્મધારય
ત.પુ. = તત્પુરુષ
તૃ. = તૃતીયા
પં = પંચમી
પ્ર. = પ્રકાશ
પૂ.પ. = પૂર્વપદ
બ.વ્રી. = બહુવ્રીહિ
ષ. = ષષ્ઠી
વીત.સ્તો. = વીતરાગ સ્તોત્ર
વ્યધિ. = વ્યધિકરણ
સ. = સપ્તમી
સિ.હે. = સિદ્ધહેમશબ્દાનુશાસન
સૂ. = સૂત્ર

# સ્તોત્રનો વૈભવ

ભક્તામર વસ્તુતઃ પરમ ઉદાત્ત, ભક્તિરસથી ઓતપ્રોત અને આત્મોન્નતિ કરનારું સ્તોત્ર છે. કેટલાંક કહે છે કે, ભક્તામર સ્તોત્ર ફક્ત ભૌતિક ઈચ્છાઓને સંપન્ન કરનારું, ભયોને હરનારું સ્તોત્ર છે. માટે પ્રસિદ્ધ-લોકપ્રિય થયું છે. પણ તે ભૂલભરેલું છે. સ્તોત્રકારે આમાં ક્યાંય પણ પોતાની લાલસાઓને સંપન્ન કરનારા કીમિયા બતાવ્યા નથી. આમાં તો પ્રશમરસથી યુક્ત ધ્યાનસ્થ, પ્રશાંતમૂર્તિ વીતરાગની સમાન બનવાની જ ઈચ્છા પ્રધાન છે. જેમ કે, **नात्यद्-भूतं भुवनभूषण ! भूतनाथ !** (૧૦) આ શ્લોક અહીં સ્મરણીય છે. મંત્ર, તંત્ર, યંત્રનું જોડાણ પાછળથી થયું છે. ❁

અહીં સ્તોત્રકાર પણ સુવિહિત આચાર્ય હતાં. સ્તોત્રકારનો આશય તો કેવળ નિરીહ-નિષ્કામ-એકાંત ભક્તિ જ રહી છે. છેલ્લાં પદ્યોમાં જે આઠ ભયોને હરનાર સ્તોત્રોની રચના કરી છે, તે પણ વસ્તુતઃ પરમાત્માનો મહિમા-પ્રદર્શક સ્તુતિઓ માનવી જોઈએ. તે રીતે પ્રભુના ગુણોનું ગાન કરનાર ભક્તોના પ્રભુના અચિન્ત્ય પ્રભાવથી તે તેં ભયોનો નાશ થાય તો તેમાં કોઈ વાંધો ન હોય. સાધારણ ભક્તોની અરિહંત પ્રત્યેની શ્રદ્ધા એ રીતે કાયમ બની રહેતી હોય તો ઉલ્ટુ સારું છે. મહાસાત્ત્વિક ભક્તો તો પ્રભુની એકાંત નિષ્કામ ભક્તિ કરનારા હોય છે.

પ્રસ્તુત કાવ્ય અધિક લોકપ્રિય બનવાનું કારણ ફક્ત ભય-વિઘ્નનાશકતા નથી. કારણકે તેમાં અદ્‌ભુત, દિવ્ય, રસાળ પદ્ય-રચના પણ છે. જેમાં તેઓએ પોતાનો આધ્યાત્મિક રસ પણ રેડ્યો છે અને પરમાત્મા પ્રત્યેની અતૂટ શ્રદ્ધા પ્રગટ કરી છે. ભક્તામર સ્તોત્રની બહુ ઊંડાણથી ૨૧ પાનાની કાવ્ય શાસ્ત્રીય સમીક્ષામાં ડૉ. રુદ્રદેવ ત્રિપાઠીએ સ્તોત્ર-સાહિત્યની અમૂલ્ય સંપદા ગણાવી છે. તેનો કેટલોક અંશ અહીં બતાવાય છે. "ભક્તામર સ્તોત્રની રચનામાં જે હેતુ

---

❁ આગમોમાં તો પ્રાયઃ મંત્રાદિ-પ્રયોગનો સુવિહિત સાધુ પરંપરામાં નિષેધ કરેલો છે. આ. શય્યંભવસૂરિકૃત દશવૈકાલિક સૂત્રમાં કહ્યું છે કે,

**नक्खत्तं सुमिणं जोगं निमित्तं मंतभेसजं ।**
**गिहिणो तं न आचिक्खे, भूताधिकरणं पयं ॥** (દશવૈ. સૂ. ૮-૫૦)

અર્થ : નક્ષત્ર જ્યોતિષ, સ્વપ્ન, યોગ (યોગવિદ્યા) નિમિત્ત, મંત્ર અને ઔષધ આ પ્રાણી-હિંસાના સ્થાનો ગૃહસ્થોને સાધુ (જાણતો હોય તો પણ) ન કહે.

છે તે સર્વવિદિત છે. પણ ખરેખર જે શ્રુત અને યત્નથી ઉપાસિત વાગ્દેવીનો અનુગ્રહ કવિ શિરોમણીને પ્રાપ્ત થયો છે તે ઘણો ચઢિયાતો છે. પદે પદે પ્રાસાદિક ભાષાપ્રવાહ, વિચારોને વળગી રહેલાં વર્ણોની સ્વાભાવિક મૈત્રી, વિષયવસ્તુને વાસ્તવિક રીતે રજૂ કરવાની વાક્ય-યોજના, અનિર્વચનીય (શબ્દથી વર્ણવી ન શકાય તેવો રસ) રસ-વિપાક, રસાનુભૂતિને આભાસિત કરનારું સંગીત, ઉપયુક્ત છંદની સાથે શબ્દોનો મધુર ઝંકાર અને અર્થની ઉજ્જ્વલતાને પ્રત્યક્ષ કરાવનારી વચન-ભંગિમાંથી પૂર્ણ અલંકારો આ સ્તોત્રની લોકપ્રિયતાની સાથે જ કાવ્યરસિકોને પણ રસસિક્ત કરનારા છે.

શાસ્ત્રકારોએ છંદને કાવ્યનું શરીર પણ કહ્યું છે. અને તેથી જ ઉપયુક્ત છંદ વગર ભાવોનો ઉત્તમ વિકાસ થઈ શકતો નથી. **'छदि'** ધાતુનો અર્થ આહ્‌લાદ છે. અને આહ્‌લાદ ગણબદ્ધ વર્ણસંયોજન, નિયમિત યતિ, વેગ, વિરામ, ચરણવિસ્તાર, વર્ણમૈત્રી, વર્ગમૈત્રી, સજાતીયતા, સ્થાનમૈત્રી, નાદ-સૌંદર્ય વગેરે ઉત્તરોત્તર સુખાનુભૂતિ-રસાનુભૂતિમાં સહાયક બને છે. ભક્તામર સ્તોત્રમાં પણ આ વિશેષતાઓ સ્થળે સ્થળે જોવા મળે છે.

કાવ્યશાસ્ત્રમાં આચાર્યોએ રસને જ આત્મા બતાવ્યો છે, પણ આ રસ-સૃષ્ટિ કોઈ પ્રયત્નજન્ય ક્રિયા નથી. એટલે કાવ્યકર્તા ભાવધારામાં તલ્લીન થઈ જે શબ્દો ઉચ્ચારે છે, તે માનવીના હૃદયની સાથે તાદાત્મ્ય સાબિત કરે છે. સ્તુતિઓમાં દેવાદિવિષયક રતિ હોય છે. ને રતિ નિર્વેદ પ્રધાન હોવાને લીધે 'શમ'ને સ્થાયી ભાવમાં પરિણત કરતી 'શાંતરસ'ને પોષે છે. અથવા આવા સ્તોત્રોને ભક્તિરસના કાવ્યો પણ કહી શકીએ, કેમ કે પ્રાચીન આચાર્યો ભક્તિરસનો સ્થાયીભાવ અનુરાગને માને છે. (આગળ કહ્યું છે કે) શાંતરસમાં પોતાને ટૂંકો (લઘુ) માની પરમાત્માના અનંત ગુણોનું વર્ણન-મનન વગેરે થાય છે. પ્રભુની ભક્તવત્સલતા આદિ ગુણોના શ્રવણ માત્રથી જેમનું મન અબાધિતરૂપે નદીનો પ્રવાહ જેમ સમુદ્રની તરફ જ વહે છે તેમ વહેતું રહે છે, તેને બીજા શબ્દોમાં "ઐહેતુકી ભક્તિ" કહેવાય છે. તેવી જ ઐહેતુકી ભક્તિ આચાર્ય શ્રી માનતુંગસૂરિએ અભિવ્યક્ત કરી છે.

વાણીના આભૂષણરૂપ અલંકારોની મર્યાદા સામાન્યપણે ત્રણ પ્રકારોમાં વિભક્ત છે. (૧) શબ્દાલંકાર (૨) અર્થાલંકાર અને (૩) ઉભયાલંકાર. ભક્તામર સ્તોત્રમાં અલંકારોની આ ત્રણેય પ્રક્રિયા ગૂંથાયેલી છે. વિશિષ્ટ કવિઓ અલંકારોની સ્થાપના માટે પ્રયાસ કરતાં નથી. તેઓને તો અલંકારો પોતે જ

આવીને આગ્રહ કરે છે કે અમે ક્યાં બેસીએ ? અમને પણ આપની રસ-નિર્ઝરણીમાં સ્નાન કરવાની તક આપો.

અલંકારોમાં 'ઉપમા' પ્રમુખ અલંકાર છે. એટલે ભક્તામર સ્તોત્રમાં અન્ય અલંકારોની અપેક્ષાએ ઉપમાલંકારે વધારે સ્થાન પ્રાપ્ત કર્યું છે. લગભગ ૨૦ થી વધુ પદ્યોમાં આવતાં આ અલંકારને વ્યક્ત કરવા માટે આચાર્યશ્રીએ દ્રષ્ટાંત, વ્યતિરેક, પ્રતિવસ્તૂપમા, અર્થાપત્તિ, વ્યાજસ્તુતિ, રૂપક વગેરે અલંકારો નો સહયોગ પ્રાપ્ત કર્યો છે. તે સૌમાં અર્થાંતરન્યાસ વધારે પ્રયુક્ત છે. તેથી એમ કહી શકાય કે કાલિદાસની જેમ આ અલંકાર શ્રી માનતુંગસૂરિને પણ પ્રિય હતો. ઉદાહરણો વડે પોતાના કથનને પુષ્ટિ આપવાની આવડત શ્રી સૂરિજીની તાર્કિકતાને વ્યક્ત કરે છે. તો તેની સાથે જ પોતાની વિનમ્રતા બતાવી આત્મપ્રેરણાપૂર્વક સ્તુતિમાં પ્રવર્તન તેમની જિનેશ્વર પ્રત્યેની અહૈતુકી ભક્તિને પુરવાર કરે છે." ('ભક્તામર સ્તોત્ર' લે. ડૉ. રુદ્રદેવ ત્રિપાઠી M.A.-Ph.D. સાહિત્ય-સાંખ્ય યોગાચાર્ય, દિલ્હી દ્વારા લિખિત લેખમાંથી અક્ષરશઃ ઉદ્ધૃત. જુઓ, 'ભક્તામર-રહસ્ય' પાંચમો ખંડ.)

ઉક્ત ઉદ્ધૃત સારાંશથી કાવ્યશાસ્ત્રની દ્રષ્ટિએ પણ પ્રસ્તુત કાવ્યની વિલક્ષણ-વિશિષ્ટ પ્રાસાદિકતા અને અદ્‌ભુતકૃતિત્વ સહેજે જણાઈ આવે છે એ માટે આટલાં શબ્દો પર્યાપ્ત છે.

● ● ●

## સ્તોત્રનો સ્રોત (ઉદ્‌ગમ કથા)

### આ.શ્રી ગુણાકરસૂરિવિરચિત વૃત્તિ આધારિત

આ સ્તોત્રનો શબ્દાર્થ-વિશેષાર્થ વગેરે લખતાં પહેલાં આ સ્તોત્રની ઉત્પત્તિ કેવી રીતે થઈ તે અંગે પ્રસિદ્ધ કથા સંક્ષેપથી કહેવાય છે -

ઉજ્જયિની (ઉજ્જૈન) નગરીમાં ❈ વૃદ્ધ ભોજરાજાને માન્ય એવો શાસ્ત્રજ્ઞ 'મયૂર' નામનો કવિ-પંડિત રહેતો હતો. તેનો જમાઈ 'બાણ' કવિ હતો. તે પણ વિચક્ષણ હતો. તે પણ રાજમાન્ય હતો. બન્નેયને પરસ્પર માત્સર્ય-ઈર્ષ્યા હતી. કહ્યું છે કે -

**न सहन्ति इक्कमिक्कं, न विणा चिट्ठन्ति इक्कमिक्केण ।**
**रासहवसहतुरङ्गा जूंआरा पण्डिया डिम्भा ॥१॥**

**અર્થ :** રાસભ-બળદ-ઘોડો-જુગારી-પંડિત-બાળક આ બધાં એકબીજાને સહન કરતાં નથી અને એકબીજા વિના રહી શકતાં પણ નથી.

એક દિવસ વિવાદ કરતાં તે બંનેને રાજાએ કહ્યું, 'હે પંડિતો ! તમે બે કાશ્મીર જાઓ. ત્યાં ભારતી (સરસ્વતી) જે પંડિતને અધિક માને તે શ્રેષ્ઠ. તેઓ બન્ને ભાથું લઈને કાશ્મીર તરફ ચાલવા માંડ્યા. રસ્તે જતાં ભારસહિત આગળ જતાં ૫૦૦ બળદો-પોઠિયા જોઈને બળદને હાંકનારાઓને પૂછ્યું, 'આની ઉપર શું છે ?' તેઓએ કહ્યું, 'ૐકારની વૃત્તિના / ટીકાના પુસ્તકો છે.' વળી બીજા પાંચસો બળદોને જોયા. યાવદ્ બે હજાર બળદોને જોયા. તે તમામ ઉપર અપૂર્વ-નવા ૐકારના વિવરણવાળા પુસ્તકો જાણીને "ફક્ત એક ૐકાર ઉપર આટલા પુસ્તકો ભરીને વૃત્તિ-ટીકા છે તો જ્ઞાન કેટલું વિશાળ ? તેની સામે આપણું જ્ઞાન કેટલું ?' એમ વિચારતાં ગર્વરહિત થયા. તે બે કોઈ ઠેકાણે સૂતાં. વાણીદેવીએ મયૂરને અને બાણને વારાફરતી જગાડીને 'શતચન્દ્રં નમસ્તલમ્' (સો ચંદ્રવાળું આકાશ) એવું સમસ્યાપદ કહ્યું. વારાફરતી તે બન્નેએ સમસ્યાની પૂર્તિ કરી. દેવીએ કહ્યું, 'તમે બન્નેય સારા કવિ છો અને શાસ્ત્રજ્ઞ છો. પણ કવિ બાણ પૂર્તિ કરતા પહેલા હુંકારો કરવાથી ન્યૂન છે. આ ૐકારવૃત્તિવાળા પુસ્તકો મે બતાવેલાં, વાણી-દેવીના કોશનો કોણ પાર પામે ? કહ્યું છે કે,

**मा वहुउ कोवि गव्वं, इत्थ युगे पण्डिओ अहं चेव ।**
**आ सव्वन्नाओ पुण तरतमजोगेण मइविहवा ॥१॥**

**અર્થ :** કોઈ ગર્વ ન કરશો કે આ યુગમાં હું જ પંડિત છું. (કારણકે) સર્વજ્ઞપણું

❈ પ્રભાવક ચરિત્ર અનુસારે (લગભગ તે જ અરસામાં થયેલ) રાજા હર્ષદેવ (શ્રી હર્ષની) સભામાં આ બે પંડિતો હતા. અને તેને વારાણસી નગરીનો રાજા કહેલો છે.

પ્રાપ્ત ન થાય ત્યાં સુધી તરતમ-યોગથી અર્થાત્ વત્તા-ઓછા રૂપે જ દરેક છદ્મસ્થ-જીવનો બુદ્ધિનો વૈભવ હોય છે. આ રીતે કહીને સરસ્વતીએ તે બે કવિઓની મૈત્રી કરાવી. ફક્ત બહારથી મળેલાં તે બે ચાલવા લાગ્યા. ક્રમશઃ પોતાના ઘરે પહોંચ્યા અને પૂર્વવત્ રાજાની સેવા કરવા લાગ્યા.

એકવાર કવિ બાણને પત્ની સાથે પ્રણય-કલહ થયો. મોડી રાત સુધી ચાલ્યો. આ બાજુ કવિ મયૂર શરીર-ચિંતા માટે બહાર જતાં ત્યાં આવ્યો. બારીમાંથી તે પતિ-પત્નીનો અવાજ સાંભળી નીચે ઉભો રહ્યો. પત્ની આગળ નમ્ર બની ક્ષમા માંગવા છતાં પત્નીએ ક્રોધ ન છોડ્યો. અભિમાન ન મૂક્યું. તે વખતે બાણે એક કાવ્ય કહ્યું. જેમાં 'કઠિન હૃદયવાળી હે **'सुभ्रु !'** = સારા ભંવાવાળી એવો પ્રયોગ કર્યો. પુત્રીએ કરેલાં અપમાનથી દુઃખી થયેલ કવિ મયૂર જે ત્યાં ગવાક્ષ નીચે ઉભો હતો તેણે આ વાત સાંભળીને બાણને (જમાઈને) કહ્યું, **'सुभ्रु !'** એવું પદ ન બોલ. ગુસ્સાવાળી હોવાથી **'चण्डि'** એમ બોલ. આવા પુત્રીના ચરિત્રના પ્રકાશક વચનો સાંભળીને તે સતીએ મુખમાં રહેલ તાંબૂલનો રસ થૂંકવાપૂર્વક શાપ-વચન બોલતાં તેના શરીર ઉપર કોઢના કુંડાળા થયા.

❋ સવારે બાણ કવિ પહેલાં જ રાજસભામાં પહોંચી ગયા. અને પાછળથી વરક (શાલ-કંબલ) વસ્ત્રને ઓઢીને આવેલ મયૂર કવિને 'આવિઉ વરકોઢિ' એવું શ્લેષ (દ્વિઅર્થી) વચન કહ્યું. (અર્થાત્ આવો વરકોઢી = કાંબળ ઓઢનાર અથવા કોઢવાળા) રાજાએ તે જાણીને કહ્યું કે, 'તમારે કોઢ રોગ દૂર કરીને આવવું.' કવિ મયૂરે તેમ કરવાની પ્રતિજ્ઞા કરી. તે માટે સૂર્ય મંદિરમાં સ્થિર થઈને એકાગ્ર મને ૧૦૦ શ્લોક વડે સૂર્ય-શતક રચીને સૂર્યદેવને ખુશ કર્યો. તેના પ્રસાદથી તેના છટ્ઠા શ્લોક વડે સ્તુતિ કરતાં કવિ મયૂરનો રોગ દૂર થયો. લોકો રાજી થયા. રાજાએ સન્માન કર્યુ.

મયૂર કવિનો મહિમા વધતાં મત્સરી-દ્વેષી કવિ બાણે પોતાના બે હાથ-પગ કાપી નાંખ્યા. પ્રતિજ્ઞા કરીને ૧૦૦ કાવ્ય વડે ચંડિકા દેવીને પ્રસન્ન કરી. તેણીએ ચારેય અંગોને નવા કરી દીધા. તેથી તેનો પણ રાજાએ ઘણો સત્કાર-સન્માન કર્યુ.

તે બેના મહિમાને જાણી રાજાએ સભાને પૂછ્યું કે, 'શું અન્ય કોઈ દર્શનમાં આવા પ્રભાવવાળા કવિત્વ-શક્તિવાળા પુરુષ છે ?' ત્યારે રાજાનો મંત્રી જૈન શ્રાવક હતો. તેણે કહ્યું કે, 'ભયહર સ્તોત્રાદિ રચવાથી પ્રસિદ્ધ કવિ શ્રી માનતુંગ-સૂરિજી શ્વેતાંબર આચાર્ય છે.' રાજાએ તેઓને બોલાવ્યા. રાજસભામાં આવેલાં તેઓ રાજાએ આપેલાં સિંહાસન પર બેઠાં અને આશીર્વાદ આપ્યા.

**जटाशाली गणेशार्च्यः शङ्करः शाङ्कराङ्कितः ।**
**युगादीशः श्रियं कुर्यात्, विलसत्सर्वमङ्गलः ॥१॥**

❋ પ્રભાવક ચરિત્રમાં લજ્જાથી કવિ મયૂર થોડા દિવસ રાજસભામાં જતો નથી. પછી રાજાના બોલાવવાથી જાય છે.

<u>**અર્થ :**</u> મસ્તક પર જટા (લટ) ધારણ કરનાર, ગણેશ-ગણધરો વડે પૂજાયેલાં, સુખ કરનાર, મુક્તિના ચિહ્નોવાળા અને સર્વમંગલનો વિસ્તાર કરનારા યુગના આદિદેવ-**શ્રી ૠષભદેવ પ્રભુ** તમારૂં કલ્યાણ કરો.

રાજાએ પૂછ્યું, 'કોઈ પ્રભાવક કવિત્વ કળા જાણો છો ? જાણતાં હોવ તો કોઈ ચમત્કાર બતાવો.' આચાર્યશ્રીએ કહ્યું, ❀ 'રાજન્ ! જો હું સાંકળોથી પોતાને બાંધીને પછી સ્વયં મુક્ત થઈને બહાર આવું તો જાણવું કે તે કોઈ આદિનાથ પ્રભુનો પ્રભાવ છે.' પછી રાજાના કહેવાથી ❊ લોખંડની ભારે સાંકળો / બેડીઓથી આચાર્ય શ્રી માનતુંગસૂરિના બધાં અંગો બાંધી દેવાયા અને તે રીતે ૪૨ બેડીઓથી બાંધીને દરેકને તાળા માર્યા. (અત્યારે ૪૪ બેડીની પ્રસિદ્ધિ છે. પણ અહીં ૪૨મી ગાથા બોલતાં સર્વ સાંકળ-તાળા તૂટી ગયેલ માટે ૪૨ બેડીઓ કહી છે.) પછી તેઓને ઉપાડીને મોટા કમાડવાળા એક અંધારા ઓરડામાં મૂકી દેવાયા. ત્યાં તેઓએ ભક્તામરના એક એક શ્લોકની રચનાપૂર્વક-બોલવાપૂર્વક સાંકળ અને તાળાને તોડવાની પ્રતિજ્ઞા કરાવી અને બહાર પહેરેગીરોને ગોઠવી દીધા. ત્યારબાદ કવિ આચાર્યશ્રીએ **ભક્તામર પ્રણત૦** ઈત્યાદિ સ્તવની રચના કરી. તેઓના સાંકળના બંધનો ક્રમશઃ = એક એક ગાથાએ એક એક તાળા સહિત સાંકળો તૂટતી ગઈ. ૪૨ ગાથા વડે ૪૨ બેડીઓ તૂટી ગઈ. કેટલાંક કહે છે એક જ બેંતાલીસમાં કાવ્ય વડે સર્વ સાંકળો તૂટી ગઈ, તાળાંઓ ખૂલી ગયા. ઓરડાના કમાડો સ્વયં ઉઘડી ગયા. સર્વ બંધનોરહિત થઈને પહેરેગીરો સાથે આચાર્ય બહાર રાજા પાસે આવ્યા. રાજા ભોજે નમસ્કાર કર્યા. વિસ્મિત અને પ્રસન્ન થઈને સિંહાસન ઉપર બેસાડ્યા. રાજા તેઓનો ભક્ત બન્યો અને સંપૂર્ણ જૈનદર્શનનો સ્વીકાર કર્યો. ચારે ય બાજુ લોકોમાં જૈન ધર્મનો પ્રભાવ વૃદ્ધિ પામ્યો.

આમ, આવા પ્રભાવક આચાર્ય શ્રી માનતુંગસૂરિજીએ આ રચના કરી છે. 'પુરુષ-વિશ્વાસે વચન વિશ્વાસ' એ ન્યાયે સ્તોત્રની ઉત્પત્તિનું કારણ અને તેના કર્તાનો સ્તોત્રની સંક્ષેપથી અહીં આ પરિચય આપ્યો છે. આવા મહાન ચમત્કારિક શક્તિમાન મહાકવિ દ્વારા આ સ્તોત્રરૂપી મહાકાવ્ય રચાયું છે. તેનાથી પણ અનેક ચમત્કારો થયા છે. શ્રદ્ધા મૂકીને સ્તોત્રનો પાઠ કરીએ એ જ...

---

❀ સૂરિએ કહ્યું, 'હે રાજન ! મુક્ત થયેલાં અમારા દેવ-ભગવાનનો શું ચમત્કાર સંભવે ? તો પણ તેઓના સેવક દેવોનો વિશ્વને ચમત્કાર કરનારો કંઈક પ્રભાવ બતાવીએ.' એમ પ્રબંધ ચિંતામણિમાં કહેલું છે.

❊ પ્રભાવક ચરિત્રમાં લખ્યું છે કે, 'હે રાજન ! અમે ગૃહસ્થ નથી કે ધન, ધાન્ય, ગૃહ આદિ માટે રાજાને રીઝવીએ કે લૌકિક ક્રિયા અથવા વિદ્યાને પ્રાપ્ત કરીએ. પરંતુ અમારે તો શાસનનો ઉત્કર્ષ કરવો એ અમારી ફરજ છે.' આટલું બોલતાં માનતુંગસૂરિને બેડીથી બાંધવાનો રાજાએ આદેશ આપ્યો.

# અનુક્રમણિકા


| અનુક્રમ | વિષય | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|
| ૧ | પ્રાસ્તાવિકમ્ | ૩ |
| ૨ | સમર્પણમ્ | ૫ |
| ૩ | પ્રભુભક્તિ-સ્તોત્ર-મહિમા | ૬ |
| ૪ | આશીર્વચન | ૮ |
| ૫ | સ્તોત્રકાર પરિચય | ૧૦ |
| ૬ | સ્તોત્રકારના સમય અંગે વિચારણા | ૧૧ |
| ૭ | સ્તોત્રકારના સમય અંગે પરિશિષ્ટ | ૧૩ |
| ૮ | ટીકા-ટીકાકાર પરિચય | ૧૬ |
| ૯ | સ્તોત્રના પદ્યોનો પ્રભાવ-લોકપ્રિયતા | ૧૭ |
| ૧૦ | સ્તોત્રનો સંક્ષિપ્ત પરિચય | ૧૮ |
| ૧૧ | ઉપસંહાર અને ઔચિત્ય | ૨૦/૨૧ |
| ૧૨ | સમાસાદિગત સંકેતની સમજ | ૨૨ |
| ૧૩ | સ્તોત્ર વૈભવ | ૨૩ |
| ૧૪ | ઉદ્દગમ કથા | ૨૬ |
| ૧૫ | અનુક્રમણિકા | ૨૯ |
| ૧૬ | ભક્તામર સ્તોત્રની શરૂઆત | ૩૧ |
| ૧૭ | પરિશિષ્ટ-૧ (પાઠાન્તર વિચાર) | ૧૭૮ |
| ૧૮ | પૂજ્યશ્રી દ્વારા પ્રકાશિત ગ્રંથો | ૧૮૩ |



ॐ ह्रीँ अर्हं नम :

। ऐँ नमः ।

આચાર્ય શ્રીમાનતુંગસૂરિ વિરચિત

# શ્રી ભક્તામર સ્તોત્ર

(અન્વય - શબ્દાર્થ - સરલાર્થ - વિશેષાર્થ - સમાસાદિ સહિત)

**ઉપક્રમ - (અવતરણિકા/ભૂમિકા) :** કોઈપણ શુભ કાર્યની નિર્વિઘ્ને સમાપ્તિ થાય તે માટે મંગલાચરણ કરવું જોઈએ એવો શિષ્ટાચાર છે. તેનું પાલન કરવા માટે પ્રસ્તુત મહાસ્તોત્રની રચના કરતાં પહેલાં **આ.શ્રી માનતુંગસૂરીશ્વરજી મ.** પણ ઈષ્ટ-દેવતાના નમસ્કારરૂપ મંગલ કરવા માટે આ પહેલાં બે કાવ્યની રચના કરે છે -

**भक्तामरप्रणतमौलिमणिप्रभाणा-**
**मुद्द्योतकं दलितपापतमोवितानम्**
**सम्यक् प्रणम्य जिनपादयुगं युगादा-**
**वालम्बनं भवजले पततां जनानाम् ॥ १ ॥**

**यः संस्तुतः सकलवाङ्मयतत्त्वबोधा-**
**दुद्भूतबुद्धिपटुभिः सुरलोकनाथैः**
**स्तोत्रैर्जगत्त्रितयचित्तहरैरुदारैः**
**स्तोष्ये किलाहमपि तं प्रथमं जिनेन्द्रम् ॥ २ ॥ (युग्मम्)**



**અન્વય + શબ્દાર્થ :** (૧) **भक्तामरप्रणतमौलिमणिप्रभाणां उद्योतकम्** (ભક્તિવંત દેવોના પ્રકર્ષે નમેલાં મુગટનાં મણિઓની પ્રભાને પ્રકાશિત કરનાર) **दलितपापतमोवितानं** (પાપરૂપી અંધકારના સમુદાયનો નાશ કરનાર) **युगादौ भवजले पततां जनानां आलम्बनं** (યુગની આદિમાં ભવરૂપી જલમાં-સમુદ્રમાં પડતા મનુષ્યોને-ભવ્યજીવોને આલંબન-આધાર રૂપ) **जिनपादयुगं सम्यक् प्रणम्य**..(જિનેશ્વર પ્રભુના ચરણ યુગલને-બે ચરણોને સમ્યક્=મન-વચન-કાયાથી અથવા એકાગ્રતાપૂર્વક નમસ્કાર કરીને...)

(૨) **सकलवाङ्मयतत्त्वबोधाद्** (સર્વ શાસ્ત્રના તત્વનો રહસ્યનો બોધ થવાથી) **उद्भूतबुद्धिपटुभिः सुरलोकनाथैः** (ઉત્પન્ન થયેલ બુદ્ધિ વડે-પ્રજ્ઞા વડે કુશળ એવા દેવલોકના નાથો વડે / ઈન્દ્રો વડે ) **जगत्त्रितयचित्तहरैः उदारैः स्तोत्रैः** (ત્રણ જગતના ચિત્તને હરનારા ઉદાર = મોટા સ્તોત્રો વડે) **यः संस्तुतः** (જેઓ સ્તવાયેલાં છે, જેઓની પ્રશંસા કરાઈ છે ) **तं प्रथमं जिनेन्द्रं किल अहं अपि** (તે પ્રથમ જિનેશ્વરની નિશ્ચે હું પણ) **स्तोष्ये** (સ્તુતિ કરીશ.)

**સરલાર્થ :** (૧) ભક્તિવંત દેવોના(નમસ્કાર કરવાથી) નમેલાં મસ્તકનાં (મુગટના) મણિઓના કિરણોને અધિક પ્રકાશિત કરનાર, પાપરૂપી અંધકારના સમૂહનો નાશ કરનાર અને યુગની શરૂઆતમાં ભવરૂપી જલમાં-સમુદ્રમાં ડૂબતાં એવા ભવ્ય જીવોને આલંબનરૂપ શ્રી જિનેશ્વર ભગવાનના ચરણ યુગલને સમ્યક્ = મન-વચન-કાયાથી નમસ્કાર કરીને...
(૨) સકળ શાસ્ત્રોના તત્ત્વનો બોધ થવાથી ઉત્પન્ન થયેલ બુદ્ધિ વડે નિપુણ એવા સુરલોકના નાથ = ઈન્દ્રો વડે, ત્રણ જગતના જીવોના ચિત્તને હરનાર, મહાન સ્તોત્ર વડે જેઓની પ્રશંસા કરાઈ છે, તે પ્રથમ જિનેશ્વરની નિશ્ચે હું પણ સ્તવના કરીશ.

**વિશેષાર્થ :** પ્રસ્તુત સ્તોત્રની રચના કરતાં સ્તુતિકાર આ.શ્રી માનતુંગસૂરીશ્વરજી મ. આ મહાન કાર્યની નિર્વિઘ્ન સમાપ્તિ માટે તથા મંગલ કરવા માટે, શિષ્ટાચારના પાલન માટે અને સ્તોત્રના વિષયભૂત અધિકૃત દેવને-ભગવાનને જણાવવા માટે પહેલી બે સ્તુતિઓની રચના કરે છે.

આ સ્તુતિમાં સાક્ષાત્ અધિકૃત દેવનું નામ કહ્યું નથી પણ વિશેષણો દ્વારા તેનો નિર્ણય થાય છે. **जिनपादयुगं सम्यक् प्रणम्य** = જિનેશ્વરના બે ચરણોને

પ્રણામ કરીને અહીં.....'ચરણયુગલ'ના (જિનપાદયુગના) ત્રણ વિશેષણો મૂકેલાં છે.

(૧) **उद्योतकम् =** ભક્તિવંત દેવોના નમેલાં મુગટના/મસ્તકના મણિઓના કિરણોને અધિક પ્રકાશિત કરનાર 'જિનપાદયુગ' છે. **मौलि** નો અર્થ મુગટ અને મસ્તક પણ થાય છે. મુગટમાં મણિઓ=રત્નો સાક્ષાત્ જડેલાં છે. મુગટનો આધાર મસ્તક હોવાથી ઉપચારથી 'મસ્તકના મણિઓ' પણ કહી શકાય. પ્રભુના ચરણ યુગલને મણિની પ્રભાના ઉદ્યોતક = પ્રકાશક કહેલાં છે. અહીં મણિઓની = રત્નોની પ્રભા સ્વયં પ્રકાશિત છે છતાં તેને વિશેષથી - અધિક પ્રકાશિત કરનાર જિનપાદ-યુગ છે, એમ સમજવું. જેમ સૂર્યકાંત મણિ સ્વયં પ્રકાશિત હોવા છતાં સૂર્યકિરણો વડે તેનું તેજ વધુ ઉજ્જ્વળ બને છે, તેમ શ્રી જિનેશ્વરદેવના ચરણના નખમાંથી નીકળેલો પ્રકાશ મુગટના મણિઓની પ્રભામાં ભળવાથી તે વધુ તેજસ્વી બને છે.

(૨) 'જિનપાદયુગ'નું બીજું વિશેષણ છે - **'दलितपापतमो वितानं'** પાપ-રૂપી અંધકારના સમૂહનો નાશ કરનાર છે.

(૩) ત્રીજું વિશેષણ છે **आलम्बनम्**-'જિનપાદયુગ' એ યુગની આદિમાં ભવ સમુદ્રમાં ડૂબતા મનુષ્યોને આલંબન-આધારરૂપ છે. યુગની આદિમાં = એટલે આ અવસર્પિણીના ત્રીજા આરાના અંતે અને અયુગલિક વ્યવહારની શરૂઆતમાં આલંબન = આધારરૂપ છે. અહીં ભવ = એટલે જન્મ-જરા-મરણરૂપી સંસાર.

તે રૂપી જલમાં પડતાં જીવોને ભગવાન આલંબનરૂપ આ રીતે થયા- (૧) તે કાળે યુગલિક વ્યવહાર બંધ થવાથી ઋજુ અને જડ મનુષ્યોને શિલ્પ❋ નીતિ, લિપિ અને કળાઓને બતાવવા દ્વારા અને (૨) ધર્મ-અર્થ-કામ-મોક્ષરૂપ ચાર પુરૂષાર્થને પ્રકાશિત કરવાથી તેમજ (૩) પુરૂષોના ૭૨ અને સ્ત્રીઓના ૬૪ ગુણ બતાવવાથી અથવા (૪) સર્વવિરતિ (સાધુ) અને દેશવિરતિ (શ્રાવક-રૂપી) બે પ્રકારના ધર્મને પ્રકાશિત કરવાથી - આ પ્રમાણે સદુપદેશ આપવા દ્વારા આલંબનરૂપ બનેલાં એમ આચાર્ય **ગુણાકરસૂરિ**ની ટીકામાં કહેલું છે. જેમ સમુદ્રમાં ડૂબતાં માણસોને વહાણ અથવા દ્વીપ આધારરૂપ બને છે, તેમ

❋ જો કે, શિલ્પાદિ સાક્ષાત્ મોક્ષનું કારણ નથી, તો પણ તેવી વ્યવસ્થા વિના અરાજકતા, અંધાધૂંધ થવાથી જીવો ચીકણાં કર્મ બાંધી દુર્ગતિમાં જ જાય. આથી અલ્પ-સાવદ્ય વ્યવસ્થાઓ વિના મોક્ષમાર્ગની સમ્યગ્દર્શનાદિ સર્વવિરતિ પર્યંત અવસ્થાઓ પણ ટકી ન શકે. માટે શિલ્પાદિ અલ્પસાવદ્ય વ્યવસ્થાઓ પણ પરંપરાએ મોક્ષ સાથે સંબંધ ધરાવે છે એમ જાણવું.

ભવસમુદ્રમાં ડૂબતાં જીવોને જિનેશ્વરના ચરણોની ઉપાસના આલંબન-રક્ષક બને છે. 'સમર્થ વિશેષણોથી વિશેષ્ય જણાય છે' એ ન્યાયથી **युगादौ** અને **प्रथमं जिनेंद्रं** એવા વિશેષણથી **શ્રી ૠષભદેવ ભગવાન** અહીં સ્તુતિના વિષયભૂત અધિકૃતદેવ છે એમ જણાય છે.

અહીં પ્રસ્તુત હોવાથી પ્રથમ તીર્થંકરના ચરણયુગલ સમજવા અને તે શ્રી સિદ્ધાચલગિરિ ઉપર રાયણવૃક્ષની નીચે પ્રથમ જિનના સ્થાપનારૂપ ચરણયુગલ છે, એવો સંપ્રદાય = પરંપરા છે એમ ઉપા. **શ્રી મેઘવિજયજી મ.સા.** ની ટીકામાં કહેલું છે. તથા **त्रिजगच्चित्तहरैः** માં ત્રણ જગતના-એટલે ત્રણ જગતના જીવોના ચિત્તને હરનારા, **उदारैः =** ઉદાર એટલે મહાન, શબ્દથી અને અર્થથી મોટા. અથવા ઉદાર એટલે સ્વર્ગ-મોક્ષ આપનારા તથા **अहमपि** = 'હું પણ' એમ કહેવા દ્વારા ઈન્દ્રની અપેક્ષાએ લઘુતા બતાવી છે, પણ બીજા કવિઓની અપેક્ષાએ નહીં. બીજા અનેક કવિઓની સ્તુતિની અપેક્ષાએ પણ કવિએ પોતાનો અપકર્ષ સૂચવેલો છે, એમ શ્રી સિદ્ધિચંદ્રજી મ.ની વૃત્તિનો અભિપ્રાય છે.

**प्रणम्य** માં **प्र** = ભક્તિ અને શ્રદ્ધાના અતિશય વડે **नम्य** - નમીને એમ અર્થ છે. **सम्यक्** - એટલે મન-વચન-કાયાના ઉચિત વ્યાપારપૂર્વક, ત્રિકરણની શુદ્ધિ પૂર્વક.

**किल** શબ્દ 'સંભાવના' અથવા 'મંગળ' અર્થમાં છે. અસમર્થ આત્માને પ્રભુની સ્તવના કરવામાં માત્ર ઉદ્યમ જ થાય છે, પણ સામર્થ્ય હોતું નથી. (માટે જ પ્રભુના ગુણોની વાસ્તવિક ભાવથી સ્તુતિ તો દેવ (પ્રભુ) જેવા ગુણ-વાળા બનનાર જ કરી શકે, માટે કહ્યું છે કે, **देवो भूत्वा, देवं यजेत** દેવ (ભગવાન) થઈને દેવની પૂજા કરવી) તેથી 'સ્તવના થશે કે નહીં ? એ પ્રમાણે સંશયરૂપ 'સંભાવના' વિચારવી. (વસ્તુતઃ અસમર્થતા છતાં ભક્તિથી વશ થઈને સ્તવનાની પ્રવૃત્તિ સંભવે જ છે અને સમુચિત જ છે. આગળ આ સર્વને સ્વયં સ્તુતિકાર આચાર્ય મ. પ્રગટ કરવાના જ છે)

**स्तोष्ये** - અહીં **स्तु** ધાતુ ઉભયપદી હોવા છતાં સ્તવનથી થતું પુણ્ય = ફળ પોતાને મળનારું હોવાથી **ईंगितः फलवति** (સિ.હે. ૩-૩-૯૫) સૂત્રથી આત્મનેપદી પ્રત્યય થયેલ છે.

આ સ્તોત્રમાં પ્રભુના ચાર અતિશયો પણ સૂચિત કરેલાં છે. (૧) **उद्योतकं** પદ દ્વારા **પૂજાતિશય** (૨) **दलितपापतमोवितानम्** પદો દ્વારા **અપાય-અપગમ**

**અતિશય** કહેલ છે, કારણકે પાપનાશથી અપાયનાશ થાય છે. (૩) (૪) **आलम्बनम्** પદથી **જ્ઞાનાતિશય** અને **વચનાતિશય**નો નિર્દેશ છે, કારણકે જ્ઞાની અને સદ્‌વચનો જ જીવોના આધારભૂત થાય છે.

**કથા-પ્રસંગ :** (૧) પહેલાં બે કાવ્યના પ્રભાવ ઉપર **હેમશ્રેષ્ઠી**ની કથા છે.

**સમાસ વિચાર** (१) **भक्ताश्च ते अमराश्च इति भक्तामराः** । (કર્મધારય) પછી **प्रणताश्च ते मौलयश्च इति प्रणतमौलयः** (ક.ધા.) **भक्तामराणां प्रणतमौलयः इति भक्तामरप्रणतमौलयः** (ષ.ત.પુ.) **तेषु मणय इति भक्तामरप्रणतमौलि-मणयः (स.त.पु.) तेषां तेषु वा प्रभाः इति भक्तामरप्रणतमौलिमणिप्रभाः।** (ષષ્ઠી ત.પુ.) **तासां तथा** । (અહીં **तथा** એટલે સ્તોત્રમાં રહેલ મૂળ પદ-સમુદાય સમજવો. આ પ્રમાણે સર્વત્ર **'तथा'**નો અર્થ સમજવો.) **(२) पापानि एव तमांसि पापतमांसि** અથવા **पापानि च तानि तमांसि इति पापतमांसि** (અહીં **उपमेयं व्याघ्राद्यैः** સિ.હે. ૩-૧-૧૦૨ સૂત્રથી ક.ધા. સમાસ થયો છે.) **पापतमसां वितानं पापतमोवितानम्** । (ષ.ત.પુ.) **दलितं पापतमोवितानं येन, तत् दलितपापतमोवितानम् । तत् तथा** (તૃતીયા બહુવ્રીહિ) આ બન્ને વિશેષણો 'જિનપાદયુગ'ના છે. **(३) पादयोर्युगं पादयुगम्** (સપ્ત.ત.પુ.) **जिनस्य पादयुगं इति जिनपादयुगम् । तं तथा** (ષ.ત.પુ.) **(४) भव एव जलं इति भवजलम्, तस्मिन् तथा** । નં.૨ પ્રમાણે સમાસ **(५) सकलं च तद् वाङ्मय च इति सकलवाङ्मयम्** । (ક.ધા.) **सकलवाङ्मयस्य तत्त्वं इति सकलवाङ्मय-तत्त्वम्** । (ષ.ત.પુ.) **तस्य बोधः इति सकलवाङ्मयतत्त्वबोधः** । (ષ.ત.પુ.) **तस्मात् तथा । (६) उद्भूता चासौ बुद्धिश्च इति उद्भूतबुद्धिः** । (ક.ધા.) **उद्भूतबुद्ध्या पटवः इति उद्भूतबुद्धिपटवः** (તૃ.ત.પુ.) **तैः तथा । (७) सुराणां लोकाः सुरलोकाः** (ષ.ત.પુ.) **सुरलोकानां नाथा इति सुरलोकनाथाः** । (ષ.ત.પુ.) **तैः तथा । (८) त्रयः अवयवाः यस्य तत् (त्रि+तयट्** તદ્ધિત પ્રત્યય) **त्रितयम् । जगतां त्रितयं इति जगत्त्रितयम्** (ષ.ત.પુ.) **जगत्त्रितयस्य चित्तानि इति जगत्त्रितयचित्तानि** (ષ.ત.પુ.) **तानि हरन्ति इति जगत्त्रितयचित्तहराणि । तै तथा** (ઉપપદ-ત.પુ.) **(९) जिनेषु जिनानां वा इन्द्र इति जिनेन्द्रः । तम् तथा** (ત.પુ.) **(१-२)**

**ઉપક્રમ :** કવિવરશ્રી પ્રભુની સ્તુતિ કરવાની પ્રવૃત્તિના સાહસનું સમાધાન કરે છે. અથવા પૂર્વે **किल** શબ્દથી અસમર્થતા પ્રગટ કરેલી. તો શા માટે સ્તુતિ કરે છે ? તેનો હેતુ જણાવે છે -

**बुद्ध्या विनाऽपि विबुधार्चितपादपीठ!**
**स्तोतुं समुद्यतमतिर्विगतत्रपोऽहम् ।**
**बालं विहाय जलसंस्थितमिन्दुबिम्ब-**
**मन्यः क इच्छति जनः सहसा ग्रहितुम् ॥ ३ ॥**

**અન્વય + શબ્દાર્થ : हे विबुधार्चितपादपीठ ! (जिन!)** (હે દેવો વડે પૂજાયેલ પાદપીઠવાળા / પગ મૂકવાના સ્થાનવાળા જિનેશ્વર પ્રભુ!) **विगतत्रपः अहं** (લજ્જા વિનાનો હું) **बुद्ध्या विना अपि** (त्वां) **स्तोतुं** (બુદ્ધિ રહિત હોવા છતાં પણ આપની સ્તુતિ કરવા માટે) **समुद्यतमतिः (अस्मि)** (ઉત્પન્ન થયેલ મતિવાળો/અભિલાષાવાળો છું.) **बालं विहाय** (બાળકને છોડીને) **अन्यः कः जनः** (બીજો કયો માણસ) **जलसंस्थितं इन्दुबिम्बं** (પાણીમાં રહેલા અર્થાત્ પ્રતિબિંબિત થયેલા ચન્દ્રના બિંબને / મંડળને) **सहसा ग्रहीतुं इच्छति ?** એકાએક/તત્કાળ/વિચાર્યા વિના ગ્રહણ કરવાને કોણ ઈચ્છે ?)

**સરલાર્થ :** હે દેવો વડે પૂજાયેલા પાદપીઠવાળા પ્રભુ ! નિર્લજ્જ હોવાથી (જ) હું બુદ્ધિ વિનાનો પણ તારી સ્તુતિ કરવાને પ્રવૃત્ત થયેલ મતિવાળો (અભિલાષા વાળો) છું. (ખરેખર) બાળક સિવાય બીજો કયો માણસ પાણીમાં રહેલા અર્થાત્ પ્રતિબિંબિત થયેલાં ચંદ્રના બિંબને તત્કાળ ગ્રહણ કરવાને ઈચ્છે ? અર્થાત્ કોઈ ન ઈચ્છે. (૩)

**વિશેષાર્થ :** પૂર્વ સ્તુતિમાં **किल** શબ્દ વડે સંભાવના કરેલી કે 'હું સ્તુતિ કરી શકીશ કે નહીં ?' આ પ્રમાણે કવિએ અસમર્થતા જણાવેલી. તો શા માટે સ્તુતિ કરાય છે ? તેનું કારણ કહે છે - હું જાણું છું કે ભગવાનની સ્તુતિ કરવાના વિષયમાં હું બુદ્ધિહીન છું, તો પણ હવે લજ્જા મૂકીને તે કરવા પ્રવૃત્ત થયો છું. આમ અશક્ય કાર્યમાં પ્રવૃત્ત થવાથી જ લજ્જાહીન તરીકે જણાઈ આવું છું. પોતાની આ પ્રવૃત્તિનું બીજા દ્રષ્ટાંતથી સમર્થન કરે છે. રાત્રિને વિષે ચંદ્રનું પ્રતિબિંબ સ્વચ્છ જળમાં પડે છે ત્યારે બાળક જ તે જોઈને બે હાથ પ્રસારે છે,



લંબાવે છે. પરંતુ, સ્પષ્ટ જ્ઞાનવાળો પુરુષ આ પ્રમાણે કરતો નથી. કારણ કે પ્રતિબિંબમાં તો ચંદ્રની માત્ર છાયા હોય છે. વાસ્તવિક ચંદ્ર નહીં. આ પ્રમાણે બાળક જેમ ગ્રહણ કરવાને અશક્ય એવા જળમાં પ્રતિબિંબિત થયેલાં ચંદ્રમંડળને ગ્રહણ કરવાને ઈચ્છે છે, બીજો કોઈ માણસ નહીં. (હજી આકાશમાં રહેલા ચંદ્રના મંડલને દેવાદિના પ્રયત્નથી ગ્રહણ કરવું શક્ય છે, પણ પ્રતિબિંબરૂપ ચંદ્રને ગ્રહણ કરવું અશક્ય જ છે.) તે પ્રમાણે હું પણ સ્તુતિ કરવાને અશક્ય છતાં આપની સ્તુતિ કરવાની અભિલાષા કરું છું, આથી બાળક જ જાણવો.

આમ સ્તુતિકાર **આ.શ્રી માનતુંગસૂરિજીએ** પ્રભુની સ્તુતિ કરવાનો પ્રયાસ એ બાળચેષ્ટા છે અને અશક્ય કાર્ય છે એમ જણાવેલું છે.

અહીં સ્તુતિના પૂર્વાર્ધમાં કહેલી અશક્ય પ્રવૃત્તિરૂપ વિશેષ વાતનું ઉત્તરાર્ધમાં કહેલ બાળકના સામાન્ય દ્રષ્ટાંત દ્વારા સમર્થન કરેલું છે. આથી અર્થાન્તર-ન્યાસરૂપ કાવ્યાલંકાર* છે.

'વિબુધાર્ચિતપાદપીઠ' આ શબ્દો વડે તક્ષશિલા નગરીમાં તથા હસ્તિનાપુરમાં ભગવાન ઋષભદેવની સ્થિરતાની ભૂમિમાં બાહુબલિ વડે શ્રેયાંસ દ્વારા કરાવેલ પીઠ = પગલાં સૂચવેલ છે, એમ ઉપાધ્યાયજી મેઘવિજયજી મ.કૃત વૃત્તિમાં કહેલું છે. (૩)

**સમાસવિચાર : पादयोः पीठं इति पादपीठमम्** (સ.ત.પુ.) **विबुधैः अर्चितं पादपीठं यस्य स तथा ।** (તૃ.ત.પુ.ગર્ભિત બ.વ્રી.) **तत्संबोधनम्-हे विबुधार्चितपादपीठ !** (૨) **सम् = सम्यक्प्रकारेण उद्यता मतिः यस्य स समुद्यतमतिः ।** (૩) **विशेषेण गता विगता** (ત.પુ.) **विगता त्रपा यस्य स विगतत्रपः** (બ.વ્રી) (૪) **जले संस्थितं इति जलसंस्थितम्** (સ.ત.પુ.) (૫) **इन्दोः बिम्बं इति इन्दुबिम्बम्** (ષ.ત.પુ.) (૩)

● ● ●

* સાધર્મ્ય (સમાન ધર્મ) વડે અથવા વૈધર્મ્ય (વિરુદ્ધ ધર્મ) વડે વિશેષ વસ્તુનું જેમાં સામાન્ય વસ્તુથી સમર્થન કરાય, પુષ્ટિ કરાય તે (અર્થાન્તરની જેમ ન્યાસ કરવો તે) અર્થાન્તરન્યાસ કહેવાય. આ પ્રમાણે આગળના કાવ્યોમાં પણ યથાયોગ્ય સમજવું.



**ઉપક્રમ :** બીજાઓ વડે પણ જિનેશ્વરની સ્તુતિ કરવાની દુષ્કરતા જણાવે છે -

**वक्तुं गुणान् गुणसमुद्र ! शशाङ्ककान्तान्**
**कस्ते क्षमः सुरगुरुप्रतिमोऽपिबुद्धया ।**
**कल्पान्तकालपवनोद्धतनक्रचक्रं**
**को वा तरीतुमलमम्बुनिधिं भुजाभ्याम् ॥ ४ ॥**

**અન્વય + શબ્દાર્થ :** **हे गुणसमुद्र !** (હે ગુણના સમુદ્ર સમાન!) **बुद्धया सुरगुरुप्रतिमोऽपि** (બુદ્ધિ વડે દેવોના ગુરુ = બૃહસ્પતિ જેવો પણ) **कः** (કોણ) **ते** (તમારા) **शशाङ्कान्तान्** (ચંદ્ર જેવી કાંતિવાળા-ઉજ્જ્વળ) गुणान् (ગુણોને) **वक्तुं** (કહેવાને) **क्षमः?** (સમર્થ થાય) **वा** (અથવા) **कल्पान्तकालपवनोद्धत-नक्रचक्रं** (કલ્પાંતકાળના પવનથી ઉદ્ધત-અત્યંત ભયંકર રીતે ઉછળતા મગરના / જળચર જીવોના સમૂહવાળા) **अम्बुनिधिं** (સમુદ્રને) **भुजाभ्यां** (બે હાથ વડે) **तरितुं** (તરવાને-પાર પામવાને) **कः** (કોણ) **अलम्?** (भवेत्) (સમર્થ થાય?)

**સરલાર્થ :** હે ! ગુણોના સાગર સમાન પરમાત્મન્ ! બુદ્ધિ વડે બૃહસ્પતિ (દેવોના ગુરુ) સમાન એવો પણ કોણ પુરુષ તમારા ચંદ્ર જેવા ઉજ્જ્વળ ગુણોને કહેવા માટે સમર્થ થાય ? અર્થાત્ કોઈ નહીં. (આ વિષયમાં દ્રષ્ટાંત આપે છે-) અથવા કલ્પાંતકાળના પવન વડે ઉદ્ધત થયેલાં-અત્યંત ભયંકર રીતે ઉછળતાં જળચર જીવોના સમૂહવાળા સાગરને બે હાથ વડે તરવાને કયો માણસ સમર્થ બને? અર્થાત્ કોઈ નહીં. (૪)

**વિશેષાર્થ :** ભગવાન સ્થિરતા, ગંભીરતા, ધીરતા વગેરે ગુણોના સાગર છે. કલ્પાંત કાળ એટલે યુગનો અંતકાળ, પ્રલયકાળ. ત્યારે ખૂબ ભયંકર જોરથી પવન ફૂંકાય છે એમ લૌકિક માન્યતા છે. અને તીવ્ર વેગે પવન ફૂંકાય ત્યારે ખળભળેલાં સમુદ્રમાં ખૂબ ઊંચા, રૌદ્ર સ્વરૂપવાળા મોજા ઉછળે છે અને તેની સાથે મગરમચ્છ, મત્સ્ય વગેરે જલચર પ્રાણીઓ પણ ઉછળે છે. આવા ભીષણ સમુદ્રને બે હાથ વડે કોણ તરી શકે? પાર પામી શકે? કોઈ નહીં. બસ, જેમ કલ્પાંતકાળે ક્ષુબ્ધ થયેલાં સમુદ્રને બે હાથ વડે તરવું તે દુષ્કર વાત છે તેમ સુરગુરુ-બૃહસ્પતિ જેવી બુદ્ધિવાળો પણ પુરુષ પણ તમારા ગુણોનું વર્ણન કરવા

માટે અસમર્થ જ છે. આથી જ આપ અનંત ગુણોના સાગર છો એમાં બે મત નથી. તેથી બૃહસ્પતિ જેવી બુદ્ધિવાળા પણ પુરુષને જે અરિહંતની સ્તુતિ કરવી દુષ્કર છે, તેમાં હું પ્રવૃત્તિવાળો થયો છું. તેથી વિદ્વાનોમાં સમર્થ જેવો આભાસિત થાઉં છું. અર્થાત્ અસમર્થ છતાં સમર્થ જેવો ભાસુ છું. (૪)

**કથા-પ્રસંગ :** આ પદ્યના પ્રભાવ વિષે **સુમતિ** વણિકની કથા છે.

**સમાસવિચાર :** (१) गुणानां समुद्र इव समुद्र इति गुणसमुद्रः तत्संबोधनं तथा । (ઉપમાન ત.પુ.) (२) शशः अङ्के यस्य स शशाङ्कः । (સસલું જેની કુક્ષિમાં/મધ્યમાં છે તે શશાંક એટલે ચંદ્ર. કવિઓમાં આવી પ્રસિદ્ધિ છે.) शशाङ्कवत् कान्ताः इति शशाङ्ककान्ताः । तान् तथा । (ક.ધા.) (३) कल्पस्य अन्तः इति कल्पान्तः (ષ.ત.પુ.) कल्पान्तश्चासौ कालश्चेति कल्पान्तकालः । (ક.ધા.) तस्य पवनः । कल्पान्तकालपवनः (ષ.ત.પુ) कल्पान्तकालपवनेन उद्धताः इति कल्पान्तकालपवनोद्धताः । (તૃ.ત.પુ.) नक्राणां चक्राणि इति नक्रचक्राणि । (ષ.ત.પુ.) कल्पान्तकालपवनोद्धतानि नक्रचक्राणि यस्मिन् स कल्पान्तकालपवनोद्धतनक्रचक्रः । तं तथा । (બ.વ્રી.) (૪)

● ● ●

## સુભાષિત

अधमजातिरनिष्टसमागमः
प्रियवियोगभयानि दरिद्रता ।
अपयशोऽखिललोकपराभवो
भवंति पापतरोः फलमीदृशम् ॥ १ ॥

**અર્થ :** ૧. અધમજાતિ, ૨. અનિષ્ટનો સમાગમ, ૩. પ્રિયનો વિયોગ, ૪. ભય, ૫. દરિદ્રતા, ૬. અપયશ અને ૭. સમસ્ત લોકમાં પરાભવ-તિરસ્કાર.

**પાપરૂપી વૃક્ષના આવા ફળો હોય છે.**

**ઉપક્રમ :** હવે સ્તોત્રની રચનાની પ્રવૃત્તિનું કારણ જણાવે છે -

**सोऽहं तथापि तव भक्तिवशान्मुनीश!**
**कर्तुं स्तवं विगतशक्तिरपि प्रवृत्तः ।**
**प्रीत्याऽऽत्मवीर्यमविचार्य मृगो मृगेन्द्रं,**
**नाभ्येति किं निजशिशोः परिपालनार्थम् ॥ ५ ॥**

**અન્વય + શબ્દાર્થ : हे मुनीश !** (હે મુનિનાયક !) **तथापि** (તો પણ) **सः अहं** (તે હું, આ. માનતુંગસૂરિ) **भक्तिवशात्** (ભક્તિના વશથી) **विगत-शक्तिः अपि** (શક્તિ વિનાનો પણ) **तव स्तवं कर्तुं** (તમારા સ્તોત્રની રચના કરવા માટે) **प्रवृत्तः (अस्मि)** (પ્રવૃત્ત થયો છું) **मृगः** (હરણ) **प्रीत्या आत्मवीर्यं अविचार्य** (પ્રીતિ વડે પોતાની શક્તિનો વિચાર કર્યા વિના) **निजशिशोः** (પોતાના બચ્ચાના) **परिपालनार्थं** (રક્ષણ કરવા માટે) **किं मृगेन्द्रं** (શું સિંહ તરફ) **न अभ्येति** (જતો નથી ? સામે થતો નથી ?)

**સરલાર્થ :** હે મુનિનાયક ! પ્રભુ ! તો પણ અર્થાત્ તમારા સ્તોત્ર કરવાનું અસામર્થ્ય હોવા છતાં પણ તેવો હું છું = આ. માનતુંગસૂરિ તમારી ભક્તિના વશથી વિશેષથી શક્તિરહિત એવો પણ તમારી સ્તુતિની રચના કરવા માટે પ્રવૃત્ત થયો છું. (દ્રષ્ટાંત કહે છે-) હરણ પ્રીતિ વડે પોતાના બળનો વિચાર કર્યા વિના પોતાના બચ્ચાનું (બાળ હરણનું) રક્ષણ કરવા માટે શું સિંહની સામે થતો નથી ? અર્થાત્ થાય જ છે. (૫)

**વિશેષાર્થ :** સ્તોત્રમાં **तव** શબ્દ એક જ હોવા છતાં 'ડમરુક-મણિ' ન્યાયથી બન્નેય ઠેકાણે સંબંધ થવાથી **तव** = તમારી ભકિતના કારણે **तव** = તમારું સ્તોત્ર રચવાને...એમ અર્થ કરવો. ('ડમરુ' વાદ્યમાં રહેલ મણિ જેમ તેની બન્નેય બાજુ અથડાવાથી ધ્વનિ ઉત્પન્ન કરે છે તેમ અહીં બન્ને ઠેકાણે **तव** શબ્દ જોડીને અર્થ કરવો, એમ ભાવ છે) અહીં **मृगाणां इन्द्रः इति मृगेन्द्रः ।** એમ વ્યુત્પત્તિ છે. તેમાં મૃગનો ફક્ત 'હરણ' અર્થ ન લેવો. કેમકે, ફક્ત હરણનો સ્વામી હોવામાં સિંહ વનનો રાજા હોવાનું દ્યોતિત થતું નથી. પરંતુ મૃગ=એટલે 'વન્ય પશુ' અર્થ લેવો. તેઓનો સ્વામી તે મૃગેન્દ્ર એટલે સિંહ...



આ સ્તોત્રના ઉત્તરાર્ધમાં ઉપમા દ્વારા પોતાની સ્તોત્ર રચવાની અસમર્થતા પ્રગટ કરી છે. છતાંય સ્તોત્ર રચવાનું કારણ પણ જણાવ્યું છે. જેમ હરણ પોતાના સંતાન પ્રત્યેના પ્રેમના વશથી પોતાની અશક્તિનો-અસામર્થ્યનો વિચાર કર્યા વિના સિંહની સામો થાય છે, યુદ્ધ માટે, પ્રતિકાર કરવા માટે સજ્જ થાય છે, તે પ્રમાણે હું આ. માનતુંગસૂરિ પણ તમારા પ્રત્યેની શ્રદ્ધાના/અનુરાગના કારણે જ સ્તુતિ કરવાના અસામર્થ્યનો વિચાર પણ કર્યા વિના તમારી સ્તુતિ કરવા માટે પ્રયત્નવાળો થયો છું, લલચાયો છું, એમ ભાવ છે.

આ વિષયમાં અન્ય અભિપ્રાયો પણ પ્રવર્તે છે. કેટલાંક કહે છે કે, હરણ સિંહની સામે થવામાં ભગ્ન પરાક્રમવાળો અર્થાત્ પરાક્રમ રહિત હોવાથી જેમ હાસ્યાસ્પદ બને છે, તેમ હું પણ તમારા સ્તોત્રની રચનામાં ભગ્ન પ્રતિજ્ઞાવાળો થવાથી હાસ્યાસ્પદ થઈશ. એમ કવિએ પોતાનું અનુદ્ધત પણું અર્થાત્ સરળપણું-નમ્રપણું પ્રકાશિત કરેલું છે. વળી બીજાઓ કહે છે કે, મૃગ પોતે શક્તિહીન હોવા છતાં પોતાના સંતાનનું રક્ષણ કરવા માટે સિંહની સામે થતો જેમ શ્લાઘાને પામે છે તેમ હું પણ મંદમતિવાળો હોવા છતાં આપની ભક્તિથી પ્રેરાઈને આપની સ્તુતિ કરવા માટે પ્રયત્નવાળો થયો છું, તેથી સજ્જનોને પ્રશંસાપાત્ર થઈશ એમ પોતાની ઊંચાઈ-મહાનતા પ્રગટ કરી છે, એમ તેઓનો અભિપ્રાય છે. (૫)

**સમાસવિચાર : (१) भक्तेः वशः इति भक्तिवशः । तस्मात् तथा ।** (ષ.ત.પુ) **(२) मुनीनां ईशः इति मुनीशः । तत्सबोधनं – हे मुनीश!** (ષ.ત.પુ.) **(३) विशेषेण गता इति विगता ।** (**गतिक्वन्यस्तत्पुरुषः** સિ. હે. ૩-૧-૪૨ સૂત્રથી ત.પુ.) **विगता शक्तिः (स्तोत्रकरणरूपा) यस्य स विगतशक्तिः ।** (બહુવ્રીહિ) **(४) आत्मनः वीर्यं इति आत्मवीर्यम् । तं तथा ।** (ષ.ત.પુ) **(६) निजश्च (आत्मीयश्च) असौ शिशुश्च इति निजशिशुः । तस्य तथा ।** (ક.ધા.) **(७) परिपालनाय इति परिपालनार्थं, तस्मै तथा ।** (અહીં **तदर्थार्थेन** (સિ.હે ૩-૧-૭૨) સૂત્રથી ચતુર્થીના અર્થમાં નિત્ય સમાસ થયો છે અને તે સર્વલિંગી= વિશેષણ રૂપ તત્પુરુષ સમાસ થાય છે.) (૫)

○ ○ ○



**ઉપક્રમ :** હવે કવિ પોતાનું સ્તુતિ કરવાનું અસામર્થ્ય છતાં વાચાળતાનું કારણ જણાવે છે -

**अल्पश्रुतं श्रुतवतां परिहासधाम**
**त्वद्भक्तिरेव मुखरीकुरुते बलान्माम् ।**
**यत्कोकिलः किल मधौ मधुरं विरौति**
**तच्चारुचूतकलिकानिकरैकहेतुः ॥ ६ ॥**

**અન્વય + શબ્દાર્થ : अल्पश्रुतं** = (અલ્પશ્રુતવાળા) **श्रुतवतां (च) परिहास-धाम** (અને શ્રુતજ્ઞાનવાળા વિદ્વાનોને ઉપહાસનું સ્થાન) **मां** (એવા મને) **त्वद्भक्तिरेव** (તમારો અનુરાગ જ) **बलात्** (બળાત્કારે/પરાણે) **मुखरीकुरुते** (વાચાળ બનાવે છે) **किल कोकिलः** (સાચે જ, કોયલ) **मधौ यत् मधुरं** (વસંતઋતુમાં જે મધુર) **विरौति** (અવાજ કરે છે) **तत् चारुचूतकलिका-निकरैकहेतुः** । (તે સુંદર આમ્રવૃક્ષની મંજરીના સમૂહના કારણે જ છે.)

**સરલાર્થ :** અલ્પ શાસ્ત્ર-જ્ઞાનવાળા અને શાસ્ત્રોના જાણકાર વિદ્વાનોને માટે ઉપહાસનું સ્થાન (હાસ્યાસ્પદ) એવા મને તમારો અનુરાગ જ વાચાળ બનાવે છે. સાચે જ, કોયલ વસંતઋતુમાં (ચૈત્રમાસમાં) જે મધુર ટહુકાર કરે છે, તેમાં મનોહર આમ્રવૃક્ષની મંજરીનો (મોરનો) સમૂહ જ કારણભૂત છે. (૬)

**વિશેષાર્થ :** પોતાની સ્તુતિ કરવાની અસમર્થતા છતાં કવિ સ્તુતિ રચવાનાં પ્રયત્નનું કારણ, દ્રષ્ટાંત સહિત જણાવે છે. પોતે અલ્પશ્રુતવાળા અને વિદ્વાન્-બહુશ્રુતોને મશ્કરીનું પાત્ર છે એમ જણાવીને કવિએ પોતાની બડાઈ-મહાનતાનો અસ્વીકાર કર્યો છે, ત્યાગ કર્યો છે. આમ છતાં પરમાત્માનો અનુરાગ જ મને સ્તુતિ રચવા માટે બળાત્કારે પ્રેરી રહ્યો છે એમ કવિએ કારણનું નિવેદન કર્યું છે. અને ખરેખર તો ભક્તિથી-શ્રદ્ધાથી પ્રેરાઈને કાલી-ઘેલી વાણીમાં જે બોલાય તે પણ શોભી ઉઠે છે. **વીતરાગસ્તોત્રમાં** પણ કહ્યું છે કે,

**क्वाहं पशोरपि पशुः, वीतरागस्तवः क्व च ।**
**उत्तितीर्षुररण्यानीं, पद्भ्यां पङ्गुरिवास्म्यतः ।।प्र० १-७।।**

**અર્થ :** ક્યાં હું પશુઓથી પણ પશુ અને વીતરાગની સ્તુતિ ક્યાં ! બંને વચ્ચે

આભ-ગાભનું અંતર છે. આથી હું મોટી અટવીને બે પગ વડે ઓળંગવાની ઈચ્છાવાળા લંગડા માણસની જેમ તારી સ્તુતિ કરવાને અસમર્થ છું. આગળ કહે છે કે,

**तथापि श्रद्धामुग्धोऽहं नोपालभ्यः स्खलन्नपि,**

**विशृङ्खलापि वाग्वृत्तिः श्रद्दानस्य शोभते ॥** (વીત.સ્તો. પ્ર.૧-૮)

**અર્થ :** 'તો પણ શ્રદ્ધાથી મુગ્ધ બનેલો હું સ્ખલના પામવા છતાં ઠપકાને યોગ્ય નથી. નિઃસ્વાર્થ-શ્રદ્ધાવાન્, ભક્તિવંત પુરુષોની જેવી તેવી અસંબદ્ધ પણ વચન-રચના શોભી ઉઠે છે.

પ્રસ્તુતમાં દ્રષ્ટાંત આપતાં કહે છે કે, જેમ ચૈત્ર-માસમાં, વસંતઋતુમાં આંબાની મંજરીના / મોરના (ફુલના) સ્વાદ અને સુગંધથી આકર્ષાયેલી કોયલ આનંદિત થવાથી સહજ રીતે મધુર ટહુકાર કરે છે, તેમ, હે પ્રભુ ! હું પણ અલ્પશ્રુતવાળો છતાં તારા પ્રત્યેની શ્રદ્ધાથી-ભકિતથી ખેંચાઈને જ તારી સ્તુતિ કરવા પ્રેરાઉં છું, વાચાળ બનું છું અને તે રીતે હું અલ્પગ્રંથોના બોધવાળો પણ સ્તોત્રને કરતો છતો કુશળ લોકોની પંક્તિમાં પ્રશંસાપાત્ર થઈશ એમ કવિએ પોતાની પ્રવૃત્તિને વ્યાજબી પણ ગણાવી છે, એમ જાણવું. (૬)

**સમાસ વિચાર :** **(१) अल्पं श्रुतं (श्रुतज्ञानं) यस्य स अल्पश्रुतः । तं तथा ।** (બ.વ્રી) **(२) परिहासस्य धाम इति परिहासधाम ।** (ષ.ત.પુ.) (**धामन्** શબ્દ અજહદ્ લિંગવાળો શબ્દ છે. આથી તેના નપુંસક-લિંગનું પુલ્લિંગ રૂપે પરિવર્તન થતું નથી.) **(३) तव भक्तिः इति त्वद्भक्तिः ।** (ષ.ત.પુ.) **(४) अमुखरं मुखरं कुरुते इति मुखरीकुरुते ।** અહીં તદ્ધિત **च्वि** પ્રત્યય થયો છે. **(५) चारुश्चासौ चूतश्च इति चारुचूतः** (ક.ધા) **तस्य कलिका इति चारुचूत-कलिका ।** (ષ.ત.પુ.) **तस्याः निकरः इति चारुचूतकलिकानिकरः ।** (ષ.ત.પુ.) **एकश्चासौ हेतुश्च इति एकहेतुः ।** (ક.ધા.) **चारुचूतकलिकानिकर एव एकहेतुः इति चारुचूतकलिकानिकरैकहेतुः ।** (ક.ધા.) (૬)

**ઉપક્રમ :** હવે સ્તોત્રની રચનાથી જે ગુણ (લાભ) થાય છે, તે જણાવે છે -

**त्वत्संस्तवेन भवसन्ततिसन्निबद्धं**
**पापं क्षणात्क्षयमुपैति शरीरभाजाम् ।**
**आक्रान्तलोकमलिनीलमशेषमाशु**
**सूर्यांशुभिन्नमिव शार्वरमन्धकारम् ॥ ७ ॥**

**અન્વય + શબ્દાર્થ :** **त्वत्संस्तवेन** (તમારા સંસ્તવથી, ગુણોની પ્રશંસા કરવાથી) **शरीरभाजां** (દેહને ધારણ કરનારાઓના=જીવોના) **भवसंतति सन्निबद्धं** (ભવની=જન્મ-જરા-મરણની પરંપરા વડે બાંધેલું) **पापं** (પાપ), **आक्रान्तलोकं** (લોકમાં=વિશ્વમાં વ્યાપનાર) **अलिनीलं** (ભમરા જેવા શ્યામ-કાળા) **सूर्यांशुभिन्नं** (સૂર્યના કિરણોથી ભેદાયેલ, વિખરાયેલ) **शार्वरं** (રાત્રિ સંબંધી) **अशेषं** (સમસ્ત, સંપૂર્ણ) **अन्धकारं इव** (અંધકારની જેમ) **क्षणात्** (ક્ષણવારમાં, ઘડીના છટ્ઠા ભાગમાં) **आशु** (શીઘ્ર) **क्षयं उपैति** (નાશ પામે છે)

**સરલાર્થ :** (હે સર્વ પાપાપહર જિનેશ્વર !) તમારા સંસ્તવથી અર્થાત્ ગુણોની પ્રશંસાથી જીવોના (જન્મ-જરા-મરણ રૂપ) ભવની પરંપરા વડે બાંધેલા પાપો, આખા વિશ્વમાં વ્યાપેલા, ભમરા જેવા કાળા અને સૂર્યના કિરણો વડે નાશ પામેલા-વિખરાયેલા રાત્રિના સમસ્ત અંધકારની જેમ, શીઘ્ર-ક્ષણવારમાં (ઘડીના છઠ્ઠા ભાગમાં) ક્ષય પામે છે. (૭)

**વિશેષાર્થ :** આ પદ્યમાં સ્તોત્રકાર સ્તોત્રની રચનાથી થતાં લાભને જણાવે છે. અહીં 'તમારા સ્તવનથી' એમ કહેવા દ્વારા પ્રભુને ઉદ્દેશીને નિવેદન કરાતું જણાય છે. આથી અહીં હે પ્રભુ ! હે જિનેશ્વર ! હે પરમાત્મન્ ! એવું કોઈપણ સંબોધન-સૂચક પદ અધ્યાહાર્ય-શેષ હોવાથી તેનું ગ્રહણ કરવું ઉચિત છે. કારણ કે, એ રીતે જ અર્થ પરિપૂર્ણ થાય છે. આ પ્રમાણે આગળના શ્લોકોમાં પણ સમજી લેવું. તેમજ જે બીજા **'सर्वपापहरं'** વગેરે સંબોધનો કહ્યા છે, તે શ્લોકના અર્થને અનુસરીને-અર્થની પુષ્ટિ માટે બંધબેસતા હોવાથી (પ્રાયઃ ટીકાના આધારે) કહેલાં છે તેથી દોષરૂપ ન સમજવા. આ પ્રમાણે સર્વત્ર સમજી લેવું.



ભવ=એટલે જન્મ, જરા, મરણ. તેની પરંપરાથી બાંધેલું પાપ એટલે આઠેય પ્રકારનું કર્મ, વિશેષથી મોહનીય કર્મ...અહીં **अन्धकारम्** રૂપમાં 'અંધકાર' શબ્દ પુલ્લિંગ અને નપુસંકલિંગ પણ છે. આથી અહીં પ્રથમા એકવચન 'કર્તા' રૂપ પ્રયોગ સમજવો. હે પ્રભુ ! તમારી સ્તવનાથી અશુભ કર્મોના ઉદય આદિ હેતુથી ક્રોડો ભવમાં ઉપાર્જેલા પાપોનો નાશ થાય છે. ક્ષણમાં એટલે ઘડીના છઠ્ઠા ભાગમાં. કારણકે, છ ક્ષણો વડે એક ઘડી થાય છે. (**क्षणैः षड्भिश्च नाडिका** એવા અભિધાન ચિંતામણી કોષના વચનથી) તથા **'शर्वरी'** એટલે રાત્રિ અને તેના સંબંધી હોય તે **'शार्वर'** કહેવાય. અહીં કૃષ્ણપક્ષ સંબંધી રાત્રિનો ગાઢ અંધકાર અર્થ સમજવો.

**अशेषम्** પદને ક્રિયાવિશેષણ બનાવી **अशेषं क्षयमुपैति** એમ પણ કહી શકાય છે. ત્યારે 'આપના સ્તવથી પાપો અશેષ રૂપે-સમસ્ત રૂપે નાશ પામે છે' એમ અર્થ કરવો. ભગવાનના સ્વરૂપના ધ્યાનથી જીવોને સમતા=પ્રશમ-ભાવની પ્રાપ્તિ થાય છે. (કારણ કે ભગવાન પરમ-સમભાવમાં સ્થિર છે.) અને પ્રશમથી પાપ રાશિનો નાશ થાય છે. કહ્યું છે કે...

**प्रणिहन्ति क्षणार्धेन, साम्यमालम्ब्य कर्म तत् ।**
**यन्न हन्यान्नरस्तीव्र-तपसा जन्मकोटिभिः ॥ १ ॥**

**અર્થ :** સામ્ય = પ્રશમનું આલંબન કરીને જીવ તેટલાં કર્મનો નાશ કરે છે, કે જે ક્રોડો જન્મોના તીવ્ર તપ વડે પણ હણી ન શકે. (પ્રશમ વિના એમ સમજવું.)

અહીં કવિ ઉપમા વડે પાપ-નાશને જણાવે છે. જેમ સૂર્યપ્રકાશ કૃષ્ણ-પક્ષના ગાઢ અંધકારનો પણ શીઘ્ર ક્ષણવારમાં નાશ કરે છે, તેમ જિનેશ્વર પ્રભુનું સ્તોત્ર પણ અનેક ભવ વડે સંચિત પાપનો નાશ કરનારું છે, એમ અર્થ છે. **पापं** એમ એકવચન છે તે શબ્દમાં જાતિ-અર્થમાં છે. તેથી પાપની જાતિ-પાપનો સમૂહ-ઘણા પાપોનો નાશ સમજવાનો છે. સ્તુતિ એ સૂર્યપ્રકાશના સ્થાને છે અને પાપનાશ એ અંધકારનાશના સ્થાને છે. જેમ અંધકારના નાશનું કારણ સૂર્ય છે તેમ પાપના ક્ષયનું કારણ જિનેશ્વરનું સ્તવન છે. અહીં આ વાત સિદ્ધાંતમાં પણ કહેલી છે. કારણ કે, અરિહંતની પ્રશંસા-સ્તુતિ (વર્ણ સંજ્વલન) એ ભાવ સ્તવ હોવાથી શ્રી ભગવતી સૂત્ર વગેરે આગમમાં પણ મહાન ફળવાળું કહેલું છે. તેમજ **"पूजा कोटिसमं स्तोत्रम्"** એમ લૌકિક શાસ્ત્રોમાં પણ આ વાત સિદ્ધ થયેલી છે. આમ વિચારીને આમાં યથાશક્તિ

પ્રવૃત્તિ કરવી જોઈએ એવો કવિનો આશય છે એમ **ઉપા.શ્રી મેઘવિજયજી** મ.સા.ની ટીકામાં કહેલું છે. અંધકારના જે વિશેષણો છે તેને પાપો સાથે પણ યથાયોગ્ય રીતે જોડવા. (૭)

**કથા પ્રસંગ :** આ સ્તુતિના પ્રભાવ વિષે **સુધન** શ્રેષ્ઠિની કથા છે.

**સમાસવિચાર :** (१) **तव संस्तवः इति त्वत्संस्तवः । तेन तथा ।** (ષ.ત.પુ.) (२) **भवानां सन्ततिः इति भवसन्ततिः ।** (ષ.ત.પુ.) **भवसन्तत्या सन्निबद्धं इति भवसन्ततिसन्निबद्धम् ।** (તૃ.ત.પુ.) (३) **शरीरं भजन्ति इति शरीर भाजः । तेषां तथा ।** (ઉપપદ ત.પુ.) **भजो विण्** (સિ. હે. ૫-૧-૧૪૬) સૂત્રથી **विण्** પ્રત્યય થયો છે. અને **ङस्युक्तं कृता** (સિ. હે. ૩-૧-૪૯) સૂત્રથી સમાસ થયો છે. આ પ્રમાણે અન્યત્ર પણ સમજવું. (४) **आक्रान्तः लोकः येन तत् आक्रान्तलोकम् ।** (તૃ.બ.વ્રી) (५) **अलिः (भ्रमर) तद्वत् नीलं इति अलिनीलम् ।** (ઉપમાન પૂ.પ.ક.ધા) (६) **न विद्यते शेषः यत्र तत् अशेषम् ।** (नञ्-બહુવ્રીહિ) (७) **सूर्यस्य अंशवः इति सूर्यांशवः ।** (ષ.ત.પુ.) **तैः भिन्नं इति सूर्यांशुभिन्नम् ।** (તૃ.ત.પુ.) **शर्वरी-रात्रिः । तस्यां भवम् इति शार्वरम् । तत्र कृतलब्धक्रीतसंभूते** (સિ. હે. ૬-૩-૯૪) થી તદ્ધિત **अण्** **प्रत्यय** (૭)

સુભાષિત

**जाड्यं धियो हरति सिञ्चति वाचि सत्यं**
**मानोन्नतिं दिशति पापमपाकरोति ।**
**चेतः प्रसादयति दिक्षु तनोति कीर्तिं,**
**सत्सङ्गतिः कथय किं न करोति पुंसाम् ॥ १ ॥**

**અર્થ : સત્પુરુષની સંગતિ...**
૧. બુદ્ધિની જડતાને દૂર કરે છે. ૨. વાણીમાં સત્યનું સિંચન કરે છે. ૩. સ્વમાનપૂર્વક ઉન્નતિનો માર્ગ બતાવે છે. ૪. પાપોને રવાના કરે છે. ૫. ચિત્તને પ્રસન્ન કરે છે. ૬. ચારેય દિશામાં યશ ફેલાવે છે.

**ખરેખર ! સત્સંગ જીવો ઉપર શું શું ઉપકાર નથી કરતા ? એ જ સવાલ છે. (૧)**

**ઉપક્રમ :** સ્તોત્રનો આરંભ સંગત છે એ વાતને દ્રઢ કરતાં કહે છે -

**मत्वेति नाथ ! तव संस्तवनं मयेद-**
**मारभ्यते तनुधियाऽपि तव प्रभावात् ।**
**चेतो हरिष्यति सतां नलिनीदलेषु**
**मुक्ताफलद्युतिमुपैति ननूदबिन्दुः ॥ ८ ॥**

**અન્વય + શબ્દાર્થ :** (પૂર્વે કહ્યું તેમ તમારું સ્તોત્ર દુષ્કર છે, છતાં અનેક જન્મોના પાપોનો ક્ષણવારમાં નાશ કરનારું છે,) **इति मत्वा** (એ પ્રમાણે માનીને-વિચારીને) **हे नाथ!** (હે નાથ !) **तनुधियापि मया** (અલ્પ મતિવાળા પણ મારા વડે) **तव इदं संस्तवनं** (તમારું આ સ્તવન-સ્તુતિ) **आरभ्यते** (આરંભ કરાય છે) तव प्रभावात् (આપના પ્રભાવથી) **सतां चेतः हरिष्यति** (સજ્જનોના ચિત્તને-મનને આનંદિત કરશે, ચમત્કૃત કરશે) **ननु** (નિશ્ચે) **नलिनीदलेषु** (કમળના પત્ર ઉપર) **उदबिन्दुः** (જળનું બિંદુ) **मुक्ताफलद्युतिं उपैति ।** (મોતીના જેવી કાંતિને પામે છે.)

**સરલાર્થ :** (આપની સ્તુતિ દુષ્કર છે, છતાં અનેક ભવોની પરંપરાના પાપોનો શીઘ્ર નાશ કરનારી છે) એમ માનીને હે નાથ ! અલ્પમતિવાળા પણ મારા વડે આપના આ સ્તોત્રનો આરંભ કરાય છે. આપના પ્રભાવથી તે સજ્જનોના મનને આકર્ષિત કરશે, આનંદિત કરશે, કારણકે, નિશ્ચે કમળના પત્રો ઉપર રહેલ જળનું બિંદુ પણ મોતીના જેવી કાંતિને (શોભાને) પામે છે. (૮)

**વિશેષાર્થ :** પૂર્વની સ્તુતિમાં કહ્યું છે કે, તમારું સ્તવન કરવું દુષ્કર છે અને તેમ છતાં પણ જેવું તેવું પણ ભક્તિના-અનુરાગના કારણે કરેલું સ્તવન અલ્પકાળમાં કરોડો ભવની પરંપરા વડે સંચિત કરેલાં પાપોનો નાશ કરે છે. આમ આવું મહિમાવંત છે. એમ માનીને મંદબુદ્ધિવાળો હોવા છતાંય તમારા સ્તવનનો આરંભ કરું છું. અને તે સ્તવન આપના પ્રભાવથી આપ તેમાં મુખ્ય-સ્તુતિના વિષયભૂત હોવાથી સજ્જનોના ચિત્તને હરશે, આનંદિત કરશે, તેમાં શંકા નથી. કારણકે, જળનું બિંદુ પણ સ્વચ્છ, સુંદર કમળપત્રો ઉપર રહ્યું હોય તો મોતીના જેવી પ્રભાવાળું બને છે. અર્થાત્ ચમકદાર બનીને શોભી



ઉઠે છે. તેમ આ સ્તોત્ર પણ અચિંત્ય શક્તિ-પ્રભાવ-મહિમાવાળા આપના પ્રભાવથી વિદ્વાનોના ચિત્તને આનંદ આપનારું બનશે. એમાં સંદેહ નથી. કારણ કે સજ્જનો-સંતો જ બીજાઓના ગુણનું ગ્રહણ કરવામાં લંપટ હોય છે, લાલચુ હોય છે. કહ્યું છે કે -

**मनसि वचसि काये पुण्यपीयूषपूर्णा-**
**स्त्रिभुवनमुपकारश्रेणिभिः प्रीणयन्तः ।**
**परगुणपरमाणून् पर्वतीकृत्य नित्यं**
**निजहृदि विकसन्तः सन्ति सन्तः कियन्तः ?**

**અર્થ :** મન, વચન અને કાયામાં પવિત્રતારૂપી અમૃતથી ભરેલાં, ઉપકારોની શ્રેણિઓ / પરંપરા વડે ત્રણ જગતને આનંદિત કરતા અને બીજાઓના ગુણ-રૂપી પરમાણુઓને હંમેશા પર્વત જેવા કરીને પોતાના હૃદયમાં વિકસિત કરનારા સંતો-સજ્જનો કેટલાં છે ? અર્થાત્ ઘણા અલ્પ હોય છે. (૧)

આ રીતે સજ્જનો હંમેશા ગુણગ્રાહી હોય છે, દુર્જનો નહીં.

આમ સ્તુતિકારશ્રી સ્તુતિની રચનાની દ્રઢ મનોભૂમિકામાં આવે છે.

અહીં 'તમારા પ્રભાવથી આ સ્તવન સજ્જનોના મનને હરનારું થશે.' એમ કહેવાથી આ સ્તવનની સમાપ્તિ થાય ત્યાં સુધી કર્તાના, સાંભળનારના અને ભણનારના શ્રેયનું / કલ્યાણનું સૂચન કરેલું છે અને નિર્વિઘ્નતા થવાનું કથન કરેલું છે. કહ્યું છે કે, 'મહાપુરૂષોને પણ કલ્યાણકારી કાર્યો ઘણા વિઘ્નો-વાળા હોય છે. અને અશ્રેયસ્કર કાર્ય કરનાઓના તો વિઘ્નો ક્યાંય નાસી જાય છે. (૮) ❁

**સમાસવિચાર :** (१) **तनुः धीः यस्य स तनुधीः ।** (બ.વ્રી) **तेन तथा ।** (२) **नलिन्याः दलानि इति नलिनीदलानि । तेषु तथा ।** (ષ.ત.પુ.) (३) **मुक्ता एव फलं मुक्ताफलम् ।** (ક.ધા.) **तस्य द्युतिः इति मुक्ताफलद्युतिः ।** (ષ.ત.પુ.) **तां तथा ।** (४) **उदकस्य बिन्दुः इति उदबिन्दुः** (ષ.ત.પુ.) **मन्थौदन-सक्तुबिन्दु.** સિ.હે. ૩-૨-૧૦૬) સૂત્રથી **उदक** નો **उद** આદેશ થયો છે. (૮)

● ● ●

---

❁ श्रेयांसि बहुविघ्नानि, भवन्ति महतामपि ।
अश्रेयसि प्रवृत्तानां, क्वापि यान्ति विनायकाः ॥ १ ॥



**ઉપક્રમ :** સ્તવના તો દૂર રહો, આપની કથા પણ સર્વ પાપનો નાશ કરનારી છે, એમ સ્તોત્રનો અતિશય મહિમા જણાવે છે -

**आस्तां तव स्तवनमस्तसमस्तदोषं**
**त्वत्संकथापि जगतां दुरितानि हन्ति ।**
**दूरे सहस्रकिरणः कुरुते प्रभैव,**
**पद्माकरेषु जलजानि विकासभाञ्जि ॥ ९ ॥**

**અન્વય + શબ્દાર્થ : अस्तसमस्तदोषं** (નાશ કરેલ છે સમસ્ત દોષો જેણે એવું) **तव स्तवनं** (તમારું સ્તવન) **दूरे आस्ताम्** (દૂર રહો) **त्वत्संकथा अपि** (તમારી કથા-પૂર્વભવ સંબંધી વાતો પણ) **जगतां** (જગતનાં-જગતમાં રહેતા જીવોના) **दुरितानि हन्ति** (પાપોનો નાશ કરે છે) **सहस्रकिरणः दूरे (आस्ताम्)** (સૂર્ય તો દૂર રહો) **(तस्य) प्रभा एव** (તેની પ્રભા જ, અરૂણોદયનો પ્રકાશ જ) **पद्माकरेषु** (સરોવરમાં) **जलजानि** (કળીરૂપે રહેલાં કમળોને) **विकासभाञ्जि** (વિકસિત) **कुरुते** (કરે છે.)

**સરલાર્થ :** (હે અઢાર દોષ રહિત પ્રભુ !) સર્વ દોષોનો નાશ કરનારું તમારું સ્તવન તો દૂર રહો, તમારી (આ ભવ-પૂર્વભવ વગેરે સંબંધી) કથા પણ જગતના જીવોના પાપનો નાશ કરે છે. સૂર્ય (તો) દૂર રહો, (અરૂણોદય વખતની) તેની પ્રભા પણ સરોવરમાં (બિડાયેલાં, કળી રૂપે રહેલા) કમળોને વિકસિત કરે છે, ખિલવે છે. (૯)

**વિશેષાર્થ :** આ સ્તોત્રમાં અઢાર દોષરહિત પરમાત્માનો પૂર્વ પદ્ય કરતાં પણ અધિક મહિમા જણાવ્યો છે. પૂર્વે પ્રભુના સ્તવનને/સ્તોત્રને સર્વ દોષનો નાશ કરનારું કહેલ. આ શ્લોકમાં શ્રી જિનેશ્વરની કથા પણ અર્થાત્ આભવ-પૂર્વ-ભવ વગેરે સંબંધી વાતો પણ અથવા સામાન્યથી પરમાત્મા સંબંધી વાતો પણ જગતના એટલેકે જગતના જીવોના પાપોનો નાશ કરે છે. **वंदित्तु-સૂત્રમાં** કહ્યું છે કે,

**चिरसंचियपावप्पणासणीइ, भवसयसहस्समहणीए ।**
**चउवीसजिणविणिग्गय–कहाइ वोलंतु मे दिअहा ॥ ४६ ॥**

**અર્થ :** 'ચિરકાળથી સંચિત કરેલાં પાપોનો નાશ કરનારી, તથા લાખ્ખો

ભવોનો / જન્મોનો નાશ કરનારી, ચોવીશ જિનવરોના મુખમાંથી નીકળેલી કથાઓ વડે મારા દિવસો પસાર થાઓ' (આ પ્રમાણે શ્રાવકો પ્રતિક્રમણ માટે પાપોની આલોચના કર્યા બાદ ભાવના ભાવે છે.) આમ જિનેશ્વરે કહેલી કથાઓ પણ ખૂબ મહિમાવંત હોય છે તો જિનેશ્વરની પોતાના સંબંધી કથા તો અવશ્ય જીવોના સર્વ પાપોનો નાશ કરી શકે છે.

મૂળ અર્થને દ્રષ્ટાંત વડે દ્રઢ કરે છે. સૂર્યોદયની પહેલાં થનારી પ્રભાત સમયની પ્રભા (અરુણોદય) પણ કમળોનો વિકાસ કરે છે, તો પછી સૂર્યોદય કમળોનો વિકાસ કરે તેમાં શું કહેવાનું ? એ તો વિકાસ કરે જ. આ જ પ્રમાણે જ્યારે ભગવાનની કથા પણ પાપનો નાશ કરનારી છે, તો પછી ભગવાનનું સ્તવન-સ્તોત્ર દુરિતનું નિવારણ કરે તેમાં શું કહેવાનું ? અર્થાત્ એ તો કરે જ, એમ ભાવ છે. (૯)

**કથા-પ્રસંગ :** (૪) ૮માં અને ૯માં સ્તોત્રના પ્રભાવ વિષે **કેશવ શ્રાવક**ની કથા છે.

**સમાસવિચાર : (१) समस्ताश्च ते दोषाश्च इति समस्तदोषाः ।** (ક.ધા.) **अस्ताः समस्तदोषाः येन तद् अस्तसमस्तदोषम् ।** (તૃ.બ.વ્રી.) **(२) तव संकथा इति त्वत्संकथा ।** (ષ.ત.પુ.) **(३) सहस्रं किरणाः यस्य स सहस्रकिरणः ।** (ષ.બ.વ્રી.) **(४) पद्मानां आकराः इति पद्माकराः, तेषु तथा ।** (ષ.ત.પુ.) **(५) जले जातानि इति जलजानि । तानि तथा ।** (ઉપપદ ત.પુ.) અહીં **सप्तम्याः** (સિ.હે.૫-૧-૧૬૮) સૂત્રથી **जन्** ધાતુથી **ड** પ્રત્યય થયો છે. **(६) विकासं भजन्ति इति विकासभाञ्जि । तानि तथा ।** (ઉપપદ.ત.પુ.) (૯)

## सुभाषित

**देवेषु वीतरागाद्, देवो व्रतिषु व्रती य निर्ग्रंन्थात् ।**
**धर्मश्च क्षान्तिकृपा-धर्मादस्त्युत्तमो नान्यः ॥ १ ॥**

**અર્થ :** દેવોમાં વીતરાગ પ્રભુથી ઉત્તમ અન્ય કોઈ દેવ નથી. વ્રતીઓમાં (મુનિઓમાં) નિર્ગ્રંથ સાધુથી અન્ય કોઈ ઉત્તમ વ્રતી નથી અને ક્ષમા અને કૃપા (કરુણા) ધર્મથી બીજો કોઈ ઉત્તમ ધર્મ નથી.

**ઉપક્રમ :** જિનેશ્વરની સ્તુતિ કરવાનું ફળ કહે છે -

**नात्यद्भुतं भुवनभूषण! भूतनाथ!**
**भूतैर्गुणैर्भुवि भवन्तमभिष्टुवन्तः ।**
**तुल्या भवन्ति भवतो ननु तेन किं वा ?**
**भूत्याश्रितं य इह नात्मसमं करोति ? ॥ १० ॥**

**અન્વય + શબ્દાર્થ : हे भुवनभूषण! भूतनाथ!** (હે જગતના આભૂષણ સમાન ! પ્રાણીઓના નાથ !) **भूतैः गुणैः** (સદ્ભૂત=વાસ્તવિક=સાચા ગુણો વડે) **भुवि** (દુનિયામાં) **भवन्तं अभिष्टुवन्तः (जनाः)** (આપની સ્તુતિ કરનારા મનુષ્યો) **भवतः तुल्याः भवन्ति (इत्येतद्)** (આપની સમાન થાય છે, તે) **अत्यद्भुतं न (भवति)** (ઘણા આશ્ચર્યરૂપ નથી) **वा** (અથવા) **ननु** (નિશ્ચિતરૂપે) **तेन (स्वामिना) किम् ?** (તે સ્વામી/માલિક વડે શું પ્રયોજન ? અર્થાત્ કાંઈ પ્રયોજન નથી) **यः** (જે સ્વામી) **इह** (આ લોકમાં) **आश्रितं** (આશ્રય કરીને રહેલાંને, સેવકને) **भूत्या** (સમૃદ્ધિ/વૈભવ વડે) **आत्मसमं** (પોતાની સમાન) **न करोति ।** (કરતો નથી.)

**સરલાર્થ :** હે વિશ્વના ભૂષણ સમાન ! પ્રાણીઓના નાથ ! સદ્ભુત ગુણો વડે જગતમાં જે મનુષ્યો આપની સ્તુતિ કરે છે, તેઓ આપની સમાન (ગુણવાળા) થાય છે, તે ઘણું આશ્ચર્યરૂપ નથી. (આ જ વાતને વ્યતિરેકથી, ઉલટી રીતે જણાવે છે) અથવા નિશ્ચિતરૂપે તે માલિકનું શું કામ ? શું પ્રયોજન ? અર્થાત્ તેઓનું કોઈ પ્રયોજન નથી. જેઓ આ લોકમાં પોતાનો આશ્રય કરીને રહેલાં સેવકને વૈભવ વડે પોતાની સમાન કરતાં નથી. (૧૦)

**વિશેષાર્થ :** જગતમાં ઘણા દર્શનો-ધર્મો-સાધનામાર્ગો છે. છતાં તેઓમાં ફક્ત એક જ જૈનદર્શન એવું માને છે કે, ભગવાન પોતાના સાચા ભક્તને, પોતાને સંપૂર્ણપણે જીવન સમર્પિત કરનારને પોતાના જેવા જ અનંત જ્ઞાન-દર્શન-ચારિત્ર-તપ-વીર્યાદિ ગુણમય અક્ષય-અજર-અમર બનાવે છે. આ માટે જ **'બર્નાડ શો'** એ પણ પછીના ભવમાં જૈન તરીકે જન્મ લેવાની પોતાની ભાવના વ્યક્ત કરી હતી. બીજા દર્શનો તો એમ માને છે કે, ભગવાનની પદવી બીજો કોઈ જીવ ક્યારેય પણ લઈ શકતો નથી. ભગવાન જ ભગવાન



હોઈ શકે. ભક્ત ક્યારેય ભગવાનની સમાન પદવી પ્રાપ્ત કરી શકતો નથી. ભગવાન ભગવાન રહે, ભક્ત ભક્ત રહે. જ્યારે અહીં તો હે ત્રણ ભુવનના આભૂષણ સમાન નાથ ! આપ તો સાચા, વાસ્તવિક ગુણો વડે આપની સ્તુતિ કરનારા, આપને સમર્પિત થનારા, આપની આજ્ઞા પ્રમાણે ચાલનારા જીવોને આપના જેવા જ શુદ્ધ-બુદ્ધ-અનંત-અક્ષત-ગુણસ્વરૂપ બનાવી દો છો. જો કે સ્તવનના મહિમાથી સ્તુતિ કરનાર તમારા સ્વરૂપ થાય છે. આમાં ઘણું આશ્ચર્ય થતું નથી. આ દુનિયામાં પણ કેટલાંક ઔદાર્યવંત કરુણાવંત શ્રેષ્ઠીઓ જોવા મળે છે કે જેઓ પોતાના આશ્રયે રહેલાં વફાદાર સેવકોને સમૃદ્ધિ-વૈભવ વડે પોતાની સરખા બનાવી દે છે. અમારે તો તેઓનું જ કામ છે, પ્રયોજન છે. પણ જેઓ કૃપણતાદિ દોષને પરવશ થવાથી આશ્રિત જનને પોતાની સમાન વૈભવવાળા બનાવતાં નથી તેઓનું અમારે શું કામ છે ?

અહીં **'નાથ'** શબ્દ વાપર્યો છે. 'નાથ' એટલે યોગ અને ક્ષેમ કરનારા. જેઓ આશ્રિત જીવોના અપ્રાપ્ત ગુણોની પ્રાપ્તિ કરાવે અને પ્રાપ્ત ગુણોનું રક્ષણ કરે તે નાથ કહેવાય. પ્રજાપાલક નાથ જેવા નાથ કહેવાય. આમ યોગ-ક્ષેમ કરતાં પરમાત્મા સર્વથા આશ્રિત જીવોને અંતે પોતાની સમાન બનાવે છે. સર્વથા પોતાને આશ્રિત જીવો તો મન,વચન, કાયાથી પોતાની આજ્ઞાઓનું અણિશુદ્ધ પાલન કરવામાં તત્પર શુદ્ધ રત્નત્રયીના ધારક ભાવ શ્રમણો જ હોઈ શકે ને ?

અહીં **ઉપા. શ્રી મેઘવિજયજી મ.સા.** એ **हे भुवनभूषण ! भूतनाथ !** (પ્રાણીઓના નાથ) એમ પદ-વિભાગ કરેલ છે. તે રીતે અન્વય કરવામાં પણ દોષ નથી, ત્યારે "હે ભુવનના / જગતના આભૂષણ ! ભૂતોના = પ્રાણીઓના નાથ ! પ્રભુ !" એમ સંબોધન સમજવું. અહીં તે પ્રમાણે અન્વય સ્વીકારેલો છે. અન્યવૃત્તિમાં હે ભુવનભૂષણભૂત = જગતના આભૂષણ સમાન નાથ ! એમ પણ અન્વય કરેલો છે. બન્ને ય રીતે અર્થસંગત છે. અહીં વૃત્તિકાર ભગવંતો લખે છે કે, હું પણ આપની સ્તુતિ કરતો છતો ('સવિ જીવ કરું શાસન રસી' આ ભાવનાથી ઓળઘોળ બનીને) આપની તુલ્ય તીર્થંકર નામકર્મનું ઉપાર્જન કરનારો બનીશ એમ કવિવર શ્રી માનતુંગસૂરિજીનો આશય છે. જેટલાં અંશમાં એકાકાર બનીને અધિક સદ્ભૂત ગુણો વડે સ્તવના કરાય તેટલાં અંશમાં તે સ્તુતિ કરનારા જીવોને પરમાત્મા અવશ્ય પોતાની તુલ્ય બનાવે જ છે, એમ ભાવ છે.

વસ્તુતઃ પરમાત્મભાવ જીવમાત્રનો સ્વભાવ હોવાથી દરેક જીવમાં નિહિત છે. મોરના ઈંડામાં મોરની જેમ અવ્યક્તરૂપે રહેલો છે. ફક્ત તે પરમાત્મભાવ તિરોહિત છે. (જ્ઞાનાવરણાદિ આઠ કર્મોથી આવરિત છે, ઢંકાયેલો છે) સદ્ભૂત ગુણો વડે જિનેશ્વરની ભાવવિભોર બનીને કરાતી સ્તુતિ આદિ દ્વારા આવરણ દૂર થવાથી ગુણોનું પ્રાગટ્ય થાય છે. બેશક, આ માટે પ્રતિબંધક-અવરોધરૂપ બનતા રાગ-દ્વેષાદિ દોષોરૂપ પરભાવોનો સંપૂર્ણ સર્વથા નાશની ભાવના-સાધના કરવી જ રહી. પ્રભુની શરણાગતિમાં એ તાકાત પડેલી છે. આ રીતે ત્રણ લોકના નાથ પરમાત્મા પોતાના ભક્તને પણ પોતાની તુલ્ય આંતરિક ગુણવાળા બનાવે છે, એ નિઃસંદેહ વાત છે, માટે એ આશ્ચર્યરૂપ નથી એમ ભાવ છે. (૧૦)

**કથા-પ્રસંગ :** અહીં ભગવાન ઋષભદેવના પૌત્ર (કચ્છ - મહાકચ્છના પુત્ર) **નમિ-વિનમિ**ની કથા જાણવી.

**સમાસવિચાર :** (१) अति = अत्यन्तं अतिक्रान्तं वा अद्भुतं इति अत्यद्-भुतम् । (अतिरतिक्रमे च (સિ.હે.૩-૧-૪૫) સૂત્રથી તત્પુરુષ સમાસ) (२) भुवनस्य भूषणं इति भुवनभूषणम् । भुवनभूषणमिव इति भुवनभूषणभूतः तस्य सम्बोधनं- हे भुवनभूषणभूत ! અથવા भुवनानां भूषणं इति भुवन-भूषणम् । तत्सम्बोधनं- हे भुवनभूषण ! तथा भूतानां नाथः इति भूतनाथः । तत्संबोधनं-हे भूतनाथ ! (३) आत्मनः समः इति आत्मसमः । तं तथा । (१०)

● ● ●

**सुभाषित**

न ह्येके व्यसनोद्रेकेऽप्याद्रियन्ते विपर्ययम् ।
जहाति दह्यमानोऽपि धनसारो न सौरभम् ॥ १ ॥

**અર્થ :** કેટલાંક (સત્ત્વશાળી) પુરુષો ઘણું સંકટ આવે તો પણ ઉલટું આચરણ કરતાં નથી. જેમ ધનસારને બાળવામાં આવે તો પણ તે સુગંધ આપવાનું છોડતો નથી.

**ઉપક્રમ :** જિનેશ્વરના દર્શનનું ફળ કહે છે - અથવા હે પ્રભો ! સ્તવન તો દૂર રહો, આપનું દર્શન પણ આહ્લાદક છે, એમ જણાવે છે -

**दृष्ट्वा भवन्तमनिमेषविलोकनीयं**
**नान्यत्र तोषमुपयाति जनस्य चक्षुः ।**
**पीत्वा पयः शशिकरद्युतिदुग्धसिन्धोः**
**क्षारं जलं जलनिधेरसितुं* क इच्छेत् ॥ ११ ॥**

**અન્વય + શબ્દાર્થ :** (હે પ્રશમ પયોનિધિ ! પ્રભુ ! ) **अनिमेषविलोकनीयं** (અનિમેષ નયને-અપલક નજરે દર્શનીય એવા) **भवन्तं दृष्ट्वा** (આપને નિહાળીને) **जनस्य चक्षुः** (મનુષ્યોના નેત્રો) **अन्यत्र** (અન્ય ઠેકાણે) तोषं (સંતોષને, તૃપ્તિને) **न उपयाति** (પામતાં નથી) **दुग्धसिन्धोः** (ક્ષીરસમુદ્રના) **शशिकरद्युति** (ચંદ્રના કિરણો જેવી કાંતિવાળા) **पयः** (પાણીને) **पीत्वा** (પીને) **जलनिधेः** (સમુદ્રના) **क्षारं जलं** (ખારા પાણીને) **रसितुं** (આસ્વાદ કરવાને, ચાખવાને) **कः** (કોણ) **इच्छेत्** ? (ઈચ્છે ?)

**સરલાર્થ :** (હે પ્રશાંતમૂર્તિ પ્રભુ!) અનિમેષ નયનો વડે દર્શન કરવા યોગ્ય આપને નિહાળીને મનુષ્યોના નેત્રો અન્ય ઠેકાણે તૃપ્તિ પામતાં નથી. ચન્દ્રના કિરણો જેવી કાંતિવાળા ક્ષીરસમુદ્રના જળનું પાન કરીને સમુદ્રના ખારા જળનો આસ્વાદ કરવાની કોણ ઈચ્છા કરે ? અર્થાત્ કોઈ ન ઈચ્છે. (૧૧)

**વિશેષાર્થ :** આ શ્લોકમાં ભગવાનના દર્શનનું મહત્વ બતાવ્યું છે. રાગ-દ્વેષ-અહંકાર આદિ વિકારરહિત પરમાત્માનું દર્શન, પરમાત્માના બિંબનું દર્શન ખરેખર વિષય-વિકારો અને કષાયરૂપી અગ્નિને શાંત કરનારું છે. અને તેથી ચિત્તને પ્રસન્ન કરનારું, આહ્લાદક હોય છે. તેથી જોનારના નેત્રો, મન અને આત્મા અપૂર્વ તૃપ્તિનો અનુભવ કરે છે. ૧૦ પૂર્વધર આ. **શ્રી ઉમાસ્વાતિજી મહારાજ** બ્રાહ્મણ હતાં. તેઓએ પ્રથમવાર જ શ્રી જિનેશ્વર પ્રભુના દર્શન

---

* અહીં વર્તમાન આવૃત્તિમાં **जलनिधेरशितुं** પાઠ પ્રસિદ્ધ છે. પણ ત્યાં **जलनिधेः अशितुं** એમ પદ-વિચ્છેદ કરીએ, ત્યારે **अश्** (ભોજન કરવું) ધાતુનો પ્રયોગ પ્રાપ્ત થાય છે. જ્યારે એ **रस-रसयति** (ગ.૧૦, ઉ.પ) ધાતુનો અર્થ 'સ્વાદ લેવો, ચાખવું' છે. તેનું ગ્રહણ કરવાથી અર્થ અને પ્રયોગ બંને સિદ્ધ થાય છે. **जलनिधेरसितुं** અહીં **निधेः** માં વિસર્ગને સ્થાને **र्** હતો, તેનો **रो रे लुग्०** (સિ. હે. ૧-૩-૪૧) સૂત્રથી લોપ થયો છે.



કરતાં આવા હૃદયોદ્ગાર પ્રગટ કર્યા હતાં -

**वपुरेव तवाऽऽचष्टे, भगवन् वीतरागताम् ।**
**न हि कोटरसंस्थेऽग्नौ, तरुर्भवति शाद्वलः ॥ १ ॥**

**અર્થ :** હે પરમાત્મન્ ! આપનું શરીર જ, આપના દેહની આકૃતિ જ આપ વીતરાગ હોવાની ચાડી ખાય છે. કેમકે, બખોલમાં જો અગ્નિ ભરેલો હોય તો વૃક્ષ લીલુંછમ રહી શકતું નથી. સૂકાઈ જાય. (એ પ્રમાણે આપના આત્મ-દેહમાં જો રાગ-દ્વેષાદિ દોષો હોત તો આવું સૌમ્ય મુખાકૃતિવાળું પદ્માસનસ્થ શરીર ન હોત. અન્યત્ર પણ પ્રભુના બાહ્ય દેહનું સુંદર વર્ણન કરેલું છે.

**प्रसन्नरसनिमग्नं दृष्टियुग्मं प्रसन्नं,**
**वदनकमलमङ्कः कामिनीसङ्गशून्यः ।**
**करयुगमपि यत्ते शस्त्रसम्बन्धवन्ध्यं,**
**तदसि जगति देवो वीतरागस्त्वमेव ॥ १ ॥**

**ભાવાર્થ :** હે દેવાધિદેવ ! જગતમાં આપ જ વીતરાગપ્રભુ છો, એમ સ્પષ્ટ લાગે છે. કારણકે, (૧) આપની બે આંખો પ્રશમરૂપી રસમાં ડૂબેલી છે, મગ્ન થઈ છે. (૨) આપનું મુખ-કમળ પ્રસન્ન છે, નિજાનંદમય છે. (૩) આપની પડખે કોઈ નારીનો સંગ નથી. (૪) આપના બંને હાથ પણ શસ્ત્રરહિત છે. (આમ રાગ-દ્વેષાદિના કારણભૂત કોઈ ચિહ્નો આપની પાસે નથી. આથી પરમ સૌમ્ય એવો આપનો બાહ્ય દેખાવ જ વીતરાગતાનો સંકેત આપે છે.)

આવા પરમાત્માના દર્શન કરીને તેમાં આસક્ત બનેલાં બ્રાહ્મણ ઉમા-સ્વાતિજી અન્ય દેવાદિમાં વિરક્ત બનીને વીતરાગ-દર્શનમાં, જૈનદર્શનમાં આસક્ત થયા અને ક્રમશઃ દીક્ષા ગ્રહણ કરી. ક્રમે કરીને સૂરિપદ પામ્યા, પૂર્વગત શ્રુતના જ્ઞાતા બન્યા, વાચક બિરુદ પામ્યા.

શ્લોકમાં **जनस्य** અને **चक्षुः** શબ્દમાં જાતિ-અર્થમાં એકવચન છે. માટે જોનારા 'ઘણા મનુષ્યોની ઘણી ચક્ષુઓ' અર્થ સમજવો. **शशिकरद्युति** એ પયઃ (પાણી) શબ્દનું વિશેષણ છે. દ્વિતીયા-વિભક્તિ નપુંસકલિંગ એકવચનમાં છે. **जलनिधेरसितुं** અને **जलनिधेरशितुं** એમ બે પાઠો જુદી જુદી ટીકામાં દેખાય છે. અને તે બન્નેય પાઠો સંગત થઈ શકે છે. (૧) પ્રથમપક્ષે **जलनिधेः** = જલનિધિના = સમુદ્રના ખારા જલને રસિતું = ચાખવાને, આસ્વાદ કરવાને કોણ ઈચ્છે, એમ અર્થ છે. (૨) બીજા વિકલ્પમાં **जलनिधेः अशितुं** એમ પદ-ચ્છેદ થવાથી સમુદ્રના ખારા જલને **अशितुं** = પીવાને કોણ ઈચ્છે ? અહીં જો

કે अश् ધાતુ 'ભોજન' અર્થમાં છે, છતાં જલનું 'પાન' ઉચિત હોવાથી 'ધાતૂનાં અનેકાર્થત્વાત્ 'પીવુ' અર્થ કરેલો છે. બીજા પાઠમાં સીધો જ અર્થ નીકળે છે. બન્નેય પ્રકારના પાઠને **ઉપા.શ્રી મેઘવિજયજી મ.**એ સંગત માનેલાં છે.

પ્રસ્તુતમાં ઉપમા આ પ્રમાણે ઘટે છે-અરિહંત ભગવાનનું દર્શન ક્ષીર-સમુદ્રના પાણીના આસ્વાદ જેવું છે અને અન્ય રાગી-દ્વેષી દેવોનું દર્શન લવણસમુદ્રના ખારા પાણીના સ્વાદ જેવું છે. અથવા અન્ય કોઈપણ ભૌતિક પદાર્થ-પત્ની, પૈસો, પરિવાર વગેરેનું દર્શન ખારા જલ જેવું છે એમ અર્થ સમજવો. (૧૧)

**કથા-પ્રસંગ :** (૫) આ સ્તોત્રના પ્રભાવ વિષે અણહિલપુર-પાટણના **કપર્દીનું** દ્રષ્ટાંત છે.

**સમાસવિચાર :** (१) **न निमेषः इति अनिमेषः (निमेषाभाव इत्यर्थः)** (નઞ્.ત.પુ.) **अनिमेषेण विलोकनीयः इति अनिमेषविलोकनीयः । तं तथा ।** (તૃ.ત.પુ.) (२) **शशिनः कराः इति शशिकराः ।** (ષ.ત.પુ.) **शशिकरवद् द्युतिः यस्य तत् शशिकरद्युति (पयः) । तद् तथा ।** (બ.વ્રી.) (૧૧)

● ● ●

## સુભાષિત

### જિનશાસનની કુળદેવી છે અહિંસા

**कल्लाणकोडिजणणी, दुरंतदुरिआरिवग्गनिट्ठवणी ।**
**संसारजलहितरणी, इक्कुच्चिय होइ जीवदया ॥ १ ॥**

**અર્થ :** જે ક્રોડો જલ્યાણની જનની-માતા છે, દુઃખેથી જેનો અંત લાવી શકાય એવા અથવા ખરાબ અંતવાળા દુરિતો (પાપો)નો નાશ કરનારી છે અને સંસારરૂપી સમુદ્રમાં (પાર ઉતરવા) નૌકા સમાન છે. તે એક જ (નિઃસ્વાર્થભાવે કરેલી) જીવદયા / પ્રાણીઓની રક્ષા છે. (૧)

**ઉપક્રમ :** અપલક નજરે દર્શનીય ભગવાનના અદ્દ્ભુત રૂપનું વર્ણન કરે છે -

**यैः शान्तरागरुचिभिः परमाणुभिस्त्वं**
**निर्मापितस्त्रिभुवनैकललामभूत !**
**तावन्त एव खलु तेऽप्यणवः पृथिव्यां**
**यत्ते समानमपरं न हि रूपमस्ति ॥ १२ ॥**

**અન્વય + શબ્દાર્થ : हे त्रिभुवनैकललामभूत !** (હે ત્રણ ભુવનમાં એક લલામરૂપ. લલામ = એટલે મસ્તકની આગળ લટકતી માળા, પુષ્પનું આભરણ, અથવા લલામ = એટલે તિલક એમ ઉપા.શ્રી મેઘવિ.મ. તથા શ્રી કનકકુશળગણિની કૃત ટીકામાં કહ્યું છે) **शान्तरागरुचिभिः** (શાન્તરૂપી રસની છાયાવાળા-કાંતિવાળા) **यैः परमाणुभिः त्वं निर्मापितः** (જે પરમાણુઓ વડે આપ નિર્માણ કરાયા છો, આપનો દેહ રચાયો છે) **ते अणवः अपि** (તે પરમાણુઓ પણ) **पृथिव्यां** (પૃથ્વી પટ ઉપર) **खलु** (નિશ્ચે, ચોક્કસથી) **तावन्त एव** (તેટલાં જ છે) **यत्** (જે કારણથી) **ते समानं** (તમારી સમાન) **अपरं रुपं** (બીજું રૂપ) **हि न अस्ति** (નિશ્ચે વિદ્યમાન નથી.)

**સરલાર્થ :** હે ત્રણ ભુવનમાં એકમાત્ર મસ્તકના લલામરૂપ ! મસ્તકના અગ્ર-ભાગે લટકતાં અલંકારરૂપ (અથવા તિલક સમાન) પ્રભુ ! શાંતરૂપી રસની કાંતિવાળા જે પરમાણુઓ વડે આપ નિર્માણ કરાયા છો, તે પરમાણુઓ પણ પૃથ્વી પટ ઉપર નિશ્ચિત રૂપે તેટલાં જ વર્તે છે. (ભગવાનના રૂપની રચના પૂરતા જ પ્રમાણવાળા છે.) જે કારણથી તમારી સમાન બીજુ રૂપ નિશ્ચે વિદ્યમાન નથી. (૧૨)

**વિશેષાર્થ :** પૂર્વકાવ્યમાં ભગવાનને અપલક દર્શનીય પણ કહ્યા છે. આ પદ્યમાં એનું કારણ જણાવવા દ્વારા એ જ વાતની પુષ્ટિ કરે છે. ભગવાનનું રૂપ જોઈને બીજે ક્યાંય આંખો ઠરતી નથી, તૃપ્તિ પામતી નથી. એનું કારણ આંતરિક પરમ શાંતરસ છે અને બાહ્ય કારણ રૂપનો અતિશય છે. જો કે આ રૂપનો અતિશય અંતિમ ભવનાં વિહરમાન જિનેશ્વર સંબંધી સમજવો ઉચિત છે. કવિ અહીં રૂપનો અતિશય જણાવતાં કહે છે કે જેટલાં પરમાણુઓ વડે



આપનો દેહ નિર્મિત છે તેટલાં જ વિશિષ્ટ શુભ કોટિનાં પરમાણુઓ આ દુનિયામાં વિદ્યમાન છે. કારણકે, બીજા કોઈનું રૂપ આપની સમાન નથી. જો તમારા દેહના નિર્માણના હેતુભૂત પરમાણુઓ કરતાં અધિક તેવા પરમાણુઓ હોત તો તેના દ્વારા નિર્માણ કરાયેલ બીજું પણ આપના જેવું રૂપ હોત. પણ એવું દેખાતું નથી. માટે તે અણુઓ પણ તેટલાં જ છે. આમ અહીં **અનુમાન-અલંકાર** છે એમ **ઉપા.શ્રી મેઘવિજયજી મ.**ની વૃત્તિમાં નોંધ્યુ છે. આમ **शान्तरागरुचिभिः** પદોમાં **शान्तराग** શબ્દના બે અર્થ છે. (૧) શાન્તના=પ્રશમના અનુરાગની રુચિ=કાંતિ જેઓથી થાય છે તે શાંતરાગરુચિ પરમાણુઓ અથવા (૨) શાન્ત નામનો નવમો રસ. તેનો રાગ=ભાવ, તેની રુચિ જેમાં છે તે શાંત-રાગરુચિ પરમાણુઓ એમ અર્થ છે.

જ્ઞાનીઓ કહે છે કે, સૌથી ઊંચા અનુત્તરવાસી દેવલોકના દેવો કરતાં પણ જિનેશ્વરનું રૂપ અને જ્ઞાન અધિક હોય છે. અનંતગુણ હોય છે. સરખામણી કરાય તો તીર્થંકરોના રૂપનું વિકુર્વણ કરવા અર્થાત્ વૈક્રિય લબ્ધિથી બનાવવા દેવો પણ અસમર્થ છે. કહ્યું છે કે,

**सव्वसुरा जइ रूवं अंगुट्ठपमाणयं विउव्विज्झा ।**
**जिणपायंगुट्ठं पइ, न सोहए तं जहिंगालो ॥ १ ॥** (આવ.નિર્યુ.ગા.૫૬૯)

**અર્થઃ** ‘સર્વ દેવો ભેગા થઈને જો તીર્થંકરનું અંગુષ્ઠ પ્રમાણ પણ રૂપ વિકુર્વે તો તે જિનેશ્વરના ચરણના અંગુઠાની આગળ શોભતું નથી. અંગારો જ લાગે. **પ્રશ્નઃ यैः परमाणुभिः** અને **तेऽप्यणवः** એમ બે વાર પરમાણુનો ઉલ્લેખ કરવાથી પુનરુક્તિ-દોષ આવે છે. **જવાબઃ** મહાકવિ વડે પ્રયોગ કરાયો હોવાથી દોષ રૂપ નથી. અથવા ઔદારિક-પુદ્ગલ વર્ગણામાં (પુદ્ગલ સમૂહ-વિશેષમાં) અભવ્ય જીવોથી અનંતગુણ અણુઓથી બનેલાં સ્કંધો અનંત છે. તે સ્કંધોમાં અણુ=સ્તોક=અલ્પ જ જિન-સ્વરૂપ પરમાણુઓ છે. આ રીતે અણુ શબ્દ ‘અલ્પ’ અર્થનો વાચક છે. **अणवः** એટલે ‘અલ્પ જ’ એમ અર્થ હોવાથી પુનરુક્તિ દોષ નથી. (૧૨)

**કથા-પ્રસંગ :** આ સ્તુતિના વિષયમાં ચંપાપુરી નગરીના **સુબુદ્ધિ** મંત્રીનું દ્રષ્ટાંત છે.

**સમાસવિચાર : (१) त्रयाणां भुवनानां समाहारः इति त्रिभुवनम्** (દ્વિગુ.ત.

પુ.સમાસ) एकं च तत् ललाम च इति एकललाम । (ક.ધા.) त्रिभुवने एक-ललाम इति त्रिभुवनैकललाम । (સ.ત.પુ.) त्रिभुवनैकललाम्नः भूतः (तुल्यः) इति અથવા त्रिभुवनैकललाम इव इति त्रिभुवनैकललामभूतः । तस्य सम्बोधनं तथा । (भूत શબ્દ ઉપમા અર્થમાં છે) (२) रागस्य रुचिः इति रागरुचिः । (ષ.ત.પુ.) शान्ता रागरुचिः येभ्यः ते शान्तरागरुचयः । तै तथा । (પં.બ.વ્રી.) અથવા शान्तः =એ નામનો નવમો રસ છે. तस्य शान्तस्य रागः (भावः) इति शान्तरागः (ષ.ત.પુ.) शान्तरागस्य रुचिः (द्युतिः) येषु इति शान्तरागरुचयः । तैः तथा । (બ.વ્રી.) (૧૨)

● ● ●

## સુભાષિત

विद्या विवादाय धनं मदाय, प्रज्ञा-प्रकर्षः परवञ्चनाय ।
अभ्युन्नतिर्लोकपराभवाय, येषां प्रकाशस्तिमिराय तेषाम् ॥ १ ॥

**અર્થ :** જેઓનો પ્રકાશ અંધકાર માટે થાય છે અર્થાત્ જેઓનો બોધ નિર્મલ નથી-કદાગ્રહ વિનાનો નથી તેઓ પાસે વિદ્યા હોય તો તે વિવાદ માટે થાય છે. ધન મદ માટે થાય છે. પ્રજ્ઞાનો પ્રકર્ષ બીજાને ઠગવા માટે થાય છે. અને તેઓની ઉન્નતિ લોકોના પરાભવ માટે-તિરસ્કાર માટે થાય છે.

धम्मम्मि नत्थि, माया न य कवडं नाणुवत्तिभणियं वा ।
फुडपागडमकुडिल्लं, धम्मवयणमुज्जुयं जाण ॥ २ ॥

**અર્થ :** (સદ્ભાવથી સાધ્ય) ધર્મમાં માયા ન હોય (કેમ કે, તે અત્યંત વિરુદ્ધ છે.) કપટ ન હોય અને ખોટી ખુશામતભર્યું કથન ન હોય, પરંતુ ધર્મનું વચન તો સ્પષ્ટ, પ્રગટ (લજ્જારહિત) માયા-વક્રતારહિત અને સરળ (મોક્ષ પ્રત્યે અનુકૂળ) જાણવું.

**ઉપક્રમ :** હવે જિનેશ્વર પ્રભુના મુખનું વર્ણન કરે છે. અથવા ભગવાનનાં રૂપનાં એક દેશ (ભાગ) સાથે પણ જગતની ઉપમાઓની સમાનતા નથી એમ જણાવે છે -

> **वक्त्रं क्व ते सुरनरोरगनेत्रहारि**
> **नि:शेषनिर्जितजगत्त्रितयोपमानम् ।**
> **बिम्बं कलङ्कमलिनं क्व निशाकरस्य**
> **यद्वासरे भवति पाण्डुपलाशकल्पम् ॥ १३ ॥**

**અન્વય + શબ્દાર્થ :** (હે સૌમ્યવદન પ્રભુ !) **सुरनरोरगनेत्रहारि** (દેવ, મનુષ્ય અને ભવનપતિના અથવા નાગકુમારના નેત્રોને હરનારું = આનંદ આપનારું) **नि:शेष-निर्जितजगत्त्रितयोपमानम्** (સંપૂર્ણપણે અથવા સર્વ જિતાયેલી છે ત્રણ જગતની ઉપમાઓ જેના વડે એવું) **ते मुखं क्व ?** (તમારું મુખ ક્યાં ? અને) **कलङ्कमलिनं** (કલંકથી/લાંછનથી મલિન) **निशाकरस्य बिम्बं क्व ?** (ચંદ્રનું બિંબ/મંડળ ક્યાં ?) **यद् वासरे** (કે જે દિવસના) **पाण्डुपलाशकल्पं भवति ।** (ફિક્કા, પાકેલાં જીર્ણ પાંદડા જેવું થાય છે. આમ ઘણું અંતર હોવાથી મુખને ચન્દ્રની ઉપમા શી રીતે ઘટે ?)

**સરલાર્થ :** (હે સૌમ્યમુખવાળા પ્રભુ !) દેવો, મનુષ્યો અને ભવનપતિ દેવોના નેત્રોને આનંદ આપનારું અને સંપૂર્ણપણે (અથવા સર્વ) જિતાયેલા છે, ત્રણ જગતની ઉપમાઓ જેના વડે એવું તમારું મુખ ક્યાં (અને) કલંકથી મલિન એવું ચંદ્રનું બિંબ (મંડળ) ક્યાં ? કે જે દિવસે જીર્ણ-ફિક્કા-પાકેલાં પાંદડાં જેવું થાય છે. (અર્થાત્ આપનું મુખ અને ચંદ્રના બિંબ વચ્ચે ઘણું અંતર છે. આપના મુખ સાથે ચંદ્રમંડળનો ઉપમાન-ઉપમેયરૂપ સંબંધ કલ્પવા યોગ્ય નથી, એમ ભાવ છે.) (૧૩)

**વિશેષાર્થ :** હવે જિનેશ્વર પ્રભુને જગતના કોઈપણ પદાર્થોની ઉપમાઓ ઘટતી નથી, સર્વ ઉપમાઓને પ્રભુએ જીતી લીધી છે. એટલું જ નહીં, પ્રભુના રૂપના (શરીરના) એક ભાગ સાથે પણ જગતની ઉપમાઓ ઘટતી નથી, એમ જણાવે છે. **क्व** = ક્યાં આપનું મુખ અને ક્યાં ચંદ્રનું બિંબ ? આ પ્રમાણે બે વખત **क्व** શબ્દનો પ્રયોગ બન્નેય વચ્ચે મોટું અંતર સૂચવે છે. કહેવાનો ભાવ એ છે કે, જ્યાં ઘણું સરખાપણું-સાદૃશ્ય હોય ત્યાં ઉપમાન-ઉપમેય સંબંધ ઘટે છે. જેમકે, સૂર્ય જેવો પ્રતાપી-તેજસ્વી માણસ. પરંતુ, પ્રભુનો પ્રતાપ-તેજ વગેરે સૂર્યની અપેક્ષાએ ઘણા વધારે છે. માટે જેમ 'તળાવ' જેવા ગંભીર એવી



ઉપમા ન ઘટે તેમ અહીં પણ જગતના પદાર્થો સાથે ઘણું અંતર હોવાથી પ્રભુને તેની ઉપમા ઘટતી નથી એમ ભાવ છે.

**'सुरनरोरग'** શબ્દમાં **'सुर'** શબ્દથી વૈમાનિક દેવો સમજવા અને **उरग** શબ્દથી નાગકુમાર દેવો લેવા. ઉપલક્ષણથી તમામ ભવનવાસી, વ્યંતર અને જ્યોતિષ દેવોનું ગ્રહણ થાય છે. બીજું ટીકાઓમાં પાણ્ડુપલાશનો 'જીર્ણ-પાકેલું પાંદડું' અર્થ કરેલો છે. **(पाण्डुरवर्णपत्रसदृशम्)** પાંદડું પાકી જાય ત્યારે સફેદ જેવું-આછા પીળા વર્ણવાળું થાય છે. અહીં 'પલાશ'નો અર્થ 'ખાખરાનું પાન' ક્યાંય જોવા મળતો નથી.

ચન્દ્રનું બિંબ કદાચ સંપૂર્ણ ચંદ્ર હોય તો મનુષ્યોના ચિત્તને હરે છે. પક્ષીઓમાં ચકોર વગેરેને આનંદપ્રદ બને છે. જ્યારે પ્રભુનું મુખ તો વૈમાનિક વગેરે ચારેય નિકાયના દેવોના મનને હરે છે. અને સમવસરણમાં રહેલ પશુ-પક્ષીઓને પણ સંતોષિત કરે છે. વળી, ચંદ્રના બિંબમાં વધઘટ થતી રહે છે. પ્રભુનું મુખ સદા સૌમ્યાકૃતિ હોય છે. આ અંગે વધુ વિચાર સોળમી ગાથામાં કરાશે. આમ પ્રભુના મુખને કમળ, દર્પણ, ચંદ્ર વ. કોઈપણ ઉપમા ઘટતી નથી. માટે, તેણે જગતમાં રહેલી સર્વ ઉપમાઓને જીતી લીધી છે. અર્થાત્ પ્રભુનું મુખ અનુપમ સૌંદર્યવાળુ છે, એમ હાર્દ છે. (૧૩)

**समासविचार : (१) सुराश्च नराश्च उरगाश्च इति सुरनरोरगाः ।** (દ્વન્દ્વ. સ.) **सुरनरोरगाणां नेत्राणि इति सुरनरोरगनेत्राणि ।** (ષ.ત.પુ.) **तानि हरति इति सुर-नरोरगनेत्रहारि ।** (ઉપપદ ત.પુ.) **(२) निर्गतं शेषाद् इति निःशेषम् ।** (અહીં **प्रात्यवपरि०** સિ. હે. (૩-૧-૪૭) સૂત્રથી પ્રાદિ-ત.પુ. સમાસ થયો છે.) **त्रयः अवयवा अस्य इति त्रितयम् (त्रि+**તદ્ધિત **तयट्** પ્રત્યય**) । जगतः त्रितयं इति जगत्त्रितयम् ।** (ષ.ત.પુ.) **जगत्त्रितये उपमानानि इति जगत्त्रितयोपमानानि ।** (સ.ત.પુ.) છેલ્લે **निःशेषं निर्जितानि जगत्त्रितयोपमानानि येन तत् निःशेष-निर्जितजगत्त्रितयोपमानम् ।** (બ.વ્રી.) **(३) कलङ्केन मलिनं इति कलङ्-मलिनम् । (तृ.त.पु.) (४) निशां करोति इति निशाकरः । तस्य तथा । (संख्याहर्निशा० सि. हे.** ૫-૧-૧૦૨ સૂત્રથી **ट** સમાસાંત પ્રત્યય તથા **ङस्युक्तं कृता** (સિ. હે. (૩-૧-૪૯) સૂત્રથી ઉપપદ ત.પુ. સમાસ થયો છે.) **(५) पाण्डु च तत् पलाशं (पत्रं) च इति पाण्डुपलाशम् । ईषद् असमाप्तं (अर्थात् बाहुल्येन) पाण्डुपलाशं इति पाण्डुपलाशकल्पम् । इषद्-असमाप्ति-**અર્થમાં **अतमबादेः०** (સિ. હે. ૭-૩-૧૧) સૂત્રથી તદ્ધિતનો **कल्पप्** પ્રત્યય થયો છે. (૧૩)



**ઉપક્રમ :** ભગવાનના ગુણોની વ્યાપકતા જણાવે છે, ગુણસંપત્તિ કહે છે -

सम्पूर्णमण्डलशशाङ्ककलाकलाप-
शुभ्रा गुणास्त्रिभुवनं तव लङ्घयन्ति ।
ये संश्रितास्त्रिजगदीश्वर! नाथमेकं
*कस्तान् निवारयति सञ्चरतो यथेष्टम् ॥ १४ ॥*

**અન્વય + શબ્દાર્થ : हे त्रिजगदीश्वर !** (હે ત્રણ જગતના નાથ !) **संपूर्ण-मण्डलशशाङ्ककलाकलापशुभ्राः** (સંપૂર્ણ મંડળવાળા = પૂર્ણિમા સંબંધી ચંદ્રની કળાના સમૂહ જેવા શુભ્ર = ઉજ્જ્વળ) **तव गुणाः** (આપના ગુણો) **त्रिभुवनं** (ત્રણ ભુવનને = સંપૂર્ણ જગતને) **लङ्घयन्ति** (ઓળંગી જાય છે.) **ये** (જે ગુણો) **एकं नाथं** (એક, અદ્વિતીય નાથને) **संश्रिताः** (આશ્રય કરનારા છે) **तान्** (તેઓને) **यथेष्टं** (ઈચ્છામુજબ, સ્વેચ્છાએ) **सञ्चरतः** (સંચરતાં, પરિભ્રમણ કરતાં) **कः** (કોણ મનુષ્ય) **निवारयति ?** (નિવારણ કરી શકે, અટકાવી શકે? અર્થાત્ કોઈ નહીં.)

**સરલાર્થ :** હે ત્રણ જગતના નાથ ! સંપૂર્ણ મંડળવાળા (અર્થાત્ આસો માસની પૂનમના) ચંદ્રની કળાઓના સમૂહ જેવા ઉજ્જ્વળ આપના ગુણો ત્રણ ભુવનને (સમસ્ત જગતને) પણ ઓળંગીને રહ્યા છે. અર્થાત્ તેમાં વ્યાપી જાય છે. (ખરેખર) જે ગુણો એકમાત્ર નાથનો આશ્રય કરનારા છે, તેઓને સ્વેચ્છા મુજબ પરિભ્રમણ કરતાં કોણ અટકાવી શકે? અર્થાત્ કોઈ નહીં. (આમ માલિક સમર્થ હોતે છતે તેઓના આશ્રિત સેવકને સર્વત્ર સ્વેચ્છાપૂર્વક સંચરવું યોગ્ય જ છે, ઘટે જ છે, એમ ભાવ છે.) (૧૪)

**વિશેષાર્થ :** આ સ્તોત્રમાં પરમાત્માના ગુણોની વ્યાપકતા બતાવી છે. પ્રભુમાં આશ્રય કરીને રહેલાં ઉજ્જ્વળ ગુણો ત્રણેય ભુવનમાં વ્યાપી જાય છે. ગુણો વિશ્વ-વ્યાપક બને છે એનો હેતુ એ છે કે, ત્રણ ભુવનના સ્વામી ! જે ગુણો એક જ અદ્વિતીય એવા નાથનો આશ્રય કરે છે, તે ગુણોને ઈચ્છા મુજબ સર્વત્ર સંચરણ કરતાં-વ્યાપતાં કોણ રોકી શકે છે ? અર્થાત્ કોઈ રોકી શકતું નથી. જગતમાં જ્યાં ક્યાંય પણ થોડો પણ ગુણ ફેલાયેલો દેખાય છે, તે ભગવાનનો પ્રભાવ છે. ત્રણેય જગતના જીવો ભગવાનના ગુણોનું ગ્રહણ

કરવામાં પરાયણ દેખાય છે. કહ્યું છે ને કે, 'જેના પ્રભાવે વિશ્વમાં સદ્ભાવની સરણી વહે..'લોકમાં પણ એવો નિયમ દેખાય છે છે કે, માલિક સમર્થ હોતે છતે, તેના આશ્રિત સેવકોને સર્વત્ર ઈચ્છા મુજબ સંચરવું ઘટે છે. આથી ભગવાનરૂપી સમર્થ નાથને આશ્રિત ગુણોનો સર્વત્ર ફેલાવો-વ્યાપ્તિ થવી યોગ્ય જ છે, આમ આ કાવ્યમાં અદ્ભુત કલ્પના છે.

અહીં **त्रिजगदीश्वरनाथं एकं** એ પ્રમાણે સળંગ પાઠ = સંપૂર્ણ એકપદવાળો પાઠ પણ મળે છે. આથી ઉત્તરાર્ધનો અર્થ આ પ્રમાણે પણ થાય- 'જેઓ ત્રણ જગતના ઈશ્વરોના નાથ છે અર્થાત્ સુરેન્દ્ર, નરેન્દ્ર અને ચમરેન્દ્ર (અસુરેન્દ્ર) વગેરેના નાથ છે, તેઓને આશ્રિત એવા ગુણોને ઈચ્છા મુજબ પરિભ્રમણ કરતાં કોણ રોકી શકે ? અર્થાત્ કોઈ નહીં. ત્રણ જગતના ઈશ્વરો=સુરેન્દ્ર વગેરેના પ્રભુ નાથ છે. કારણકે, પરમપદની પ્રાપ્તિ કરવામાં ભગવાન તેઓનો યોગ=અપ્રાપ્ત ગુણોની પ્રાપ્તિ અને ક્ષેમ=પ્રાપ્ત થયેલાં ગુણોનું રક્ષણ કરનારા છે. રાજા જેમ પ્રજાનો યોગક્ષેમ કરનારા છે, તેમ પરમાત્મા પણ મોક્ષમાર્ગની આરાધનામાં પોતાનો આશ્રિત દેવેન્દ્રાદિ સેવકોને સમ્યગ્દર્શનાદિ અપ્રાપ્ત ગુણોની પ્રાપ્તિ અને પ્રાપ્ત ગુણોનું રક્ષણ કરનારા છે, માટે તેઓના નાથ છે. (૧૪)

**કથા-પ્રસંગ :** (૭) અહીં **સત્ય શેઠ**ની પુત્રી **ડાહી**નું દ્રષ્ટાંત છે.

**સમાસવિચાર : (१) सम्पूर्णं मण्डलं यस्य स सम्पूर्णमण्डलः ।** (બ.વ્રી.) **स चासौ शशाङ्कश्च इति संपूर्णमण्डलशशाङ्कः ।** (ક.ધા.) **तस्य कलाः इति सम्पूर्णमण्डलशशाङ्ककलाः ।** (ષ.ત.પુ.) **तासां कलापः इति संपूर्णमण्डलशशाङ्ककला-कलापः ।** (ષ.ત.પુ.) **तद्वत् शुभ्राः इति संपूर्णमण्डलशशाङ्ककलाकलापशुभ्राः ।** (ક.ધા.) **(२) त्रयाणां भुवनानां समाहारः इति त्रिभुवनम् । तत् तथा ।** (દ્વિગુ ત. પુ.) **(३) त्रयाणां जगतां समाहारः इति त्रिजगत्** (દ્વિગુ) **। त्रिजगतः ईश्वरः इति त्रिजगदीश्वरः ।** (ષ.ત.પુ.) **तस्य सम्बोधनं - हे त्रिजगदीश्वर! । (४) इष्टं (यथा=) अनतिक्रम्य इति यथेष्टम् । (यथाऽथा** સિ. હે. (૩-૧-૪૧) થી અવ્યયી-ભાવ સમાસ) (૧૪)

**ઉપક્રમ :** ભગવાનની નીરાગતાને (વીતરાગતાને) જણાવે છે. અથવા રાગ દુર્જય હોવાથી પહેલાં રાગ-જયને જણાવે છે -

**चित्रं किमत्र यदि ते त्रिदशाङ्गनाभि-**
**र्नीतं मनागपि मनो न विकारमार्गम् ।**
**कल्पान्तकालमरुता चलिताचलेन**
**किं मन्दराद्रिशिखरं चलितं कदाचित् ? ॥ १५ ॥**

**અન્વય + શબ્દાર્થ :** (હે સર્વવિકારરહિત પ્રભુ !) **यदि त्रिदशाङ्गनाभिः** (જો દેવવધૂઓ/દેવીઓ વડે) **ते मनः** (તમારું મન) **मनागपि** (લેશમાત્ર પણ, સહેજ પણ) **विकारमार्गं** (વિકારના પંથે) **न नीतम्** (લઈ જવાયું નથી) **अत्र किं चित्रम्?** (આમાં શું આશ્ચર્ય છે ? અહીં દ્રષ્ટાંત કહે છે -) **चलिताचलेन** (પર્વતોને જેણે કંપાવ્યા છે એ) **कल्पान्तकालमरुता** (કલ્પાન્તકાળના/પ્રલય-કાળના પવન વડે) **किं** (શું) **मन्दराद्रिशिखरं** (મેરુપર્વતનું શિખર) **कदाचित्** (ક્યારેય પણ) **चलितम्** (ચલાયમાન થયું છે ? અર્થાત્ નથી જ થયુ.)

**સરલાર્થ :** (હે સર્વવિકાર-નિરાકરણ-પરાયણ પ્રભુ !) જો દેવવધુઓ (દેવીઓ) વડે આપનું મન લેશમાત્ર પણ વિકાર-પંથે લઈ જવાયું નથી, તો તેમાં શું આશ્ચર્ય? અર્થાત્ કોઈ આશ્ચર્ય નથી. (દ્રષ્ટાંતથી સમજાવે છે.) જેણે (બીજા સામાન્ય) પર્વતોને ધ્રુજાવ્યા-કંપાવ્યા છે એવા પ્રલય (કલ્પાંત) કાળના પવન વડે પણ શું મેરુ પર્વતનું શિખર ક્યારેય કંપ્યું છે ? ચલાયમાન થયું છે ? અર્થાત્ નથી જ થયું. (૧૫)

**વિશેષાર્થ :** હે પ્રભુ ! આપનું મન સમવસરણાદિમાં નૃત્યાદિ કરતી દેવાંગનાઓ વડે પણ લેશમાત્ર વિકાર-માર્ગે લઈ જવાયું નથી તેમાં આશ્ચર્ય નથી. કારણકે આપનું મન સર્વથા વિકાર રહિત હોવાથી મેરુ પર્વત જેવું અડગ છે. અર્થાત્ જેમ બીજા પર્વતોને કંપાવનારા પ્રલયકાળના પવન વડે પણ મેરુશિખર કયારેય કંપાયમાન થયું નથી. તેમ હરિહરાદિ અન્ય દેવોના મનને વિકારી બનાવનારી દેવીઓ વડે આપ લેશમાત્ર વિકારી-રાગી બનાવાયા નથી. તેમાં કોઈ આશ્ચર્ય નથી. કારણકે, આપ મેરુ જેવા અડગ છો, એમ ભાવ છે.

પ્રભુના સમવસરણમાં ક્યારેક ભક્તિને પરવશ થયેલાં દેવ-દેવીઓ નૃત્ય-



નાટકાદિ પણ બતાવતાં હોય છે. પ્રભુ પાસે તેઓ સંમતિ માંગે છે ત્યારે પ્રભુ મૌન રહે છે. કેમકે જો 'ના' પાડે તો દેવાદિના શુભ ભાવોની વૃદ્ધિ થતી અટકે છે અને જો 'હા' પાડે તો સાવદ્યતાની અનુમતિનો દોષ લાગે છે અને અન્ય મુનિઓને સ્વાધ્યાયાદિની હાનિ થાય છે. આથી પ્રભુ મૌન રહે છે. આ ઉપરાંત પણ દેવવધૂઓ દ્વારા ભક્તિથી આવર્જિત થયેલાં નેત્રો વડે જુએ છે. તો પણ વીતરાગ પ્રભુ સર્વથા નિર્વિકાર જ રહે છે. કારણકે, મોહનીય કર્મનું તેઓએ આત્મામાંથી મૂળથી (સત્તામાંથી) જ ઉન્મૂલન કરેલું છે. આમ પ્રભુનો આ અતિવિશિષ્ટ ગુણ છે. જેઓ તે પ્રભુની ભક્તિ કરે છે, સમર્પિત થાય છે, તેવો સંકલ્પ કરે છે, તેઓના પણ વિષયવિકારો શાંત થઈ જાય છે. આ ભક્તિયોગ છે. સાધુઓ વગેરે મુમુક્ષુઓ આજ્ઞાસાપેક્ષ જ્ઞાનયોગથી, વેયાવચ્ચયોગ અને તપોયોગથી પણ આવી સિદ્ધિ મેળવી શકે છે. પણ તેમાંય પ્રભુની આજ્ઞાના બહુમાનાદિરૂપે પ્રભુભક્તિનો યોગ ભળેલો હોય છે. (૧૫)

**કથા-પ્રસંગ** : (૮) આ સ્તુતિના પ્રભાવ અંગે **સજ્જન રાજા**ની કથા છે.

**સમાસવિચાર** : **(१) त्रिदशानां अङ्गनाः त्रिदशाङ्गनाः ताभिः ।** (ष.त.પુ.) **(२) विकारस्य मार्गः इति विकारमार्गः ।** (ષ.ત.પુ.) । **(३) कल्पस्य अन्तः इति कल्पान्तः ।** (ષ.ત.પુ.) **स चासौ कालश्च इति कल्पान्तकालः ।** (ક.ધા.) **तस्य मरुत् इति कल्पान्तकालमरुत् । तेन तथा ।** (ષ.ત.પુ.) **(४) चलिताः अचलाः (पर्वताः) येन यस्मात् वा स चलिताचलः । तेन तथा ।** (બ.વ્રી.) **(५) मन्दरश्चासौ अद्रिश्च इति मन्दराद्रिः ।** (ક.ધા.) **तस्य शिखरं इति मन्दराद्रिशिखरम् ।** (ष.त.पु.) (૧૫)

**સુભાષિત**

**यत्र स्ववचनोत्कर्षः, भाषन्ते तत्र साधवः ।**
**कलकण्ठः सदा मौनी, वसन्ते वदति स्फुटम् ॥ १ ॥**

**અર્થ** : જ્યાં પોતાના વચનનો ઉત્કર્ષ થતો હોય, તેની કિંમત થતી હોય ત્યાં સાધુઓ-સજ્જનો બોલે છે. હંમેશા મૌન રાખનારી કોયલ વસંત ઋતુમાં પ્રગટપણે બોલે છે. એ સિવાય મૌન રહે છે. (૧)



**ઉપક્રમ :** ભગવાનને દીપકની સાથે ઉપમાનો નિષેધ કરતાં કહે છે - અથવા રાગ-વિજયને કહીને હવે દ્વેષ-વિજય ગુણને કહે છે -

**निर्धूमवर्तिरपवर्जिततैलपूरः**
**कृत्स्नं जगत्त्रयमिदं प्रकटीकरोषि ।**
**गम्यो न जातु मरुतां चलिताचलानां**
**दीपोऽपरस्त्वमसि नाथ ! जगत्प्रकाशः ॥ १६ ॥**

**અન્વય + શબ્દાર્થ : हे नाथ!** (હે નાથ !) **त्वं** (તમે) अपरः (નવા, વિલક્ષણ, અનોખા) **दीपोऽसि** (દીપક છો) (**यतः** કારણકે, તમે) **निर्धूमवर्तिः** (દ્વેષરૂપી ધૂમાડો અને કામરૂપી વાટ વિનાના છો) **अपवर्जिततैलपूरः** (તેલને/સ્નેહને પૂરવાથી રહિત છો) **इदं कृत्स्नं जगत्त्रयं** (આ સમસ્ત ત્રણ જગતને) **प्रकटी-करोषि** (પ્રકાશિત કરો છો) **चलिताचलानां मरुतां** (જેણે પર્વતને પણ કંપાવ્યો છે એવા પવન વડે) **जातु** (ક્યારેય) **न गम्यः** (ઓલવી શકાતો નથી, બુઝવી શકાતો નથી) **जगत्प्रकाशः** (જગતમાં સર્વત્ર પ્રસરનારો પ્રકાશ (જ્ઞાનાલોક) છે જેનો એવા દીપક છો.) (આથી જ જગત્પ્રસિદ્ધ દીપક કરતાં આપ વિલક્ષણ-અપૂર્વ દીપક છો.)

**સરલાર્થ :** હે નાથ ! આપ (દુન્યવી દીવા કરતાં) બીજા=વિલક્ષણ, અપૂર્વ દીપક છો. (કારણકે, દુન્યવી દીવામાં તો ધૂમાડો, વાટ, તેલ-પૂરણ વ. હોય છે, જ્યારે આપ તો) ૧. ધૂમાડો અને ૨. વાટથી રહિત છો. ૩. આ સમસ્ત ત્રણ જગતને (કેવળજ્ઞાન-પ્રકાશ વડે) પ્રકાશિત કરો છો. તથા પર્વતોને પણ કંપાવનારા પવન વડે આપ બુઝાતા નથી. વળી જગતમાં સર્વત્ર પ્રસરનારા પ્રકાશવાળા છો. (માટે આપ અપૂર્વ/વિલક્ષણ/અનોખા દીપક છો. દુન્યવી દીપકની આપની સાથે સરખામણી થઈ શકે તેમ નથી, એમ તાત્પર્ય છે.)(૧૬)

**વિશેષાર્થ :** ભગવાનને દુન્વયી દીપકની પણ ઉપમા ઘટતી નથી એમ આ સ્તોત્રમાં જણાવે છે. દુન્યવી દીપક (૧) ધૂમાડાવાળો (૨) વાટવાળો (૩) તેલને પૂરવાથી યુક્ત છે. (૪) ફક્ત ઘરને પ્રકાશિત કરનારો છે. (૫) વાયુ વડે બુઝાઈ જનારો છે અને (૬) એક સ્થાનમાં રહેલો છે.

પરમાત્મરૂપી દીપકમાં આ છએ પ્રકારની વિલક્ષણતા-વિશિષ્ટતા છે, માટે તેઓ અપૂર્વ-અનોખા દીપક છે. તે આ રીતે (૧) ભગવાનમાં દ્વેષરૂપી ધુમાડો નથી માટે નિર્ધૂમ છે. વળી (૨) તેઓ દશ પ્રકારની કામદશારૂપી વર્તિ=વાટથી રહિત છે. માટે વાટ વિનાનો છે. (૩) વળી તેમાં તેલને પૂરવાની જરૂર નથી. તેલ પૂર્યા વિના સતત પ્રકાશિત રહે છે. (૪) વળી તે ફક્ત ઘરને જ નહીં, પણ સમસ્ત પાંચ અસ્તિકાયરૂપ ત્રણ જગતને કેવળજ્ઞાનના પ્રકાશ વડે પ્રકાશિત કરે છે. (૫) વળી, પરમાત્મારૂપી દીપક પર્વતોને કંપાવનારા પણ **मरुत**-વાયુ વડે પરાભવ પામતો નથી, બુઝાતો નથી, અથવા જેઓએ પર્વતોને પણ ધ્રુજાવ્યા છે એવા બળવાન **मरुतां** = દુષ્ટ ઉપસર્ગકારી દેવો વડે પણ **न गम्यः** = પરાભવ પમાડી શકાતો નથી. (૬) આપનો પ્રકાશ એક જ સ્થાનમાં રહેતો નથી, પણ આખા જગતમાં પ્રચાર (ફેલાવો) પામનારો છે.

આમ અનેક વિલક્ષણતા અને વિશિષ્ટતાના કારણે ભગવાનને લૌકિક દીપકની ઉપમા ઘટી શકતી નથી એમ તાત્પર્ય છે. જો કે આગમના રચયિતા મહાપુરુષોએ જિનેશ્વરનું **'લોગપઈવાણં'** = લોકમાં પ્રદીપ સમાન એવું વિશેષણ, શક્રસ્તવ (નમુત્થુણં) સ્તોત્રમાં કહેલું છે. તે 'પ્રકાશકપણા' રૂપે સાધર્મ્ય (સમાન ધર્મ) હોવાથી કહેલું છે. અને બાળજીવોને સરળતાથી બોધ થાય તે માટે 'પ્રદીપ જેવા' કહેલાં છે, એમ સમજવું. (૧૬)

**સમાસવિચાર : (१) धूमश्च वर्ति च इति धूमवर्ती । (द्वन्द्व) धूमवर्तिभ्यां निर्गतः इति निर्धूमवर्तिः ।** (**प्रात्यवपरि॰** સિ. હે. (૩-૧-૪૭) સૂત્રથી તત્પુરુષ સમાસ) અથવા **निर्-नितरां गते धूमवर्ती यस्मात् स निर्धूमवर्तिः ।** (બ.વ્રી.) (૨) **तैलस्य पूरः इति तैलपूरः ।** (ષ.ત.પુ.) **अपवर्जितः तैलपूरः येन स अपवर्जिततैलपूरः ।** (તૃ.બ.વ્રી.) **(३) जगतां त्रयं इति जगत्त्रयम् ।** (ષ.ત.પુ.) **तत् तथा । (४) अप्रकटं प्रकटं करोषि इति प्रकटीकरोषि ।** (તદ્ધિતનો **च्वि** પ્રત્યયવાળો પ્રયોગ) **(५) चलिताः अचलाः (पर्वताः) यैः ते चलिताचलाः ।** (બ.વ્રી.) **तेषां तथा । (६) जगत्सु प्रकाशः यस्य स जगत्प्रकाशः ।** (વ્યધિ. બ.વ્રી.) (૧૬)

**ઉપક્રમ :** ભગવાનને સૂર્યની સાથે ઉપમાનો નિષેધ કરે છે -

**नास्तं कदाचिदुपयासि न राहुगम्यः**
**स्पष्टीकरोषि सहसा युगपज्जगन्ति ।**
**नाम्भोधरोदरनिरुद्धमहाप्रभावः**
**सूर्यातिशायिमहिमाऽसि मुनीन्द्र ! लोके ॥ १७ ॥**

**અન્વય + શબ્દાર્થ : हे मुनीन्द्र !** (હે મુનીન્દ્ર ! મુનિઓનાં સ્વામી !) **लोके** (લોકમાં/જગતમાં) **(त्वं** આપ) **सूर्यातिशायिमहिमा** (સૂર્ય કરતાં અતિશાયી = ઘણાં વિશિષ્ટ મહિમાવાળા) **असि** (છો.) (**यतः** કારણકે) (**त्वं**) **कदाचिद् अस्तं** (તમે ક્યારેય અસ્તને) **न उपयासि** (પામતાં નથી) **राहुगम्यः न** (રાહુ વડે અભિભૂત થતાં નથી, ગ્રસિત થતાં નથી) **सहसा** (ઝડપથી, શીઘ્ર) **युगपत्** (એકકાળે, સમકાળે) **जगन्ति** (જગતને) **स्पष्टीकरोषि** (પ્રગટ/પ્રકાશિત કરો છો) **अम्भोधरोदरनिरूद्धमहाप्रभावः न** (મેઘના ગર્ભ / મધ્યભાગ વડે આચ્છાદિત થયેલ/ઢંકાઈ ગયેલ મહાન પ્રભાવવાળા નથી.)

**સરલાર્થ :** હે મુનિઓના નાથ ! આપ લોકમાં (જગતમાં) સૂર્ય કરતાં પણ વિશેષાધિક મહિમાવાળા છો. આપ ક્યારેય પણ અસ્ત પામતાં નથી. રાહુ વડે ગ્રસિત/અભિભૂત થતાં નથી. વળી જગતને શીઘ્ર સમકાળે (એક જ સમયમાં) પ્રકાશિત કરો છો. (જાણો છો.) તથા મેઘના ઉદર=મધ્યભાગ વડે આપનો મહાન પ્રભાવ (પ્રતાપ) ઢંકાઈ જતો નથી. (૧૭)

**વિશેષાર્થ :** સૂર્યની પણ ઉપમા ભગવાનને ઘટતી નથી. કારણકે સરખામણી કરતાં બન્નેય વચ્ચે ઘણું અંતર છે. અને ઉપમા તો ઘણા સમાન ગુણો હોતે છતે સંભવે છે. લૌકિક-લોકપ્રસિદ્ધ જે સૂર્ય છે તે (૧) સાંજ થતાં અસ્ત પામે છે, લુપ્ત થાય છે. (૨) વળી તે રાહુ વડે પરાભવ પામે છે. (૩) મર્યાદિત જગતને અર્થાત્ પોતાના ચાર-ક્ષેત્ર (orbit) ની આસપાસના ક્ષેત્રને ક્રમથી પ્રકાશિત કરે છે. (૪) ગાઢ મેઘથી આચ્છાદિત થયે છતે નિસ્તેજ થાય છે.

હે મુમુક્ષુઓના આધાર ! પ્રભુ ! આપ તો અપૂર્વ જુદા જ પ્રકારના સૂર્ય છો. (૧) આપ રાત્રિ વગેરેમાં અસ્ત પામતાં નથી, કારણકે, આપનું કેવળજ્ઞાન



તો રાત-દિવસ સદા ઝળકતું હોય છે. (૨) વળી, આપને રાહુનું ગ્રહણ ક્યારેય લાગુ પડતું નથી. અહીં રાહુનો કાળો વર્ણ હોવાથી પ્રભુપક્ષે કાળા દુષ્કૃત લેવા. તેનાથી તેઓ ક્યારેય વ્યાપ્ત થતાં નથી, આવરાતાં નથી. (૩) વળી, આપ ફક્ત જંબુદ્વીપને જ નહીં, કિન્તુ સમસ્ત જગતને શીઘ્ર એક જ સમયમાં પ્રકાશિત કરો છો. (૪) વળી, ગાઢ વાદળથી પણ આપનો મહાન પ્રભાવ અભિભૂત / આચ્છાદિત થતો નથી. તેથી નિસ્તેજ, ઝાંખો પડતો નથી.

જિનના પક્ષે અંભોધર = મેઘ શબ્દથી મતિ-શ્રુત-અવધિ-મનઃપર્યવ-કેવળજ્ઞાન રૂપ પાંચ જ્ઞાનના આવરણો (મતિજ્ઞાનાવરણાદિ) ગ્રહણ કરાય છે. તે પાંચ આવરણો વડે જેઓના જ્ઞાનનો પ્રકાશ ઢંકાયો નથી, એવા જિનેશ્વર છે. આથી જ સૂર્યથી અધિક મહિમાવાળા છો. પરમાત્માનો આત્મા છેલ્લા ભવમાં જન્મથી જ પૂર્વભવથી પ્રાપ્ત થયેલ અવિછિન્ન પ્રથમ ત્રણ જ્ઞાનવાળો હોય છે. દીક્ષા ગ્રહણ કરતાં જ ચોથું મનઃપર્યવજ્ઞાન પ્રગટ થાય છે અને ઘાતીકર્મનો ક્ષય થતાં પાંચમું કેવળજ્ઞાન પ્રગટ થાય છે ત્યારે સર્વ જ્ઞાનના આવરણો નષ્ટ થાય છે. તે પ્રકાશ ક્યારેય આવરાતો નથી. માટે સૂર્યથી ઘણા અધિક મહિમાવાળા કહ્યા છે, એમ ભાવ છે. (૧૭)

**કથા-પ્રસંગ :** (૯) આ સ્તોત્રના મહિમા વિષે **ધર્મદેવાચાર્ય** અને **કેલિપ્રિય** રાજપુત્રની કથા છે.

**સમાસવિચાર :** (१) **राहोः गम्यः इति राहुगम्यः ।** (ષ.ત.પુ.) **अस्पंष्टानि स्पष्टानि करोषि इति स्पष्टीकरोषि ।** (તદ્ધિત-**च्वि**-પ્રત્યય) (૩) **अम्भः (जलं) धरन्ति इति अम्भोधरः (आयुधादिभ्यो धृगः०** સિ. હે. (૫-૧-૯૫) સૂત્રથી **अच्** પ્રત્યય) (ઉપપદ ત.પુ.સમાસ) **अम्भोधरस्य उदरं इति अम्भो-धरोदरम् ।** (ષ.ત.પુ.) **तत्र तेन वा निरूद्धः (छन्नः) इति अम्भोधरोदर-निरुद्धः ।** (ત.પુ.) **महांश्चासौ प्रभावश्च इति महाप्रभावः ।** (ક.ધા.) **अम्भो-धरोदरनिरूद्धः महाप्रभावः यस्य इति अम्भोधरोदरनिरुद्धमहाप्रभावः ।** (બ.વ્રી.) (૧૭)



**ઉપક્રમ :** વિશેષથી શ્રી જિનેશ્વરને ચન્દ્રની ઉપમાનો નિષેધ કરતાં કહે છે -

**नित्योदयं दलितमोहमहान्धकारं**
**गम्यं न राहुवदनस्य न वारिदानाम् ।**
**विभ्राजते तव मुखाब्जमनल्पकान्ति**
**विद्योतयज्जगदपूर्वशशाङ्कबिम्बम् ॥ १८ ॥**

**અન્વય + શબ્દાર્થ :** (હે દેવેન્દ્રવંદ્ય પ્રભુ !) **नित्योदयं** (નિત્ય-હંમેશા ઉદય પામનારૂં શોભાવાળું) **दलितमोहमहान्धकारं** (મોહ-અજ્ઞાન અથવા મોહનીય કર્મરૂપી મોટા અંધકારનો નાશ કરનારું) **राहुवदनस्य न गम्यं** (રાહુના મુખ વડે અગમ્ય અર્થાત્ રાહુ વડે ગ્રસિત કરવાને શક્ય નથી, વળી) **वारिदानां न (गम्यं)** (વાદળો વડે અગમ્ય-આચ્છાદન કરવાને અયોગ્ય) **अनल्पकान्ति** (ઘણી શોભા-તેજવાળું અને) **जगद् विद्योतयत्** (જગતને પ્રકાશિત કરનારું એવું) **अपूर्वशशाङ्कबिम्बं** (અપૂર્વ-અલૌકિક-ચંદ્રનું બિંબરૂપી) **तव मुखाब्जं** (તમારું મુખરૂપી કમળ) **विभ्राजते** (વિશેષથી શોભે છે, દીપે છે.)

**સરલાર્થ :** (હે દેવેન્દ્રવન્દ્ય પ્રભુ !) હંમેશા ઉદય પામનારું, મોહ=એટલે અજ્ઞાન અથવા મોહનીય કર્મરૂપી મોટા અંધકારનો નાશ કરનારું, રાહુના મુખ વડે ગ્રહણ (ગ્રસિત) કરાવાને અશક્ય તેમજ મેઘ વડે આચ્છાદિત થવાને (ઢંકાવાને) અશક્ય, મહાન તેજવાળુ અને જગતને પ્રકાશિત કરનારું હોઈને કોઈ નવા જ (અલૌકિક) ચન્દ્રના બિંબરૂપી આપનું મુખરૂપી કમળ વિશેષ શોભે છે. (૧૮)

**વિશેષાર્થ :** પૂર્વે ૧૩મી ગાથામાં પ્રભુના મુખનું અને ચંદ્રના બિંબ વચ્ચે ઘણું મોટું અંતર સામાન્યથી જણાવેલ. હવે તે જ વાતને સ્તોત્રકાર અધિક વિશેષતાથી જણાવે છે. લોકમાં પ્રસિદ્ધ ચંદ્રનું બિંબ (૧) વારંવાર ઉદય-અસ્ત પામનારું અને અસ્થિર તેજવાળુ છે. તેમ જ (૨) અંધકારનો જ નાશ કરનારું, (૩) રાહુ વડે ગ્રસિત થનારું, (૪) મેઘ વડે ઢંકાઈ જનારું, (૫) કૃષ્ણપક્ષમાં ક્ષીણ થવાથી અલ્પ તેજવાળુ અને (૬) ભૂમિપ્રદેશને પણ પ્રકાશવા અસમર્થ છે.

જ્યારે પરમાત્માના મુખકમળ રૂપી અલૌકિક ચંદ્ર-મંડળ તો (૧) સદા ઉદય-અવસ્થામાં રહેનારું, શોભાયમાન થનારું છે. (૨) મોહરૂપી મહા અંધારાનો

નાશ કરનારું છે. ભાવથી પ્રભુના દર્શન પણ કરનારના મિથ્યાત્વાદિ મોહરૂપ અંધકારના પડળો દૂર થઈ જાય છે. (૩) વળી તે રાહુ વડે ગ્રસિત થતું નથી. અહીં પ્રભુના મુખકમળ પક્ષે દુષ્ટવાદીના વાદ રૂપી રાહુથી ગ્રસિત થતું નથી, અભિભૂત થતું નથી એમ સમજવું. (૪) પ્રભુનું મુખ ક્યારેય પણ મેઘ વડે ઢંકાતું નથી. અહીં મેઘ એટલે મેઘ જેવા કાળા દુષ્ટ આઠ કર્મો. તેનાથી ગ્રસ્ત બનતું નથી. ઉલટું, મુખના દર્શનથી તે કર્મો ક્ષય પામે છે. (૫) પ્રભુનું મુખ અનલ્પ=ઘણા તેજવાળું છે, બીજા ચંદ્રનું તેજ તો કૃષ્ણ(વદ) પક્ષે ક્ષીણ થતું જાય છે. (૬) પ્રભુનું મુખ જગતને પ્રકાશિત કરનારું છે. અન્ય ચંદ્રનું બિંબ તો જંબુદ્વીપને પ્રકાશિત કરે છે. તે પણ વધઘટ થતાં પ્રકાશ/તેજવાળું હોય છે.

આગમમાં પણ કહ્યું છે કે,

**चंदाइच्चगहाणं, पहा पयासेइ परिमियं खित्तं ।**
**केवलियं पुण नाणं, लोयालेयं पयासेइ ॥ १ ॥**

**અર્થ :** ચંદ્ર અને સૂર્યની પ્રભા (પ્રકાશ) પરિમિત-મર્યાદિત ક્ષેત્રને પ્રકાશિત કરે છે. જ્યારે કેવળજ્ઞાન રૂપ પ્રકાશ લોકાલોકને પ્રકાશિત કરે છે. (૧)

ભગવાનના મુખનું તેજ એટલું બધું હોય છે કે, જોનારના નેત્રો અંજાઈ જવાથી ભગવાનના દેહને બરાબર જોઈ પણ શકતાં નથી. આ દોષને ટાળવા દેવો પ્રભુના મસ્તકની પાછળના ભાગે ભામંડળની રચના કરે છે. આ ભામંડળનું તેજ સૂર્યમંડળ કરતાં ય અધિક હોય છે. તેમાં પ્રભુના મુખના તેજનું સંહરણ થઈ જવાથી પ્રભુનો દેહ જોવાને શક્ય બને છે. **વીતરાગસ્તોત્રમાં** કહ્યું છે કે,

**यन्मूर्ध्नः पश्चिमे भागे, जितमार्तण्डमण्डलम् ।**
**मा भूद् वपुर्दुरालोकमितीवोत्पिण्डितं महः ॥ (प्र.३-११)**

**અર્થ :** પોતાના તેજથી જેણે સૂર્યમંડલને જીતી લીધું છે એવું ભામંડળ આપના મસ્તકના પાછળના ભાગમાં પ્રકાશે છે. સૂર્યમંડલની જેમ પ્રભુનું શરીર દુઃખેથી જોઈ શકાય એવું ન બને તે માટે દેવોએ પ્રભુના દેહનાં જ તેજને જાણે કે એકઠું-પિંડરૂપે કરીને મસ્તક પાછળ સ્થાપેલું જણાય છે. (જો કે ઘાતિકર્મના ક્ષયના સહચારથી થનારું છે છતાં ભામંડળ અંગે આવી ઉત્પ્રેક્ષા (કલ્પના) કરી છે, છતાં પ્રભુના દેહનું તેજ સૂર્યથી અધિક છે એ તો સ્પષ્ટ જણાય છે.)

આમ શ્રી જિનેશ્વરનું મુખકમળ લૌકિક ચન્દ્ર કરતાં અધિક વિશેષ ગુણોવાળું હોવાથી અલૌકિક છે. (જો કે આ બધો પ્રભાવ પ્રભુના વિશિષ્ટ ઉપશમ

ભાવ, ધૈર્ય, ગાંભીર્ય, સમત્વ, પરાર્થત્વ વગેરે ગુણોનો છે. તે ગુણો સહિત પ્રભુએ 'સવિ જીવ કરું શાસન રસી' એવી કરુણારસ જનિત પરમ ઉદાર ભાવનાથી બાંધેલાં તીર્થંકર નામકર્મના વિપાક-ઉદયનો પ્રભાવ છે, એમ સમજવું.) (૧૮)

**કથા-પ્રસંગ : (૧૦)** આ ગાથાના પ્રભાવ ઉપર કુમારપાળ રાજાના મંત્રી ઉદયનના પુત્ર **અંબડ**ની કથા છે.

**સમાસવિચાર :** (१) नित्यं उदयो यस्य तत् नित्योदयम् । (બ.વ્રી.) तत् तथा । (२) महांश्चासौ अन्धकारश्च इति महान्धकारः । (ક.ધા.) मोह एव महान्धकार इति मोहमहान्धकारः (ક.ધા.) दलितं मोहमहान्धकारं येन तत् दलितमोहमहान्धकारम् । (બ.વ્રી.) (३) राहोः वदनं इति राहुवदनम् (ષ.ત.પુ.) तस्य तथा । (४) वारीणि ददन्ति इति वारिदाः । तेषां तथा । (ઉપપદ ત.પુ.) (५) मुखमेव अब्जं इति मुखाब्जम् । (ઉપમાન પૂ.પ.ક.ધા.) (६) न अल्पा इति अनल्पा (નञ् ત.પુ.) अनल्पा कान्तिः यस्य तत् अनल्पकान्ति । (બ.વ્રી.) (७) न पूर्वं इति अपूर्वम् । (નञ् ત.પુ.) शशाङ्कस्य बिम्बं इति शशाङ्कबिम्बम् । (ષ.ત.પુ.) अपूर्वं च तत् शशाङ्कबिम्बं च इति अपूर्वशशाङ्क-बिम्बम् । (ક.ધા.) (૧૮)

● ● ●

## સુભાષિત

आनन्दाश्रूणि रोमाञ्चो, बहुमानं प्रियं वचः ।
किं वाऽनुमोदना पात्र-दानभूषणपञ्चक्रम् ॥ १ ॥

**અર્થ :** સુપાત્રદાનના પાંચ ભૂષણ છે. સુપાત્રદાન કરીને
(૧) આનંદના આંસુ આવવા (૨) રોમાંચ ખડા થવા
(૩) બહુમાન થવું. (૪) પ્રિય વચનો કહેવા અને
(૫) હૃદયથી અનુમોદના કરવી.



**ઉપક્રમ :** ભગવાનના મુખની આગળ સૂર્ય-ચંદ્ર પણ નિરર્થક થઈ જાય છે તે કહે છે -

**किं शर्वरीषु शशिनाऽह्नि विवस्वता वा**
**युष्मन्मुखेन्दुदलितेषुतमस्सु नाथ !।**
**निष्पन्नशालिवनशालिनि जीवलोके**
**कार्यं कियज्जलधरैर्जलभारनम्रैः ? ॥ १९ ॥**

**અન્વય + શબ્દાર્થ : हे नाथ ! युष्मन्मुखेन्दुदलितेषु तमस्सु** (હે નાથ ! આપના મુખરુપી ચંદ્ર વડે અંધકારનો નાશ થયે છતે) **शर्वरीषु** (રાત્રિને વિષે) **शशिना किम्** (ચંદ્ર વડે શું પ્રયોજન ?) **वा** (અથવા) **अह्नि** (દિવસે) **विवस्वता किम् ?** (સૂર્ય વડે શું ? અર્થાત્ બન્નેયનું કોઈ પ્રયોજન નથી) **जीवलोके** (જીવલોક / મનુષ્યલોક) **निष्पन्नशालिवनशालिनि (सति)** (પાકી ગયેલ, શાલિના-ડાંગરના વનોથી શોભતો હોતે છતે) **जलभारनम्रैः** (પાણીના ભારથી નમી ગયેલાં) **जलधरैः** (વાદળો વડે) **कियत् कार्यम् ?** (કેટલું / શું પ્રયોજન હોય? અર્થાત્ કાંઈપણ પ્રયોજન ન હોય.)

**સરલાર્થ :** હે નાથ ! આપના મુખરૂપી ચંદ્રવડે અંધકારનો નાશ થયે છતે રાત્રિને વિષે ચંદ્રનું શું પ્રયોજન ? અથવા દિવસે સૂર્યનું શું કામ ? (દ્રષ્ટાંતથી સમજાવે છે.) જીવલોક (મનુષ્યલોક) પાકી ગયેલ-તૈયાર પાકવાળા શાંલિના (ડાંગરના) વનોથી શોભતો હોય ત્યારે પાણીના ભારથી નમી ગયેલા વાદળનું શું પ્રયોજન હોય ? અર્થાત્ કાંઈપણ પ્રયોજન ન હોય. (૧૯)

**વિશેષાર્થ :** ભગવાનના મુખકમળના અત્યંત તેજસ્વીપણાની વાત પૂર્વે કરી છે. એ જ વાતને સ્તુતિકાર આગળ વધારે છે. ભગવાનનાં મુખકમળના તેજ આગળ ચંદ્ર-સૂર્યનું તેજ પણ નિષ્પ્રયોજન બની જાય છે. કારણકે, તેઓનું મુખ્ય કાર્ય ક્રમશઃ રાત્રે અને દિવસે અંધકારનો નાશ કરવાનું છે. હવે જો તે અંધારાનો સંપૂર્ણ નાશ ભગવાનના મુખકમળના તેજથી જ થઈ જતો હોય તો ચંદ્ર-સૂર્યનો પ્રકાશ નિરર્થક જ છે, એમ કવિ જણાવે છે. દ્રષ્ટાંત આપે છે- મનુષ્યલોક જ્યારે પાકી ગયેલ શાલિના (ડાંગરના) વનથી શોભી ઉઠ્યો હોય

ત્યારે પાણીના ભારથી નમી ગયેલાં વાદળોનું શું પ્રયોજન હોય ? (ઉલટું પાક તૈયાર થઈ ગયા પછી પણ વરસાદ વરસતો રહે તો પાકને નુકસાન પણ કરી શકે છે.) પાક તૈયાર થઈ જવાથી વાદળનું વરસવું નિરર્થક છે. આ જ રીતે ચંદ્ર-સૂર્યનું કાર્ય પ્રભુના મુખ કમળથી થઈ જવાથી તેનાથી કોઈ અર્થ સરતો નથી, એમ કવિનો આશય છે.

અહીં પ્રભુ પક્ષે તેઓનું મુખકમળ ફક્ત અંધારાને દૂર કરનારું નથી પણ પાપ રૂપ અંધકારનો પણ નાશ કરનારું છે. જેમ તૃણ, વેલડી, ધાન્ય વગેરે ઉત્પન્ન (તૈયાર) થઈ ગયા હોય ત્યારે-વરસાદ ફક્ત કાદવ-કલેશ વગેરેનું કારણ બનવાથી નિષ્ફળ છે, તેમ આપના મુખરૂપ ચંદ્ર વડે રાત્રે અને દિવસે અંધારુ દૂર થઈ જવાથી ચંદ્ર અને સૂર્યનો કોઈ અર્થ રહેતો નથી. તે તો ફક્ત ઠંડી, સંતાપરૂપ પીડા કરનારા થાય છે, એ ભાવ છે.

અહીં **ઉપા.શ્રી મેઘવિજયજી મહારાજ** નોંધે છે કે, 'મુખના પ્રકાશ વડે, જો કે, સૂર્ય અને ચંદ્રનું વસ્તુતઃ નિરર્થકપણું થઈ જતું નથી, (કારણકે, પ્રભુના બાહ્ય અસ્તિત્વથી અન્ય ઠેકાણે તો તે બેનો પ્રકાશ સાર્થક છે) તો પણ કવિશ્રી માનતુંગસૂરિવરને તેવો ભાવોલ્લાસ થવાથી દોષરૂપ નથી'.(૧૯)

**કથા પ્રસંગ :** (૧૧) આ કાવ્યના પ્રભાવ વિષે વિશાલાનગરીના **લક્ષ્મણ** નામના વણિક (વેપારી)ની કથા છે.

**સમાસવિચાર : (१) मुखं एव इन्दुः इति मुखेन्दुः** (ક.ધા.) **युष्माकं मुखन्दुः इति युष्मन्मुखेन्दुः ।** (ષ.ત.પુ.) **युष्मन्मुखेन्दुना दलितानि इति युष्मन्मुखेन्दु-दलितानि ।** (તૃ.ત.પુ.) **तेषु तथा । (२) शालीनां वनानि इति शालिवनानि ।** (ષ.ત.પુ.) **। निष्पन्नानि च तानि शालिवनानि च इति निष्पन्नशालिवनानि ।** (ક.ધા.) **तैः शालते-शोभते इत्येवंशीलः इति निष्पन्नशालिवनशाली । तस्मिन् तथा ।** (ઉપપદ ત.પુ.) **(३) जीवानां लोकः इति जीवलोकः । तस्मिन् तथा ।** (ષ.ત.પુ.) **(४) जलानि धरन्ति इति जलधराः ।** (ઉપપદ. ત.પુ.) **तैः तथा । जलानां भारः इति जलभारः ।** (ષ.ત.પુ.) **तेन नम्राः (नमनशीलाः) इति जल-भारनम्राः ।** (તૃ.ત.પુ.) (૧૯)

**ઉપક્રમ :** જ્ઞાન દ્વારા અન્ય દેવોની ન્યૂનતા જણાવે છે. અથવા દ્રશ્યમાન જ્યોતિર્મય (તેજસ્વી) પદાર્થોથી પ્રભુની અધિકતા જણાવીને હવે અન્ય મત-વાળાઓ વડે સ્વીકૃત દેવોથી અધિકતા જણાવે છે -

**ज्ञानं यथा त्वयि विभाति कृताऽवकाशं**
**नैवं तथा हरिहरादिषु नायकेषु ।**
**तेजः स्फुरन्मणिषु याति यथा महत्त्वं**
**नैवं तु काचशकले किरणाऽऽकुलेऽपि ॥ २० ॥**

**અન્વય + શબ્દાર્થ :** **त्वयि** (આપનામાં) **कृतावकाशं** (કરેલો છે અવકાશ = સ્થાન/પ્રકાશ જેણે એવું) **ज्ञानं** (જ્ઞાન) **यथा विभाति** (જે રીતે શોભે છે) **तथा** (તે પ્રમાણે) **हरिहरादिषु नायकेषु** (હરિ/વિષ્ણુ, હર/શિવ વગેરે નાયકોમાં = પોતપોતાના મતના સ્વામીઓમાં) **न एवं विभाति** (શોભતું નથી જ) **स्फुरन्मणिषु** (જાતિમાન રત્નોમાં) **तेजः** (તેજ/પ્રકાશ) **यथा महत्वं याति** (જે રીતે મહત્વને/ગૌરવને પામે છે) **एवं तु** (તે પ્રમાણે) **किरणाकुलेऽपि** (કિરણો વડે/કાંતિવડે વ્યાપ્ત એવા પણ) **काचशकले** (કાચના ટુકડાઓમાં) **विभाति न** (મહત્ત્વ પામતો નથી.)

**સરલાર્થ :** (હે લોકાલોક પ્રકાશક જ્ઞાનવાળા પ્રભુ !) આપનામાં સ્થાન પામનારું અથવા પ્રકાશ પામનારું જ્ઞાન જે પ્રમાણે શોભે છે, તે પ્રમાણે હરિ, હર વગેરે અન્ય મતના સ્વામીઓમાં (નાયકોમાં) શોભતું નથી જ. જાતિમાન રત્નોમાં જે રીતે પ્રકાશ ગૌરવને પામે છે, તે રીતે કિરણોથી વ્યાપ્ત થયેલ (ચકચકિત થયેલાં) પણ કાચના ટુકડાઓમાં પ્રકાશ ગૌરવને પામતો નથી. (૨૦)

**વિશેષાર્થ :** પૂર્વના કાવ્યમાં ભૌતિક પદાર્થોથી પ્રભુની વિશેષતા બતાવીને હવે સ્તોત્રકાર અન્ય દેવોથી ગુણવૈભવની અધિકતા જણાવે છે. **कृतावकाशं** પદ **ज्ञानं** નું વિશેષણ છે. હે લોકાલોક-પ્રકાશક જ્ઞાનવાળા પ્રભુ ! **त्वयि**=તમારા વિષે-ભગવાનમાં કૃતાવકાશવાળું અર્થાત્ કરેલ સ્થાનવાળુ અથવા પ્રકાશવાળુ જ્ઞાન જે રીતે શોભે છે, તે રીતે બીજે શોભતું નથી. પ્રભુનું જ્ઞાન અનંત-



પર્યાયાત્મક સર્વપદાર્થોનું પ્રકાશક હોવાથી પરિપૂર્ણ અને અવિસંવાદી છે. આથી જાતિમાન રત્નો વજ્ર, ઈન્દ્રનીલ, વૈડુર્ય વગેરેની જેમ સહજ પ્રભાની જેમ શોભે છે. અન્ય મતના નાયકો-વિષ્ણુ, રુદ્ર વગેરેનું જ્ઞાન અપૂર્ણ અને પૂર્વાપર વિસંવાદી હોવાથી તેવા પ્રકારે કાચના કટકાની તેજની જેમ શોભતું નથી.

બીજી પંક્તિમાં **'न एवं'** ના બે અર્થ છે-(૧) **न एवं=**આવા પ્રકારનું (જ્ઞાન) નથી. (૨) **न एवं=**'જ' કાર (તેવા પ્રકારનું જ્ઞાન) 'નથી જ' એમ અર્થ છે. 'તથા' શબ્દથી જ 'તેવા પ્રકારે' અર્થ પ્રાપ્ત થઈ જવાથી **'एवं'** નો અર્થ 'જ' કાર કરવો ઉચિત છે. **एवम्** શબ્દ સાદશ્યની જેમ 'જ' કાર (નિશ્ચય) અર્થમાં પણ વર્તે છે.

આમ ભગવાનમાં જેવું સ્યાદ્વાદ-ગર્ભિત, સર્વ નય-ગમ-પર્યાય યુક્ત પ્રમાણભૂત જ્ઞાન છે, તેવું બીજાઓમાં નથી. કહ્યું છે કે,

**मणिर्लुठतु पादाग्रे, काचः शिरसि धार्यते ।**
**क्रयविक्रयवेलायां, काचः काचो मणिर्मणिः ॥१॥**

**અર્થ :** મણિરત્ન કદાચ ચરણમાં આળોટે-આમતેમ આથડે અને કાચ કદાચ મસ્તક ઉપર ધારણ કરાય તો પણ લે-વેચ કરતી વખતે તો કાચ-કાચ જ છે અને મણિ મણિ છે, કારણકે બન્નેયની પોતાની યોગ્યતા મુજબ જ કિંમત ઉપજે છે. અહીં **त्वयि** શબ્દ વડે નિર્દિષ્ટ 'ભગવાન' એકવચનમાં છે અને જેની ઉપમા આપી છે તે જાત્ય મણિનો **स्फुरन्मणिषु** એમ બહુવચન વડે નિર્દેશ છે. તથા **नायकेषु** બહુવચનમાં છે અને તેની ઉપમા **काचशकले** એક વચનમાં છે તો પણ દોષ નથી. કારણકે, ઉપમા-ઉપમેય સંબંધ હોય ત્યાં ઉપમા (ઉપમાન) અને ઉપમેય વચ્ચે વચન-ભેદને દોષરૂપ કહેલો નથી. આ જ વાત પૂર્વે ચોથા શ્લોકમાં ઉપમેય **गुणान्** બહુવચનમાં અને ઉપમા **जल-निधेः** એકવચનમાં છે, ઈત્યાદિ અનેક ઠેકાણે જે વચન-ભેદ છે તે દોષરૂપ નથી એમ સમજવું.

**यैः शांतराग०** (૧૨) મી સ્તુતિથી માંડીને **ज्ञानं यथा त्वयि०** એ (૨૦)મી સ્તુતિનો સવારે પાઠ કરાય તો બુદ્ધિ-સંપત્તિની વૃદ્ધિ કરે છે એમ **ઉપા.શ્રી મેઘવિજયજી મ.સા.**ની ટીકામાં કહેલું છે. (૨૦)

**કથાપ્રસંગ :** (૧૨) આ પદ્યના પ્રભાવ વિષે શ્રી નાગપુર નગરે પધારેલ **આ. વિજયસેનસૂરિજી** મહારાજની કથા છે.

**સમાસવિચાર :** (१) कृतः अवकाशः येन तत् कृतावकाशम् । (તૃ.બ.વ્રી.) (२) हरिश्च हरश्च इति हरिहरौ । (દ્વન્દ્વ) तौ आदौ येषां ते हरिहरादयः । तेषु तथा । (વ્યધિ.બ.વ્રી.) (३) स्फुरन्तश्च ते मणयश्च इति स्फुरन्मणयः । तेषु तथा । (ક.ધા.) (४) काचस्य शकलं काचशकलम् । तस्मिन् तथा । (ષ.ત.પુ.) (५) किरणैः आकुलं इति किरणाकुलम् । तस्मिन् तथा । (તૃ.ત.પુ.) (૨૦)

## સુભાષિત : જૈન ધર્મનો મહિમા

आधारो यस्त्रिलोक्या जलधिजलधरार्केन्दवो यन्नियोज्या,
भुज्यन्ते यत्प्रसादादसुरसुरनराधीश्वरैः सम्पदस्ताः ।
आदेश्या यस्य चिन्तामणिसुरसुरभीकल्पवृक्षादयस्ते,
श्रीमान् जैनेन्द्रधर्मः किसलयतु स वः शाश्वतीं शर्मलक्ष्मीम् ॥१॥

**અર્થ :** ૧. જે ત્રણ લોકનો આધાર છે, ૨. સમુદ્ર, વાદળ, સૂર્ય અને ચંદ્ર પણ જેઓથી પ્રેરાયેલાં છે, ૩. જેની કૃપાથી અસુરેન્દ્ર, સુરેન્દ્ર અને નરેન્દ્રો સ્વોચિત વૈભવનો ભોગવટો કરે છે, ૪. તેમજ ચિંતામણિ, કામધેનુ, કલ્પવૃક્ષ વગેરે પણ જેને આદેશ કરવા યોગ્ય છે, આજ્ઞાધીન છે, તે સુંદર એવો **જિનેશ્વરે બતાવેલો ધર્મ** તમારી શાશ્વત સુખરૂપી લક્ષ્મીની કૂંપળને પ્રગટ કરો. (અર્થાત્ શાશ્વત મોક્ષસુખનું કારણ બનો.)

**ઉપક્રમ :** નિંદા અને સ્તુતિથી મિશ્ર વૃત્તને કહે છે. અથવા જુદી રીતે અન્ય દેવોથી અરિહંતનું અધિકપણું જણાવે છે -

**मन्ये वरं हरिहरादय एव दृष्टा**
**दृष्टेषु येषु हृदयं त्वयि तोषमेति ।**
**किं वीक्षितेन भवता भुवि येन नान्यः**
**कश्चिन्मनो हरति नाथ ! भवान्तरेऽपि ॥ २१ ॥**

**અન્વય + શબ્દાર્થ : हे नाथ !** (હે નાથ !) **मन्ये** (હું માનું છું કે) **हरिहरा-दयः** (હરિ,હર વગેરે દેવો) **(मया) दृष्टा एव वरं** (મારા વડે જોવાયા તે જ સારું થયું) **येषु दृष्टेषु** (જેઓ જોવાયે છતે) **हृदयं त्वयि** (હૃદય આપના વિષે) **तोषं एति** (સંતોષ પામે છે) **वीक्षितेन भवता किम् ?** (જોવાયેલાં આપના વડે શું ! અર્થાત્ આપને જોવાથી શું પ્રયોજન ?) **येन** (જે કારણથી) **भुवि** (જગતમાં) **भवान्तरेऽपि** (અન્ય જન્મમાં પણ) **अन्यः कश्चित् (देवः)** (બીજો કોઈ દેવ) **मनो न हरति** (મનને હરતો નથી, વશ કરતો નથી અર્થાત્ કરી શકશે નહીં.)

**સરલાર્થ :** હે નાથ ! હું માનું છું કે, હરિ, હર વગેરે દેવો મારા વડે જોવાયા તે જ સારું થયું કારણકે, તેઓ જોવાયે છતે મારું હૃદય આપને વિષે સંતોષ પામે છે, આપનામાં જ ઠરે છે. **(પ્રશ્ન)** આપને જોવાનું શું પ્રયોજન ? **(જવાબ)** જે કારણથી (આપને જોવાના કારણે) અન્ય જન્મમાં બીજા કોઈ પણ (રાગી-દ્વેષી દેવ) મારા મનને હરી શકશે નહીં, મને સંતોષ પમાડી શકશે નહીં. (૨૧)

**વિશેષાર્થ :** આ કાવ્યમાં નિંદા અને સ્તુતિનો મિશ્રભાવ છે. હે પ્રભુ ! મેં હરિ, હર વગેરે રાગી-દ્વેષી દેવોને જોયા તે સારું કર્યુ એમ કહેવા દ્વારા અન્ય દેવોની સ્તુતિ કરી છે. પણ તેના ફળ સ્વરૂપે-તેઓને જોયા છતાં, મારું મન આપના વિષે જ ઠરે છે, સંતોષ પામે છે, એમ કહેવા દ્વારા ફલતઃ નિંદા કરી છે. આથી કંઈક સ્તુતિવ્યાજ રૂપ અલંકાર છે. આમ તેલ ખાવાથી જેમ ઘી ઉપર ઘણો આદર થાય તેમ બીજા દેવોને જોવાથી જ તમારા ઉપર વિશેષ ભક્તિનો ભાવ જાગ્રત થયો છે.

ના, અન્ય દેવોને બદલે વીતરાગમાં મન ઠરે છે, એટલું જ ફળ નથી.



કિન્તુ, હે સર્વગુણસંપન્ન પરમાત્મા ! આપને જોવાથી આ જગતમાં ભવાંતરમાં પણ- બીજા ભવોમાં પણ અન્ય કોઈ છદ્મસ્થ રાગી-દ્વેષી દેવમાં મારું મન લાગશે નહીં. તેઓ મારું ચિત્ત હરી શકશે નહીં. મારું મન તો સંપૂર્ણ રાગ-દ્વેષ-અજ્ઞાનરહિત પરમાત્મામાં જ સ્થિર રહેશે. કારણકે રાગી-દ્વેષી-અજ્ઞાની અને વીતરાગી-સર્વજ્ઞ દેવ વચ્ચેનો તાત્વિક ભેદ મને બરોબર અંતરમાં પરિણમી ગયો છે. આવા પ્રકારના ભવ્યજીવોના ચિત્તનું હરણ તો સર્વથા સર્વગુણ સંપન્ન-સર્વદોષરહિત ભગવાન જ કરી શકે. અન્ય દેવો રાગ-દ્વેષથી ક્ષુબ્ધ હોવાથી અને જ્ઞાનરહિત હોવાથી ચિત્તને હરવાનું કારણ બનતાં નથી. એમ કવિનો ભાવ છે. ઋષભદેવ પ્રભુને જોતાં જ શ્રેયાંસના ચિત્તનું હરણ થયું અને જાતિ-સ્મરણ થતાં પ્રભુના ૪૦૦ ઉપવાસનું પારણું કરાવ્યું, તેમ...

આમ આ સ્તોત્રમાં કવિએ પોતાની નિશ્ચલ શ્રદ્ધા પ્રતિબિંબિત કરી છે. (૨૧)

**કથા-પ્રસંગ :** (૧૩) આ સ્તોત્રના પ્રભાવ ઉપર આ.**શ્રી જીવદેવસૂરીશ્વરજી**નું દ્રષ્ટાંત છે.

**સમાસવિચાર :** (१) हरिश्च हरश्च इति हरिहरौ । (द्वन्द्व) तौ आदी येषां ते हरिहरादयः । (२) (एकस्माद्) भवाद् अन्यो भवः भवान्तरं, तस्मिन् तथा । (મયૂરવ્યંસકાદિ ગણથી ત.પુ. સમાસ.) (૨૧)

● ● ●

## સુભાષિત : મહાપુરુષોની કરુણા

निर्गुणेष्वपि सत्त्वेषु, दयां कुर्वन्ति साधवः ।
न हि संहरति ज्योत्स्नां, चन्द्रश्चाण्डालवेश्मसु ॥ १ ॥

**અર્થ :** નિર્ગુણી જીવો ઉપર પણ સાધુઓ (સજ્જનો) દયા કરે છે. (અર્થાત્ સર્વત્ર કૃપા કરે છે.) જેમ કે, ચંદ્ર ચંડાળનું ઘર છે એમ માનીને તેની ઉપર પોતાની ચાંદનીનું સંહરણ કરતો નથી. કિન્તુ, ત્યાં પણ જયોત્સ્નાના કિરણો ફેલાવે છે.



**ઉપક્રમ :** ભગવાનની માતાની પ્રશંસા દ્વારા પ્રભુની સ્તુતિ કરે છે -

**स्त्रीणां शतानि शतशो जनयन्ति पुत्रान्**
**नान्या सुतं त्वदुपमं जननी प्रसूता ।**
**सर्वा दिशो दधति भानि सहस्ररश्मिं**
**प्राच्येव दिग् जनयति स्फुरदंशुजालम् ॥ २२ ॥**

**અન્વય + શબ્દાર્થ : स्त्रीणां शतानि** (સેંકડો સ્ત્રીઓ) **शतशः पुत्रान्** (સેંકડો પુત્રોને) **जनयन्ति** (જન્મ આપે છે.) **अन्या जननी** (બીજી માતા) **त्वदुपमं सुतं** (આપની સમાન પુત્રને) **न जनयति** (જન્મ આપતી નથી) **सर्वा दिशः** (બધી દિશાઓ) **भानि दधति** (નક્ષત્રોને ધારણ કરે છે,) **(परन्तु) स्फुरदंशुजालं** (પરંતુ દેદીપ્યમાન કિરણોના સમૂહવાળા) **सहस्ररश्मिं** (સૂર્યને) **प्राची एव दिक्** (પૂર્વ દિશા જ) **जनयति** (ઉત્પન્ન કરે છે.)

**સરલાર્થ :** (હે અજન્મા પ્રભુ !) સેકડો સ્ત્રીઓ સેંકડો પુત્રોને જન્મ આપે છે, પરંતુ બીજી માતાઓ આપના સમાન પુત્રને જન્મ આપતી નથી. (જેમ કે,) સર્વ દિશાઓ નક્ષત્રોને ધારણ કરે છે, પરંતુ દેદીપ્યમાન કિરણોના સમૂહવાળા સૂર્યને તો પૂર્વ દિશા જ જન્મ આપે છે, ઉત્પન્ન કરે છે. (૨૨)

**વિશેષાર્થ :** સામાન્ય પ્રકાશવાળા નક્ષત્રોને તો બધી દિશાઓ ધારણ કરે છે. પણ તેજસ્વી કિરણોવાળા સૂર્યનો જન્મ (ઉદય) તો પૂર્વ દિશામાં જ થાય છે. તેમ સેંકડો માતાઓ પુત્રોને જન્મ આપવા છતાં કોઈક જ માતા મરુદેવા, વામા, ત્રિશલા વગેરે તીર્થંકર શ્રી જિનેશ્વર પ્રભુને જન્મ આપે છે. આમ આપ અજોડ અનુપમ ગુણોવાળા હોવાથી કોઈક જ માતા આપના જેવાની જન્મ-દાત્રી બની શકે છે, એમ પ્રભુની જ સ્તુતિ કરી છે.

ભાવાર્થ એ છે કે તીર્થંકર પ્રભુ મહાન છે, તો તેઓની માતા અને જન્મ પણ મહાન છે. સામાન્ય રીતે જિનશાસનમાં જન્મ સારો કહ્યો નથી. કેમ કે જન્મ થવાથી શરીર, સંયોગો, કર્મબંધન, ભવભ્રમણ પ્રાપ્ત થાય છે. કિન્તુ જે આત્માઓ અજન્મા બનવાની સાધના કરવા માટે જન્મ લે છે તેઓના જન્મને જ્ઞાનીઓ પણ વખાણ કરે છે. **તત્ત્વાર્થસૂત્ર**ની સંબંધ-કારિકાના પ્રથમ

શ્લોકમાં કહ્યું છે કે...

सम्यग्दर्शनशुद्धं यो ज्ञानं विरतिमेव चाप्नोति ।
दुःखनिमित्तमपीदं तेन सुलब्धं भवति जन्म ॥ १ ॥

**અર્થ :** સમ્યગ્દર્શનથી શુદ્ધ એવા જ્ઞાન અને ચારિત્રને જે આત્માઓ પ્રાપ્ત કરે છે તેઓનો દુઃખના કારણભૂત એવો પણ જન્મ વખાણવાલાયક છે." તીર્થંકર પરમાત્માનો જન્મ પણ અજન્મા બનવાની-મુક્તિની સાધના કરવા માટે છે એટલું જ નહીં પણ તેઓ સ્વયં તરનારા અને બીજાને પણ તારનારા છે. (તિન્નાણં તારયાણં) આથી તેઓનો જન્મ અને તેઓને જન્મ આપનારી માતા પણ સ્તુત્ય છે. એમ હાર્દ છે. (૨૨)

**કથા-પ્રસંગ :** (૧૪) ૨૨માં સ્તોત્રના પ્રભાવ અંગે **શ્રી આર્ય ખપુટાચાર્યનું** ઉદાહરણ છે.

**સમાસવિચાર :** (१) तव उपमा यस्य इति त्वदुपमः । तं तथा । (વ્ય.બ.વ્રી.) (२) सहस्रं रश्मयो यस्य स सहस्ररश्मिः । तं तथा । (બ.વ્રી.) (३) अंशूनां जालं इति अंशुजालम् । (ષ.ત.પુ.) स्फुरद् अंशुजालं यस्य स स्फुरदंशु-जालः । (બ.વ્રી.) तं तथा । (૨૨)

● ● ●

**સુભાષિત**

जैनो धर्मः प्रकटविभवः सङ्गतिः साधुलोके
विद्वद्गोष्ठी वचनपटुता कौशलं सत्कलासु ।
साध्वी लक्ष्मीश्चरणकमलोपासना सद्गुरूवणां,
शुद्धं शीलं मतिरमलिना प्राप्यते नाल्पपुण्यैः ॥ १ ॥

અર્થ : ૧. શ્રી જિનેશ્વર પ્રભુનો ધર્મ, ૨. પ્રગટ વૈભવ, ૩. સાધુજનોની સંગતિ, ૪. વિદ્વાનો સાથે ગોષ્ઠિ, ૫. વાણીમાં કુશળતા, ૬. સારી કળાઓમાં હોંશિયારી, ૭. સારી (ન્યાયસંગત) સંપત્તિ, ૮. સદ્ગુરુના ચરણકમળની ઉપાસના, ૯. શુદ્ધ શીલ (ચારિત્ર), ૧૦. અને નિર્મળ બોધ...
**આ બધી વસ્તુઓ અલ્પપુણ્યથી પ્રાપ્ત થતી નથી.**
**(પણ ઘણાં પુણ્યથી મળે છે.) (૧)**

**ઉપક્રમ :** પરમાત્માની પરમપુરુષ રૂપે સ્તુતિ કરે છે -

> **त्वामामनन्ति मुनयः परमं पुमांस-**
> **मादित्यवर्णममलं तमसः परस्तात् ।**
> **त्वामेव सम्यगुपलभ्य जयन्ति मृत्युं**
> **नान्यः शिवः शिवपदस्य मुनीन्द्र! पन्थाः ॥ २३ ॥**

**અન્વય + શબ્દાર્થ :** **मुनीन्द्रः** । (હે મુનીન્દ્ર ! મુનિઓના નાથ!) **मुनयः** (મુનિઓ) **त्वां परमं पुमांसं** (આપને પરમપુરુષ) **आदित्यवर्णं** (સૂર્ય જેવા વર્ણવાળા/કાંતિવાળા) **अमलं** (નિર્મલ=રાગ-દ્વેષરૂપ મલથી રહિત અને) **तमसः परस्तात्** (અંધકારથી / પાપથી પર થયેલ અર્થાત્ રહિત) **आमनयन्ति** (માને છે) **त्वामेव** (આપને જ) **सम्यक् उपलभ्य** (સમ્યગ્ રીતે અંતઃકરણની શુદ્ધિપૂર્વક પ્રાપ્ત કરીને, સ્વીકારીને) **मृत्युं** (મૃત્યુ ઉપર) **जयन्ति** (વિજય મેળવે છે) **शिवपदस्य** (શિવપદનો/મોક્ષસ્થાનનો) **अन्यः** (બીજો) **शिवः** (પ્રશસ્ત અથવા નિરુપદ્રવ) **पन्थाः** (માર્ગ) **न (अस्ति)** (નથી.)

**સરલાર્થ :** હે મુનીન્દ્ર ! મુનિઓના સ્વામી ! મુનિઓ આપને પરમપુરુષ, આદિત્ય (સૂર્ય) જેવી કાંતિવાળા, (રાગ-દ્વેષરૂપ) મેલથી રહિત અને અંધકારથી/પાપથી પર (દૂર) થયેલાં માને છે, સ્વીકારે છે. આપને જ સારી રીતે (અંતઃકરણની શુદ્ધિપૂર્વક) પ્રાપ્ત કરીને (મહાભયાનક) મૃત્યુ ઉપર વિજય મેળવે છે. મોક્ષપદનો (આપના સિવાય) બીજો કોઈ પ્રશસ્ત (અથવા ઉપદ્રવ-રહિત) માર્ગ નથી. (૨૩)

**વિશેષાર્થ :** પરમાત્મા પરમપુરુષ છે એ વાત સર્વમાન્ય છે. પરમપુરુષપણું (૧) બાહ્ય અને (૨) આંતર પુરુષની અપેક્ષાએ બે પ્રકારે છે. (૧) બાહ્યપુરુષ એટલે કાયા=ઔદારિક શરીર (૨) આંતર-પુરુષ એટલે સકર્મ (કર્મસહિત) જીવ. પરમપુરુષ નિષ્કર્મ=કર્મરહિત છે. અનંતચતુષ્કવાળા (અનંત-જ્ઞાન-દર્શન-ચારિત્ર-વીર્યવાળા) સિદ્ધ જ જાણવા. આ ચાર ઘાતીકર્મનો નાશ કરનારા નિશ્ચયથી સિદ્ધ છે, કારણકે, ઘાતીકર્મનો નાશ કરનાર આત્માઓ અવશ્ય એ જ ભવે સહજપણે અઘાતીકર્મનો પણ નાશ કરે છે. એમાં કોઈ અપવાદ નથી.



વળી આદિત્ય જેવા વર્ણવાળા એટલે સૂર્યકિરણ જેવી કાંતિવાળા અથવા શોભાવાળા પરમાત્મા છે. વળી અંધકારથી પર છે કારણકે કેવળ (અનંત) જ્ઞાન-દર્શનરૂપ પ્રકાશવાળા હોવાથી અજ્ઞાનરૂપી અંધકારથી સંપૂર્ણપણે પર= રહિત છે. અંતઃકરણની શુદ્ધિ વડે ભગવાનને પામીને જ મૃત્યુ ઉપર વિજય મેળવાય છે. અર્થાત્ અજરામર બનાય છે. (પરમાત્માના સ્વરૂપના દર્શન થાય તેમ તેમ અંતઃકરણ નિર્મળ થાય અને અંતઃકરણ નિર્મળ થાય, ત્યારે જ વસ્તુતઃ ઘટમાં રહેલાં પરમાત્માની પ્રતીતિ થાય છે. અને ઉત્તરોત્તર પરમાત્મા જેવા અક્ષયપદની પ્રાપ્તિ થાય છે.) મોક્ષનો પ્રશસ્ત માર્ગ પણ આપ જ છો. માટે પરમપુરુષ હોવાથી આશ્રયનીય છો.

આ ૨૩મા પદ્યમાં તેમજ ૨૪, ૨૫ માં પદ્યમાં કહેલાં પ્રભુના વિશેષણો અન્ય દર્શનના વેદાદિ શાસ્ત્રોમાં વર્ણવેલાં પરમાત્માના વિશેષણો સાથે ઘણું સામ્ય ધરાવે છે. તે તે વિશેષણોને જિનેશ્વર દેવમાં ઘટાવેલા છે. (૨૩)

**કથા-પ્રસંગ :** (૧૫) આ સ્તોત્રના પ્રભાવ વિષે ઉજ્જયિનીમાં **આ.શ્રી ખપુટાચાર્યજી**નું દ્રષ્ટાંત છે.

**સમાસવિચાર :** (१) परा मा = ज्ञानं यस्य स परमः । तं तथा । (બ.વ્રી.) (२) आदित्यस्य वर्णः इव वर्णः यस्य स आदित्यवर्णः । तं तथा । (ઉપમા બ.વ્રી.) (३) न विद्यते मलो यस्मिन् स अमलः । तं तथा । (બ.વ્રી.) (४) शिवं च तत् पदं च शिवपदं । तस्य तथा । (ક.ધા.) (५) मुनीनां इन्द्रः इति मुनीन्द्रः । (ષ.ત.પુ.) (૨૩)

### सुभाषित

अश्वः शस्त्रं शास्त्रं, वीणा वाणी नरश्च नारी च ।
पुरुषविशेषं प्राप्ता, भवन्ति योग्या अयोग्याश्च ॥ १ ॥

**અર્થ :** ઘોડો, શસ્ત્ર, શાસ્ત્ર, વીણા, વાણી, નર અને નારી આ બધા જે પુરુષને પ્રાપ્ત થયા હોય, તે પુરુષની અપેક્ષાએ યોગ્ય અથવા અયોગ્ય બને છે. (અર્થાત્ એકાંતે યોગ્ય કે અયોગ્ય નથી.)



**ઉપક્રમ :** સર્વ દેવોના નામો વડે શ્રી જિનેશ્વરની સ્તુતિ કરે છે. અથવા સર્વ દેવોના નામો વડે પ્રભુનાં પરમપુરુષત્વને દૃઢ કરે છે -

**त्वामव्ययं विभुमचिन्त्यमसङ्ख्यमाद्यं,**
**ब्रह्माणमीश्वरमनन्तमनङ्गकेतुम् ।**
**योगीश्वरं विदितयोगमनेकमेकं,**
**ज्ञानस्वरूपममलं प्रवदन्ति सन्तः ॥ २४ ॥**

**અન્વય + શબ્દાર્થ :** (હે સર્વજ્ઞ પ્રભુ !) **सन्तः** (જ્ઞાનીઓ, સત્પુરુષો અથવા મુનિઓ) **त्वां** (આપને) **अव्ययं** (અવિનાશી) **विभुं** (વિભુ, કર્મના ઉન્મૂલનમાં સમર્થ) **अचिन्त्यं** (ચિંતન કરવાને અશક્ય) **असङ्ख्यं** (સંખ્યાતીત ગુણવાળા) **आद्यं** (લોક વ્યવહારની રચનામાં આદ્ય = પહેલાં અથવા પ્રથમ તીર્થંકર) **ब्रह्माणं** (બ્રહ્મા, અનંત-આનંદવડે વધનાર) **ईश्वरं** (ઈશ્વર) **अनन्तं** (અનંત) **अनङ्गकेतुं** (કામનાં કેતુ=ક્ષયનું કારણ) **योगीश्वरं** (યોગીઓના ઈશ્વર, સ્વામી) **विदितयोगं** (જાણેલ છે જ્ઞાનદર્શનચારિત્રરૂપ યોગ જેણે તેવા) **अनेकं एकं** (અનેક અને એક) **ज्ञानस्वरूपं** (જ્ઞાનસ્વરૂપ, જ્ઞાનમય) **अमलं** (અઢાર દોષરૂપ મલથી રહિત તરીકે) **प्रवदन्ति** (કહે છે અર્થાત્ જાણે છે.)

**સરલાર્થ :** (હે પરમપુરુષ પરમાત્મા !) સન્તો (સત્પુરુષો) અથવા મુનિઓ આપને ૧. અવ્યય, ૨. વિભુ, ૩. અચિંત્ય, ૪. અસંખ્ય, ૫. આદ્ય, ૬. બ્રહ્મા, ૭. ઈશ્વર, ૮. અનંત, ૯. અનંગકેતુ, ૧૦. યોગીશ્વર, ૧૧. વિદિતયોગ=યોગના જાણનારા, ૧૨. અનેક, ૧૩. એકરૂપ, ૧૪. જ્ઞાનસ્વરૂપ અને ૧૫. નિર્મલ=મલ રહિત તરીકે કહે છે, જાણે છે. (૨૪)

**વિશેષાર્થ :** આ પદ્યમાં પ્રભુના પરમપુરુષત્વનું જ વિસ્તારથી વર્ણન કરતાં પંદર (૧૫) વિશેષણો મૂકેલાં છે. તે પૂર્વેના શ્લોકમાં મૂકેલ 'પરમપુરુષત્વ' રૂપ વિશેષણને જ દ્રઢીભૂત કરનાર અને તેના વિસ્તાર સ્વરૂપ છે. મુનિઓ, સંતો, સજ્જનો-સત્પુરુષો પરમાત્માને આવા આવા ગુણોવાળા પરમપુરુષ તરીકે કહે છે, જાણે છે, માને છે. આ પંદર વિશેષણોનો જ કાંઈક વિશેષથી અર્થ જોઈએ.

**(૧) અવ્યય :** જે વ્યય=નાશ ન પામે તે અવ્યય કહેવાય. સિદ્ધ પરમાત્મા ક્યારેય ચય=પુષ્ટિને અને અપચય=હાનિને પામતાં નથી. કિન્તુ, સદા

સ્થિર-એક સ્વભાવવાળા હોય છે. આથી અવ્યય-અવિનાશી છે. <u>**(૨) વિભુ :**</u> (અ) **विभाति**=એટલે પરમ (ગુણાત્મક) ઐશ્વર્ય વડે શોભે તે વિભુ. અથવા (બ) **विभवति=** કર્મના ઉન્મૂલનમાં સમૂળગો નાશ કરવામાં સમર્થ થાય તે 'વિભુ' કહેવાય. અથવા (ક) ઈન્દ્રાદિના પ્રભુ=સ્વામી તે વિભુ. <u>**(૩) અચિંત્ય:**</u> આધ્યાત્મિક પુરુષો વડે પણ ચિંતવવાને અસમર્થ છે. માટે અચિંત્ય, અગમ્ય સ્વરૂપવાળા છે છતાં આંશિક અનુભૂતિનો વિષય જરૂર બની શકે. બાકી, સંપૂર્ણ અનુભૂતિ તો તેવી દશાને પામીને જ થઈ શકે. માટે જ કહ્યું છે ને કે, **देवो भूत्वा देवं यजेत** (દેવ (પ્રભુ) બનીને પ્રભુને ભજવું જોઈએ.) <u>**(૪) અસંખ્ય :**</u> (અ) પ્રભુના ગુણોની સંખ્યા થઈ શકતી નથી, માટે અસંખ્ય છે. અથવા (બ) જીવનો સંસાર અનાદિ હોવાથી અનંત જ્ઞાની હોવા છતાં પણ જીવોના ભવોને કહી શકતાં નથી, તેથી અસંખ્ય. **न सङ्ख्याति (न आचष्टे) इति असङ्ख्यः** અથવા (ક) અનંત-અર્થવાળા સૂત્રના અર્થને જાણવા છતાં-કાળ અને ક્રમિક વાણીની મર્યાદા હોવાથી કહી શકાતાં નથી. માટે અસંખ્ય-અથવા (ડ) કાળથી અસંખ્ય હોવાથી અસંખ્ય. <u>**(૫) આદ્ય :**</u> જે 'આદિમાં = પહેલાં થયેલાં હોય તે આદ્ય કહેવાય. (અ) તેમાં લોકવ્યવહારની રચનાના કારણભૂત હોવાથી પ્રભુ 'આદ્ય' = પ્રથમ છે. અથવા (બ) ચોવિસ જિનેશ્વરોમાં આદ્ય એટલે પ્રથમ તીર્થંકર અથવા (ક) नमो अरिहंताणं એમ પાંચ પરમેષ્ઠી-ઓમાં અરિહંતો પ્રથમ હોવાથી 'આદ્ય' કહેવાય. અથવા (ડ) દરેક જિનેશ્વર ભગવંતો પોતપોતાના તીર્થની/શાસનની આદિ (આરંભ) કરનારા હોવાથી સર્વ તીર્થંકરો 'આદ્ય' કહેવાય. <u>**(૬) બ્રહ્મા :**</u> (અ) પરમ શુદ્ધાત્મા, નિર્વાણને પામેલાં, પરમાનંદ સ્વરૂપ અથવા (બ) તીર્થનો આરંભ કરનાર હોવાથી ધર્મ-રૂપ સૃષ્ટિના કરનાર બ્રહ્મા. <u>**(૭) ઈશ્વર :**</u> ઐશ્વર્યવાળા, ત્રણ લોક વડે પૂજ્ય હોવાથી અનન્યતુલ્ય ઐશ્વર્યવાળા અથવા સર્વ દેવો ઉપર શાસન કરવાના શીલવાળા-ઈશ્વર, <u>**(૮) અનન્ત :**</u> (અ) અનંત જ્ઞાન-દર્શનના યોગથી અનંત, અથવા, (બ) અંત-મૃત્યુ, તેનાથી રહિત તે અનંત. અથવા (ક) અંત-વિનાશ તે જેને નથી તે અનંત-અવિનાશ. <u>**(૯) અનંગકેતુ :**</u> અનંગ=કામ, તેને માટે કેતુ જેવા. જેમ કેતુનો ઉદય જગતના ક્ષયનું કારણ છે, તેમ આપ પણ કંદર્પના નાશનો હેતુ છો. <u>**(૧૦) યોગીશ્વર :**</u> (અ) યોગી=સામાન્ય કેવળી ભગવંતો. તેઓને આપ માનનીય હોવાથી યોગીઓના ઈશ્વર અથવા (બ) યોગી=મન, વચન, કાયાના વ્યાપારને જીતનારા, વશ કરનારા અર્થાત્ મુનિઓ. તેઓના ઈશ્વર=સ્વામી તે યોગીશ્વર. <u>**(૧૧) વિદિતયોગ :**</u> (અ)

વિદિત=જાણેલો છે જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપ યોગ જેઓ વડે તે વિદિતયોગ. અથવા (બ) વિદિત = જાણેલો છે ધ્યાનરૂપ યોગ જેઓ પાસેથી તે વિદિત-યોગ ભગવાન. અથવા (ક) **वि = विशेषेण =** વિશેષથી **दितः =** ખંડિત કરેલો છે યોગ = જીવ સાથે કર્મનો સંબંધ જેના વડે તે. **(૧૨) અનેક :** (અ) જ્ઞાન વડે સર્વવ્યાપી વસ્તુ હોવાથી અનેક અથવા (બ) અનેક સિદ્ધ ભગવંત એક જ ઠેકાણે સિદ્ધશિલા ઉપર હોવાથી અનેક. અથવા (ક) અનેક ગુણ-પર્યાયની અપેક્ષાએ અનેક. અથવા (ડ) ઋષભદેવ વગેરે વ્યક્તિના ભેદથી અનેક છે. અથવા (ઈ) નામ, સ્થાપનાદિ ભેદથી અનેક છે. **(૧૩) એક :** અદ્વિતીય-અજોડ, ઉત્તમોત્તમ **(૧૪) જ્ઞાનસ્વરૂપ :** જ્ઞાન = ક્ષાયિક કેવળજ્ઞાન તે સ્વરૂપ (સ્વભાવ)વાળા, **(૧૫) અમલ :** ૧૮ દોષરૂપ મલથી રહિત.

હે પ્રભુ ! આવા પંદર ગુણો આપના વિષે અત્યંત સંગત થાય છે. પરમાત્માના આ પંદર વિશેષણો અન્ય-દર્શનીઓમાં પણ તે તે નામ વડે પ્રસિદ્ધ છે. તેનો વિસ્તાર ગ્રંથાન્તરથી જાણવો. સર્વદર્શનોમાં તે તે નામ વડે તેવા તેવા પરિણામ વડે તેઓ આપનો જ આશ્રય કરનારા, સ્વીકારનાર છે, એમ ભાવ છે.

આ પદ્ય અંગે કથાપ્રસંગ નથી. (૨૪)

**સમાસવિચાર :** (१) **न विद्यते व्ययः (नाशः) यस्य स अव्ययः । तं तथा ।** (બ.વ્રી.) (२) **न चिन्त्यः इति अचिन्त्यः । तं तथा ।** (નઞ્ ત.પુ.) (३) **न विद्यते सङ्ख्यं सङ्ख्या वा यस्य स असङ्ख्यः । तं तथा ।** (બ.વ્રી.) (४) **न विद्यते अन्तः यस्य स अनन्तः । तं तथा ।** (બ.વ્રી.) (५) **अनङ्गस्य केतुः इव इति अनङ्गकेतुः ।** (ઉપમા ત.પુ.) (કેતુ એટલે 'ધૂમકેતુ' પદના એક ભાગમાં પદનો ઉપચાર - આરોપણ કરવાથી 'કેતુ' કહેલું છે.) (६) **योगिनां इश्वरः इति योगीश्वरः । तं तथा ।** (ષ.ત.પુ.) (७) **विदितः योगः येन स विदितयोगः। तं तथा ।** (બ.વ્રી.) (८) **ज्ञानं एव स्वरूपं यस्य स ज्ञान-स्वरूपः । तं तथा ।** (બ.વ્રી.) (१०) **न विद्यते मलो यस्य स अमलः । तं तथा ।** (નઞ્ બ.વ્રી.) (२४)



**ઉપક્રમ :** પૂર્વોક્ત વિષયને જ આગળ વધારે છે અથવા વિશેષ અર્થ દ્વારા લોકમાં પ્રસિદ્ધ થયેલાં દેવના સ્વરૂપ વડે શ્રી જિનેશ્વરનું વર્ણન કરે છે -

**बुद्धस्त्वमेव विबुधार्चितबुद्धिबोधात्,**
**त्वं शङ्करोऽसि भुवनत्रयशङ्करत्वात् ।**
**धाताऽसि धीर ! शिवमार्गविधेर्विधानात्,**
**व्यक्तं त्वमेव भगवन् ! पुरुषोत्तमोऽसि ॥ २५ ॥**

**અન્વય + શબ્દાર્થ : विबुधार्चितबुद्धिबोधात्** (વિબુધો = ગણધરો અથવા દેવો વડે પૂજાયેલ-સંમાનિત કરાયેલ બુદ્ધિ=કેવળજ્ઞાન વડે બોધ/પ્રકાશ કરવાથી) **त्वमेव** (તમે જ) **बुद्धः** (બુદ્ધ છો) **भुवनत्रयशङ्करत्वात्** (ત્રણ જગતને સુખ કરનારા હોવાથી) **त्वं** (તમે) **शंकरोऽसि ।** (શંકર છો) **धीर !** (હે ધીરપુરુષ !) **शिवमार्गविधेर्विधानात्** (મોક્ષના માર્ગની વિધિના=રત્નત્રયરૂપ યોગના કરનારા હોવાથી) **धाता असि** (આપ વિધાતા-સૃષ્ટા છો.) **भगवन्! त्वमेव** (હે ભગવંત ! આપ જ) **व्यक्तं** (સ્પષ્ટપણે) **पुरुषोत्तमः असि ।** (પુરુષોત્તમ (નારાયણ) છો.)

**સરલાર્થ :** (હે નાથ ! અરિહંત પ્રભુ !) વિબુધો વડે અર્થાત્ ગણધરો અથવા દેવો વડે પૂજાયેલ/સંમાનિત કરાયેલ કેવળજ્ઞાન રૂપ બુદ્ધિ વડે બોધ (પ્રકાશ) કરવાથી આપ જ બુદ્ધ છો. ત્રણ જગતના જીવોને સુખ કરનારા હોવાથી તમે જ શંકર છો. હે ધીર ! મોક્ષના માર્ગની (રત્નત્રયરૂપ) વિધિને કરવાથી આપ જ વિધાતા-બ્રહ્મા-સૃષ્ટા છો. હે ભગવંત ! તમે જ પ્રગટરૂપે પુરુષોત્તમ છો. (૨૫)

**વિશેષાર્થ :** આ સ્તુતિમાં લોક-પ્રસિદ્ધ દેવોના નામો વડે શ્રી અરિહંતની સ્તુતિ કરી છે. હે પ્રભુ ! અરિહંત ! આપ જ બુદ્ધ-શંકર-વિધાતા-પુરુષોત્તમ છો એમ ચાર વિશેષણ છે. ઉપરોક્ત દરેક શબ્દોની વ્યુત્પત્તિનો અર્થ પ્રભુમાં ઘટાવ્યો છે. (૧) જેમકે, **बुध्यते स्म इति बुद्धः ।** જે બોધ પામેલાં હોય તે બુદ્ધ કહેવાય. વિબુધો વડે (દેવો અથવા ગણધરો) પણ આપની બુદ્ધિનો = કેવળજ્ઞાનનો બોધ/પ્રકાશ પૂજાયેલ છે, સંમાનિત કરાયેલ છે. આથી આપ સાચા બુદ્ધ છો. પ્રસિદ્ધ બુદ્ધના પક્ષે-બુદ્ધ એટલે સાત બુદ્ધોમાંથી કોઈપણ બુદ્ધ કેવળજ્ઞાન થવા વડે તત્ત્વજ્ઞ બનેલો નથી એમ ભાવ છે. (૨) **शं सुखं करोति इति शङ्करः ।** ત્રણેય જગતને સુખ કરનારા હોવાથી આપ ખરા શંકર છો. આપના ચ્યવન, જન્મ આદિ પાંચેય કલ્યાણકોમાં નરકાદિ ચારેય ગતિના સર્વ જીવોને ક્ષણવાર

શાતાનો ઉદય-અનુભવ થાય છે. **સ્થાનાંગ**માં કહ્યું છે કે, લોકમાં ચાર પ્રકારે (વખત) ઉદ્યોત-અજવાળા થાય છે (૧) શ્રી જિનેશ્વરનો જન્મ, (૨) પ્રવ્રજ્યા (૩) કેવળજ્ઞાનના મહોત્સવ વખતે અને (૪) નિર્વાણ મહોત્સવ સમયે. **વીતરાગ સ્તોત્ર**માં **नारका अपि मोदन्ते यस्य कल्याण पर्वसु०** (પ્ર. ૧૦-૭) શ્લોકમાં સામાન્યથી તીર્થંકરના પાંચેય કલ્યાણકોમાં નરકના જીવોને સુખાંશનો અનુભવ થાય છે એમ કહેલું છે. ટીકામાં પણ ગર્ભાવતર સહિત પાંચેય કલ્યાણકો કહેલાં છે એમ જાણવું. વળી, યોગ્ય ભવ્ય જીવોને મોક્ષ સુધીના સર્વોત્કૃષ્ટ સુખને પણ આપનારા છો અને મોક્ષની પ્રાપ્તિ કરવા દ્વારા સર્વજીવોને સર્વકાળ માટે, અભયદાન આપનારા છો. ભવ્ય જીવોને મુક્તિ ભણી આગળ વિકાસ કરવામાં આલંબન રૂપ પણ બનો છો. આમ આપ સાચા શંકર છો. લૌકિક શંકર તો કપાલને ધારણ કરનાર, નગ્ન, ભૈરવ અને સંહાર કરનારા છે. આથી યથાર્થ નામવાળા નથી. વળી, **(३) दधति इति धाता ।** એટલે સ્રષ્ટા તરીકે આપ જ કૃતાર્થ નામવાળા છો. 'રત્નત્રય' રૂપ શાસનને=મોક્ષમાર્ગની વિધિને કરવાથી.. આથી તમે જ ધાતા-વિધાતા-બ્રહ્મા છો. તે લૌકિક બ્રહ્માએ તો હિંસાદિનો ઉપદેશ કરવાથી નરકનો માર્ગ ખુલ્લો કરેલો છે. અને (૪) **पुरुषेषु उत्तमः इति पुरुषोत्तमः** આવુ ગુણસંપન્ન નામ ધારણ કરવાથી આપ વ્યક્ત-પ્રકટપણે-પુરુષોત્તમ છો, નારાયણ છો. કારણકે આપ આજન્મ પરાર્થવ્યસની, ઉચિત-ક્રિયાવાળા, અદીનમનવાળા, કૃતજ્ઞ, દ્રઢપ્રતિજ્ઞાવાળા અને ગંભીર છો. તે વિષ્ણુ-પુરુષોત્તમ તો ક્યાંક ક્યાંક કપટને પ્રકટ કરવાથી યથાર્થ પુરુષોત્તમ નથી. વળી જે શૈવ વગેરે જીવો શિવ આદિની વીતરાગાદિ બુદ્ધિથી ઉપાસના કરે છે, તેઓ પણ પરંપરાએ આપને જ આશ્રય કરનારા છે એમ સૂચવેલું.

અહીં કેટલીક બાબતો ધ્યાનમાં લેવા જેવી છે. પ્રસિદ્ધ દેવોના નામો વડે અર્થાત્ તેનાથી સૂચિત ગુણો વડે વીતરાગ અરિહંત પ્રભુની સ્તુતિ કરી છે. સર્વગુણસંપન્ન-સર્વદોષરહિત-વીતરાગ સર્વજ્ઞ પ્રભુ તેઓના ગુણોથી જ મહાન છે અને તેથી જે પણ આત્માઓ પ્રભુના ગુણોને ઓળખીને પ્રભુની ભક્તિ-પૂજા-સેવા કરે છે તે નિશ્ચિતપણે આંશિક પણ પ્રભુ જેવા ગુણોનો ભાગી થાય છે. કહ્યું છે ને કે, 'સ્વામીગુણ ઓળખી સ્વામીને જે ભજે, દરિસન શુદ્ધતા તેહ પામે.' (દેવસૂરિકૃત પ્રભુ મહાવીરસ્વામી સ્તવન) તાત્પર્ય એ કે, ભક્તાત્મા જેવા ભાવથી (ભૌતિક કે આધ્યાત્મિક હેતુથી) ભક્તિ કરે છે, તેવું જ પ્રાયઃ ફળ પામે છે. વીતરાગ-સર્વજ્ઞ-જિનેશ્વર પ્રભુની ભક્તિ તેમના જેવા થવા માટે અર્થાત્ દોષરહિત-ગુણવાન થવા માટે નમસ્કાર-વંદન-સ્તુતિ

વગેરે કરાય તો ભક્તને પ્રભુ જેવા આંશિક ગુણોની પ્રતીતિ-પ્રાપ્તિ જરૂર કરાવી શકે. યાવત્ તેઓની આજ્ઞાની આરાધનારૂપ ભાવમાર્ગે ચાલીને પરંપરાએ સ્વયં પ્રભુતુલ્ય બની શકે છે. (જુઓ નાત્યદ્ભુતં૦ પદ્ય ૧૦)

પરંતુ ક્યારેક દ્રવ્ય અશુદ્ધ હોય તો પણ ભક્તના પવિત્ર ભાવથી કંઈક ફળની પ્રાપ્તિ થઈ શકે છે. જે રાગી-દ્વેષી જીવો છે, તેઓના દર્શનમાં-ધર્મમાં તેઓનું વિલાસી-રાગયુક્ત-લીલાયુક્ત સ્વરૂપ બતાવેલું છે, તેમ વીતરાગ-નિરંજન-નિર્વિકાર સ્વરૂપ પણ કહેલું છે. આથી તેઓના ભક્તો હરિ (વિષ્ણુ), હર (શંકર) વગેરે દેવોમાં પણ વીતરાગતાદિ ગુણો માનીને તેઓની ભક્તિ કરે છે, તેઓના યત્કિંચિત્ રાગાદિનો નાશ થવો સંભવે છે. કારણ કે, ભક્તો તેઓને વીતરાગ-વીતદ્વેષ-વીતલોભ માનીને પૂજે છે. આથી તે જીવો પણ અંશતઃ આધ્યાત્મિક વિકાસ કરી શકે છે. તેથી તે જીવો માર્ગાનુસારી બનીને પરંપરાએ વીતરાગ પ્રભુના જ આરાધક બનીને મુક્તિને પ્રાપ્ત કરનારા બની શકે છે. કેમ કે, વીતરાગ-સ્વરૂપની ભક્તિ-ઉપાસના જીવને મુક્તિના સાધનોને સમીપ લઈ આવનારી છે. **આ. હરિભદ્રસૂરિ**એ યોગબિંદુ (શ્લોક ૨૫૦) માં કહ્યું છે કે,

**तन्ततन्त्रोक्तमखिलं अपुनर्बन्धकादिकम् ।**
**अवस्थाभेदतो न्याय्यं, परमानन्दकारणम् ॥ १ ॥**

**ભાવાર્થ :** તે તે દર્શનમાં કહેલ અપુનર્બંધક આદિ (તીવ્ર ભાવે પાપ ન કરે વગેરે) અવસ્થાના સઘળા અનુષ્ઠાનો (ભક્તિ, વ્રત, જપાદિ) તે તે અવસ્થામાં યોગ્ય છે, ન્યાયયુક્ત છે. જો તે (પરંપરાએ) પરમાનંદનું (મોક્ષનું) કારણ બનનારા થાય. (૨૫)

**સમાસવિચાર :** (१) **विबुधैः अर्चिता इति विबुधार्चिता ।** (તૃ.ત.પુ.) । **विबुधार्चिता चासौ बुद्धिश्च इति विबुधार्चितबुद्धिः ।** (ક.ધા.) **तया बोधः इति विबुधार्चितबुद्धिबोधः ।** (ત.પુ.) **तस्मात् तथा ।** (२) **शं सुखं करोति इति शङ्करः ।** (ઉપપદ ત.પુ.) (३) **भुवनानां त्रयं इति भुवनत्रयम् ।** (ષ.ત.પુ.) **तस्य शङ्कर इति भुवनत्रयशङ्करः ।** (ષ.ત.પુ.) **तस्य भाव इति भुवनत्रयशङ्कर-त्वम् ।** (**भावे त्वतल्** સિ. હે. ૭-૧-૫૫ સૂત્રથી **त्व**) **तस्मात् तथा ।** (४) **शिवस्य मार्गः इति शिवमार्गः । (ष.त.पु.) तस्य विधिः इति शिवमार्ग विधिः । तस्य तथा ।** (ષ.ત.પુ.) (५) **पुरुषेषु उत्तमः इति पुरुषोत्तमः ।** (સ.ત.પુ.) (૨૫)



**ઉપક્રમ :** ફરી જિનેશ્વરને જ વિશેષથી નમસ્કાર કરતાં કહે છે -

**तुभ्यं नमस्त्रिभुवनाऽऽर्त्तिहराय नाथ,**
**तुभ्यं नमः क्षितितलाऽमलभूषणाय ।**
**तुभ्यं नमस्त्रिजगतः परमेश्वराय,**
**तुभ्यं नमो जिन ! भवोदधिशोषणाय ॥ २६ ॥**

**અન્વય + શબ્દાર્થ : हे नाथ ! त्रिभुवनार्त्तिहराय** (હે નાથ ! ત્રણ જગતની પીડાનો નાશ કરનાર) **तुभ्यं नमः** (આપને નમસ્કાર થાઓ) **क्षितितलामल-भूषणाय** (પૃથ્વી તલના નિર્મળ ભૂષણ એવા) **तुभ्यं नमः** (આપને નમસ્કાર થાઓ) **त्रिजगतः परमेश्वराय तुभ्यं नमः** (ત્રણ જગતના પરમેશ્વર એવા આપને નમસ્કાર થાઓ.) **जिन!** (હે જિનેશ્વર!) **भवोदधिशोषणाय तुभ्यं नमः** (ભવરૂપ સમુદ્રનું શોષણ કરનાર એવા આપને નમસ્કાર થાઓ. (૨૬)

**સરલાર્થ :** હે નાથ ! (યોગક્ષેમના કરનાર પ્રભુ !) ત્રણ જગતની પીડાને હરનાર આપને નમસ્કાર થાઓ. પૃથ્વીતલના નિર્મળ આભૂષણ એવા આપને નમસ્કાર થાઓ. (અથવા પૃથ્વી, પાતાળ અને સ્વર્ગના આભૂષણ સ્વરૂપ આપને નમસ્કાર થાઓ.) ત્રણ જગતના પરમેશ્વર એવા આપને નમસ્કાર થાઓ. હે જિનેશ્વર ! સંસાર રૂપી સાગરનું શોષણ કરનાર આપને નમસ્કાર થાઓ. (૨૬)

**વિશેષાર્થ :** પૂર્વના બે પદ્યમાં (કાવ્યમાં) અરિહંતને સર્વદેવોના નામો રૂપે વર્ણવીને હવે ભગવાનને જ વિશેષથી નમસ્કાર કરે છે. પરમાત્માના ગુણોના વર્ણનમાં આગળ વધતાં કવિવર આચાર્યશ્રીએ અહીં ચાર ચરણોમાં પ્રભુના ચાર ઉત્કૃષ્ટ વિશેષણો વર્ણવેલાં છે. ચારેય વખત અલગ અલગ નમસ્કાર ભક્તિનો અતિરેક સૂચવે છે. **(૧)** પ્રથમ ચરણમાં પ્રભુને ૩ જગતની (જગતના જીવોની) પીડાનો નાશ કરનારા કહ્યાં છે. તેમાં પીડા બે પ્રકારની છે. **(૧) બાહ્ય પીડા :** રોગ, દેવું વગેરે અને **(૨) આંતર પીડા :** રાગ-દ્વેષ, વિષય-કષાય, કામ-ક્રોધ, ઈર્ષ્યા-અસૂયા વગેરે. તીર્થંકર પ્રભુ સદુપદેશ અને લોકોત્તર ચરિત્ર વડે આ બન્નેય પીડાના ઉપશામક-જગન્નાથ છે. ખરેખર જેઓ સર્વના દુઃખોનો નાશ કરે છે, તેઓ જ વંદનીય છે. પ્રભુની ઉપાસનાથી

પુણ્યાનુબંધી પુણ્યનો બંધ થવાથી બાહ્ય પીડાનો નાશ થાય છે. અને શુદ્ધિ= આત્માના શુદ્ધ સ્વરૂપનું પ્રાગટ્ય થવાથી આંતર-દોષપીડા દૂર થાય છે. (૨) **ક્ષિતિતલામલ** પંક્તિનો બીજો પણ અર્થ થાય છે. ક્ષિતિ=પૃથ્વી, તલ= પાતાળ અને અમલ=સ્વર્ગ. આમ ઊર્ધ્વ, અધો, મધ્યમ ત્રણેય લોકના આભૂષણ સમાન ભગવાન છે. તેઓને નમસ્કાર કરેલો છે. (૩) ત્રીજા ચરણમાં પરમેશ્વર = પ્રકૃષ્ટ-નાથ, દેવોના ઈશ્વર-ઈન્દ્રાદિથી પણ અધિક તેઓને પણ પૂજનીય ઈશ્વર તે પરમેશ્વર, તેઓને નમસ્કાર થાઓ.

(૪) ચોથા ચરણમાં ભવરૂપી સમુદ્રનું શોષણ કરનારા કહ્યા. અર્થાત્ સંસારથી તારનારા-મોક્ષરૂપી કિનારે પહોંચાડનારા કહ્યા છે. જે પ્રભુનો સર્વોત્કૃષ્ટ ઉપકાર છે, પ્રભાવ છે. આ કાવ્યમાં પ્રભુનો પ્રધાન ગુણ-પરાર્થ-વ્યસનિતા આંખે ઉડીને વળગે છે. 'સવિ જીવ કરૂં શાસન રસી' અને 'જેના સહારે ક્રોડ તરીયા' તેમજ 'જેના પ્રભાવે વિશ્વમાં સદ્‌ભાવની સરણી વહે' એ નાદ આ કાવ્યમાં ગુંજતો જોવા મળે છે.

આ ચાર વિશેષણો દ્વારા શ્રી અરિહંત પ્રભુનું અસાધારણ સ્વરૂપ બતાવેલું છે. અસાધારણ પ્રભાવ-ઉપયોગિતા દર્શાવી છે. (૨૬)

**કથા-પ્રસંગ :** (૧૭) આ સ્તોત્રના પ્રભાવ વિષે **ચણિક**-શ્રેષ્ઠીનું દ્રષ્ટાંત છે.

**સમાસવિચાર :** (१) **त्रयाणां भुवनानां समाहारः इति त्रिभुवनम् ।** (સમાહાર દ્વિગુ.ત.પુ.) **तस्य आर्तिः इति त्रिभुवनार्तिः ।** (ષ.ત.પુ.) **तां हरति इति त्रिभुवनार्तिहरः । तस्मै तथा ।** (ઉપપદ ત.પુ.) (२) **क्षितेः तलं क्षितितलम् ।** (ષ.ત.પુ.) **अमलं च तद् भूषणं च अमलभूषणम् ।** (ક.ધા.) **क्षितितलस्य अमलभूषणं इति क्षितितलामलभूषणम् । तस्मै तथा ।** (ષ.ત.પુ.) અથવા **क्षितितले अमलभूषणं इति क्षितितलामलभूषणम् । (सिंहाद्यैः पूजायाम्** સિ.હે. ૩-૧-૮૯ સૂત્રથી ઉપમાન ત.પુ.) (३) **त्रयाणां जगतां समाहार इति त्रिजगत् ।** (દ્વિગુ.ત.પુ.) तस्य तथा । (४) **परमश्च असौ ईश्वरश्च इति परमेश्वरः । तस्मै तथा ।** (ક.ધા.) (५) **उदधिः इव उदधिः । भवश्च असौ उदधिश्च इति भवोदधिः । (उपमेयं व्याघ्राद्यैः०** સિ. હે. ૩-૧-૧૦૨ સૂત્રથી ઉપમેય પૂ.પ.તત્પુ. સમાસ) **भवोदधेः शोषणं यस्मात् स भवोदधिशोषणः । तस्मै तथा ।** (વ્યધિ.બ.વ્રી.) (૨૬)

**ઉપક્રમ :** ફરીથી યુક્તિ વડે પરમાત્માની સ્તુતિ કરે છે -

**को विस्मयोऽत्र यदि नामगुणैरशेषै-**
**स्त्वं संश्रितो निरवकाशतया मुनीश !**
**दोषैरुपात्तविविधाश्रयजातगर्वैः**
**स्वप्नान्तरेऽपि न कदाचिदपीक्षितोऽसि ॥ २७ ॥**

**અન્વય + શબ્દાર્થ : हे मुनीश !** (હે મુનિઓના નાયક !) **यदि नाम निरवकाशतया** (જો નિરવકાશપણાથી અર્થાત્ અન્યત્ર સ્થાન/અવકાશ નહીં પ્રાપ્ત થવાથી) **अशेषैः गुणैः** (સર્વ ગુણો વડે) **त्वं संश्रितः** (તમે આશ્રય કરાયા છો, તો) **अत्र कः विस्मयः ?** (એમાં શું આશ્ચર્ય છે ? અર્થાત્ કાંઈ આશ્ચર્ય નથી) **उपात्तविविधाश्रयजातगर्वैः** (ગ્રહણ કરેલાં વિવિધ-જુદા-જુદા આશ્રય વડે ઉત્પન્ન થયેલ ગર્વવાળા) **दोषैः** (રાગ-દ્વેષ-મોહાદિ દોષો વડે) **स्वप्नान्तरेऽपि** (સ્વપ્નમાં પણ) **कदाचिदपि** (ક્યારેય પણ) **न ईक्षितः असि** (આપ જોવાયા નથી) **अत्रापि को विस्मयः ?** (આમાં પણ શું આશ્ચર્ય છે ? અર્થાત્ કાંઈ આશ્ચર્ય નથી.) (૨૭)

**સરલાર્થ :** હે મુનિઓના સ્વામી ! અન્યત્ર-અન્ય પુરુષમાં અવકાશ (સ્થાન) ન મળવાથી સર્વ ગુણો વડે આપ આશ્રય કરાયા છો, તેમાં શું આશ્ચર્ય છે ? અર્થાત્ કોઈ આશ્ચર્ય નથી. વળી ગ્રહણ કરાયેલ અનેક પ્રકારના (વિવિધ જીવોમાં) આશ્રય (સ્થાન) કરવાથી ઉત્પન્ન થયો છે ગર્વ જેઓને એવા દોષો વડે આપ સ્વપ્નમાં પણ જોવાયા નથી, તેમાં પણ શું આશ્ચર્ય છે ? અર્થાત્ એમાં કોઈ આશ્ચર્ય નથી. (૨૭)

**વિશેષાર્થ :** આ સ્તોત્રમાં અદ્‌ભુત કલ્પના દ્વારા પરમાત્મામાં સર્વ ગુણોની વ્યાપકતા બતાવવામાં આવી છે. આમાં **यदि** શબ્દ અંગીકાર=સ્વીકાર અર્થનો દ્યોતક છે. અર્થાત્ હે પ્રભુ ! અમે આ વાતનો સ્વીકાર કરીએ છીએ, એવા ભાવનો સૂચક છે. **'नाम'** શબ્દ કોમળ-આમંત્રણમાં છે. હે પ્યારા પ્રભુ ! એમ પ્રભુનું કોમળ સંબોધન સૂચવાય છે.

**निरवकाशतया** પદનો વિશિષ્ટ અર્થ છે. જેમ સંપૂર્ણ લોકનો મધ્યભાગ જીવાદિ પાંચ અસ્તિકાયોથી વ્યાપ્ત છે તેમ નિરંતરપણે સર્વ અંગો ખીચોખીચ



ભરાઈ જવાથી ગુણોને જાણે કે અન્ય પુરુષમાં અવકાશ=સ્થાન=આશ્રય નહીં મળવાથી નિરવકાશ-સ્થાનરહિત બનેલાં તે સર્વ ગુણોએ (જ્ઞાનાદિ સ્વાભાવિક ગુણો અને ઐશ્વર્યાદિ વૈભાવિક ગુણોએ) આપનો આશ્રય કરેલો છે. કારણકે દોષરહિત હોવાથી દોષોનું સ્થાન ગુણોએ લઈ લીધું. આથી આપનામાં સર્વ ગુણોને પુષ્કળ સ્થાનની મોકળાશ મળી ગઈ. વળી આપના જેવું યોગ્ય બીજું સ્થાન ન મળ્યું, એટલે આપનામાં સર્વ ગુણોએ આશ્રય કરેલો છે. હે પ્રભુ ! આમાં શું આશ્ચર્ય ? અર્થાત્ કોઈ આશ્ચર્ય નથી.

આપે જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપ રત્નત્રયીની આરાધના-સાધના કરીને સર્વ દોષોને આત્મામાંથી ખાલી કર્યા. એટલે ત્યાં અવકાશ મળવાથી ગુણોએ સ્થાન (આશ્રય) લઈ લીધું. ગુણો તો રાહ જોઈને જ બેઠાં હતાં કે જેવા દોષો ખાલી થાય કે આપણે તેઓનું સ્થાન લઈ લેવું. કારણકે, મૂળભૂત સ્થાન તો ગુણોનું જ છે. દોષો તો પારકા છે. નાહક અડ્ડો જમાવીને બેઠાં છે. ગુણો આત્માના સ્વભાવરૂપ હોવાથી આત્મ પ્રદેશ ઉપર મૂળભૂત હકક ગુણોનો જ છે. આથી આપનામાં સર્વ દોષો દૂર થવાના કારણસર સર્વ ગુણોએ આશ્રય પ્રાપ્ત કર્યો તેમાં શું વિસ્મય ? શું આશ્ચર્ય ?

આ પ્રમાણે પ્રભુને સર્વ ગુણોનો આધાર કહેવાથી પૂર્વે કહેલ પ્રભુનું પરમાત્મપણું જ સ્થાપિત કર્યુ છે. વળી દોષો તો ગયા તે ગયા. હવે તો તે દોષોને સ્વપ્નમાં પણ આપ દેખાતાં નથી. તો આપની પાસે આવવાની-આપનો સ્પર્શ કરવાની વાત તો ક્યાં રહી ? હા, તે દોષોએ અન્ય ઘણા પુરુષોમાં-આત્માઓમાં હજી સ્થાન મેળવ્યું છે. તેથી તે દોષોને વિવિધ-ચારેય ગતિનાં અનેક જીવોમાં સ્થાન/આશ્રય મળવાથી એવો ગર્વ ઉત્પન્ન થયો છે કે, 'અમે તો ઘણા બધામાં આશ્રય કરીએ છીએ. (વિવિધ આતંકવાદીઓ જેમ પરપ્રાંત ઉપર કબજો જમાવી ગર્વ કરે તેમ.) સર્વ ગુણો તો કેવળ તમારામાં જ રહે છે. અમે તો ઘણામાં રહીએ છીએ.' પણ એવા ગર્વિષ્ઠ દોષોને પણ આપ સ્વપ્નમાં પણ દેખાતાં નથી. કારણકે, સર્વથા-અપુનર્ભાવે આપનામાં રાગાદિ દોષો નષ્ટ થઈ જવાથી વીતરાગ બનેલાં આપનામાં તેઓને પ્રવેશવાનો વિચાર તો શું, આપનું સ્વપ્ન પણ આવતું નથી. અહીં દોષોને 'ગર્વવાળા' કહ્યા તથા સ્વપ્નમાં પણ જોનારા નથી વગેરે સચેતન રૂપ કહેલાં છે. તે એક ઉત્પ્રેક્ષા કાવ્યાલંકાર છે. આમ આ પદ્ય પ્રભુમાં આત્યંતિક (સર્વથા) ગુણ-વ્યાપ્તિને જણાવે છે.

પૂર્વે **संपूर्णमण्डल** (૧૪) પદ્યમાં પ્રભુના પ્રભાવથી તેઓના ગુણોની

વિશ્વ વ્યાપકતા કહેલ, જ્યારે આ કાવ્યમાં 'ગુણો આપનો જ આશ્રય કરનારા છે' એમ કહેલું હોવાથી ભેદ છે, માટે પુનરુક્તિ કે વિરોધદોષ નથી એમ જાણવું. (૨૭)

**કથાપ્રસંગ : (૧૮)** આ કાવ્યના પ્રભાવ વિષે **શ્રીહાલ રાજા**ની કથા છે.

**સમાસવિચાર :** (१) न विद्यते शेषं येषां ते अशेषाः । तैः तथा । (બ.વ્રી.) (२) अवकाशात् निर्गता इति निरवकाशाः । (प्रात्यव० (સિ.હે.૩-૧-૪૭) સૂત્રથી પ્રાદિ ત.પુ.) तेषां भावः निरवकाशता । तया तथा । (ભાવમાં ता (तल्) પ્રત્યય) અથવા निर्गतः अवकाशः येषां इति निरवकाशाः (બ.વ્રી.) तेषां भावः निरवकाशता । तया तथा । (३) मुनीनां ईश इति मुनीशः । (ષ.ત.પુ.) तस्य आमन्त्रणं-हे मुनीश! । (४) विशिष्टा विधाः (प्रकाराः) येषां ते विविधाः (પ્રાદિ બ.વ્રી.) विविधाश्च ते आश्रयाश्च इति विविधाश्रयाः । (ક.ધા.) उपात्ताश्च ते विविधाश्रययाश्च इति उपात्तविविधाश्रयाः (ક.ધા.) तैः जातः गर्वः येषां ते उपात्तविविधाश्रयजातगर्वाः । तैः तथा । (તૃ.ત.પુ.ગર્ભિત બ.વ્રી.) (५) स्वप्नस्य अन्तरं इति स्वप्नान्तरम् । तस्मिन् तथा । (ત.પુ.) (૨૭)

● ● ●

**સુભાષિત**

धर्मो मङ्गलमुत्तमं नरसुरश्रीभुक्तिमुक्तिप्रदः
धर्मः पाति पितेव वत्सलतया मातेव पुष्णाति च ।
धर्मः सद्गुणसंग्रहे गुरुरिव स्वामीव राज्यप्रदः
धर्मः स्निह्यति बन्धुवत् दिशति वा कल्पद्रुवत् वाञ्छितम् ॥ १ ॥

**અર્થ :** ૧. ધર્મ એ ઉત્કૃષ્ટ મંગલ (મંગલ કરનારો) છે. (કારણ કે) આ ૨.મનુષ્ય દેવ સંબંધી સંપત્તિનો ભોગવટો અને ૩. મુક્તિ (મોક્ષ) આપનારો છે. ધર્મ વત્સલપણાથી ૪. પિતાની જેમ રક્ષણ કરે છે. અને ૫. માતાની જેમ પોષણ કરે છે. ૬. ધર્મ ગુણોનો સંગ્રહ (પ્રાપ્તિ) કરવામાં ગુરુતુલ્ય છે. અને ૭. રાજાની જેમ રાજ્ય આપનારો છે. ૮. ધર્મ સ્વજનની જેમ સ્નેહ કરે છે. અથવા ૯. કલ્પવૃક્ષની જેમ વાંછિતને આપે છે.

**ઉપક્રમ :** હવે પ્રાતિહાર્યોને વર્ણવવા વડે ભગવાનની સ્તુતિ કરે છે. અથવા નિશ્ચયનયથી પ્રભુના ગુણોની સ્તુતિ કરીને હવે વ્યવહારનયથી સ્તુતિ કરવા માટે પ્રાતિહાર્યરૂપ બાહ્ય ઋદ્ધિને વર્ણવે છે -

**उच्चैरशोकतरुसंश्रितमुन्मयुख-**
**माभाति रूपममलं भवतो नितान्तम् ।**
**स्पष्टोल्लसत्किरणमस्ततमोवितानं**
**बिम्बं रवेरिव पयोधरपार्श्ववर्ति ॥ २८ ॥**

**અન્વય + શબ્દાર્થ : उच्चैरशोकतरुसंश्रितं** (ઊંચા અશોક વૃક્ષનો આશ્રય કરનારું અર્થાત્ તેની નીચે રહેલું) **उन्मयूखं** (ઊંચે જતાં કિરણોવાળું) **अमलं** (નિર્મલ, સ્વેદ-પંકાદિ મલ વિનાનું) **भवतो रूपं** (આપનું રૂપ, શરીર) **स्पष्टोल्ल-सत्किरणं** (સ્પષ્ટ-પ્રગટ, ઉલ્લાસ પામતાં, નીકળતાં કિરણો છે જેના (અથવા જેમાંથી) છે, એવા) **अस्ततमोवितानं** (અસ્ત=નાશ કરેલો છે અંધકારનો વિસ્તાર જેણે એવા) **पयोधरपार्श्ववर्ति** (મેઘની પાસે રહેનારા) रवेः बिम्बमिव (સૂર્યના બિંબની/મંડળની જેમ) **नितान्तं आभाति** (અત્યંત શોભે છે.)

**સરલાર્થ :** ઊંચા અશોકવૃક્ષનો આશ્રય કરનારું (તેની નીચે રહેલું), ઊંચે જતાં કિરણોવાળું, નિર્મળ એવું આપનું રૂપ (શરીર), સ્પષ્ટ ઉલ્લાસ પામતાં કિરણો-વાળા, અંધકારના વિસ્તારનો નાશ કરનારા અને વાદળોની પાસે રહેલાં સૂર્યના બિંબની જેમ, અત્યંત શોભે છે. (૨૮)

**વિશેષાર્થ :** આ સ્તુતિમાં અરિહંત પરમાત્માના આઠ પ્રાતિહાર્ય પૈકી પ્રથમ અશોકવૃક્ષના વર્ણન વડે પ્રભુની સ્તુતિ કરે છે. આ પ્રાતિહાર્યો કેવળજ્ઞાન પામ્યા પછી હંમેશા પ્રભુની સાથે રહે છે. સમવસરણમાં દેશના આપે છે ત્યારે પણ પ્રભુ અશોકવૃક્ષ નીચે રહેલાં સિંહાસન ઉપર બેસીને દેશના આપે છે. પ્રભુ મહાવીર સિવાયના તમામ ત્રેવીસ તીર્થંકરોની કાયા કરતાં બાર ગણું મોટું અશોકવૃક્ષ હોય છે. (દા.ત. **ઋષભદેવ પ્રભુ**નું ૩ ગાઉ = ૬ હજાર ધનુષ્ય હોય છે. અને તે પ્રભુની ૫૦૦ ધનુષ્યની કાયા કરતાં બાર ગણું છે. પ્રભુ **મહાવીરદેવ**નું ૩૨ ધનુષ્ય ઊંચુ અશોકવૃક્ષ હોય છે. **પ્રશ્નઃ આવશ્યકચૂર્ણિ**માં દેવો ભગવાન મહાવીરનું બાર ગણું અશોકવૃક્ષ વિકુર્વે છે, એમ કહેલું છે. તો ૩૨ ધનુષ્ય શી રીતે થાય? **જવાબ :** આ ૧૨ ગણું પ્રમાણ તો કેવળ-એકલાં અશોકવૃક્ષનું કહેલું છે, જ્યારે અહીં તો સાલવૃક્ષની સાથે ૩૨ ધનુષ્ય કહ્યું છે.



ભગવાનના દેહની ઊંચાઈ ૭ હાથ. તેને ૧૨ ગણું કરવાથી ૮૪ હાથ એટલે ૨૧ ધનુષ્ય થાય. (૪ હાથ = ૧ ધનુષ્ય) તેમાં ૧૨ ધનુષ્ય ઊંચા સાલવૃક્ષનું પ્રમાણ ઉમેરતાં ૩૨ ધનુષ્ય ઊંચાઈ ઘટે છે એવી પારંપરિક માન્યતા અને સમવાયાંગ સૂત્રની સાક્ષી છે.

આમ પોતાની કાયાથી બાર ગણાં ઊંચા અશોકવૃક્ષની નીચે બેસેલાં પ્રભુનું રૂપ અત્યંત શોભે છે. પ્રભુના મુખમાત્રના તેજનું વર્ણન આગળ **वक्त्रं क्व ते०** (૧૩) અને **नित्योदयं०** (૧૮) અને **किं शर्वरीषु०** (૧૯) પદ્યોમાં વર્ણવેલું છે. અહીં સમસ્ત શરીરની શોભાનું વર્ણન છે. અશોકવૃક્ષ નીચે રહેલા પ્રભુનું તેજસ્વીરૂપ અત્યંત શોભી રહ્યું છે. કોની જેમ? વાદળોના પડખે રહેલાં સૂર્યના બિંબની જેમ, સૂર્યમંડળની જેમ. આમ અશોકવૃક્ષ નીચે બેસેલાં પ્રભુનું શરીર અને મેઘની પાસે રહેલાં સૂર્યના બિંબ વચ્ચે ઉપમાન-ઉપમેયભાવ છે. સૂર્યના મંડળ જેવું પ્રભુનું તેજસ્વી રૂપ/શરીર છે. અને વાદળો સમાન લીલા પાંદડાવાળું અશોકવૃક્ષ છે.

અહીં વાદળો પણ પાણીદાર અને અશોકવૃક્ષ પણ લીલુંછમ છે. તેની પાસે રહેલાં સૂર્યબિંબ અને રૂપ(શરીર) જેમ અત્યંત શોભી ઉઠે છે તેમ આત્મા પણ જીવમાત્ર સાથે મૈત્રી-પ્રમોદ-કરુણા-માધ્યસ્થતારૂપ ચાર ભાવનાઓથી ભીનો ભીનો થતો હોય ત્યારે તેનું જ્ઞાન અને ચારિત્ર રૂપ આંતર શરીર-આંતર રૂપ અર્થાત્ ગુણસૌંદર્ય અત્યંત શોભી ઉઠે છે. તેમાં અજબ નિખાર આવે છે, એમ આધ્યાત્મિક ઉપદેશ કલ્પી શકાય. (૨૮)

**સમાસવિચાર :** (૧) **न विद्यते शोको यस्मिन् पार्श्वस्थिते इति अशोकः** (બ.વ્રી.સમાસ. અહીં સાપેક્ષપણું હોવા છતાં ય ગમકત્વ હોવાથી અર્થાત્ સમાસ દ્વારા અર્થબોધ થઈ શકવાથી સમાસ થયો છે.) **अशोकश्चासौ तरुश्च इति अशोकतरुः ।** (ક.ધા.) **उच्चैश्चासौ अशोकतरुश्च इति उच्चैरशोकतरुः ।** (ક.ધા.) **तं तस्मिन् वा संश्रितं इति उच्चैरशोकतरुसंश्रितम् । तत् तथा ।** (ત.પુ.) (૨) **उत् ऊर्ध्वं मयुखाः यस्य तत् उन्मयूखम् ।** (પ્રાદિ બ.વ્રી.) (૩) **न विद्यते मलः यस्मिन् तत् अमलम् ।** (નઞ્ બ.વ્રી.) (૪) **स्पष्टाः उल्लसन्तः किरणाः यस्य यस्माद् वा तत् स्पष्टोल्लसत्किरणम् ।** (ત્રિપદ બ.વ્રી.) (૫) **तमसां वितानं इति तमोवितानम् ।** (ષ.ત.પુ.) **अस्तं तमोवितानं येन तत् अस्ततमोवितानम् ।** (તૃ.બ.વ્રી.) (૬) **पयोधरति इति पयोधरः** (ઉપપદ ત.પુ.) **पार्श्वे वर्तते इत्येवंशीलं इति पार्श्ववर्ति ।** (ઉપપદ ત.પુ.) **पयोधरस्य पार्श्व-वर्ति इति पयोधरपार्श्ववर्ति ।** (ષ.ત.પુ.) (૨૮)



**ઉપક્રમ :** સિંહાસન-પ્રાતિહાર્યવર્ણન દ્વારા ફરી પ્રભુના શરીરનું વર્ણન કરે છે -

**सिंहासने मणिमयूखशिखाविचित्रे,**
**विभ्राजते तव वपुः कनकावदातम् ।**
**बिम्बं वियद्विलसदंशुलतावितानं**
**तुङ्गोदयाद्रिशिरसीव सहस्ररश्मेः ॥ २९ ॥**

**અન્વય + શબ્દાર્થ :** (હે પ્રભુ !) **मणिमयूखशिखाविचित्रे सिंहासने** (મણિઓના/રત્નોના કિરણોની પંક્તિઓ વડે વિચિત્ર=અનેક વર્ણવાળા સિંહાસન ઉપર) **कनकावदातं** (સુવર્ણ જેવી કાંતિવાળું) **तव वपुः** (આપનું શરીર) **तुङ्गोदयाद्रिशिरसि** (ઉન્નત-ઘણા ઊંચા એવા ઉદયગિરિ-ઉદયાચલ પર્વતના શિખર ઉપર રહેલાં) **वियद्विलसदंशुलतावितानं** (આકાશમાં પ્રકાશમાન થતાં કિરણોની શાખા (લતા)ઓનો વિસ્તાર જેમાં છે, અથવા જેમાંથી નીકળે છે એવા) **सहस्ररश्मेः बिम्बं इव** (સૂર્યના બિંબ/મંડળની જેમ) **विभ्राजते** (શોભે છે.)

**સરલાર્થ :** (હે તીર્થંકર પ્રભુ !) રત્નોના કિરણોની પંક્તિઓ (શિખાઓ) વડે વિચિત્ર-અનેક વર્ણવાળા સિંહાસન ઉપર રહેલું આપનું શરીર, ઊંચા ઉદયગિરિ (પૂર્વાચલ) પર્વતના શિખર ઉપર રહેલાં, તેમજ આકાશમાં પ્રકાશમાન થતાં કિરણોની શાખાઓના વિસ્તારવાળા સૂર્યના બિંબની જેમ શોભે છે. (૨૯)

**વિશેષાર્થ :** આ પદ્યમાં પ્રભુના સિંહાસન-પ્રાતિહાર્યનું વર્ણન છે. 'કનકાવદાત' માં 'અવદાત' શબ્દ અનેક અર્થમાં છે. **अवदातं तु विमले मनोज्ञे सितपीतयोः** એમ હૈમ-અનેકાર્થ કોષમાં કહેલું છે. આથી સોના જેવું સુંદર અથવા વિમલ, સફેદ, પીળું એવો પણ અર્થ લઈ શકાય છે. **वियद्विलसदंशुलतावितानं** એ સૂર્યના બિંબનું વિશેષણ છે. તેનો બીજો અર્થ આ પ્રમાણે પણ થઈ શકે - **वियन्तः** = વિચરતાં - પ્રસરતાં જે કિરણો અર્થાત્ નવો ઉગેલો સૂર્ય હોવાથી લાલવર્ણવાળા કિરણો રૂપી (લતાવિતાન) લતાઓના મંડપો જેમાં છે અથવા જેમાંથી ઉદ્‌ભવેલાં છે એવા સૂર્યના બિંબની જેમ.. (આપનું શરીર સિંહાસન ઉપર શોભે છે) એમ પણ અર્થ લઈ શકાય. સરળ હોવાથી પ્રથમ અર્થને પસંદ કર્યો છે. બાકી કાવ્યોનાં એક કરતાં અધિક પણ નિર્દોષ અર્થ નીકળતાં

હોય તો તે અર્થ કરવામાં દોષ નથી એમ જાણવું.

અહીં સિંહાસન ઉપર બેસેલાં પ્રભુના શરીરને ઉદયાચલ પર્વતના શિખર ઉપર ઉદય પામતાં સૂર્યની ઉપમા આપી છે. આથી પૂર્વાચલ-ઉદયગિરિ પર્વતના શિખર સમાન સિંહાસન છે. તથા સૂર્યના જેવું પ્રભુનું શરીર છે. આથી યોગ્ય જ ઉપમા આપી છે. કારણકે, પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવ ભગવાનનું રૂપ-શરીર સુવણ વર્ણવાળું કહેલું છે. બીજા પણ પંદર ભગવાન તેમજ મહા-વિદેહમાં વિહરમાન ભગવાનોનો વર્ણ સુવર્ણ છે. (૨૯)

**સમાસવિચાર :** (१) सिंहोपलक्षितं आसनं सिंहासनम् । तस्मिन् तथा । (મધ્યમ પદ લોપી ત.પુ.) (२) मणीनां मयुखाः इति मणिमयूखाः । (ષ.ત.પુ.) तेषाः शिखाः इति मणिमयूखशिखाः । (ष.त.पु.) ताभिः विचित्रं इति मणिमयूख-शिखाविचित्रम् । (તૃ.ત.પુ.) (३) कनकमिव अवदातं इति कनकावदातम् । (उपमानं सामान्यैः० સિ. હે. ૩-૧-૧૦૧ સૂત્રથી ઉપમાન પૂ.પ.ક.ધા.સમાસ) (४) विलसन्तश्च ते अंशवश्च इति विलसदंशवः । (ક.ધા.) वियति विलस-दंशवः इति वियद्विलसदंशवः । (સ.ત.પુ.) तेषां लताः (शिखाः) इति विय-द्विलसदंशुलताः । (ષ.ત.પુ.) तासां वितानं यस्य इति वियद्विलसदंशुलता-वितानम् । (બ.વ્રી.) (५) उदयति अत्र इति उदयः = ઉદયસ્થાન. उदयश्चासौ अद्रिश्च इति उदयाद्रिः । (ક.ધા.) तुङ्गश्चासौ उदयाद्रिश्च इति तुङ्गोदयाद्रिः । (ક.ધા.) तस्य शिरः इति तुङ्गोदयाद्रिशिरः । तस्मिन् तथा । (ષ.ત.પુ.) सहस्रं रश्मयो यस्य स सहस्ररश्मिः । तस्य तथा । (આ શબ્દનો અર્થ રૂઢિથી સૂર્ય જ થાય છે. માટે આવા શબ્દનો સમાસવિગ્રહ વસ્તુતઃ અકિંચિત્કર-નિરર્થક ફક્ત છે. છતાં પૂર્વપદ-ઉત્તરપદના જ્ઞાન માટે વિગ્રહ કરાય છે.) (૨૯)

સુભાષિત

गुणिनः स्वगुणैरेव, सेवनीयाः किमु श्रिया ? ।
कथं फलर्द्धिवन्ध्योऽपि, नाऽऽनन्दयति चन्दनः ॥ १ ॥

અર્થ : ગુણીજનો પોતાના ગુણો વડે જ સેવનીય છે, પૂજ્ય છે, સંપત્તિ-વૈભવ વડે નહીં. શું ફળરૂપ સંપત્તિથી રહિત એવું પણ ચંદનનું વૃક્ષ આનંદિત કરતું નથી ? અર્થાત્ કરે જ છે. (૧)

**ઉપક્રમ :** ચામર-પ્રાતિહાર્ય દ્વારા પ્રભુના દેહનું વર્ણન કરે છે -

**कुन्दावदातचलचामरचारुशोभं**
**विभ्राजते तव वपुः कलधौतकान्तम् ।**
**उद्यच्छशाङ्कशुचिनिर्झरवारिधार-**
**मुच्चैस्तटं सुरगिरेरिव शातकौम्भम् ॥ ३० ॥**

**અન્વય + શબ્દાર્થ :** (હે પ્રભુ !) **कुन्दावदातचलचामरचारुशोभं** (મોગરાના પુષ્પ જેવો ઉજ્જ્વળ-સફેદ (શક્ર વગેરે દેવો વડે) વીંઝાતા બે ચામરો વડે સુંદર શોભાવાળું) **कलधौतकान्तं** (સુવર્ણ જેવી કાંતિવાળું) **तव वपुः** (આપનું શરીર) **उद्यच्छशाङ्कशुचिनिर्झरवारिधारं** (ઉગતા ચંદ્ર જેવા નિર્મળ ઝરણાના વહેતા પાણીની ધારાવાળા) **उच्चैः** (અત્યંત ઊંચા) **शान्तकौम्भं** (સુવર્ણમય) **सुरगिरेः** (મેરુપર્વતના) **तटं इव** (શિખરની જેમ) **विभ्राजते** (શોભે છે.)

**સરલાર્થ :** (હે પ્રભુ!) મોગરાના પુષ્પ જેવા ઉજ્જ્વળ - મનોહર અને (શક્રાદિ દેવો વડે) વીંઝાતા બે ચામરો વડે સુંદર શોભાવાળો, સુવર્ણ જેવી કાંતિવાળો આપનો દેહ, ઉગતાં ચંદ્ર જેવા સફેદ (ઉજ્જ્વળ) ઝરણાના વહેતાં પાણીની ધારાવાળા ખૂબ ઊંચા સુવર્ણમય મેરુપર્વતના શિખરની જેમ, અત્યંત શોભે છે. (૩૦)

**વિશેષાર્થ :** અહીં પણ ચામરના વર્ણન દ્વારા પ્રભુના દેહનું જ વર્ણન કરેલું છે. સિંહાસન ઉપર બેઠેલાં અથવા ચાલતાં એવા પ્રભુની બન્નેય બાજુએ ચંચળ અર્થાત્ શક્રેન્દ્ર આદિ દેવો વડે વીંઝાતા બે ચામરો વડે સુવર્ણવર્ણવાળો પ્રભુનો દેહ ખૂબ શોભી રહ્યો છે. આમ તો પ્રભુના જન્માભિષેકના અવસરે પણ શક્રેન્દ્ર બે બાજુ ચામર ઢાળતાં મેરુપર્વત ઉપર લઈ જાય છે. પણ અહીં ભાવ-તીર્થંકરનું વર્ણન છે. કારણકે કેવળજ્ઞાન પામ્યા પછી જ પ્રગટ થતાં અષ્ટ પ્રાતિહાર્યનું વર્ણન છે.

અહીં સુંદર ઉપમા આપી છે. મેરુપર્વત સુવર્ણમય છે. તેનો વર્ણ પણ તપનીય તપાવેલાં સુવર્ણ જેવો છે. (ઋષભદેવ પ્રભુનો દેહ પણ સુવર્ણવર્ણ-વાળો છે.) એના શિખર ઉપર ચંદ્ર જેવું સફેદ - ઉજ્જ્વળ ઝરણું વહી રહ્યું છે.



તેના પાણીના પ્રવાહ (ધારા)ની જેમ બે ચામરોથી વીંઝાતો પ્રભુનો દેહ શોભી રહ્યો છે. અહીં મેરુના શિખર સમાન નાભિનંદન શ્રી ઋષભદેવ પ્રભુનો દેહ છે. અને ઉજ્જવળ ઝરણાની જલધારા જેવા શ્રેષ્ઠ બે ચામરો છે. આમ સુંદર ઉપમા છે. અહીં ઉપાધ્યાય **શ્રી સિદ્ધિચંદ્રજી મ.**ની વૃત્તિમાં જણાવેલું છે કે, બંને બાજુ થઈને મેરુતટ ઉપર બે ઝરણા વહી રહ્યા છે. તેથી બે જલધારા થાય છે. એ રીતે બે ચામરો વડે પ્રભુ શોભી રહ્યા છે. આમ સંખ્યાની દ્રષ્ટિએ પણ સમાનતા છે. જો કે ૧ જોડી = બેથી અધિકપણ ચામરો વીંઝાતા હોઈ શકે છે. (૩૦)

**સમાસવિચાર :** (१) कुन्दाः इव अवदाताः इति कुन्दावदाताः । (ઉપમાન પૂ.પ. ક.ધા.) चलाश्च ते चामराश्च इति चलचामराः । (ક.ધા.) कुन्दावदाताश्च चल-चामराश्च इति कुन्दावदातचलचामराः । (ક.ધા.) तैः चार्वी शोभा यस्य तत् कुन्दावदातचलचामरचारुशोभम् । (તૃ.ત.પુ.બ.વ્રી.) (२) कलधौतं (सुवर्णं) तद्वत् कान्तं (सुन्दरं) इति कलधौतकान्तम् । (ઉ.પૂ.પ.ક.ધા.) (३) उद्यन् च चासौ शशाङ्कश्च इति उद्यत्शशाङ्कः । (ક.ધા.) तद्वत् शुचिः इति उद्यत्शशाङ्क-शुचिः । (ક.ધા.) निर्झराणां वारिणी इति निर्झरवारीणि । (ષ.ત.પુ.) तेषां धारा इति निर्झरवारिधारा । (ષ.ત.પુ.) उद्यत्शशाङ्कशुचिः निर्झरवारिधारा यस्मिन् तत् उद्यत्शशाङ्कशुचिनिर्झरवारिधारम् । (બ.વ્રી.) (૩૦)

● ● ●

**સુભાષિત**

यः प्राप्य दुष्प्रापमिदं नरत्वं,
धर्मं न यत्नेन करोति मूढः ।
क्लेशप्रबन्धेन स लब्धमब्धौ,
चिन्तामणिं पातयति प्रमादात् ॥ १ ॥

**અર્થ :** જે મનુષ્ય દુઃખોથી પ્રાપ્ત થતાં મનુષ્ય-જન્મને પામીને મૂઢતાથી-મોહથી પ્રયત્નપૂર્વક (સાવધાન બનીને) ધર્મ કરતો નથી, તે મનુષ્ય ઘણા પણ ક્લેશથી પ્રાપ્ત થયેલ ચિંતામણિ રત્નને પ્રમાદથી (ઉપેક્ષા-બેકાળજીથી) સમુદ્રમાં નાંખી દે છે, અર્થાત્ તે આવી મૂર્ખતા કરે છે. (૧)



**ઉપક્રમ :** ત્રણ છત્રનું વર્ણન કરતાં કહે છે -

**छत्रत्रयं तव विभाति शशाङ्ककान्त-**
**मुच्चैः स्थितं स्थगितभानुकरप्रतापम् ।**
**मुक्ताफलप्रकरजालविवृद्धशोभं**
**प्रख्यापयत्त्रिजगतः परमेश्वरत्वम् ॥ ३१ ॥**

**અન્વય + શબ્દાર્થ :** (હે પવિત્રચરિત્ર પ્રભુ !) **शशाङ्कान्तं** (ચંદ્ર જેવા મનોહર) **स्थगितभानुकरप्रतापम्** (સૂર્યના કિરણોના પ્રતાપને/સંતાપને સ્થગિત કરનાર, રોકનાર, ઢાંકનાર) **मुक्ताफलप्रकरजालविवृद्धशोभं** (મોતીના સમૂહની રચના વિશેષ વડે વૃદ્ધિ પામેલ શોભાવાળા) **त्रिजगतः** (ત્રણ જગતના) **परमेश्वरत्वं** (પરમેશ્વરપણાને) **प्रख्यापयत्** (જણાવતાં-સૂચવતાં) **उच्चैः स्थितं** (મસ્તકની ઉપર રહેલાં) **तव छत्रत्रयं** (આપના ત્રણ છત્રો) **विभाति** (શોભે છે.)

**સરલાર્થ :** (હે પવિત્ર ચરિત્રવાળા પ્રભુ !) ચંદ્ર જેવા મનોહર, સૂર્યના કિરણોના પ્રતાપને/સંતાપને આચ્છાદિત કરનાર/રોકનારા, મોતીના સમૂહની રચના વિશેષથી અધિક વૃદ્ધિ પામેલી શોભાવાળા અને (આપના) ત્રણ જગતના પરમેશ્વરપણાને સૂચવતાં તમારા (મસ્તક) ઉપર ઊંચે રહેલાં આપના ત્રણ છત્રો શોભે છે. (૩૧)

**વિશેષાર્થ :** આપના મસ્તક ઉપર રહેલાં, દેવો વડે વૈક્રિય પુદ્ગલોથી રચાયેલાં આપનાં ત્રણ છત્ર (છત્રત્રય) અત્યંત શોભે છે. તેના દ્વારા સૂર્યનો પ્રકાશ સ્થગિત થઈ જાય છે. આવતો અટકી જાય છે. તેમાં રહેલાં મોતીઓના સમૂહની વિશેષ રચનાઓ વડે તે ખૂબ શોભે છે. તથા જાણે કે 'પ્રભુ ત્રણ જગતના પરમેશ્વર છે, તેમને ભજો' એવી જાહેરાત- સૂચના કરતાં હોય તેમ લાગે છે. પ્રભુના ત્રણ છત્રોમાં નીચે સૌથી નાનું અને ઉપર ઉત્તરોત્તર મોટું છત્ર હોય છે. **વીતરાગસ્તોત્ર**ના પાંચમાં પ્રકાશમાં કહેલું છે કે,

**तवोर्ध्वमूर्ध्वं पुण्यर्द्धिक्रमसब्रह्मचारिणी ।**
**छत्रत्रयी त्रिभुवनप्रभुत्वप्रौढिशंसिनी ॥ (પ્ર.૫-૮)**

આ શ્લોકનો અર્થ **આ.શ્રી પ્રભાનંદસૂરિ** કૃત ટીકાના આધારે જોઈએ. "હે પ્રભુ ! આપના મસ્તક ઉપર ત્રણ છત્રો શોભે છે. આ ૩ છત્રો ઉપર ઉપર રહેલાં છે અને તે ઉત્તરોત્તર મોટા છે. અને તેથી જ તે આપની પુણ્યરૂપી

સંપત્તિના પ્રકર્ષ સમાન છે. તે આ રીતે - પ્રથમ સમ્યક્ત્વનો સ્વીકાર, પછી દેશવિરતિ ત્યારબાદ સર્વવિરતિ, પછી અરિહંત આદિ વીસ સ્થાનકોનું સેવન (આ પૂર્વભવની આરાધના કહી.) પછી અરિહંતાદિ રૂપે ઉત્પત્તિ. પછી ફરી અંતિમ ભવે સમય થતા સર્વવિરતિથી માંડીને ક્ષપકશ્રેણી યાવત્ કેવળજ્ઞાનની પ્રાપ્તિ અને પછી પરમ આર્હન્ત્ય= અરિહંત સંબંધી અષ્ટપ્રાતિહાર્ય વગેરે સંપત્તિનો ઉપભોગ થાય છે. પછી શાશ્વત - મોક્ષપદની પ્રાપ્તિ. આમ જે ઉત્તરોત્તર અધિક પુણ્યસંપત્તિનો ક્રમ છે, તેના જેવા છત્રત્રયી = ત્રણ છત્રો છે અર્થાત્ ત્રણ છત્રો પણ ઉપર ઉપર મોટા છે. અને તે મર્ત્ય, પાતાળ અને સ્વર્ગરૂપ ત્રણ ભુવનના / લોકના સંબંધી પ્રભુત્ત્વના ઉત્કર્ષને કહેનારા છે, તેને સૂચવનારા છે.

**ભાવાર્થ** એ કે, જે એક ભુવનનો સ્વામી હોય તેને એક છત્ર અને જે બે ભુવનનો માલિક હોય તેને બે છત્રો હોય છે. ભગવાન તો ત્રણેય ભુવનના સ્વામીઓ વડે સહર્ષ સેવા કરાતાં હોવાથી ત્રણ લોકના સ્વામીના મસ્તકે ત્રણ શ્વેત છત્રો હોય એ ઉચિત જ છે." આમ હોવાથી દેરાસરમાં પ્રભુની પ્રતિમા ઉપર ઉલટી રીતે ત્રણ છત્રો રાખવા તે દોષ રૂપ જણાય છે.❁

**अशोकवृक्षः सुरपुष्पवृष्टिर्दिव्यध्वनिश्चामरमासनं च ।**
**भामण्डलं दुन्दुभिरातपत्रं सत्प्रातिहार्याणि जिनेश्वराणाम् ।।१।।**

**અર્થ :** (૧) અશોકવૃક્ષ (૨) સુરપુષ્પવૃષ્ટિ (૩) દિવ્યવનિ (૪) ચામર (૫) આસન (૬) ભામંડળ (૭) દેવદુંદુભિ અને (૮) છત્ર. આ આઠ જિનેશ્વરના સદ્ભૂત પ્રાતિહાર્ય છે.

આ શ્લોકમાં પ્રભુના ૮ પ્રાતિહાર્યોનું વર્ણન છે. તેમાંથી (૧) અશોકવૃક્ષ (પ્રથમ) (૨) સિંહાસન (પાંચમું) (૩) ચામર (ચોથું) અને (૪) ત્રણ છત્ર-છત્રત્રય (આઠમું) એ ચાર પ્રાતિહાર્યનું અહીં વર્ણન કરેલું છે. શેષ ચાર પ્રાતિહાર્યો-(૧) સુરપુષ્પવૃષ્ટિ (બીજું), (૨) દિવ્યધ્વનિ (ત્રીજું), (૩) ભામંડળ (છટ્ઠું), (૪) દુંદુભિ (સાતમું) આ ચારનું વર્ણન અત્ર કરેલું નથી, તેમાં કોઈ વિશેષ કારણ નથી. ધર્મોપદેશ વખતે પ્રભુના મહિમાનું વર્ણન કરવું અહીં પ્રસ્તુત હોવાથી ઉક્ત ચાર પ્રાતિહાર્યોનું વર્ણન પર્યાપ્ત છે. આ વાતનું સૂચન **इत्थं यथा तव विभूति०** (૩૩) એ પદ્ય વડે સ્તોત્રકારશ્રીએ કરેલું છે. એમ જાણવું. **આ.શ્રી ગુણાકરસૂરિજી** ની ટીકામાં કહ્યું છે કે,"અહીં પ્રાતિહાર્યના પ્રસ્તાવમાં નહીં કહેલા પણ પુષ્પવૃષ્ટિ

---

❁ જો કે પ્રાચીન પાષાણ તેમજ ધાતુની મૂર્તિઓમાં ઉપર ઉપર નાના છત્રો જોવા મળે છે અને પૂર્વોક્ત શ્લોક ઉપર ઉપર મોટા છત્રોને સૂચવે છે. આથી જ્યાં સુધી સર્વ ગીતાર્થો મળીને યોગ્ય નિર્ણય ન કરે ત્યાં સુધી મતાંતર સમજી વિવાદમાં ન પડવું.

વગેરે પણ ચાર પ્રાતિહાર્યો પોતાની બુદ્ધિથી અવતરિત કરવા, વિચારવા. (જેમ કે ૧. પાંચ વર્ણના દિવ્ય પુષ્પોની વૃષ્ટિ, ૨. તિર્યંચોને પણ સમજાતી ૩૫ ગુણોવાળી દિવ્યધ્વનિવાળી જિનવાણી, ૩. મસ્તક પાછળ સૂર્યમંડળથી તેજસ્વી ભામંડળ અને ૪. આકાશમાં દેવદુંદુભિ વાગે છે વગેરે...) આ બધાંય જ્યાં અશોકવૃક્ષ પ્રગટ થાય છે, ત્યાં દેશના સમયે હોય છે. અશોકવૃક્ષ સાથે રહેનારા હોવાથી કવિએ જુદા કહ્યા નથી."

જો કે આ સમાધાન પણ સંપૂર્ણ સંતોષજનક નથી. વસ્તુતઃ તો કવિએ વર્ણવેલ ચાર પ્રાતિહાર્યો તેઓના દેહની નજીકમાં રહેનારા છે. સિદ્ધાંત વગેરે ગ્રંથોમાં જ્યાં પણ આઠથી ઓછા પ્રાતિહાર્યો કે ૩૪ અતિશયો વર્ણવ્યા હોય ત્યાં મોટાભાગે આ ચારનો વિશેષ ઉલ્લેખ જોવા મળે છે. આઠેયનું વર્ણન કરવું જ જોઈએ એવું આવશ્યક નથી. દેહની વિશેષ શોભા ઉત્પન્ન કરનારા હોવાથી અહીં આ ચારનું વર્ણન કરેલું હોય એમ જણાય છે.

આથી જ આઠ પ્રાતિહાર્યોને જણાવનારી પૂર્વોક્ત ગાથામાં કહેલ ક્રમની અપેક્ષા રાખ્યા વિના આ ચાર પ્રાતિહાર્યોનું વર્ણન કરેલું છે. જો આઠેય પ્રાતિહાર્યોનું વર્ણન કરવું આવશ્યક હોત તો ક્રમથી વર્ણન કરત. **'કલ્યાણમંદિર'** માં પણ પૂર્વોક્ત ગાથાના ક્રમથી આઠ પ્રાતિહાર્યોનું વર્ણન કરેલું છે, એમ જાણવું. (૩૧)

**કથા-પ્રસંગ :** (૧૯) આ કાવ્યના મહિમા વિષે સિંહપુરના **ગોવાળ** ક્ષત્રિયની કથા છે.

**સમાસવિચાર :** (१) **छत्राणां त्रयं इति छत्रत्रयम्** । (ષ.ત.પુ.) (२) **शशाङ्क इव शशाङ्कः, तद्वत् कान्तं इति शशाङ्ककान्तम्** । (ક.ધા.) (३) **भानोः कराः इति भानुकराः** (ષ.ત.પુ.) **तेषां प्रतापः इति भानुकरप्रतापः** । (ષ.ત.પુ.) **स्थगितः भानुकरप्रतापः येन तत् स्थगितभानुकरप्रतापम्** । (તૃ.બ.વ્રી.) (४) **मुक्ताः एव फलानि मुक्ताफलानि** । (ક.ધા.) **तेषां प्रकरः इति मुक्ताफल-प्रकरः** । (ષ.ત.પુ.) **तस्य जालं इति मुक्ताफलप्रकरजालम्** । (ષ.ત.પુ.) **तेन विवृद्धा शोभा यस्य तत् मुक्ताफलप्रकरजालविवृद्धशोभम्** । (તૃ.ત.પુ. ગર્ભિત બ.વ્રી.) (५) **त्रयाणां जगतां समाहार इति त्रिजगत्** । (દ્વિગુ.સમાહાર) (६) **परमश्चासौ ईश्वरश्च इति परमेश्वरः** । (ક.ધા.) **तस्य भावः परमेश्वर-त्वम्** । ('તેનો ભાવ' અર્થમાં તદ્ધિતનો **त्व** પ્રત્યય.) (૩૧)



**ઉપક્રમ :** હવે અતિશય દ્વારા સ્તુતિ કરે છે અથવા ૪ પ્રાતિહાર્યોને કહીને હવે અતિશયરૂપ સંપત્તિને સંક્ષેપથી કહે છે -

**उन्निद्रहेमनवपङ्कजपुञ्जकान्ति-**
**पर्युल्लसन्नखमयूखशिखाभिरामौ ।**
**पादो पदानि तव यत्र जिनेन्द्र ! धत्तः**
**पद्मानि तत्र विबुधाः परिकल्पयन्ति ॥ ३२ ॥**

**અન્વય + શબ્દાર્થ : हे जिनेन्द्रः** ! (હે જિનેશ્વર !) **उन्निद्रहेमनवपङ्कजपुञ्ज-कान्ति** (વિકસિત, સુવર્ણના નવા અથવા નવ કમળોના સમૂહની કાન્તિ (પ્રભા) વડે) **पर्युल्लसन्नमयूखशिखाभिरामौ** (સર્વ બાજુથી ઉછળતાં અથવા વૃદ્ધિ પામતાં નખના કિરણોની શિખાઓ વડે મનોહર) **तव पादौ** (આપના બે ચરણો) **यत्र पदानि धत्तः** (જ્યાં પગલાં ધારણ કરે છે, પાડે છે) **तत्र विबुधाः** (ત્યાં દેવો) **पद्मानि परिकल्पयन्ति** (કમળોની (અર્થાત્ સુવર્ણકમળોની) રચના કરે છે.)

**સરલાર્થ :** હે જિનેશ્વર પ્રભુ ! વિકસિત સુવર્ણના નવીન કમળોના સમૂહની કાંતિ વડે (પ્રભા વડે) સર્વ બાજુથી વૃદ્ધિ પામતાં નખના કિરણોની શિખાઓ વડે મનોહર આપના બે ચરણો, જે ઠેકાણે પગલાં પાડે છે, તે ઠેકાણે દેવો (સુવર્ણના) કમળોની રચના કરે છે. (૩૨)

**વિશેષાર્થ :** આ પદ્યમાં પ્રભુના એક જ અતિશયનું વર્ણન કરેલું છે. તેના દ્વારા સર્વ ૩૪ અતિશયોને સૂચિત કર્યા છે. શ્રી અરિહંતદેવ જ્યારે વિહાર કરે છે ત્યારે દેવો નવા વિકસિત, સુવર્ણના (નવ) કમળોની રચના કરે છે. તેમાં બે પગ મૂકવાના સ્થાને બે કમળો અને શેષ સાત કમળો પાછળ હોય છે. આમ નવ કમળો હોય છે. **नवपङ्कज** એવા પાઠથી આ અર્થ પણ સૂચવેલો છે.

અહીં એક ખ્યાલ રાખવો કે, પ્રભુ જે ઠેકાણે પાદ-નિક્ષેપ કરે છે, ત્યાં દેવો સુવર્ણકમળ રચે છે, નહીં કે જ્યાં સુવર્ણકમળ રચાય ત્યાં પ્રભુ પગલાં પાડે. પ્રભુ વીતરાગ હોવાથી સુવર્ણકમળને નિરપેક્ષ છે. આથી 'નવ કમળ રચે

સુર તિંહા, (જિંહા) ઠવતાં પ્રભુ પાય.' થોયની પંક્તિમાં 'તિંહા' પછી 'જિંહા' શબ્દ ઉમેરીને અર્થ કરવાથી બંધબેસતો અર્થ નીકળશે.

**આવશ્યક નિર્યુક્તિ**માં કહ્યું છે કે,

**सुरोदयपच्छिमाए, ओगाहंतीइ पुव्वओ एइ ।**
**दोसु पउमेसु पाया, मग्गेण य हुंति सत्तण्णे ॥ १ ॥**

**અર્થ :** સૂર્યોદય થયે છતે અને પાછલી પોરિસી (ચોથો પ્રહર) થયે છતે પ્રભુ સમવસરણના પૂર્વ દ્વારમાંથી આવે-પ્રવેશ કરે છે. (તેમાં પ્રભુ જ્યારે ચાલે છે ત્યારે) બે કમળો ઉપર પ્રભુ બે પગનું સ્થાપન કરે છે અને બીજા સાત સુવર્ણ-કમળો માર્ગે હોય છે. અહીં **मग्गेण = मार्गतः** એવા શબ્દનો અર્થ **पृष्ठतः =** પાછળ છે એમ **આ. હરિભદ્રસૂરિ** ટીકામાં કહ્યું છે. આથી શેષ કમળો પાછળ હોવા સંભવે છે. (આવ.નિર્યુક્તિ ગાથા-૫૫૬)

સ્તુતિમાં **उन्निद्रहेम०** થી **शिखाभिरामौ** સુધીના પદો **पादौ** પદના = (બે પગના) વિશેષણ છે. તેનો **ભાવાર્થ** આ છે કે, બે પ્રકાશ ભેગા થાય છે - એક તો વિકસિત નવા સુવર્ણકમળોના સમૂહનો પ્રકાશ જે પીળા વર્ણવાળો છે તે અને બીજો દર્પણ જેવા નખની પ્રભાનો પ્રકાશ છે. પ્રથમ સુવર્ણનો પ્રકાશ બીજા નખના કિરણોના પ્રકાશમાં ભળવાથી ચિત્રવર્ણવાળા પ્રભુના ચરણો ખૂબ મનોહર, સુંદર લાગે છે. સાયંકાળે પ્રતિક્રમણમાં બોલાતી **नमोस्तु वर्धमानाय०** સ્તોત્રની બીજી સ્તુતિ પણ આ વિષયમાં સુંદર અર્થ જણાવે છે.

**येषां विकचारविन्दराज्या, ज्यायःक्रमकमलावलीं दधत्या ।**
**सदृशैरिति सङ्गतं प्रशस्यं, कथितं सन्तु शिवाय ते जिनेन्द्राः ॥२॥**

**અર્થ :** જેઓની શ્રેષ્ઠ ચરણ કમળની શ્રેણિને ધારણ કરતી વિકસિત અરવિંદની =સુવર્ણ-કમળોની પંક્તિ જાણે કે કહે છે કે 'સરખાઓ સાથે સમાગમ (મેળાપ) થવો પ્રશંસનીય છે' તે જિનેશ્વર પ્રભુ કલ્યાણ માટે / મોક્ષ માટે થાઓ. અર્થાત્ પ્રભુના ચરણો પણ શ્રેષ્ઠ અને દેવનિર્મિત સુવર્ણકમળ પણ અતિ સુંદર છે. બેયની સંગતિ પ્રશંસનીય છે. (૩૨)

**સમાસવિચાર :** (१) **उद्‌गता निद्रा येषां तानि उन्निद्राणि । (विकस्वराणि इत्यर्थः)** (બ.વ્રી.) **नवानि (नूतनानि नवसंख्याकानि वा) च तानि पङ्कजानि इति नवपङ्कजानि ।** (ક.ધા.) **हेम्नः नवपङ्कजानि इति हेमनवपङ्कजानि ।** (ષ.ત.પુ.) **उन्निद्राणि च तानि हेमनवपङ्कजानि इति उन्निद्रहेमनवपङ्कजानि ।** (ક.ધા.)

**तेषां पुञ्ज: इति उन्निद्रहेमनवपङ्कजपुञ्ज: ।** (ષ.ત.પુ.) **तस्य कान्ति: इति उन्निद्र-हेमनवपङ्कजपुञ्जकान्ति: ।** (ષ.ત.પુ.) (આ સમાસનો પ્રથમાંશ થયો.) **तया पर्युल्लसन्त: ये नखानां मयूखा: इति उन्निद्र०...कान्तिपर्युल्लसन्नमयूखा: ।** (તૃ.ત.પુ.પૂર્વક ષ.ત.પુ.ગર્ભિત ક.ધા.) **तेषां शिखा: इति उन्निद्रहेम०...नख-मयूषशिखा: ।** (ષ.ત.પુ.) **ताभि: अभिरामौ इति उन्निद्रहेम०...कान्तिपर्युल्ल-सन्नमयूखशिखाभिरामौ ।** અથવા **उन्निद्रहेम-नवपङ्कजपुञ्जकान्त्या पर्युल्ल-सन्नखमयूखशिखाभिश्च अभिरामौ इति उन्निद्रहेमनवपङ्कजपुञ्जकान्तिपर्युल्ल-सन्नखमयूखशिखाभिरामौ ।** **(તૃ.ત.પુ.)** જો કે આ ફક્ત અર્થકથન છે. ખરેખર તો પહેલાં કાન્તિ સુધીના અંશનો અને **शिखा** સુધીના અંશનો દ્વન્દ્વ કરીને પછી **ताभ्यां** તે બે વડે **अभिरामौ** એમ તૃ.ત.પુ. કરવો ઉચિત લાગે છે. ઉપા. સિદ્ધચંદ્રજી મ.ની ટીકામાં **पुञ्जकान्ति** સુધીના અંશનો બ.વ્રી. સમાસ કરીને સીધો સંબંધ પાદૌ સાથે કરેલો છે. (જુઓ પરિશિષ્ટ ૧-૯) **(૨) जिनानां इन्द्र: इति जिनेन्द्र: । तस्य सम्बोधनं हे जिनेन्द्र! ।** (૩૨)

● ● ●

**સુભાષિત**

**विद्ययैव मदो येषां, कार्पण्यं विभवेप्यहो ।**
**तेषां दैवाभिभूतानां, सलिलादग्निरुत्थित: ॥ १ ॥**

**અર્થ :** જેઓને જ્ઞાનથી જ મદ થાય છે અને જેઓ વૈભવ હોતે છતે કૃપણતા રાખે છે તેઓ દુર્ભાગ્યથી અભિભૂત થયેલાં છે. અને તેઓને જાણે કે પાણીમાંથી અગ્નિ ઉત્પન્ન થયો છે. (અર્થાત્ વિદ્યા તો સર્વ મદનો નાશ કરનારી છે. કહ્યું છે કે -

**'लब्ध्वा सर्वभयहरं तेनैव मद: कथं कार्य: ?** (પ્રશમરતિ પ્રકરણ)

સર્વમદનો નાશ કરનાર જ્ઞાનને પામીને તેના વિષે જ શા માટે મદ કરાય ? અર્થાત્ કરવા યોગ્ય નથી. તથા વૈભવ તો પ્રચંડ પુણ્યાનુબંધી પુણ્યનું ઉપાર્જન કરાવી શકે છે. તેવો વૈભવ છતાં કૃપણતા રાખવી તે તીવ્ર આસક્તિનું સૂચક છે. આથી વિદ્યારૂપ ગુણ સંપત્તિ અને વૈભવરૂપ બાહ્ય-સંપત્તિનો ઉપયોગ વિવેકપૂર્વક કરાય તો હિતકર બને છે એમ તાત્પર્ય છે.



**ઉપક્રમ :** પ્રભુની બાહ્ય-સંપત્તિના વર્ણનનો ઉપસંહાર કરે છે -

**इत्थं यथा तव विभूतिरभूज्जिनेन्द्र !**
**धर्मोपदेशनविधौ न तथा परस्य ।**
**यादृक् प्रभा दिनकृतः प्रहतान्धकारा**
**तादृक् कुतो ग्रहगणस्य विकाशिनोऽपि ॥ ३३ ॥**

**અન્વય + શબ્દાર્થ : हे जिनेन्द्र !** (હે જિનેશ્વર પ્રભુ !) **इत्थं** (આ પ્રમાણે) **धर्मोपदेशनविधौ** (ધર્મનો ઉપદેશ (વ્યાખ્યાન) આપવાના સમયે) **तव यथा विभूतिः अभूत्** (આપની જેવી વિભૂતિ=અતિશય વગેરે સમૃદ્ધિ હતી.) **तथा परस्य न** (તેવી બીજાઓની-અન્ય દેવોની નથી. દ્રષ્ટાંત કહે છે.) **दिनकृतः** (સૂર્યની) **प्रहतान्धकारा** (અંધકારનો અત્યંત નાશ કરનારી) **यादृक् प्रभा (भवति)** (જેવી પ્રભા-પ્રકાશ છે) **विकाशिनोऽपि** (પ્રકાશવંત, ઉદય પામેલાં પણ) **ग्रहगणस्य** (ગ્રહોના સમૂહની) **तादृक्** (તેવી) **प्रभा कुतः ?** (પ્રભા ક્યાંથી હોય ? અર્થાત્ સંભવતી નથી.)

**સરલાર્થ :** હે જિનેશ્વરદેવ ! આ પ્રમાણે ધર્મનો ઉપદેશ આપવાના સમયે જેવી આપની વિભૂતિ (અતિશયો વગેરે સમૃદ્ધિ) હોય છે, તેવી બીજા દેવોની હોતી નથી. સૂર્યનો અંધકારને અત્યંત નાશ કરનારો જેવો પ્રકાશ હોય છે તેવો પ્રકાશ, પ્રકાશવંત પણ (અન્ય) ગ્રહોના સમૂહનો ક્યાંથી હોય ? અર્થાત્ સંભવતો નથી. (૩૩)

**વિશેષાર્થ :** ૨૮માં કાવ્યથી ૩૨ સુધીના પાંચ કાવ્યોમાં અરિહંત પ્રભુની બાહ્ય (ભૌતિક) સંપત્તિનું જે વર્ણન કરેલું છે તેનો આ કાવ્યમાં ઉપસંહાર-સમાપન કરાય છે. એકદમ સંક્ષેપથી કવિવર **શ્રી માનતુંગસૂરિ** કહે છે કે, સમવસરણમાં ધર્મનો ઉપદેશ (વ્યાખ્યાન) આપતી વખતે આપનો જે લોકોત્તર વૈભવ હોય છે, તેવો બીજા હરિ, હરાદિ દેવોનો હોતો નથી. દ્રષ્ટાંતથી સમજાવે છે કે, એકલા સૂર્યના પ્રકાશ વડે જે રીતે અત્યંતપણે અંધકારનો નાશ કરવા વડે જગત પ્રકાશિત કરાય છે, તે રીતે પ્રકાશિત થયેલ - સંપૂર્ણ ઉદય પામેલાં પણ બીજા ગ્રહોના સમુદાયનો પ્રકાશ હોય છે ખરો ? નથી જ હોતો.

આમ ભૌતિક-બાહ્ય ગુણોના વૈભવની અપેક્ષાએ પણ અરિહંતોની અન્ય દેવો સાથે તુલના થઈ શકતી નથી. પ્રભુના ૩૪ અતિશયો છે. તેમાં ચાર જન્મથી, ૧૯ દેવો વડે કરાયેલાં અને ૧૧ અતિશયો ઘાતી કર્મનો ક્ષય થવાથી ઉત્પન્ન થાય છે. અહીં તો ફક્ત ચરણ-સ્થાપનાના સ્થાને સુવર્ણ કમળની રચનારૂપ એક જ અતિશય જણાવેલ છે. પૂર્વે જણાવેલ ચાર પ્રાતિહાર્યોનો પણ ૩૪ અતિશયોનાં સમાવેશ કરેલો છે. આમ કુલ પાંચ જ અતિશયો વર્ણવેલાં છે.

**ઉપા.શ્રી. મેઘવિજયજી મ.**ની ટીકામાં જણાવ્યું છે કે, આ પ્રમાણે બાહ્ય-યોગના મહિમા વડે પણ જણાય છે કે, 'હે પ્રભુ ! આપ જ (૨૩માં પદ્યોમાં કહ્યા પ્રમાણે) પરમપુરુષ છો' આમ સિંહાવલોકન-ન્યાયથી પૂર્વે કહેલ વાતનું દ્રઢીકરણ થાય છે, આમ હોવાથી દિગંબર **આ.શ્રી સમન્તભદ્રાચાર્યજીએ અષ્ટ-સાહસ્ત્રીમાં** જે કહ્યું છે કે,

**देवागमनभोयान-चामरादिविभूतयः ।**
**मायादिष्वपि दृश्यन्ते, नातस्त्वमसि नो महान् ॥१॥**

**અર્થ :** 'દેવોનું આગમન, આકાશગમન, અને ચામર વગેરે વિભૂતિઓ તો માયાવી દેવતાઓમાં, અન્ય મતના પ્રણેતાઓમાં પણ દેખાય છે. આથી આપ અમને સૌથી મહાન તરીકે સ્વીકાર્ય નથી. પરંતુ, આપના વીતરાગતાદિ ગુણોથી અમે આપને મહાન માનીએ છીએ. કારણકે, તેવા ગુણો અન્ય દેવોમાં દેખાતાં નથી.' આવા ભાવનું તેઓનું કથન નિરસ્ત થઈ જાય છે. કારણકે, ૮ પ્રાતિહાર્ય, ૩૪ અતિશય, ૩૫ વાણીના ગુણો વગેરે બાહ્ય પણ યોગનો વૈભવ (મહિમા) જેવો ભગવાનના રૂપાદિના વર્ણનના સંબંધથી વર્ણવેલો છે, તેવા પ્રકારનો વૈભવ, બાહ્ય-સંપત્તિ દેવાધિદેવ શ્રી અરિહંત પ્રભુ સિવાય ક્યાંય દેખાતી નથી. ભગવાનના રૂપાદિ વૈભવની સાથે ક્રોડમાં ભાગે પણ અન્યદેવોની માયાથી રચેલાં વૈભવની સમાનતા થઈ શકતી નથી. **કલિકાલસર્વજ્ઞ આ.શ્રી.હેમચંદ્રસૂરિજીએ** પણ કહ્યું છે કે, **बाह्योऽपि योग महिमा, नाप्तस्तीथकरैः परैः । (વીતરાગસ્તોત્ર પ્ર.૪-૭)** (કેશ, દાઢી, મૂછ, નખ વગેરે ન વધવા વગેરે રૂપ) જિનેશ્વરદેવનો બાહ્ય પણ યોગ-મહિમા બીજા તીર્થંકરો-અન્ય મતના પ્રણેતાઓ વડે પ્રાપ્ત કરાયો નથી. આમ વિસ્તારથી સર્યું.

વસ્તુતઃ ત્રણ પ્રકારના જીવો છે. (૧) બાળ (૨) મધ્યમ અને (૩) બુધ. (૧) બાળ જીવો તો વિશેષથી બાહ્ય વૈભવ-સંપત્તિથી જ આવર્જિત થાય છે, અને ધર્મ પામે છે. (૨) મધ્યમ જીવો મુખ્યત્વે સદ્-આચરણને જોઈને આવર્જિત

થાય છે. (૩) પ્રબુદ્ધ જીવો મોટે ભાગે આંતરિક ગુણ-સંપત્તિને જોઈને આકર્ષિત થાય છે. આથી તેઓને આંતર-ગુણવૈભવમાં જ વધુ અનુરાગ હોય છે. આ અપેક્ષાએ આ. શ્રી સમંતભદ્રાચાર્યજીનું વચન પણ ઘટાવવું. પ્રભુની બાહ્ય-સંપત્તિ-વૈભવ પણ વિશુદ્ધ પુણ્યાનુબંધી પુણ્યરૂપ તીર્થંકર નામકર્મ વગેરેના ઉદયથી પ્રાપ્ત થયેલ હોવાથી તે આંતરિક વીતરાગતા-ધીરતા-ક્ષમા-ગંભીરતાદિ ઉત્કૃષ્ટ ગુણોનું દ્યોતક છે. આથી તે બાહ્ય વૈભવ આંતરિક ગુણવૈભવને બાધિત કરતો નથી. આમ બાહ્ય વૈભવ પણ ઉત્કૃષ્ટ છે, જે પ્રાથમિક જીવોનું પ્રાથમિક હિત કરે છે, અને આંતર ગુણ-વૈભવ પણ પરાકાષ્ઠાનો છે, જે પ્રબુદ્ધ-વિકસિત મતિવાળા જીવોનું આત્યંતિક કલ્યાણ કરે છે. નિશ્ચય અને વ્યવહારની જેમ કક્ષા ભેદે પોતપોતાની ભૂમિકામાં પ્રભુનો બાહ્ય અતિશયાદિ વૈભવ અને આંતર ગુણવૈભવ સરખા મહાન છે. પ્રભુ સાથે વાદ કરવા આવેલ **ઈન્દ્રભૂતિ બ્રાહ્મણ** પણ પહેલાં પ્રભુના સમવસરણ આદિ બાહ્યસ્વરૂપથી સ્તબ્ધ થાય છે. પછી જ્ઞાનાદિ આંતર ગુણવૈભવથી પરાસ્ત થાય છે. આમ સ્યાદ્‌વાદથી વસ્તુની સિદ્ધિ થાય છે, એકાંતવાદથી નહીં. વિસ્તારના ભયથી અહીં જ વિરમીએ. (૩૩)

**કથા-પ્રસંગ :** (૨૦) આ સ્તોત્રના મહિમા ઉપર ધોળકાના **જિણહાક** શ્રાવકની કથા છે.

**સમાસવિચાર :** (१) **जिनेन्द्र !** નો સમાસ પૂર્વવત્ (२) **धर्मस्य उपदेशनं इति धर्मोपदेशनम् ।** (ષ.ત.પુ.) **तस्य विधिः इति धर्मोपदेशनविधिः । तस्मिन् तथा ।** (ષ.ત.પુ.) (३) **दिनं करोति इति दिनकृत् । तस्यं तथा** (ઉપપદ ત.પુ.) (४) **प्रहतं अन्धकारं यया सा प्रहतान्धकारा ।** (બ.વ્રી.) (५) **ग्रहाणां गणः इति ग्रहगणः । तस्य तथा ।** (ષ.ત.પુ.) (૩૩)

● ● ●

**સુભાષિત**

**नामजिणा जिननामा, ठवणजिणा हुंति देवपडिमाओ ।**
**दव्वजिणा जिणजीवा, भावजिणा समवसरणत्था ॥ १ ॥**

**અર્થ :** જિનેશ્વરનું નામ (અરિહંત વગેરે) **નામ જિન** કહેવાય. જિનની પ્રતિમા તે **સ્થાપના જિન** કહેવાય. જિનેશ્વરનો આત્મા-જીવ (છદ્મસ્થપણાનો અથવા સિદ્ધાવસ્થાનો) તે **દ્રવ્યજિન** કહેવાય અને સમવસરણમાં રહેલાં અર્થાત્ કેવળજ્ઞાની અવસ્થાવાળા વિચરતાં જિન તે **ભાવજિન** કહેવાય છે.



**ઉપક્રમ :** હવે ગજભયને હરનાર તરીકે તીર્થંકરની સ્તુતિ કરે છે -

**श्च्योतन्मदाविलविलोलकपोलमूल-**
**मत्तभ्रमद्भ्रमरनादविवृद्धकोपम् ।**
**ऐरावताभमिभमुद्धतमापतन्तं**
**दृष्ट्वा भयं भवति नो भवदाश्रितानाम् ॥ ३४ ॥**

**અન્વય + શબ્દાર્થ :** (હે સર્વભયને જીતનાર પ્રભુ !) **भवदाश्रितानां** (આપનો આશ્રય કરનાર જીવોને) **श्च्योतन्मदाविलोलकपोलमूल-मत्तभ्रमद्भ्रमरनाद-विवृद्धकोपं** (ઝરતાં મદ વડે કલુષિત થયેલ અને ચંચળ એવા ગંડ-પ્રદેશને વિષે ઉન્મત્ત થયેલ આમતેમ (આસપાસ) ભમતાં ભમરાઓના ઝંકારથી (નાદથી) વિશેષથી વૃદ્ધિ પામેલ ક્રોધવાળા) **एरावताभं** (ઐરાવત હાથી જેવા વિશાળ), **उद्धत** (ઉદ્ધત, દુર્દાંત) **आपतन्तं** (સામે આવતાં) **इभं दृष्ट्वा** (હાથીને જોઈને) **भयं नो भवति** (ભય લાગતો નથી.)

**સરલાર્થ :** (હે સર્વભયરહિત ભગવાન્ !) આપના શરણને સ્વીકારનારા મનુષ્યોને ઝરતાં મદ વડે કલુષિત થયેલાં અને ચંચળ એવા ગંડ-પ્રદેશને વિષે ઉન્મત્ત થયેલાં, આસપાસ ભમતાં ભમરાઓના ઝંકાર (નાદ) થી વિશેષથી વૃદ્ધિ પામેલ ક્રોધવાળા, ઐરાવત જેવા (વિશાળ), ઉદ્ધત, સામે આવતાં હાથીને જોઈને ભય લાગતો નથી. (૩૪)

**વિશેષાર્થ :** અહીંથી આગળ સ્તોત્રકાર ગજ વગેરે આઠ પ્રકારના ભયને હરનાર તરીકે પ્રભુની સ્તુતિ કરે છે. પ્રભુ સ્વયં અભય છે. સર્વભયોને જીતનારા છે, અને પોતાને અનન્યભાવે આશ્રિત થયેલાં, શરણને પામેલાં જીવોના પણ ભયનો નાશ કરનારા છે. સાત ભયોથી અભય આપનાર તરીકે **'નમુત્થુણં'** સૂત્રમાં પણ **'અભયદયાણં'** પદથી પ્રભુની સ્તુતિ કરી છે.

પ્રસ્તુતમાં ગજભયનું વર્ણન છે. ઉન્મત્ત થયેલાં હાથીના ગંડસ્થળ વગેરે અવયવોથી મદ ઝરે છે. એની ગંધથી આકર્ષાયેલ ભમરાઓના ઝંકાર-ગુંજારવથી તે હાથીનો કોપ વિશેષથી વૃદ્ધિ પામેલો છે. વળી તે ઈન્દ્રના હાથી ઐરાવત જેવો છે. અર્થાત્ મહાકાય-કદાવર છે. સામે આવી રહેલો છે. આવા ભયાનક

હાથીને જોઈને તો સ્વાભાવિક રીતે સામાન્ય જનને અવશ્ય ભય લાગે જ ! છતાં સર્વભયહર પરમાત્માનું અનન્ય ભાવે શરણ પામેલાં-આશ્રય કરનારા મનુષ્યોને ભય લાગતો નથી. એ રીતે પ્રભુના પ્રભાવના વર્ણન વડે સ્તુતિ કરેલી છે.

જેટલું વધુ તીવ્ર રૂપે ભયનું વર્ણન કરાય તેટલો વધુ પ્રભુનો પ્રભાવ (મહિમા) જણાય છે. માટે આવું વર્ણન કરેલું છે. આ પ્રમાણે આગળ પણ સમજવું. મોટા ભાગના પદ્યના જુદા જુદા મંત્ર છે. જુદું જુદું ભૌતિક અથવા આધ્યાત્મિક ફળ માનેલું છે. પરંતુ અહીંથી આગળના શ્લોકોમાં કહેવાતાં તે તે ભયને હરનારા શ્લોક (વૃત્ત)ના અક્ષરો (વર્ણો) જ મંત્ર રૂપ છે. અને તેનું વારંવાર સ્મરણ કરવાનું હોય છે. (૩૪)

**કથા-પ્રસંગ :** આ પદ્યના મહિમા વિષે **સોમરાજ** શ્રાવકનું ઉદાહરણ છે.

**સમાસવિચાર :** (१) श्चोतन् चासौ मदश्च (दानं च) इति श्च्योतन्मदः (ક.ધા.) तेन आविलाः इति श्च्योतन्मदाविलाः । (તૃ.ત.પુ.) कपोलयोः मूले इति कपोलमूले । (ષ.ત.પુ.) विलोले च ते कपोलमूले च इति विलोल-कपोलमूले । (ક.ધા.) श्च्योतन्मदाविले च ते विलोलकपोलमूले च इति श्च्योतन्मदाविलविलोलकपोलमूले । (ક.ધા.) तयोः मत्ताः इति श्च्योतन्मदा-विलविलोलकपोलमूलमत्ताः । (ષ.ત.પુ.) ते च भ्रमन्तश्च इति श्च्योतन्... कपोलमूलभ्रमद्भमराः । (ક.ધા.) तेषां नादः इति श्च्योतन्मदा...भ्रमरनादः। (ષ.ત.પુ.) तेन (तथाविधनादेन) विवृद्धः कोपः यस्य स श्च्योतन्मदाविल... भ्रमरनादविवृद्धकोपः । (બ.વ્રી.) तं तथा । (२) ऐरावतस्य आभा इव आभा (आकृतिः) यस्य स ऐरावताभः । (બ.વ્રી.) (उष्ट्रमुखादयः સિ. હે. ૩-૧-૨૩ સૂત્રથી સમાસ) (३) भवन्तं आश्रिताः इति भवदाश्रिताः । तेषां तथा । (ષ.ત.પુ.) (૩૪)

● ● ●

**સુભાષિત**

समानेऽपि हि दारिद्र्ये, चित्तवृत्तेरहोऽन्तरम् ।
अदत्तमिति शोचन्ते, न लब्धमिति वाऽपरे ॥ १ ॥

**અર્થ :** બે વ્યકિતનું દરિદ્રપણું સમાન હોવા છતાંય આશ્ચર્ય છે કે... એક વ્યકિત દરિદ્ર હોવાથી **'આપી શકતો નથી'** એમ વિચારી ખેદ કરે છે અને બીજો **'મને કાંઈ મળ્યું નહીં'** એમ વિચારીને ખેદ કરે છે.

**ઉપક્રમ :** સિંહભયને હરનાર તરીકે સ્તુતિ કરે છે -

**भिन्नेभकुम्भगलदुज्ज्वलशोणिताक्त-**
**मुक्ताफलप्रकरभूषितभूमिभागः ।**
**बद्धक्रमः क्रमगतं हरिणाधिपोऽपि**
**नाक्रामति क्रमयुगाचलसंश्रितं ते ॥ ३५ ॥**

**અન્વય + શબ્દાર્થ :** (હે પુરુષોમાં સિંહ સમાન પ્રભુ !) **भिन्नेभकुम्भगलदुज्ज-वलशोणिताक्त-** (ભેદાયેલાં-ચીરી નાંખેલાં હાથીના કુંભમાંથી-ગંડસ્થલમાંથી પડતાં, ઉજ્જ્વળ-રક્ત, શ્વેત વર્ણવાળા, લોહી વડે વ્યાપ્ત/ખરડાયેલ) **मुक्ता-फलप्रकरभूषितभूमिभागः** (મોતીના સમૂહ વડે ભૂષિત/મંડિત કરાયો છે ભૂમિ ભાગ જેના વડે એવો) **हरिणाधिपः अपि** (સિંહ પણ) **बद्धक्रमः** (બંધાયેલા-જડાઈ ગયેલાં પગવાળો થયો છતો) **ते** (તમારા) **क्रमयुगाचलसंश्रितं** (બે પગરૂપ/ચરણયુગલ રૂપ પર્વતનો આશ્રય કરનારા-શરણે આવેલાં) **क्रमगतं** (બે પગમાં આવેલ અર્થાત્ સિંહની ફાળમાં આવેલાં) **जनं** (પુરુષ ઉપર) **न आक्रामति** (આક્રમણ કરતો નથી.)

**સરલાર્થ :** (હે પુરુષસિંહ ! પ્રભુ !) જેના વડે ચીરી નાંખેલાં હાથીના ગંડસ્થળ-માંથી પડતાં રક્ત-શ્વેતવર્ણવાળા (ઉજ્જ્વળ) લોહીથી વ્યાપ્ત મોતીના સમૂહ વડે ભૂમિ-ભાગ સુશોભિત કરાયો છે તથા છલાંગ મારવા તૈયાર થયેલ છે એવો સિંહ પણ બંધાયેલ-જકડાયેલાં પગવાળો થયો છતો, આપના ચરણ યુગલ (બે પગ) રૂપી પર્વતનો આશ્રય કરનારા, તથા સિંહની ફાળમાં-પંજામાં આવેલાં (પણ) મનુષ્ય ઉપર આક્રમણ કરતો નથી. (૩૫)

**વિશેષાર્થ :** હે પુરુષસિંહ પ્રભુ ! આપના ચરણયુગલ રૂપ પર્વતનો આશ્રય કરનાર (શરણ સ્વીકારનાર) તથા સિંહની ફાળમાં (પંજામાં) પ્રાપ્ત થયેલ મનુષ્ય ઉપર સિંહ પણ જડાઈ ગયેલાં-બંધાઈ ગયેલાં પગવાળો થયો છતો આક્રમણ કરતો નથી. આ રીતે પ્રભુનાં આશ્રયનો-શરણાગતિનો પ્રભાવ વર્ણવેલો છે. અહીં **बद्धक्रमः** એટલે છલાંગ મારવા સજ્જ એમ પણ અર્થ થાય છે.

સિંહ અત્યંત બળવાન છે એમ જણાવવા **भिन्नेभकुम्भ...** વગેરે વિશેષણ



છે. તે સિંહે હાથીના ગંડસ્થલ ફાડી નાંખેલ છે. તેમાંથી વહેતાં ઉજ્જ્વળ-રક્ત-શ્વેત (લાલ સફેદ) વર્ણવાળા તથા લોહીથી વ્યાપ્ત-રંજિત થયેલ મોતીનો સમૂહ ભૂમિ ઉપર પડે છે. તેનાથી ભૂમિભાગ શોભી ઉઠ્યો છે. સામાન્ય હાથીના ગંડ-સ્થલમાં મોતી હોતા નથી. મોતી તો ભદ્ર જાતિના હાથીમાં જ સંભવે છે. આથી મોતીનો ઉલ્લેખ કરીને વિશિષ્ટ ભદ્ર જાતિના હાથીને હણનાર હોવાથી મહા-બળવાનપણું સૂચવ્યું છે.

શ્લોકમાં **हरिणाधिपोऽपि** કહ્યું છે તેમાં **हरिण**નો અર્થ 'અરણ્યના (જંગલના) પશુઓ' કરવો. તેનો અધિપતિ સિંહ છે કારણકે 'હરણ' અર્થ કરવામાં 'હરણ' જેવા ભોળા દુર્બળ પ્રાણીના સ્વામી તરીકે કહેવામાં હાથીને પણ હણી શકનાર સિંહની ઉલટી લઘુતા-લજ્જા થાય છે. अपि શબ્દથી સિંહના પરાક્રમના ઉત્કર્ષને જણાવેલ છે. તેથી આવો અર્થ થાય છે કે, જો સિંહ વડે પણ આક્રમણ કરવાને શક્ય નથી, તો તેના સિવાયના બીજા ઓછા બળવાળા પ્રાણીઓથી તો પરાભવનો અવકાશ ક્યાંથી હોય ? અર્થાત્ ન જ હોય. (૩૫)

**કથાપ્રસંગ :** (૨૨) આ સ્તોત્રના પ્રભાવ વિષે **દેવરાજ શ્રાવક**ની કથા છે.

**સમાસવિચાર : (१) इभस्य कुम्भौ इति इभकुम्भौ ।** (ષ.ત.પુ.) **भिन्नौ च तौ इभकुम्भौ इति भिन्नेभकुम्भौ ।** (ક.ધા.) **शोणितेन अक्तानि इति शोणिताक्तानि ।** (ક.ધા.) **तानि च मुक्ताफलानि इति शोणिताक्तमुक्ताफलानि । (ક.ધા.) उज्ज्व-लानि च तानि शोणिताक्तमुक्ताफलानि इति उज्ज्वलशोणिताक्तमुक्ताफलानि ।** (ક.ધા.) **भिन्नेभकुम्भेभ्यः गलन्ति च तानि उज्ज्वलशोणिताक्तमुक्ताफलानि च इति भिन्नेकुम्भगलदुज्ज्वलशोणिताक्तमुक्ताफलानि ।** (પં.ત.પુ. + ક.ધા.) **तेषां प्रकरः इति भिन्नेभकुम्भ..मुक्ताफलप्रकरः ।** (ષ.ત.પુ.) **तेन भूषितः भूमिभागः येन स भिन्नेभकुम्भ...मुक्ताफलप्रकरभूषितभूमिभागः ।** (તૃ.ત.પુ. ગર્ભિત બ.વ્રી.) **भूमेः भागः इति भूमिभागः** (ષ.ત.પુ.) **(२) बद्धौ क्रमौ यस्य स बद्धक्रमः ।** (બ.વ્રી.) **(३) क्रमयोः गतः इति क्रमगतः । तं तथा ।** (ષ.ત.પુ.) **(४) हरिणानां अधिपः इति हरिणाधिपः ।** (ષ.ત.પુ.) **(५) क्रमयोः युगं इति क्रमयुगम् ।** (ષ.ત.પુ.) **क्रमयुगं चासौ अचलश्च इति क्रमयुगाचलः ।** (ક.ધા.) **तं संश्रितः इति क्रमयुगाचलसंश्रितः । तं तथा ।** (દ્વિ.ત.પુ.) (૩૫)



**ઉપક્રમ :** દાવાનળના ભયના નાશને જણાવે છે -

**कल्पान्तकालपवनोद्धतवह्निकल्पं,**
**दावानलं ज्वलितमुज्ज्वलमुत्फुलिङ्गम् ।**
**विश्वं जिघत्सुमिव सम्मुखमापतन्तं,**
**त्वन्नामकीर्तनजलं शमयत्यशेषम् ॥ ३६ ॥**

**અન્વય + શબ્દાર્થ : कल्पान्तकालपवनोद्धतवह्निकल्पं** (કલ્પાંત કાળના/યુગના અંતકાળના પવન વડે ઉદ્ધત-બેફામ-તીવ્ર-અમર્યાદ બનેલાં અગ્નિ જેવાં) **ज्वलितं** (દીપ્ત-ભડકે બળતાં) **उज्ज्वलं** (ઉજ્જ્વળ વર્ણવાળા) **उत्स्फुलिङ्ग** (ઉછળતાં-ઊંચે જતાં તણખાંવાળા) **विश्वं जिघत्सुमिव** (જાણે કે જગતને-વિશ્વને ખાઈ જવા માટે સામે આવતો હોય એવા) **अशेषं दावानलं** (સમસ્ત દાવાનળને / દવાગ્નિને) **त्वन्नामकीर्तनजलं** (તમારા નામના ગ્રહણ રૂપ જલ) **शमयति** (શમાવે છે-શાંત કરે છે.)

**સરલાર્થ :** (હે કર્મવન બાળવા અગ્નિ સમાન પ્રભુ !) કલ્પાંતકાળના (પ્રલય-કાળના) પવન વડે ઉદ્ધત (વિસ્તૃત) થયેલાં અગ્નિ સમાન, ભડકે બળતાં (બળ-બળતાં), ઊંચે જતાં તણખાવાળા, તથા જાણે કે જગતને (સર્વને) ખાઈ જવાની ઈચ્છાવાળો હોય, તેમ સામે આવતા સમસ્ત દાવાનળને આપના નામનું કીર્તનરૂપી જલ શાંત કરે છે, શમાવે છે. (૩૬)

**વિશેષાર્થ :** કલ્પાંતકાળે એટલે યુગના અંતે-પ્રલયકાળે ફૂંકાતો જે વાયુ, તેના વડે ઉદ્ધત થયેલ વિસ્તરેલ-અમર્યાદ બનેલ દાવાનળ એટલો ભયાનક છે કે જાણે આખા વિશ્વને ભરખી જવાની-ખાઈ જવાની ઈચ્છાવાળો છે-એમ ઉત્પ્રેક્ષા-કલ્પના છે. આવો ભયાનક પણ દાવાનળ આપના નામના કીર્તનરૂપી જલથી શાંત થાય છે, એમ પ્રભુના પ્રભાવનું વર્ણન કરેલું છે.

ઉપર **अशेषं** પદ **दावानलं** સાથે જોડેલો છે. તેવી જ રીતે **शमयति** પદ સાથે જોડીને ક્રિયા-વિશેષણ પણ બનાવી શકાય છે. ત્યારે આ પ્રમાણે અર્થ થાય-ઉક્ત દાવાનળને આપના નામ ગ્રહણ રૂપી જલ અશેષ સંપૂર્ણપણે-પૂરેપૂરો શમાવે છે. **ઉપા.શ્રી સિદ્ધિચંદ્રવિ. મ.**ની ટીકામાં કહેલું છે કે, **फुलिङ्ग** પાઠ (લહિયાની)

ભૂલથી થયેલો છે. કારણ કે, શબ્દ કોષમાં તો **स्फुलिङ्ग** એમ સકારાદિ પાઠ જ જણાય છે. છતાં મહાકવિ વડે પ્રયોગ કરાયો હોવાથી તેમજ આ સ્તોત્ર મંત્રાક્ષરમય હોવાથી કહેવાતો પાઠ જ પ્રામાણિક છે. ક્યાંક **स्फुलिङ्ग** પાઠ પણ દેખાય છે. તેના સ્વીકારમાં તો કોઈ પ્રશ્નોત્તર જ નથી એમ **ઉપા.શ્રી સિદ્ધિચંદ્રજી મ.સા.**ની વૃત્તિમાં કહેલું છે.

આવા દાવાનળને તો મહામેઘ શમાવી શકે છે. પણ તે મહામેઘનું કામ પ્રભુના નામનું કીર્તન જ કરી આપે છે, એમ ભાવ છે. (૩૬)

**કથા-પ્રસંગ : (૨૩)** આ કાવ્યના મહિમા વિષે પ્રતિષ્ઠાનપુરના **લક્ષ્મીધર**ની કથા છે.

**સમાસવિચાર :** (१) **कल्पान्तश्चासौ कालश्च इति कल्पान्तकालः ।** (ક.ધા.) **तस्य पवनः इति कल्पान्तकालपवनः ।** (ષ.ત.પુ.) **तेन उद्धतः इति कल्पान्तकालपवनोद्धतः ।** (તૃ.ત.પુ.) **स चासौ वह्निश्च इति कल्पान्तकालपवनोद्धतवह्निः । तेन कल्पं (सदृशं) इति कल्पान्तकालपवनोद्धतवह्निकल्पम् । तं तथा ।** (ત.પુ.) (२) **दावश्चासौ अनलश्च इति दावानलः । तम् तथा ।** (ક.ધા.) (३) **उत्=ऊर्ध्वं स्फुलिङ्गः यस्य यत्र वा स उत्फुलिङ्गः । तं तथा ।** (બ.વ્રી.) (४) **तव नाम इति त्वन्नाम** (ક.ધા.) **त्वन्नाम्नकीर्तनं इति त्वन्नामकीर्तनम् ।** (ષ.ત.પુ.) (५) **तदेव जलं इति त्वन्नामकीर्तनजलम् ।** (ક.ધા.) (६) **न विद्यते शेषं यस्मिन् स अशेषः । तं तथा ।** (બ.વ્રી.) (૩૬)

● ● ●

## સુભાષિત : દાનનો મહિમા

**दानं महिमनिदानं, कुशलनिधानं कलङ्ककरिसिंहः ।**
**श्रीकलकण्ठीचूतः सिद्धिवधूसङ्गमे दूतः ॥ १ ॥**

**અર્થ :** દાન મહિમાનું (ગૌરવ-યશનું) કારણ છે. દાન-કુશલનું (પુણ્યનું અથવા ક્ષેમનું) નિધાન (ભંડાર) છે. દાન કલંકરૂપી હાથી માટે સિંહ સમાન છે. (કલંકનાશક છે.) દાન લક્ષ્મીરૂપી કોયલ માટે આંબાનું વૃક્ષ/ફળ છે. અને દાન સિદ્ધિરૂપી વધૂનો સંગમ કરવામાં દૂત સમાન છે. (સિદ્ધિપ્રાપ્તિનો હેતુ છે.)

**ઉપક્રમ :** સર્વભયનું નિરાકરણ કરતાં જણાવે છે -

**रक्तेक्षणं समदकोकिलकण्ठनीलं**
**क्रोधोद्धतं फणिनमुत्फणमापतन्तम् ।**
**आक्रामति क्रमयुगेन निरस्तशङ्क-**
**स्त्वन्नामनागदमनी हृदि यस्य पुंसः ॥ ३७ ॥**

**અન્વય + શબ્દાર્થ :** (હે નાગરાજ વડે સેવિત પ્રભુ !) **यस्य पुंसः हृदि** (જે પુરુષના હૃદયમાં) **त्वन्नामनागदमनी (भवति)** (તમારા નામ રૂપી નાગદમની= ઔષધ વિશેષ અથવા જાંગુલિ વિદ્યા છે) **स पुमान्** (તે પુરુષ) **निरस्तशङ्कः** (શંકાથી=ભયથી રહિત થયેલો છતો) **रक्तेक्षणं** (લાલ નેત્રવાળા) **समदकोकिल-कण्ठनीलं** (મત્ત થયેલ કોયલના કંઠ જેવા કાળા) **क्रोधोद्धतं** (ક્રોધથી ઉદ્ધત-દુર્દાંત-ધમધમતા) **उत्फणं** (ઊંચી ફણાવાળા) **आपतन्तं फणिनं** (આવતાં એવા સર્પને) **क्रमयुगेन आक्रामति** (બે પગ વડે ઘર્ષણ કરે છે, અર્થાત્ દોરડાની જેમ સ્પર્શ કરે છે.)

**સરલાર્થ :** (હે પ્રભુ !) જે પુરુષના હૃદયમાં તમારા નામ રૂપી નાગદમની છે (અર્થાત્ નાગને વશ કરનારી ઔષધિ અથવા જાંગુલિ વિદ્યા છે) તે પુરુષ શંકા (ભય) વિનાનો થઈને લાલ નેત્રવાળા, મત્ત થયેલ કોયલના કંઠ જેવા .શ્યામ, ક્રોધથી દુર્દાંત (ઉદ્ધત) તથા ઊંચી ફણાવાળા સામે આવતાં ફણિધર નાગને બે પગ વડે ઘર્ષણ (સ્પર્શ) કરે છે. (અર્થાત્ તેમ કરવા છતાં તે નાગ કશું કરતો નથી) (૩૭)

**વિશેષાર્થ :** સર્પ ભયહર તરીકે પ્રભુની સ્તુતિ કરે છે. તેમાં સર્પનું વર્ણન કરે છે-તે ક્રોધથી ઉદ્ધત છે, દુર્દાંત છે, ધમધમે છે. તેથી કંઈક લાલ નેત્રવાળો છે, અને ગ્રીષ્મઋતુમાં મત્ત થયેલ, હર્ષિત થયેલ કોયલના કંઠ જેવો કાળો-કાળોતરો ફણિધર નાગ છે. વળી તે સામે આવે છે. તેવા નાગને પણ-જે પુરુષના હૃદયમાં તમારા નામના ગ્રહણ (રટન) રૂપી નાગદમની છે, તે પુરુષ નિર્ભય - નિ:શંક થઈને બે પગ વડે તે નાગનો સ્પર્શ કરે છે. ઘર્ષણ કરે છે. 'આક્રમણ'નો અર્થ 'ઉલ્લંઘન કરીને જાય છે.' એમ **ઉપા.શ્રી સિદ્ધિચંદ્રજી મ.**ની



વૃત્તિમાં કહેલું છે. **ઉપા.શ્રી મેઘવિજયજી મ.સા.**ની ટીકામાં 'પરાભવ કરે છે' એમ કહેલું છે. અહીં ભાવ એ છે કે, ઉક્ત ભયાનક સ્વરૂપવાળા પણ સર્પને બે પગ વડે ઉલ્લંઘન અથવા ઘર્ષણ-સ્પર્શન કરવા છતાં તે સર્પ કાંઈપણ પ્રતિકાર કરતો નથી. આપના નામના ગ્રહણરૂપ નાગદમનીથી તે વશ થાય છે. અભિભૂત થાય છે. આમ જે રીતે નાગદમની વડે સર્પ નિસ્તેજ થાય છે તેમ તમારા નામમાત્ર રૂપી નાગદમની વડે પણ ખુંખાર સર્પ શક્તિ વડે (પ્રતિકાર) રહિત થાય છે. એમ પ્રભુના સ્તોત્રનો મહિમા બતાવ્યો છે. (૩૭)

**કથા પ્રસંગ : (૨૪)** આ સ્તોત્રના પ્રભાવ વિષે નર્મદાપુરની **દ્રઢવ્રતા** શ્રાવિકાનું દ્રષ્ટાંત છે.

**સમાસવિચાર :** (१) **रक्ते ईक्षणे यस्य स रक्तेक्षणः । तं तथा ।** (બ.વ્રી.) (२) **मदेन सह वर्तते यः स समदः (સહાર્થ બ.વ્રી.) स चासौ कोकिलश्च इति समदकोकिलः ।** (ક.ધા.) **तस्य कण्ठः इति समदकोकिलकण्ठः ।** (ષ.ત.પુ.) **तद्वत् नीलः इति समदकोकिलकण्ठनीलः । तं तथा** (ક.ધા.) (३) **क्रोधेन उद्धतः इति क्रोधोद्धतः । तं तथाः ।** (તૃ.ત.પુ.) (४) **उत्-ऊर्ध्वं फणा यस्य स उत्फणः। तं तथा ।** (બ.વ્રી.) (५) **क्रमयोः युगं इति क्रमयुगम् । तेन तथा ।** (ષ.ત.પુ.) (६) **निरस्ता शंका यस्य स निरस्तशंकः ।** (બ.વ્રી.) (७) **तव नाम इति त्वन्नाम ।** (ષ.ત.પુ.) **नागाः दम्यन्ते यया सा नागदमनी । (ઉપપદ ત.પુ.) त्वन्नाम एव नागदमनी इति त्वन्नामनागदमनी ।** (ક.ધા.) (૩૭)

● ● ●

## સુભાષિત : ધર્મશ્રવણનો રાગ

**यूनो वैदग्ध्यवतः, कान्तासहितस्य कामिनोऽपि भृशम् ।**
**किन्नरगेयश्रवणा-दधिको, धर्मश्रुतौ रागः ॥ १ ॥**

**અર્થ :** બુદ્ધિશાળી (પ્રતિભાસંપન્ન) પત્નીથી સહિત અને કામની અત્યંત ઈચ્છાવાળા પણ યુવાનને કિન્નરોના (દેવોના) (પોતાના પ્રિય વિષયવાળા) ગીતના શ્રવણ જે રાગ હોય તેનાથી પણ સમ્યગ્દ્રષ્ટિ જીવને ધર્મના શ્રવણમાં અધિક રાગ હોય છે. (૧)



**ઉપક્રમ :** રણ-સંગ્રામના આતંકનો નાશ કરનાર રૂપે સ્તુતિ કરે છે -

**वल्गत्तुरङ्गगजगर्जितभीमनाद-**
**माजौ बलं बलवतामरि*भूपतीनाम् ।**
**उद्यद्दिवाकरमयूखशीखापविद्धं,**
**त्वत्कीर्तनात्तम इवाशु भिदामुपैति ॥ ३८ ॥**

**અન્વય + શબ્દાર્થ :** (હે દેવાધિદેવ !) माजौ (સંગ્રામમાં, યુદ્ધમાં) **बलावतामरि भूपतीनां** (બળવાન એવા પણ શત્રુ રાજાના) **वल्गत्तुरङ्गगजगर्जितभीमनादं** (કૂદતાં-દોડતા-યુદ્ધ કરતાં ઘોડાઓ અને હાથીઓની ગર્જનાઓ વડે ભયંકર નાદવાળા/અવાજવાળા बलं (સૈન્યને/બળને) **त्वत्कीर्तनात्** (આપના નામના ગ્રહણથી/રટણથી) **उद्यद्दिवाकरमयूखशिखापविद्धं** (ઊંચે જતાં/ઉગતા સૂર્યના કિરણોની શિખાઓ/શ્રેણીઓ વડે વિખરાયેલ/ભેદાયેલ) **तम इव** (અંધકારની જેમ) **भिदां उपैति** (ભેદ પામે છે, ભેદાઈ જાય છે.)

**સરલાર્થ :** હે દેવાધિદેવ ! યુદ્ધમાં બળવાન એવા પણ શત્રુ રાજાનું, ઉછળતાં ઘોડાઓ અને હાથીઓની ગર્જનાઓ વડે ભયાનક અવાજવાળું સૈન્ય-આપના નામના ગ્રહણથી ઉગતાં સૂર્યના કિરણોની શ્રેણિઓ વડે વિખરાઈ (ભેદાઈ) જતાં અંધકારની જેમ-ભેદાઈ જાય છે. (૩૮)

**વિશેષાર્થ :** સંગ્રામ-ભયના નાશને જણાવતાં સંગ્રામની ભયાનકતા બતાવે છે. બળવાન એવા શત્રુ રાજાનું સૈન્ય (બળ) યુદ્ધમાં પરાક્રમ કરી રહ્યું છે. તેમાં ઉછળતાં-કૂદતાં-યુદ્ધ કરતાં ઘોડાઓના હેષારવ અને હાથીઓના ગર્જારવથી ભયંકર-રૌદ્ર નાદ થઈ રહ્યો છે. તેવું પણ સૈન્ય આપના નામના ગ્રહણ માત્રથી ભેદાઈ જાય છે, વિખરાઈ જાય છે. કોની જેમ ? તે કહે છે-જેમ ઉગતાં સૂર્યના કિરણોની શિખાઓ/શ્રેણિઓ (વિસ્તાર) વડે અંધકાર વિખરાઈ જાય, નાશ પામે તેમ. સૂર્ય-કિરણો = આપના નામનું ગ્રહણ અને અંધકારનાશ = સૈન્યનું વિખેરાવું. આમ જે રીતે સૂર્ય કિરણો વડે ભેદાયેલ અંધકાર નાશ પામે છે, તેમ આપના નામ ગ્રહણના પ્રભાવથી શત્રુસૈન્ય સંગ્રામમાં પલાયન થાય છે, એમ ભાવ છે. (૩૮)

---

* જૂઓ પરિશિષ્ટ ૧-૧૨

**સમાસવિચાર :** (१) तुरङ्गाश्च गजाश्च इति तुरङ्गगजम् । (ઘણા હોવા છતાં સેનાના અંગ/અવયવરૂપ હોવાથી सेनाङ्गक्षुद्रजन्तूनाम् (૩-૧-૧૩૪) સૂત્રથી દ્વન્દ્વ સમાસનો એકવદ્ભાવ થાય છે.) वल्गत् च तुरङ्गगजं च इति वल्गत्तुरङ्गगजम् (ક.ધા.) तस्य गर्जितानि इति वल्गत्तुरङ्गगजगर्जितानि । (ષ.ત.પુ.) तैः भीमो नादः यत्र इति वल्गत्तुरङ्गगजगर्जितभीमनादम् । (ત.પુ.ગર્ભિત બ.વ્રી.) (२) भुवः पतयः इति भूपतयः । तेषाम् । (ષ.ત.પુ.) (३) उद्यंश्चासौ दिवाकरश्च इति उद्यद्दिवाकरः । (ક.ધા.) तस्य मयूखाः इति उद्यद्दिवाकरमयूखाः । (ષ.ત.પુ.) तेषां शिखाः इति उद्यद्दिवाकरमयूखशिखाः । (ષ.ત.પુ.) ताभिः अपविद्धं इति उद्यद्दिवाकरमयूखशिखापविद्धम् । (તૃ.ત.પુ.) (४) तव कीर्तनं इति । तस्मात् । (ષ.ત.પુ.) (૩૮)

● ● ●

## સુભાષિત

लक्ष्मीर्वैश्मनि भारती च वदने शौर्यं च दोष्णोर्युगे
त्यागः पाणितले सुधीश्च हृदये सौभाग्यशोभा तनौ ।
कीर्तिर्दिक्षु सपक्षता गुणिजने यस्माद् भवेदङ्गिणनां
सोऽयं वाञ्छितमङ्गलावलिकृते श्री धर्मलाभोऽस्तु वः ॥ १ ॥

**અર્થ :** જેનાથી ઘરે લક્ષ્મી, મુખમાં સરસ્વતી, બે બાહુમાં શૌર્ય, હસ્તતલને વિષે ત્યાગ, હૃદયમાં સારી-સ્વચ્છ બુદ્ધિ, કાયામાં સૌભાગ્યની શોભા, દિશાઓમાં ચારે બાજુ કીર્તિ અને ગુણીજનો વિષે સમાનપક્ષ = પક્ષપાત.
આ આઠ ચીજો જીવોને પ્રાપ્ત થાય છે,
તે આ 'ધર્મલાભ' તમને વાંછિત એવા મંગલોની શ્રેણિની પૂર્તિ માટે થાઓ. (૧)

**ઉપક્રમ :** બીજી રીતે સંગ્રામના ભયનું નિરાકરણ કરે છે -

**कुन्ताग्रभिन्नगजशोणितवारिवाह-**
**वेगावतारतरणातुरयोधभीमे ।**
**युद्धे जयं विजितदुर्जयजेयपक्षा-**
**स्त्वत्पादपङ्कजवनाश्रयिणो लभन्ते ॥ ३९ ॥**

**અન્વય + શબ્દાર્થ :** (હે પ્રભુ !) **त्वत्पादपङ्कजवनाश्रयिणो** (जना:) (આપના ચરણોરૂપી કમળવનનો આશ્રય કરનારા પુરુષો) **कुन्ताग्रभिन्नगजशोणितवारि-वाह** (ભાલાના અગ્રભાગ વડે ભેદાયેલ/ચીરાયેલ હાથીઓના લોહી રૂપી જલના પ્રવાહને વિષે) **वेगावतारतरणातुरयोधभीमे** (વેગથી પ્રવેશ કરવાથી તરવામાં આતુર-વ્યાકુળ બનેલાં સૈનિકો/સુભટો વડે ભયાનક એવા) **युद्धे** (યુદ્ધમાં, સંગ્રામમાં) **विजितदुर्जयजेयपक्षाः** (જિતેલો છે દુર્જય-દુઃખેથી જીતી શકાય એવા જેયપક્ષ-જીતવા યોગ્યનો અર્થાત્ શત્રુઓનો પક્ષ જેમણે એવા થયા છતાં) **जयं लभन्ते** ( વિજય પામે છે.)

**સરલાર્થ :** (હે અરિહંત પ્રભુ !) આપના ચરણરૂપી કમળોના વનનો આશ્રય કરનારા મનુષ્યો-ભાલાના અગ્રભાગ વડે ભેદાયેલાં હાથીઓના લોહી રૂપી જલપ્રવાહમાં વેગથી (શીઘ્ર) પ્રવેશ કરવાથી તરવા માટે વ્યાકુળ થયેલાં સુભટો વડે ભયાનક એવા સંગ્રામમાં-દુર્જય શત્રુ પક્ષને જીતીને વિજય પામે છે. (૩૯)

**વિશેષાર્થ :** યુદ્ધની ભયાનકતા બતાવવા કવિવર **આ. માનતુંગસૂરિ** કહે છે કે, યુદ્ધમાં ભાલાઓ વડે હાથીઓ વિંધાવાથી એટલું બધું લોહી વહે છે કે તે પાણીના પ્રવાહ જેવું લાગે છે. અને તે પ્રવાહમાં પ્રવેશવાથી તેને તરી જવા માટે સુભટો ખૂબ વ્યાકુળ બનેલાં છે. આવા ભયંકર યુદ્ધમાં પણ આપના બે ચરણ રૂપ કમળવનનો આશ્રય કરનાર મનુષ્યો દુર્જય પણ શત્રુપક્ષને (જેય-પક્ષને) જીતીને વિજય લક્ષ્મીને વરે છે. **ઉપા.શ્રી મેઘવિજયજી મ.સા.**ની વૃત્તિમાં કહ્યું છે કે કમળવનનો આશ્રય કરવાના કથન વડે અત્યંત સુકુમારતા જણાવી છે અને તેથી લીલા વડે સુખેથી જ જયની પ્રાપ્તિ સૂચિત છે. આથી



અતિશયરૂપ કાવ્ય અલંકાર છે.❀ (૩૯)

**કથા-પ્રસંગ : (૨૪)** આ સ્તોત્રના પ્રભાવ વિષે મથુરાના **ગુણવર્મા** રાજાનું ઉદાહરણ છે.

**સમાસવિચાર :** (१) **कुन्तानां अग्राणि इति कुन्ताग्राणि ।** (ષ.ત.પુ.) **तैः भिन्नाः इति कुन्ताग्रभिन्नाः ।** (તૃ.ત.પુ.) **ते च ते गजाश्च इति कुन्ताग्रभिन्न-गजाः ।** (ક.ધા.) **तेषां शोणितानि इति कुन्ताग्रभिन्नगजशोणितानि ।** (ષ.ત.પુ.) **तानि एव वारीणि इति कुन्ताग्रभिन्नगजशोणितवारीणि ।** (ક.ધા.) **तेषां वाहाः इति कुन्ताग्र...वारिवाहाः ।** (ષ.ત.પુ.) **तेषु वेगः इति कुन्ताग्र..वारिवाहवेगः ।** (સ.ત.પુ.) **तेन अवतारः इति कुन्ताग्र..वारिवाहवेगावतारः ।** (તૃ.ત.પુ.) **तस्मात् तरणं इति कुन्ताग्र...वेगावतारतरणम् ।** (પં.ત.પુ.) **तैः आतुराः इति कुन्ताग्र...तरणातुराः ।** (તૃ.ત.પુ.) **ते च ते योधाश्च इति कुन्ताग्र..तरणातुर-योधाः ।** (ક.ધા.) **तैः भीमः इति कुन्ताग्रभिन्नगजशोणितवारिवाहवेगावतार-तरणातुरयोधभीमः । तस्मिन् तथा । (२) (जेतुं योग्याः इति जेयाः) जेयानां पक्षः इति जेयपक्षः ।** (ષ.ત.પુ.) **दुर्-दुःखेन जीयन्ते इति दुर्जयाः ।** (ઉપપદ ત.પુ./ **दुःस्वीषतः०** સિ. હે. ૫-૩-૧૩૯ સૂત્રથી **खल्** પ્રત્યય) **ते च ते जेय-पक्षाः इति दुर्जयजेयपक्षाः ।** (ક.ધા.) **विजिताः दुर्जयजेयपक्षाः यैः ते विजितदुर्जयजेयपक्षाः ।** (બ.વ્રી.) **(३) तव पादौ इति त्वत्पादौ ।** (ષ.ત.પુ.) **पङ्कात् जायन्ते इति पङ्कजानि । (ङस्युक्तं कृता** સિ.હે.૩-૧-૪૯ થી. ત.પુ. સમાસ) **तेषां वनं इति पङ्कजवनम् ।** (ષ.ત.પુ.) **त्वत्पादावेव पङ्कजवनं इति त्वत्पादपङ्कजवनम् ।** (ક.ધા.) **त्वत्पादपङ्कजवनं आश्रयन्ते इत्येवंशीलाः इति त्वत्पादपङ्कजवनाश्रयिणः ।** ((ઉપપદ ત.પુ. સમાસ **ङस्युक्तं कृता** (સિ.હે.૩-૧-૪૯થી સમાસ, **अजातेः शीले** (૫-૧-૧૫૪) **णिन्** ।) (૩૯)

---

❀ તેઓની જ ટીકામાં કહ્યું છે કે **विजितदुर्जयजेयपक्षाः** માં **जेय** ને બદલે **क्षय्य-जय्यौ शक्तौ** (સિ.હે.૪-૩-૯૦) સૂત્રથી **जय्य** પ્રયોગ થવો જોઈએ એમ ન વિચારવું. કારણ કે તે પ્રયોગ તો **जेतुं शक्यः** (જય કરવાને શક્ય) **इति जय्यः ।** એમ શક્ય-અર્થ વિષયક છે. જ્યારે અહીં તો 'જીતવાને અશક્ય એવા પણ પક્ષ ઉપર વિજય' એવો અર્થ કહેવો ઈષ્ટ છે. આથી જ દુર્જય એવું વિશેષણ પણ યોગ્ય છે. માટે **जय्यः** પ્રયોગ ન થાય.



**ઉપક્રમ :** સમુદ્ર (જલ)ના ભયના ઉપશમનને વર્ણવતાં કહે છે -

**अम्भोनिधौ क्षुभितभीषणनक्रचक्र-**
**पाठीनपीठभयदोल्बणवाडवाग्नौ ।**
**रङ्गत्तरङ्गशिखरस्थितयानपात्रा-**
**स्त्रासं विहाय भवतः स्मरणाद् व्रजन्ति ॥ ४० ॥**

**અન્વય + શબ્દાર્થ :** (હે ! ભવસમુદ્રજહાજ ! પ્રભુ !) **क्षुभितभीषणनक्रचक्र-पाठीनपीठभयदोल्बणवाडवाग्नौ** (ક્ષોભ/ખળભળાટ પામેલાં એવા ભયંકર જળચર જીવોના સમૂહ, પાઠીન અને પીઠરૂપ મત્સ્ય વિશેષ અને ભયાનક પ્રગટ-ઉત્કટ વડવાગ્નિ જેમાં છે એવા) **अम्भोनिधौ (સમુદ્રમાં) रङ्गत्तरङ्ग-शिखरस्थितयानपात्राः (सांयात्रिकजानाः)** (ઉછળતાં મોજાઓના/તરંગોના શિખર (સપાટી) ઉપર જેઓના યાનપાત્ર = વહાણ રહેલાં છે એવા વહાણ-વટુઓ, દરિયાઈ માર્ગે વેપાર કરનાર મનુષ્યો) **भवतः स्मरणाद्** (આપના સ્મરણથી) **त्रासं विहाय** (ભયને છોડીને-નિર્ભય થઈને) **व्रजन्ति** (ઈષ્ટ સ્થાને જાય છે.)

**સરલાર્થ :** (હે ભવસાગરમાં વહાણતુલ્ય પ્રભુ !)ખળભળાટ પામેલાં ભયંકર જળચર જીવોનો સમૂહ, પાઠીન અને પીઠ રૂપ મત્સ્યો અને ભયાનક પ્રગટ વડવાનળ જેમાં છે એવા સુમુદ્રમાં ઉછળતાં મોજાઓની સપાટી (શિખર) ઉપર જેઓના વહાણ રહેલાં છે એવા વહાણવટુઓ/મનુષ્યો આપના સ્મરણના પ્રભાવથી ભયરહિત થઈને (ઈષ્ટસ્થાને) જાય છે. (૪૦)

**વિશેષાર્થ :** જલભયહર તરીકે પ્રભુની સ્તુતિ કરતાં સ્તુતિકાર સમુદ્રની ભયાનકતાનું વર્ણન કરે છે. જે સમુદ્ર ખળભળાટ પામેલો છે, વાવાઝોડા વગેરે કારણે ક્ષુબ્ધ થયો છે, અથવા જેમાં ક્ષોભ પામેલાં ભયંકર મગર વગેરે જલચર પ્રાણીઓ તથા પાઠીન, પીઠ વગેરે મોટી માછલીઓ છે, તથા એકબાજુ પ્રગટ-રૂપે વડવાનળ બળી રહ્યો છે એવા સમુદ્રમાં ઊંચે ઉછળી રહેલાં મોજાઓની સપાટી ઉપર રહેલું વહાણ/જહાજ ડોલાયમાન થઈ રહ્યું છે એવી સ્થિતિમાં સ્વાભાવિક રીતે જહાજમાં મુસાફરી કરી રહેલ વહાણવટુઓ/મુસાફરોના શ્વાસ

અદ્ધર થઈ ગયા હોય, મૃત્યુ વગેરેથી ભયભીત થયેલાં હોય છે, તો પણ આપના નામનું સ્મરણ કરવાથી તેઓ ભયરહિત થઈને સલામત રીતે ઈષ્ટ સ્થાન તરફ ગમન કરે છે, પહોંચી જાય છે એમ ભાવ છે. (૪૦)

**કથા-પ્રસંગ : (२६)** આ સ્તુતિના પ્રભાવ વિષે **ધનાવહ** વેપારી શ્રાવકનું દ્રષ્ટાંત છે.

**સમાસવિચાર :** (१) **अम्भः निधीयते यस्मिन् स अम्भोनिधिः ।** (ઉપપદ ત.પુ.) (२) **नक्राणां चक्राणि इति नक्रचक्राणि ।** (ષ.ત.પુ.) **भीषणानि च तानि नक्रचक्राणि इति भीषणनक्रचक्राणि ।** (ક.ધા.) **पाठीनाश्च पीठाश्च इति पाठीनपीठाः ।** (દ્વન્દ્વ) **वाडवश्चासौ अग्निश्च इति वाडवाग्निः ।** (ક.ધા.) **भयं ददाति इति भयदः ।** (ઉપપદ ત.પુ.) **स चासौ उल्बणश्च इति भयदोल्बणः ।** (ક.ધા.) **भयदोल्बणश्च असौ वाडवाग्निश्च इति भयदोल्बणवाडवाग्निः ।** (ક.ધા.) **भीषणनक्रचक्राणि च पाठीनपीठाश्च भयदोल्बणवाडवाग्निश्च इति भीषणनक्रचक्रपाठीनपीठभयदोल्बणवाडवाग्निः ।** (ઈતરેતર દ્વન્દ્વ) **क्षुभिताः भीषणनक्रचक्रपाठीनपीठभयदोल्बणवाडवाग्नयः यत्र स क्षुभितभीषणनक्रचक्रपाठीनपीठभयदोल्बणवाडवाग्निः । तस्मिन् तथा ।** (બ.વ્રી.) (३) **रङ्गन्तश्च ते तरङ्गाश्च इति रङ्गत्तरङ्गाः ।** (ક.ધા.) **तेषां शिखरः इति रङ्गत्तरङ्गशिखरः ।** (ષ.ત.પુ.) **तेषु स्थितानि यानपात्राणि येषां ते रङ्गत्तरङ्गशिखरस्थितयानपात्राः ।** (બ.વ્રી.) (૪૦)

● ● ●

**સુભાષિત**

**विपदि धर्ममथाऽभ्युदये क्षमा,**
**सदसि वाक्पटुता युधि विक्रमः ।**
**यशसि चाभिरतिर्व्यसनं श्रुतौ,**
**प्रकृति सिद्धमिदं हि महात्मनाम् ॥ १ ॥**

**અર્થ :** આપત્તિમાં ધીરતા અને અભ્યુદયમાં-ઉન્નતિમાં (વૈભવ કે શક્તિહીન પ્રત્યે) ક્ષમા-કૃપા, સભામાં વાણીની ચતુરાઈ અને યુદ્ધમાં પરાક્રમ, યશપ્રાપ્તિમાં (સ્વમાન-ગૌરવમાં) રુચિ અને ધર્મના શ્રવણ વિષે વ્યસન હોય. મહાન આત્માઓને આ છ ગુણો સ્વભાવથી જ સિદ્ધ હોય છે. (એમાં ખાસ પ્રેરણા કરવી પડતી નથી.)

**ઉપક્રમ :** રોગ-ભયના નાશને જણાવે છે -

**उद्भूतभीषणजलोदरभारभुग्नाः**
**शोच्यां दशामुपगताश्च्युतजीविताशाः**
**त्वत्पादपङ्कजरजोऽमृतदिग्धदेहा**
**मर्त्या भवन्ति मकरध्वजतुल्यरूपाः ॥ ४१ ॥**

**અન્વય + શબ્દાર્થ :** (હે કર્મવ્યાધિનાશ માટે ધન્વંતરી વૈદ્ય પ્રભુ !) **उद्भूत-भीषणजलोधरभारभुग्नाः** (ઉત્પન્ન થયેલ ભયંકર જલોદરરૂપ અથવા ઉદરવૃદ્ધિ-રૂપ રોગના ભારથી વાંકા વળી ગયેલાં તેમજ) **शोच्यां दशां उपगताः** (શોચનીય-દીન અવસ્થાને પામેલાં) **च्युतजीविताशाः** (જીવવાની ઈચ્છા-આશા જેમણે છોડી દીધી છે એવા) **मर्त्याः** (મનુષ્યો) **त्वत्पादपङ्कजरजोऽमृतदिग्धदेहाः** (આપના ચરણકમળની રજ રૂપ અમૃતથી લેપાયેલ દેહવાળા થયા છતાં) **मकरध्वजतुल्य-रूपा** (કામદેવ સરખા રૂપવાળા) **भवन्ति** (થાય છે.)

**સરલાર્થ :** (હે કર્મવ્યાધિનાશક ધન્વંતરી પ્રભુ !) ઉત્પન્ન થયેલ ભયંકર જલોદરરૂપી વ્યાધિના ભારથી વક્ર થયેલા, દયનીય-દીન અવસ્થાને પામેલાં, જીવવાની આશા જેમણે છોડી દીધી છે એવા મનુષ્યો આપના બે ચરણકમળની રજરૂપી અમૃતથી લેપાયેલાં દેહવાળા થયેલા છતાં કામદેવ સમાન રૂપવાળા થાય છે. (૪૧)

**વિશેષાર્થ :** રોગ-ભયના હરનાર તરીકે પ્રભુનો મહિમા બતાવતાં જલોદરરૂપી વ્યાધિનું વર્ણન કરે છે. હે પ્રભુ! જે મનુષ્યોને ઉદરમાં જલવૃદ્ધિ થવા રૂપ જલોદર રોગ થયો છે. તેથી પેટ પાણીથી ફૂલીને ભારે થવાથી વક્ર બન્યું છે, કુબ્જ આકારવાળું બેડોળ થયું છે. આથી તે દર્દીઓ શોચનીય-દીન-દયનીય અવસ્થાને પામેલો છે અને દર્દના તીવ્રપણાથી જીવવાની આશા પણ જેમણે છોડી દીધી છે એવા પણ જે મનુષ્યો આપનો આશ્રય કરે છે, શરણે આવે છે અને આપના ચરણ-કમળની રજરૂપી અમૃતનું પોતાના દેહ ઉપર વિલેપન કરે છે, ત્યારે ચમત્કાર સર્જાય છે. તેઓનો દેહ કામદેવ સરખા રૂપવાળો થઈ જાય છે.

જેમ સુધાના પાનથી જીવોના સકળ શારીરિક રોગો નાશ પામે છે. તેમ



આપના પદકમળની રજથી લેપાયેલ દેહવાળા જીવોના રોગો નાશ પામીને કામદેવ તુલ્ય રૂપવાળા થાય છે, એમ ભાવ છે. (૪૧)

**કથા-પ્રસંગ : (૨૭)** આ સ્તોત્રના પ્રભાવ વિશે **રાજહંસ** રાજકુમાર અને **કલાવતીનું** દ્રષ્ટાંત છે.

**સમાસવિચાર :** (१) जलभृतं उदरं इति जलोदरम् । (ત.પુ.) भीषणं च तद् जलोदरं च इति भीषणजलोदरम् । (ક.ધા.) उद्भूतं च तद् भीषणजलोदरं इति उद्भूतभीषणजलोदरम् । (ક.ધા.) तस्य भारः इति उद्भूतभीषणजलोदर-भारः । (ષ.ત.પુ.) तेन भुग्नाः इति उद्भूतभीषणजालोदरभारभुग्नाः । (તૃ.ત.પુ.) (२) जीवितस्य आशा इति जीविताशा । (ષ.ત.પુ.) च्युता जीविताशा येषां ते च्युतजीविताशाः । (બ.વ્રી.) (३) तव पादौः इति त्वत्पादौ । (ષ.ત.પુ) त्वत्पादौ एव पङ्कजे इति त्वत्पादपङ्कजे (ક.ધા.) त्वत्पादपङ्कजयोः रजः इति त्वत्पाद-पङ्कजरजः । (ષ.ત.પુ.) तदेव अमृतं इति त्वत्पादपङ्कजरजोऽमृतम् । (ક.ધા.) तेन दिग्धः देहः येषां इति त्वत्पादपङ्कजरजोमृतदिग्धः । (તૃ.ત.પુ. ગર્ભિત બ.વ્રી.) (४) मकरो ध्वजे यस्य स मकरध्वजः । (વ્ય.બ.વ્રી.) (અહીં રૂઢિથી કામદેવ અર્થ છે. વિશેષ નામ હોવાથી સમાસ વિગ્રહ નિરર્થક છે છતાં પૂર્વપદ-ઉત્તરપદના જ્ઞાન માટે વિગ્રહ ઉપયોગી થાય છે. એમ અન્યત્ર પણ જાણવું.) तस्य तेन वा तुल्यं इति मकरध्वजतुल्यम् । (ત.પુ.) तद् रूपं येषां ते मकर-ध्वजतुल्यरूपाः । (બ.વ્રી) (૪૧)

## સુભાષિત

आधिव्याधिविरोधादि, सर्वं बाधानिबन्धनम् ।
विध्यायत्याशु धर्मेण, घनेनेव दवानलः ॥ १ ॥

**અર્થ :** આધિ, વ્યાધિ અને વિરોધ વગેરે સર્વ પીડાનું કારણ છે.
તો પણ તે ધર્મથી તત્કાળ શાંત થાય છે. દૂર થાય છે.
જેમ વાદળો (મેઘ) વડે દાવાનળ શાંત થાય છે તેમ.



**ઉપક્રમ :** બેડી રૂપ બંધનના ભયના નાશને વર્ણવતાં પ્રભુની સ્તુતિ કરે છે -

**आपादकण्ठमुरुशृङ्खलवेष्टिताङ्गा**
**गाढं बृहन्निगडकोटिनिघृष्टजङ्घाः**
**त्वन्नाममन्त्रमनिशं मनुजाः स्मरन्तः**
**सद्यः स्वयं विगतबन्धभया भवन्ति ॥ ४२ ॥**

**અન્વય + શબ્દાર્થ :** (હે કર્મબંધરહિત પ્રભુ !) **आपादकण्ठं उरुशृङ्खलवेष्टिताङ्गाः** (પગથી માંડીને ગળા સુધી મોટી સાંકળ વડે જેઓનાં શરીર બંધાયેલાં છે તથા) **गाढं** (અત્યંતપણે) **बृहन्निगडकोटिनिघृष्टजंङ्घाः** (બેડીઓના અગ્ર ભાગ વડે જેઓની જંઘા ઘસાઈ ગઈ છે એવા) **मनुजाः** (મનુષ્યો) **त्वन्नामन्त्रं अनिशं स्मरन्तः** (આપના નામરૂપ મંત્રનું હંમેશ/દરરોજ સ્મરણ કરતાં છતાં) **सद्यः स्वयं** (તત્કાળ/શીઘ્ર સ્વયં) **विगतबन्धभयाः भवन्ति** (બંધનના ભયથી રહિત/નષ્ટ થયેલ બંધનના ભયવાળા થાય છે.)

**સરલાર્થ :** (હે કર્મબંધનમુક્ત પ્રભુ !) પગથી માંડીને ગળા સુધી મોટી સાંકળો વડે જેઓના શરીર બંધાઈ ગયેલ છે તથા વિશાળ બેડીઓના અગ્રભાગથી જેઓની જંઘા અત્યંત ઘસાઈ ગઈ છે એવા મનુષ્યો આપના નામરૂપી મંત્રનું હંમેશા સ્મરણ કરવાથી શીઘ્ર (તત્કાળ) પોતાની મેળે બંધનના ભયથી મુક્ત થાય છે. (૪૨)

**વિશેષાર્થ :** પ્રસ્તુત સ્તોત્રની રચનાના હેતુભૂત બેડીના બંધનના ભયને વર્ણવે છે - જે મનુષ્યોનો દેહ પગથી ગળા સુધી વિશાળ સાંકળોથી બંધાયેલો છે તેમજ વિશાળ બેડીના અગ્રભાગથી જેઓની જંઘા-પગની ઘૂંટીથી ઢીંચણ સુધીનો ભાગ અત્યંત ઘસાઈ ગયો છે એવા પણ મનુષ્યો આપના નામરૂપી મંત્રનું નિત્ય સ્મરણ કરવાથી શીઘ્ર બેડીના બંધનના ભયથી મુક્ત થાય છે. **આ.શ્રી ગુણાકરસૂરિકૃત** વૃત્તિમાં કહ્યું છે કે, આ સ્તોત્રનો મહિમા આ છે કે, પૂર્વે આ.શ્રી માાતુંગસૂરિ-પ્રસ્તુત સ્તોત્રના રચયિતા આ સ્તોત્રનો પાઠ કરતા ગાઢ બેડીની સાંકળના સમૂહને તોડનારા થયા. એક એક સ્તુતિ કરતાં એક-એક બેડી તોડનારા થયા. આમ ૪૨ મી સ્તુતિ કરતાં ૪૨મી બેડી તૂટી. અન્ય

કેટલાંક કહે છે કે, ૪૨મી સ્તુતિ બોલતાં સર્વ ૪૨ સાંકળો એક સાથે તૂટી અને બંધનમુક્ત થયા. વળી 'નામરૂપી મંત્રના સ્મરણથી' એમ કહ્યું છે તેમાં મંત્ર છે - **'ॐ ऋषभाय नमः'** એમ ઉક્ત વૃત્તિમાં કહેલું છે. (૪૨)

**કથા-પ્રસંગ :** (૨૮) આ સ્તોત્રના મહિમા વિષે **રણપાલ રાજપુત્ર**નું દ્રષ્ટાંત છે.

**સમાસવિચાર : (१) पादौ च कण्ठश्च इति पादकण्ठम् ।** (પ્રાણિના અંગો હોવાથી **प्राणितूर्याङ्गाणाम्** (૩-૧-૧૩૭) સૂત્રથી સમાહાર દ્વન્દ્વ-એકવદ્ભાવ થવાથી એકવચનનો પ્રયોગ કરેલો છે) પછી **आ पादकण्ठात् (पादकण्ठं मर्यादीकृत्य) इति आपादकण्ठम् । (पर्यपाङ्बहिरच् पञ्चम्या ।** સિ.હે. ૩-૧-૩૨ સૂત્રથી અભિવિધિ (મર્યાદાવિશેષ) અર્થમાં અવ્યયીભાવ* સમાસ) **(२) उरवश्च ते शृङ्खलाश्च इति उरुशृंङ्खलाः** (ક.ધા.) **तैः वेष्टितं अङ्गं (शरीरं)** અથવા **वेष्टितानि अङ्गानि (अवयवाः) येषां ते उरुशृंङ्खलवेष्टिताङ्गाः ।** (તૃ.ત.પુ.ગર્ભિત બ.વ્રી.) **(३) बृहन्तश्च ते निगडाश्च इति बृहन्निगडाः ।** (ક.ધા.) **तेषां कोटयः इति बृहन्निगडकोटयः ।** અથવા **निगडानां कोटयः इति निगडकोटयः ।** (ષ.ત.પુ.) **बृहन्त्यश्च ताः निगडकोटयः इति बृहन्निगड-कोटयः ।** (ક.ધા.) **ताभिः निघृष्टे इति बृहन्निगडकोटिनिघृष्टे ।** (તૃ.ત.પુ.) **ते जङ्घे येषां ते बृहन्निगडकोटिनिघृष्टजङ्घाः ।** (બ.વ્રી.) **(४) तव नाम इति त्वन्नाम ।** (ષ.ત.પુ.) **तदेव मन्त्रः इति त्वन्नाममन्त्रः । तं तथा ।** (ક.ધા.) **(५) बन्धस्य भयं इति बन्धभयम् ।** (ષ.ત.પુ.) **विगतं बन्धभयं येषां ते विगतबन्धभयाः ।** (બ.વ્રી.) (૪૨)

---

* ટીકાઓમાં મોટે ભાગે **पादौ च कण्ठश्च इति 'पादकण्ठं'** એમ દ્વન્દ્વ એકવદ્ભાવ (સમાહાર) કરીને પછી **'पादकण्ठं मर्यादीकृत्य'** એમ વિગ્રહ કરીને 'વિભક્તિ-અર્થમાં' અવ્યયીભાવ સમાસ કહેલો છે. ઉપા. મેઘવિજયજી મ.ની ટીકામાં પાછળથી ખુલાસો કરેલો છે કે **'आपादकष्ठम्'**માં અવ્યયીભાવ સમાસ ન થાય ત્યારે પણ **आङावधौ** (સિ. હે. ૨-૨-૭૦) થી મર્યાદા અર્થમાં રહેલ નામથી પંચમી વિભક્તિ થવાથી **आ पादकण्ठात्** પ્રયોગ થાય છે. પંચમી પ્રત્યયનો **अम्** આદેશ થતો નથી. પણ ક્રિયા-વિશેષણ હોવાથી 'દ્વિતીયા' થવાથી **आपादकण्ठम्** રૂપ સિદ્ધ થાય છે. કિન્તુ મને ઉપરોક્ત પ્રક્રિયા પ્રમાણે સમાસની સિદ્ધિ વધુ યોગ્ય લાગે છે. ટીકામાં સમાસસૂત્ર કહ્યું નથી પણ **'पादकण्ठं-मर्यादीकृत्य'**થી પંચમી જ અભિપ્રેત લાગે છે. વિશેષ બહુશ્રુત જાણે.

**ઉપક્રમ :** હવે આઠે ય ભયના નાશનો ઉલ્લેખ કરીને વર્ણન કરતાં સ્તોત્રનો ઉપસંહાર કરે છે -

> **मत्तद्विपेन्द्र-मृगराज-दवानलाहि-**
> **सङ्ग्राम-वारिधि-महोदर-बन्धनोत्थम् ।**
> **तस्याशु नाशमुपयाति भयं भियेव,**
> **यस्तावकं स्तवमिमं मतिमानधीते ॥ ४३ ॥**

**અન્વય + શબ્દાર્થ :** (હે અપાર મહિમાવંત પ્રભુ !) **यः मतिमान्** (જે બુદ્ધિશાળી/મતિમાન્ મનુષ્ય) **तावकं** (આપના) **इमं स्तवं** (આ સ્તવનને/સ્તોત્રને) **अधीते** (ભણે છે/બોલે છે, પાઠ કરે છે) **तस्य** (તે મનુષ્યના) **मत्तद्विपेन्द्रमृगराजदवानलाहिसंग्रामवारिधिमहोदरबन्धनोत्थं** (ઉન્મત્ત થયેલ (૧) હાથી (૨) સિંહ (૩) દાવાનળ (૪) સર્પ (૫) સંગ્રામ (૬) સમુદ્ર (જલ) (૭) જલોદર અને (૮) બંધન એ આઠથી ઉત્પન્ન થયેલ) **भयं भिया इव** (ભય (પોતે જ) જાણે કે ભયથી-ભય પામીને) **आशु** (શીઘ્ર) **नाशं उपयाति** (નાશ પામે છે.)

**સરલાર્થ :** (હે અપાર મહિમાવંત પ્રભુ !) જે બુદ્ધિશાળી પુરુષ આપના આ સ્તોત્રનો પાઠ કરે છે, તેના ઉન્મત્ત ગજરાજ, સિંહ, દાવાનળ, સર્પ, યુદ્ધ, સમુદ્ર (જલ), જલોદર, રોગ અને બંધન (આ આઠથી) ઉત્પન્ન થયેલો ભય-ભયથી અર્થાત્ જાણે કે ભય પામ્યો હોય તેમ શીઘ્ર નાશ પામે છે. (૪૩)

**વિશેષાર્થ :** પૂર્વે જે આઠ ભયોનો નાશ કરનારા સ્તોત્રોનું વર્ણન કરેલું છે, તેનો જ અહીં સિંહાવલોકન-ન્યાયથી ફરી ઉલ્લેખ કરીને તેઓથી ઉત્પન્ન થયેલ ભય પ્રભુનાં આ સ્તોત્રનો પાઠ કરવાથી નાશ પામે છે એમ ઉપસંહાર કરે છે. દરેક ભયના નાશ માટે એક એક પદ્ય છે. ફક્ત સંગ્રામ-ભયના નાશ માટે બે કાવ્ય રચેલાં છે.

અહીં **भयं भिया इव नाशं उपयाति** એ પદ્યોમાં સુંદર કલ્પના કરી છે. (જે પુરુષ આ સ્તોત્રને ભણે છે, તેનો) ભય પોતે भिया इव જાણે કે ભયથી અર્થાત્ ભય પામ્યો હોય તેમ નાશ પામે છે. અહીં 'ભય' પોતે પણ ભયભીત થાય છે, ભય પામે છે. અર્થાત્ આપના સ્તોત્ર રૂપી મંત્ર-પાઠ વડે સ્તોત્રના સમર્થ પ્રભાવથી જે મનુષ્ય ભાવિત થયેલ છે, તેનાથી ભયને પણ ભય લાગી જાય છે. એથી તે નાસી જાય છે, નાશ પામે છે, એમ કલ્પના કરી છે.



આથી ઉત્પ્રેક્ષારૂપ કાવ્યઅલંકાર છે.

અહીં **આ.ગુણાકરસૂરિજી** પોતાની વૃત્તિમાં વિશેષ વાત જણાવે છે કે "તીર્થંકરો ઉક્તભયનો નાશ કરનારા હોવાથી અને ઐહિક = આ લોક સંબંધી પ્રયોજનને સિદ્ધ કરી આપનારા હોવાથી તીર્થંકરો પણ અન્ય દેવો જેવા (રાગી-દ્વેષી) છે" એમ માનવું ઉચિત નથી. (કારણકે ભગવાન કાંઈ આ બધો ચમત્કાર કરતાં નથી, તેઓ તો સિદ્ધ, બુદ્ધ અષ્ટકર્મ રહિત થઈ ગયા છે.) કારણકે, બુદ્ધ = કેવળજ્ઞાન અને કેવળદર્શનવાળા, સિદ્ધ = સિદ્ધશિલા ઉપર સદા સ્થિર થયેલાં, આઠેય કર્મો જેઓના નાશ પામ્યા છે એવા ભગવાનના સ્મરણથી તુષ્ટ થયેલાં તેઓના ભક્ત સમ્યગ્દૃષ્ટિ દેવો સર્વ અર્થને/કાર્યને સંપન્ન કરે છે. વીતરાગના ધ્યાનથી કર્મો અને કષાયાદિ દોષોથી મુક્તિ થવી એ જ મુખ્ય ફળ છે. બીજું ફળ પ્રાસંગિક છે, ગૌણ છે. ખેતી કરતાં અનાજની સાથે ઉગી જતાં ઘાસની જેમ, અર્થાત્ અનાજનો પાક મુખ્ય ફળ છે અને ઘાસ એ પ્રાસંગિક ફળ છે. વળી **વીતરાગ-સ્તોત્રમાં** કહ્યું છે કે,

**अप्रसन्नात् कथं प्राप्यं, फलमेतदसङ्गतम् ।**

**चिन्तामण्यादयः किं न, फलन्त्यपि विचेतनाः ॥ १ ॥ (प्र.१९-३)**

**ભાવાર્થઃ પ્રશ્ન :** વીતરાગ પ્રભુ પ્રસન્ન થતા નથી તેથી તેઓ પાસેથી (પૂજનનું) ફળ શી રીતે પ્રાપ્ત થાય? **જવાબ :** આ વાત અસંગત છે. કારણકે, ચિંતામણીરત્ન વગેરે અચેતન હોવા છતાં પણ શું ફળ આપતા નથી? અર્થાત્ આપે જ છે. અહીં ઘણું કહેવા યોગ્ય છે, પણ તે (વિસ્તારાદિ ભયથી) બુદ્ધિમાન સજ્જનોએ પોતાની બુદ્ધિથી જ વિચારી લેવું.

**ભાવાર્થ** એ છે કે જે પ્રસન્ન થાય એ જ ફળ આપે એવો નિયમ નથી. અચેતન-જડ હોવા છતાંય પ્રસન્ન ન થાય છતાંય વિધિથી આરાધાયેલ ચિંતામણિરત્ન, મહૌષધ વગેરે પણ ઈચ્છિત ફળ આપતા હોય છે. તો જ્ઞાનાદિ ચૈતન્યવાળા વીતરાગ પ્રભુ તો સુતરાં-અવશ્ય ઈષ્ટ ફળ આપી જ શકે છે. આથી તેઓની આરાધનાને નિષ્ફળ કહેનારાઓની વાત અફળ છે.

સૂર્યે પ્રકાશ આપવાની ઈચ્છા કરવી પડતી નથી. કિંતુ સૂર્યનો પ્રકાશ આપવાનો સ્વભાવ હોવાથી જ સૂર્યોદય થતાં પ્રકાશ પ્રાપ્ત થઈ જાય છે. તેમ વીતરાગ-જિનેશ્વર-પ્રભુએ પણ ફળ આપવાની ઈચ્છા કરવી પડતી નથી. એ તો તેઓના પ્રભાવથી જ અભિમુખ થનારના મનોગત શુભ સંકલ્પો સંપન્ન થાય છે.

વસ્તુતઃ આ વિવિધ ભયહર તરીકે પરમાત્માની સ્તવના કરી છે, તે તેઓનો વિશિષ્ટ મહિમા બતાવતા માટે છે. આપત્કાલે પ્રભુનું અનન્ય ભાવે શરણ સ્વીકારીને સ્તોત્ર-મંત્રાદિનું સ્મરણ કરાય તો જાગ્રત અધિષ્ઠાયક દેવો મદદે આવે ખરા. આમાં કોઈ ચમત્કાર નથી હોતો. કેમકે, દેવો જ પોતાની વિશિષ્ટ શક્તિ, પ્રભાવ બળ આદિ વડે ભયાદિ વિઘ્નોનો નાશ કરે છે અને ઈષ્ટ વસ્તુની પ્રાપ્તિ કરાવે છે. અનન્યભાવે કરેલી સ્તવનાથી-નામસ્મરણથી બંધાયેલ ઉગ્ર પુણ્યના ઉદય દ્વારા અથવા ઉદીરણા દ્વારા પૂર્વે બાંધેલા પુણ્યનો ઉદય થવાથી ખેંચાઈને દેવો મદદે આવી શકે છે. અથવા બીજી રીતે પણ વિઘ્ન-ભયાદિનો નાશ થવો સંભવે છે.

બાકી પ્રભુભક્તિનું, પ્રભુના સ્તવન-સ્તોત્રપાઠ, ઉપાસના-શરણ સ્વીકારાદિનું પ્રધાન ફળ તો રાગ-દ્વેષ, કામ-ક્રોધ, અહંકાર-મમકાર, વિષય-કષાય, ઈર્ષ્યા-અસુયા, આસક્તિ-પરનિંદા વગેરે આંતરિક દોષોનો નાશ થવો તે જ છે. દોષ-નાશથી પ્રતિપક્ષી ક્ષમા-વૈરાગ્ય આદિ ગુણોનો ઉઘાડ થાય છે. આ ગુણાત્મક ફળ છે. કારણકે સ્વયં પરમાત્માએ તે તે દોષોનો નાશ કરવાની સાધના કરીને અઢારેય દોષથી સંપૂર્ણ રહિત થયા છે. આથી દોષના મોક્ષ માટે, કર્મના બંધનથી મોક્ષ (છુટકારા) માટે પ્રભુની સ્તવપાઠાદિ ભક્તિ કરવી હિતકર છે. દ્રવ્યસ્તવરૂપ પ્રભુભક્તિમાં પ્રભુની સ્તુતિ કરવી એ ભાવપૂજા રૂપે કહેલી છે. અને તેથી પરમાત્માની આજ્ઞા-પાલનરૂપ ભાવસ્તવને અનુકૂળ પુણ્ય બંધાય છે અને તેવા લક્ષ્યવાળા જીવોને પરમાત્માની આજ્ઞા પાલન સ્વરૂપ વ્રત ગ્રહણ, વ્રતધારી શ્રાવકપણું અથવા મહાવ્રતધારી સાધુપણું પણ ઉત્તરોત્તર પુણ્યાનુબંધી પુણ્યની વૃદ્ધિ અને પાપાનુબંધી પાપની શુદ્ધિ થવા દ્વારા પ્રાપ્ત થઈ શકે છે. પરમાત્માની ભક્તિ શરણાગતિની સાથે (૨) દુષ્કૃત ગર્હા અને (૩) સુકૃત અનુમોદનારૂપ બે કાર્યો જોડાયેલા જ છે. આ બે ચીજ આત્મસાત્ થાય ત્યારે પ્રભુભક્તિ પ્રકૃષ્ટ બને છે. યોગ્ય જીવો તે તે અવસ્થાને પામીને ભાવથી આરાધક બનતાં હોય છે. માટે આ સ્તોત્રમાં જણાવેલ ઐહિક ફળને જાણીને તીર્થંકરપ્રભુની ન્યૂનતા ન કરવી અને પ્રભુની અન્ય છદ્મસ્થ દેવો સાથે તુલ્યતા પણ કદાપિ મનમાં ન લાવવી. એમ આ સમસ્ત વસ્તુનો સાર છે.

આ જ સ્તોત્રમાં ૨૭માં પદ્ય સુધી પ્રાયઃ પ્રભુની ગુણાત્મક સંપત્તિનું જ વર્ણન કરેલું છે. ૨૮ થી ૩૩ માં સ્તોત્રમાં બાહ્ય સંપત્તિનું વર્ણન છે અને ૩૪ થી ૪૩ કાવ્યમાં ભયહર-વિઘ્નહર તરીકે પ્રભુનો મહિમાદર્શક ચમત્કારિક પ્રભાવ

વર્ણવેલો છે.

અહીં તો અભ્યાસરસિક જીવોના પ્રાથમિક બોધ માટે જ આ પ્રયત્ન આદરેલો છે માટે વિસ્તારથી સર્યું.

**સમાસવિચાર** : (१) **द्विपानां इन्द्रः इति द्विपेन्द्रः ।** (ષ.ત.પુ.) **मत्ताश्च असौ द्विपेन्द्रश्च इति मत्तद्विपेन्द्रः ।** (ક.ધા.) (२) **मृगाणां राजा मृगेषु वा राजन्ते इति मृगराजः ।** (त.पु) (३) **महत् च तदुदरं य इति महोदरम् ।** (ક.ધા.) પછી સર્વ-પદોનો ઈતરેતર દ્વન્દ્વ સમાસ કરવો. જેમકે, **मत्तद्विपेन्द्रश्च मृगराजश्च दवानल-श्च अहिश्च सङ्ग्रामश्च वारिधिश्च महोदरं च बन्धनं च इति मत्तद्विपेन्द्रमृग-राजदवाालाहि-सङ्ग्रामवारिधिमहोदरबन्धनानि ।** (દ્વન્દ્વ) **तेभ्यः उत्थं इति मत्त-द्विपेन्द्र..बन्धनोत्थम् ।** (तृ.त.पु.) (૪૩)

● ● ●

## सुभाषित

**धर्माद् धनं धनत एव समस्तकामाः**
**कामेभ्य एव सुखमिन्द्रयजं समग्रम् ।**
**कार्यार्थिना हि खलु कारणमेषणीयं**
**धर्मो विधेय इति तत्त्वविदो वदन्ति ॥ १ ॥**

**અર્થ :**

ધર્મથી (પુણ્ય દ્વારા) ધન અને ધનથી જ સમસ્ત કામસુખો પ્રાપ્ત થાય છે. કામ-સુખોથી ઈન્દ્રિયજન્ય સમગ્ર સુખ થાય છે. ખરેખર કાર્યાર્થીઓએ કારણની શોધ કરવી જોઈએ. (કારણમાં પ્રવૃત્તિ કરવી જોઈએ.) આથી તત્ત્વના જાણકારો કહે છે કે ધર્મ કરવો જોઈએ. (આ બાળ-પ્રાથમિક જીવો માટે વાત છે.)



**ઉપક્રમ :** પોતાના નામનું ગ્રહણ કરવાપૂર્વક કવિ સ્તોત્રના માહાત્મ્યના સર્વસ્વને (સારને) જણાવે છે -

**स्तोत्रस्रजं तव जिनेन्द्र ! गुणैर्निबद्धां**
**भक्त्या मया रुचिरवर्णविचित्रपुष्पाम् ।**
**धत्ते जनो य इह कष्ठगतामजस्त्रं**
**तं मानतुङ्गमवशा समुपैति लक्ष्मीः ॥ ४४ ॥**

**અન્વય + શબ્દાર્થ : हे जिनेन्द्रः** (હે જિનેશ્વર !) **इह यः जनः** (આ દુનિયામાં જે મનુષ્ય) **मया** (મારા વડે, આ.શ્રી માનતુંગસૂરિ વડે) **भक्त्या** (ભક્તિથી/શ્રદ્ધાથી) **गुणैः निबद्धां** (જ્ઞાનાદિ ગુણો વડે ગૂંથાયેલ/રચાયેલ) **रुचिरवर्ण-विचित्रपुष्पां** (સુંદર વર્ણવાળા=**अ**કારાદિ બાવન અક્ષરો રૂપ વિચિત્ર=યમક-અનુપ્રાસ-શ્લેષ વગેરે કાવ્યાલંકારના પ્રકારો વડે અનેક પ્રકારવાળા પુષ્પો જેમાં છે એવી) **तव** (આપના) **स्तोत्रस्रजं** (સ્તોત્રરૂપી પુષ્પની માળાને) **अजस्रं** (સતત, સદા) **कण्ठगतां धत्ते** (કંઠમાં રાખીને ધારણ કરે છે અર્થાત્ ભણે છે) **तं मानतङ्ग** (તે માનથી-ચિત્તની ઉન્નતિ વડે ઉન્નત્ત થયેલાં પુરુષને અથવા પ્રસ્તુત સ્તોત્રના કવિ શ્રી માનતુંગસૂરિને) **अवशा** (વશ થઈને-અન્યને વશ થયા વિના અવશ્ય) **लक्ष्मीः** (રાજ્ય, સ્વર્ગ, મોક્ષ સંબંધી સંપત્તિ) **समुपैति** (સર્વ બાજુએથી પાસે આવે છે.)

**સરલાર્થ :** હે જિનેશ્વર દેવ ! આ જગતમાં જે મનુષ્ય મારા વડે ભક્તિથી જ્ઞાનાદિ ગુણો વડે ગૂંથાએલી (રચાયેલી), સુંદર (अ કારાદિ) વર્ણો રૂપી વિચિત્ર-અનેક પ્રકારનાં પુષ્પોવાળી આપની આ સ્તોત્ર રૂપી પુષ્પમાળાને કંઠમાં સતત ધારણ કરે છે અર્થાત્ નિત્ય પાઠ કરે છે, તે ચિત્તની ઉન્નતિ વડે ઉન્નત થયેલાં પુરુષને (અથવા માનતુંગસૂરિને) વશ થઈને-અન્યને વશ થયા વિના અવશ્ય (રાજ્ય-સ્વર્ગ-મોક્ષાદિ) સંપત્તિ સર્વ બાજુથી પાસે આવે છે. (૪૪)

**વિશેષાર્થ :** અંતિમ પદ્યમાં કવિ **આ.શ્રી માનતુંગસૂરિ** અદ્‌ભુત ઉપમા અને દ્વિઅર્થી-શ્લેષ કાવ્યની રચના વડે સમગ્ર સ્તોત્રનો ઉપસંહાર કરે છે અને સ્તોત્રપાઠનું ફળ બતાવે છે.

અહીં પ્રસ્તુત સ્તોત્રને ફૂલની માળાની ઉપમા આપી છે. જે મનુષ્ય આ જગતમાં આપના આ **स्तोत्रस्रजं** - સ્તોત્ર રૂપી પુષ્પની માળાને ધારણ કરે છે. તેને વશ થઈને-અસ્વતંત્ર થઈને અર્થાત્ આધીન થઈને લક્ષ્મી સર્વ બાજુએથી સમીપ આવે છે, એમ સામાન્ય અર્થ છે. અહીં મૂકેલાં પદો દ્વિ-અર્થવાળા છે. આથી શ્લેષ અલંકાર છે. એક તરફ 'સ્તોત્ર'ના વિશેષણ બને છે. અને બીજી બાજુ પુષ્પમાળાના **(स्रज्)** ના વિશેષણ બને છે. તેને જરા વિસ્તારથી વિચારીએ.

પ્રભુનું સ્તોત્ર એક ફૂલની માળા જેવું છે. ફૂલની માળા કેવી છે ? **गुणै-र्निबद्धां** = ગુણો વડે-દોરી વડે ગૂંથાયેલી-રચાયેલી છે. સ્તોત્ર-પક્ષે ગુણો એટલે જ્ઞાનાદિ ગુણો વડે રચાયેલું છે. તથા **रुचिरवर्णविचित्रपुष्पां** = અહીં પુષ્પની માળા પક્ષે સુંદર વર્ણવાળા, વિચિત્ર-પંચવર્ણી પુષ્પોની બનેલી માળા છે. સ્તોત્ર પક્ષે-સુંદર વર્ણો = એટલે **अ** કાર વગેરે બાવન અક્ષરો રૂપ વિચિત્ર-અનેક પ્રકારના યમક-પ્રાસ-અનુપ્રાસ-શ્લેષ-વ્યંગ્ય વગેરે અલંકારો વડે વિચિત્ર= અનેક પ્રકારના પુષ્પ જેમાં છે તે રુચિરવર્ણવિચિત્ર-પુષ્પોવાળું સ્તોત્ર છે.

**कण्ठगतां** = પુષ્પમાળા પક્ષે જે મનુષ્ય કંઠમાં રહેલી માળાને ધારણ કરે છે, એમ અર્થ છે. અને સ્તોત્ર પક્ષે જે મનુષ્ય સ્તોત્રને કંઠમાં ધારણ છે એટલેકે તેને ભણે છે, તેનો પાઠ કરે છે એમ અર્થ છે.

**मानतुङ्ग**-પદના બે અર્થ છે. માન વડે-ચિત્તની ઉન્નત્તિ વડે તુંગ = ઉન્નત્ત. બીજી રીતે સ્વયં ગ્રંથકાર **આ.શ્રી માનતુંગસૂરિશ્વરજી મ.**ના નામનો નિર્દેશ છે. **मानतुङ्ग** શબ્દને આવૃત્તિ વડે બે વખત લઈએ તો જે પુરુષ આ સ્તોત્ર-માળાને કંઠે ધારણ કરે છે, પાઠ કરે છે તેને અને આ. માનતુંગસૂરિજીને વશ થઈને લક્ષ્મી સર્વતઃ પાસે આવે છે, એમ પણ અર્થ થઈ શકે છે.

ઉપરોક્ત વિવેચન આ સ્તુતિના પ્રધાન અર્થને આશ્રયીને કરેલું છે. બીજા પણ ગૌણ-અર્થો આ સ્તોત્રના થઈ શકે છે. તેનો પ્રસંગતઃ વિચાર કરીએ. **બીજો અર્થ :** જે મનુષ્ય **भक्त्या-विच्छित्या**-રચના વિશેષ વડે ગુણોથી-સૂતરના તાંતણાથી/દોરીથી ગુંથાયેલી **मया=मानं इति मा (तया, मया)**= માન વડે-અર્થાત્ પ્રમાણ વડે જણાતી-પ્રમાણસર એવી **रुचिरवर्ण** = સુંદર પાંચ વર્ણોથી વિચિત્ર અદ્‌ભુત કુસુમોવાળી **तव स्तोत्रस्रजं** તમારા સ્તોત્રની જેમ વનના પુષ્પોની માળાને કંઠમાં રહેલી **धत्ते** = ધારણ કરે છે, તે માનતુંગને-પ્રતિષ્ઠાની પ્રાપ્તિ વડે ઉન્નત મનુષ્યને **लक्ष्मी = શોભા अवशा** = નિશ્ચિત રૂપે **समुपैति** = પાસે આવે છે. (પુષ્પમાળાથી શોભા વધે તે લોકપ્રસિદ્ધ વાત છે.)

આમ બીજા પણ અનેક ગૌણ અર્થ થઈ શકે છે. **આ.શ્રી ગુણાકરસૂરિજી-એ** પોતાની ટીકામાં છ અર્થ કરેલાં છે. તે વ્યાખ્યાકારની પ્રતિભાના કારણે અને શિષ્યની બુદ્ધિની વિશદતા માટે કરેલાં છે. બાકી અહીં મુખ્ય અર્થ જ આશ્રયણીય છે. કારણકે, તેમાં સ્તોત્રકારનું તાત્પર્ય હોય છે. આચાર્યશ્રી ગુણાકરસૂરિજીએ **मानतुङ्गम्** શબ્દની વ્યાખ્યામાં 'માન' નો અર્થ ચિત્તની ઉન્નતિ કરેલો છે. ઉપા. શ્રી મેઘવિજયજીએ 'માન' નો અર્થ જ્ઞાન અથવા બહુમાન કરેલો છે. તેનાથી ઉન્નત તે માનતુંગ કહેવાય. પરંતુ 'અભિમાન' અર્થ ન કરવો. કેમકે તેનાથી તો ઉલટી લક્ષ્મી ચાલી જાય છે.

આ સ્તોત્રના અંતે **'लक्ष्मी'** શબ્દ માંગલ્ય અર્થનો વાચક છે. તેથી આ સ્તોત્રની-સ્તવની સમાપ્તિ થાય ત્યાં સુધી પાઠ કરનારા, સાંભળનારા, વ્યાખ્યાન કરનારા અને નિદિધ્યાસન = એકાગ્ર મને ધ્યાન કરનારા પુરુષોને સતત કલ્યાણની પરંપરા થશે એમ ગુણાકર વૃત્તિમાં કહેલું છે. (૪૪)

**સમાસવિચાર : (१) स्तोत्रं एव स्रक् इति स्तोत्रस्रक्** । (ક.ધા.) **(२) रुचिराश्च ते वर्णाश्च इति रूचिरवर्णा :** । (ક.ધા.) **रुचिरवर्णाः एव विचित्राणि पुष्पाणि यस्याः यस्यां वा इति रूचिरवर्णविचित्रपुष्पा । ताम् तथा । (३) कण्ठे गता इति कण्ठगतां । तां तथा ।** (સ.ત.પુ.)(૪) **मानेन तुङ्गः इति मानतुङ्गः । तम् तथा ।** (૪૪)

આ પ્રમાણે કવિવર **આ.શ્રી માનતુંગસૂરીશ્વરજી**એ રચેલ **'भक्तामर-स्तोत्र'** નું યુગપ્રધાન આચાર્યસમ શાસનપ્રભાવક પૂજ્યપાદ પંન્યાસપ્રવર **શ્રી ચન્દ્રશેખરવિજયજી મ.સાહેબ**ના શિષ્ય **મુનિ રત્નવલ્લભવિજયજી** દ્વારા લખાયેલ અન્વય-શબ્દાર્થ-સરલાર્થ-ભાવાર્થ-સમાસાદિરૂપ વિવેચન સમાપ્ત થયું.

॥ शुभं भवतु श्रमणसंघस्य । इति शम् ॥

# પરિશિષ્ટ - ૧

## કેટલાંક પાઠાન્તરોનો વિચાર

ભક્તામર સ્તોત્રનો વર્તમાનમાં પ્રકાશિત પાઠ પ્રાયઃ શુદ્ધ જ છે. છતાં અન્ય ઠેકાણે થોડાંક જુદા પાઠો જોવા મળે છે તે અંગે અહીં વિચારણા કરાય છે. હાલમાં શ્વેતાંબર સમુદાયમાં પ્રસિદ્ધ પાઠ ઘણું કરીને આ.શ્રી ગુણાકરસૂરિ મ.ની ટીકાના પાઠના આધારે છે. કેટલાંક પાઠાન્તરો ટીકાઓમાં મળે છે. કેટલાંક (**પ્રો. હીરાલાલ કાપડીયાજી**એ પાદટીપમાં નોંધેલા છે અને કેટલાંક દિગંબરાદિ સંપ્રદાયની પ્રતિઓમાં - પુસ્તકોમાં જોવા મળે છે, જેની નોંધ કટારિયાજીએ કરેલી છે. આમાંથી ક્વચિત્ જ પરિવર્તનીય પાઠો છે. મોટા ભાગના ફક્ત વિચારણીય છે. તે નીચે મુજબ છે.

(૧) શ્લોક ૫/૩ (ત્રીજું ચરણ)માં **प्रीत्यात्मवीर्यमविचार्य<u>मृगो</u> मृगेन्द्रम्** ને બદલે **<u>मृगी</u> मृगेन्द्रं** પાઠાન્તર ક્યાંક છે. કિન્તુ, પ્રસ્તુતમાં ઉપયોગમાં લીધેલ કોઈપણ ટીકામાં આ પાઠ નથી. આ પાઠ દિગંબર પરંપરામાંથી આવ્યો છે. અહીં 'મૃગી' પાઠ આપનારનો આશય એ હોઈ શકે કે, મૃગ કરતાં મૃગલીને-હરિણીને પોતાના બચ્ચા વધુ વ્હાલાં હોય તેથી તેઓનો બચાવ કરવા માટે સિંહ સામે છલાંગ મારે ત્યારે શું મૃગ હાજર ન હોય ? અને હાજર હોય તો મૃગલી છલાંગ મારે તો શું મૃગ જોયા કરે ? એવું ન બને. મૃગ પુરૂષ છે. પહેલાં એ જ છલાંગ મારે એ સ્વાભાવિક છે. માટે **मृग** શબ્દથી મૃગ અને મૃગલી બન્નેય સમજવા. કેમ કે **मृग** શબ્દ પુલ્લિંગ હોવાથી સામાન્યથી સમસ્ત જાતિનો વાચક છે. માટે યથોક્ત પાઠ જ બરાબર છે.

(૨) શ્લોક ૬/૩. અહીં **तच्चारुचूतकलिका०** ને બદલે કટલાંક **तच्चारुचाम्र-कलिका०** અથવા **तच्चाम्रचारुकलिका०** પાઠ કરે છે. આ પાઠ માટે જે અશ્લીલતારૂપ કારણ અપાય છે તે પણ કેટલાંક પ્રાંતીય લોકપ્રવાહના અનુ-સરણને સૂચવે છે. હકીકતમાં બન્નેય પાઠ અશુદ્ધ છે. કારણ કે વ્યાકરણમાં **च** શબ્દ ક્યારેય પણ સમાસ-અંતર્ગત ન આવાવાથી પ્રથમ પાઠ અશુદ્ધ છે અને બીજા પાઠમાં આ દોષ દૂર થવા છતાં **च** શબ્દ વ્યર્થ રહી જાય છે. **चूत** શબ્દના અનેક પ્રયોગો દેખાય છે અને તેનો અર્થ આમ્રવૃક્ષ છે. **आम्र** શબ્દનો

પણ અર્થ 'આંબાનું વૃક્ષ' છે. માટે ઉપરોક્ત દોષ આવવાથી **चूत** પાઠ બરાબર છે. **आम्र** પાઠ નહીં.

૩) શ્લોક ૭/૨ માં કેટલાંક **क्षणात्क्षय०** ને બદલે **क्षणक्षयमुपैति** પાઠ કરે છે. પરંતુ, પ્રસિદ્ધ પાઠ નિર્દોષ જ છે.

(૪) શ્લોક ૮/૨માં **तव प्रभावात्** ને બદલે કેટલાંક **तव प्रसादात्** પાઠ કરે છે. આમ તો આ વાત નાની લાગે છે પણ જિનેશ્વરનો 'પ્રભાવ' એ જૈન તત્ત્વ-જ્ઞાન છે, શ્રમણ સંસ્કૃતિ છે. અને જિનેશ્વરનો પ્રસાદ માનવો એ વૈદિક સંસ્કૃતિ છે. ઈશ્વર-કર્તૃત્વ સંસ્કૃતિ છે. માટે પ્રભાવાત્ પાઠનો જ આદર કરવો.

(૫) શ્લોક ૧૦/૧ માં **भुवनभूषणभूत ! नाथ !** પાઠ આ.શ્રી ગુણાકરસૂરિ અને ઉપા.સિદ્ધિચંદ્રજી મ.ની ટીકામાં છે. આમાં કોઈ પાઠાન્તર નથી. પણ અન્ય ટીકાઓમાં અન્વય-ભેદ જોવા મળે છે. ઉપા.શ્રી મેઘવિજય મ. અને પં.શ્રી કનકકુશલ ગણિવરની ટીકામાં **भुवनभूषण ! भूतनाथ !** એ પ્રમાણે પદચ્છેદ (પદવિગ્રહ) કરેલો છે. તે પણ અર્થની દ્રષ્ટિએ બરાબર છે. અને કેટલાંકોએ (પ્રસ્તુતમાં પણ) એ પ્રમાણે જ પદ-વિભાગ કરેલો છે.

પ્રથમ પ્રયોગની સિદ્ધિ કરતાં પ્રા. હીરાલાલ રસિકદાસ કાપડિયાએ લખ્યું છે કે,"એના સંબંધમાં બે રીતે વિચાર થઈ શકે છે. (૧) કેટલીકવાર ભૂત શબ્દ इव ના અર્થમાં વાપરવામાં આવે છે. (જેમ કે,) **"यत् तर्हि तद्भिन्नेषु अभिन्नं छिन्नेषु अच्छिन्नं सामान्यभूतं स शब्दः"** એ મહર્ષિ પતંજલિના મહાભાષ્ય ઉપર **કૈયટે પ્રદીપમાં** વિવરણ કરતાં **'सामान्यमिव सामान्यभूतं'** એવો જે ઉલ્લેખ કર્યો છે તે આ વાતનું સમર્થન કરે છે. આથી જ **'भुवनभूषणमिव भुवनभूषणभूतः** એમ ઘટાવી શકાય છે. **મેદિની કોશ** (તવર્ગ શ્લો. ૪૧-૪૨)માં **भूत** શબ્દને સમાન નો પર્યાયવાચક ગણવામાં આવ્યો છે. **'भूतं क्ष्मादौ...समे सत्ये'** ઈત્યાદિ.

(૨) બીજી રીતે વિચાર કરતાં **भुवन०** એ પદને **सुपसुप्** સમાસ ગણી શકાય છે. તેથી **भुवनभूषणं भूतः इति भुवनभूषणभूतः** । કુમારસંભવ (સ.૧, શ્લો.૫૯)ના **प्रत्यर्थिभूतामिव तां समाधेः** ની ટીકામાં શ્રી મલ્લિનાથે **प्रत्ययर्थिभूतां** ને

**'सुप्सुप्'** (સિ.હે.વ્યાકરણ પ્રમાણે **नाम नाम्ना०** (૩-૧-૧૮) સૂત્રથી) સમાસ ગણે છે.

આમ પ્રથમ અન્વય (પદ-વિભાગ) શુદ્ધ હોવા છતાં બીજો પદ-વિભાગ પણ વિશેષ યથાર્થ હોવાથી અહીં તે સ્વીકાર્યો છે. કાવ્યમાં આ રીતે કેટલાંક પ્રયોગના સાહજિક અનેક પ્રકારે પદચ્છેદ થતાં હોય છે.

(૬) શ્લોક ૧૬/૧માં **रपिवर्जित** એવો પાઠાન્તર છે. પણ યથોક્ત **रपवर्जित** પાઠ જ બરાબર-યોગ્ય છે.

(૭) શ્લોક ૨૦/૩માં **तेजःस्फुन्मणिषु** ને બદલે કોઈ જાણે પ્રાસ બેસાડવા **महा-मणिषु०** પાઠ કરે છે. પણ તે આદરણીય નથી. **ભક્તામર-દર્શન**'માં કહ્યું છે કે, મહામાંગલિક સ્તોત્રમાં આ **स्फुरन्** પાઠનો **स्फु** ચિંતામણિ મંત્રના બીજાક્ષરનો પ્રતિનિધિ છે. માટે 'મહામણિ' પાઠ સ્વીકારવો નહીં.

આ. ગુણાકરસૂરિજીની ટીકામાં **"तेजो यथा जात्यमणौ महत्त्वं, नैवं तु काचशकलेषु रुचाकुलेषु"** અને ઉપા. મેઘવિજય મ.ની ટીકામાં કહ્યું છે કે, **तेजो मणौ समुपयाति यथा महत्त्वं, नैवं तु काचशकलेषु रुचाकरेषु** એવો પણ પાઠાન્તર નોંધ્યો છે. અહીં જોઈ શકાય છે કે જો મૂળ પાઠને ઠેકાણે થોડો પણ ફેરફાર કરવા જઈએ તો પાર વિનાના ફેરફાર થતાં જ જાય છે. માટે **सिद्धस्य गतिश्चिन्तनीया**-ન્યાયથી જે પાઠ સિદ્ધ છે તેનો જ અર્થ પ્રમાણ અને વ્યાકરણ-ની સમજુતીથી કરવો, પણ પાઠ બદલવા ઉતાવળા ન થવું.

(૮) ૩૧/૨માં **प्रतापम्** ને ઠેકાણે **प्रभावम्** પાઠ કેટલાંકોએ કરેલ છે. તે બરાબર નથી. સામાન્ય રીતે સૂર્યના કિરણો તેજસ્વી હોવાથી પ્રતાપી હોય જ છે.

(૯) શ્લોક ૩૨/૧ માં **उन्निद्रहेमनवपङ्कजपुञ्जकान्ति** ને ઠેકાણે ઉપા.સિદ્ધિચંદ્રજી મ.ની ટીકામાં **कान्ती** એમ દીર્ઘ પાઠ કરીને સીધું **पादौ**નું વિશેષણ કરેલું છે. જો કે તેમાં ખાસ ઉચ્ચારભેદ થતો નથી. અર્થમાં તફાવત પડે છે પણ અસંગત થતો નથી. જો કે પ્રથમ અર્થ વધુ સારો જણાય છે.

(૧૦) શ્લોક ૩૬/૨માં **उत्फुलिङ्ग** ને બદલે **उत्स्फुलिङ्ग** પાઠ યોગ્ય છે. છતાં ઉપા.

સિદ્ધિચંદ્રજીની ટીકાના આધારે પૂર્વે ખુલાસો કરેલો છે. આથી બન્નેય પાઠમાં દોષ નથી.

(૧૧) શ્લોક ૩૫/૪માં **चलसंश्रितं** ને બદલે **चलसंश्रितास्ते** અથવા **चलसंश्रि-तांस्ते** પાઠ કરેલો છે તે પણ અશુદ્ધ છે.

(૧૨) શ્લોક ૩૮/૨માં **बलवतामपि भूपतीनां** ને ઠેકાણે **बलवतामरिभूपतीनाम्** પાઠાન્તર છે. આ પાઠ સરસ છે. આ અંગે સં. ૧૫૬૩ના બસવા ગામનો એક ગુટકો (ઘણી ઓછી લંબાઈ-પહોળાઈની નાની જાડી ચોપડી) પણ મળે છે. છતાંય અહીં **કટારિયાજી** કહે છે કે, **बलवतामपि** નો અર્થ છે કે, "યુદ્ધમાં બળવાન રાજાઓની પણ સેના આપના સ્તવનથી શીઘ્ર નાશ પામી જાય છે." આના ઉપર સંભવતઃ શંકા થાય છે કે, "બળવાન રાજા તો સ્વપક્ષમાં અને સ્વયં પણ હોઈ શકે છે, તો પછી સ્તુતિકાર તેઓનો વિનાશ કઈ રીતે ઈચ્છે ? ન જ ઈચ્છે." આનું સમાધાન તેઓ પૂર્વોક્ત ગુટકાના પાઠથી થાય છે. અને તે પાઠથી શ્લોક સુસંગત અને નિર્દોષ થઈ જાય છે. એમ કહે છે. અહીં **बलवता-मरिभूपतीनां** પાઠ સારો છે પણ તેના અવતરણ માટે આપેલો તર્ક ખૂબ દુર્બળ છે. સૌથી પહેલાં તો જે શંકા કરી છે તેને સ્વયં જ 'સંભવતઃ' કહી છે માટે શંકા ઉત્થિત નથી, ઉત્થાપિત છે.

પૂર્વોક્ત ટીકાઓમાં આવી કોઈ શંકાની ગંધ પણ આવતી નથી. વળી "બળવાન રાજા સ્વપક્ષમાં અને સ્વયં પણ હોઈ શકે છે." આવી શંકા પણ અપ્રસ્તુત હોવાથી કલ્પના માત્ર છે. કારણકે સામર્થ્યથી-અર્થાપત્તિથી **बलवता-मपि भूपतीनां** એવા પ્રસિદ્ધ પાઠ વડે પણ 'બળવાન પણ શત્રુ રાજાનું' સૈન્ય આપના નામના કીર્તનથી નાશ પામે છે. એવો જ અર્થ થઈ શકે. સ્તુતિકાર સ્તુતિના પ્રભાવથી સ્તુતિનો પાઠ કરનારના પોતાના સ્વપક્ષીય રાજાનું સૈન્ય કે પોતે (રાજા) નાશ પામે એવી કલ્પના પણ ન કરે. પૂર્વોક્ત કાલ્પનિક શંકાથી સ્તુતિનો અર્થ અસંગત બની જતો નથી. કેમકે, પ્રકરણાદિથી પણ અર્થની સંગતતા-પૂર્ણતા જણાય છે એ વાત વ્યાકરણાદિ-શાસ્ત્રમાં પ્રસિદ્ધ છે. અહીં ભયહર-સ્તુતિ કરવાનું પ્રકરણ ચાલી રહ્યું છે. અને ભય હંમેશા શત્રુ રાજાનો અથવા તેના સૈન્યનો હોય. (પણ પોતાનો કે પોતાના સૈન્યનો ન હોય) તેને જ દૂર કરવા દ્વારા સ્તુતિની સાર્થકતા થાય. માટે અહીં સાક્ષાત્ **'अरि'** શબ્દ

લખ્યો ન હોય તો પણ **अरि** = શત્રુ રાજાનું સૈન્ય અર્થ જ લઈ શકાય. ❁ વળી 'પ્રાસ'ની અપેક્ષાએ વિચારીએ તો પણ **बलवतामपि** અને **भूपतीनाम्** પદમાં **प** ની આવૃત્તિ થવાથી કિંચિત્ પ્રાસ બેસે છે. જો કે અર્થની સંગતતા સામે આ ગૌણ વાત છે.

કાવ્યમાં રસ (ભાવ) જ કાવ્યનું હૃદય હોય છે. આથી કાવ્યમાં રસનો ઉત્કર્ષ થવામાં ગુણ માનેલો છે. પ્રસ્તુતમાં યુદ્ધનું વર્ણન ચાલી રહ્યું છે. તેથી વીર-રસનું વર્ણન છે. આથી અહીં **अपि** શબ્દને બદલે **अरि** શબ્દ મૂકાય તો વીર-રસનો ઉત્કાર્ષ (પુષ્ટિ) થાય છે. સાક્ષાત્ अरि પદ મૂકવાથી વીર-રસ શીઘ્ર તીવ્રતા પકડે છે. **अपि** મૂકવામાં **अरि** અર્થ પ્રકારણાદિથી ગમ્ય હોવાથી એકદમ સ્મૃતિમાં આવતો નથી. આ અપેક્ષાએ પ્રસ્તુત વીર રસની પુષ્ટિનો (ઉત્કર્ષનો) હેતુ બનવાથી **अपि**ને બદલે **अरि** શબ્દનો પ્રયોગ વધુ સારો છે એમ કહેવું સમુચિત લાગે છે.

આ. માનતુંગસૂરિએ ભયહર (નમિઉણ) સ્તોત્રની ૧૭ મી ગાથામાં પણ રણ-ભયહરના વર્ણનમાં **'रिउनरिंद'** (રિપુનરેન્દ્ર) એમ રિપુ શબ્દનો સાક્ષાત્ પ્રયોગ કરેલો છે. આનાથી પણ **'अरिभूपतीनां'** પાઠનું સમર્થન થાય છે એમ કટારિયાજીનું કહેવું છે. જો કે એક ગુટકા સિવાય અન્યત્ર કોઈપણ પ્રતિમાં આ પાઠ મળતો નથી. એટલે ગુટકાના આધારે પાઠનું પરિવર્તન કરાય તો પણ **अपि भूपतीनां** પાઠને અશુદ્ધ-અસંગત માનીને નહીં કિન્તુ પૂર્વોક્ત, રસોત્કર્ષ થવાના હેતુથી જરૂર તેમ કરી શકાય એમ લાગે છે.

(૧૩) શ્લોક ૪૧/૧ માં **जलोदरभारभुग्नाः** ને બદલે કવચિત્ **भारभग्नाः** પાઠાન્તર (આ.શ્રી ગુણાકસૂરિની વૃત્તિમાં) છે. તેનો **मोटिताः** = મરડાયેલ અર્થ કરેલો છે. પરંતુ **भुग्नाः** પાઠ જ અધિકાંશ જોવા મળે છે અને નિર્દોષ છે. આ ઉપરાંત બીજા કેટલાંક પાઠાન્તરો કટારિયાજી વગેરેએ નોંધેલા છે. પરંતુ, તે પાઠો શ્વેતાંબર સંપ્રદાયમાં પ્રસિદ્ધ પાઠો સાથે સ્પર્ધા કે તેને બાધિત કરી શકે તેવા નથી.

● ● ●

---

❁ આની પછીના ૩૯માં **युद्धभयहर०** શ્લોકમાં **विजितदुर्जयजेयपक्षाः** પાઠ છે. ટીકામાં **जेयपक्ष = शत्रुवर्ग** એમ અર્થ કરેલો છે. આથી સાક્ષાત્ **अरि** અર્થ કહેલો છે.

## પૂજ્યશ્રી દ્વારા પ્રકાશિત ગ્રંથો

### ૧) ન્યાયસંગ્રહ (અપ્રાપ્ય)

(વ્યાકરણના ૧૪૧ ન્યાયો, ન્યાયાર્થ મંજૂષા-ટીકાનો
ભાવાનુવાદ, પરામર્શ-વિવેચના સહિત, પૃ. ૬૮૦)

### ૨) તત્ત્વાર્થાધિગમ સૂત્ર (ભાગ-૧) સંબંધકારિકા

(બે ટીકાના સંશોધન-ભાવાનુવાદ સહિત, પૃ. ૨૪૧)

### ૩) તત્ત્વાર્થાધિગમ સૂત્ર (ભાગ-૨) (પ્રથમ અધ્યાય)

(સિદ્ધસેનીયા ટીકાનો પ્રેમપ્રભા-ભાવાનુવાદ તથા
ચંદ્રપ્રભા-વિવેચનાદિ સહિત પૃ. ૫૮૬)

::: પ્રાપ્તિસ્થાન :::
તપોવન સંસ્કારપીઠ, અમીયાપુર
લલિતભાઈ ધામી
મો. ૯૪૨૬૦ ૬૦૦૯૩

આ.શ્રી ઓમકારસૂરિ આરાધનાભવન
સુભાષચોક, ગોપીપુરા, સુરત.
સેવંતિભાઈ એ. મહેતા
મો. ૯૮૨૪૧ ૫૨૭૨૭

# ::: વાચકની નોંધ :::

**પરમાત્માની ભક્તિ વિના બધું શૂન્ય...**
મુક્તિની પ્રાપ્તિના અસંખ્ય યોગો-માર્ગો છે.

**જ્ઞાનયોગ** શ્રેષ્ઠ છે, પણ લાંબા ગાળે સાધ્ય છે.
**તપયોગ** શોર્ટકટ છે, પણ કઠોર માર્ગ છે.
**ભક્તિયોગ** જ સરળ માર્ગ છે, અનિવાર્ય પણ છે.

જે પરમાત્માના માર્ગે ચાલવાનું છે..
તે પરમાત્મા વ્હાલા ન હોય તે શી રીતે બને ?
પ્રભુ ગમવા, વ્હાલા લાગવા,
એકમેવ શરણ્ય લાગવા,
આના જેવું મુક્તિ માર્ગમાં બીજું કોઈ ભાથું નથી.

મુક્તિમાર્ગની સર્વ ખોટ પૂરી કરશે...
પ્રભુ ભક્તિ

આ પુસ્તક
ભક્તિ માર્ગમાં ભાથું બની રહેશે

Mann 81281 45044